
માધ્યમિક સ્તર અભ્યાસક્રમ


# ચિત્રકળા


## માધ્યમિક

સિધ્ધાંતિક




૧












૨૨૫

રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા



૨૨૫

# ચિત્રકળા

## માધ્યમિક અભ્યાસક્રમ
## સિધ્ધાંતિક

યોજના અને નિર્માણ
**સંચિતા ભટ્ટાચાર્જી**

ભાષાંતર સહયોજક
ડૉ. રાજેશકુમાર

રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા
એ-૨૪/૨૫ ઈન્સ્ટીટયુશનલ એરીયા સેકટર-૬૨, નોઈડા.

©

**રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા**

**જાન્યુઆરી ૨૦૧૩ (૪૦૦૦ નકલ)**

**છાપકામ ૮૦ જી.એસ.એમ. પેપર**

*પ્રકાશકઃ સચિવ રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા*
*એ-૨૪/૨૫ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા સેકટર-૬૨, નોઈડા.*

*મુદ્રકઃ નૂતન પ્રીન્ટર્સ,*
*એફ-૮૯/૧૨ ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરીયા, ફેઝ-૧,*
*નવિ દિલ્હી - ૧૧૦૦૨૦*

## પ્રાદેશિક કેન્દ્ર/ઉપકેન્દ્રના સરનામા

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,
*૧૯/૧૭, કસ્તુરબાગ ગાંધી માર્ગ, કચેરી રોડ,*
*અલાહાબાદ-૨૧૧૦૦૨, ઉત્તરપ્રદેશ.*
*ફોનઃ ૦૫૩૨-૨૫૪૮૧૫૪,*
*ફેક્સઃ ૦૫૩૨-૨૫૪૮૧૪૯,*
E-mail: rcallahabad@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પેટા કેન્દ્ર*, NIOS,,
*૬૯/૧૦૬, નિરંજનપુર, આઈ.ટી.આઈ. સામે,*
*સહારનપુર રોડ, ઉત્તરાંચલ,દહેરાદૂન-૨૪૮૧૭૧*
*ફોનઃ (ઓ.)૦૧૩૫-૨૬૨૩૯૨૯,*
*ફેક્સઃ ૦૧૩૫-૨૬૨૯૧૬૬,*
E-mail: rcdehradun@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,,
*માનસ ભવન, શ્યામલા હિલ્સ,*
*ભોપાલ-૪૬૨૦૦૨, મધ્યપ્રદેશ.*
*ફોનઃ ૦૭૫૫-૨૬૬૧૮૪૨,૨૬૬૦૩૩૧*
*ફેક્સઃ ૦૭૫૫-૨૬૬૧૮૪૨,*
E-mail: rcbhopal@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,
YMCA *કોમ્પલેક્ષ, સેકટર-૧૧સી,ચંદીગઢ-૧૬૦૦૧૧,*
*ફોનઃ ૦૧૭૨-૨૭૪૪૯૧૫,૩૯૫૦૯૭૯,*
*ફેક્સઃ ૦૧૭૨-૨૭૪૪૯૫૨,*
E-mail: acchandigarh@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,
*એ-૩૧,ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, સેકટર-૬૨,*
*નોઈડા, ઉત્તરપ્રદેશ- ૨૦૧૩૦૧*
*ફોનઃ ૦૧૨૦-૨૪૦૪૯૧૪, ૨૪૦૪૯૧૫*
*ફેક્સઃ ૦૧૨૦-૨૪૦૪૯૧૬,*
E-mail: rcdelhi@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,
*ફસ્ટ ફલોર, આસામ પબ્લીકેશન બોર્ડ બિલ્ડીંગ*
*સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ પાસે,*
*બામુની મેદાન, ગૌહાટી-૭૮૧૦૨૧(આસામ)*
*ફોન : (ઓ.)૦૩૬૧-૨૩૪૩૯૬૪, ૨૩૪૦૪૯૭*
*ફેક્સઃ ૦૩૬૧-૨૩૪૩૯૬૪,*
E-mail: rcguwahati@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,
*હાઉસ નં. ૧૭-૨૬, શ્રીનગર કોલોની, રોડ નં.૫,*
*દિલસુખનગર, હૈદરાબાદ-૫૦૦૦૬૦, આંધ્રપ્રદેશ,*
*ફોન : (ઓ.)૦૪૦-૨૪૧૬૨૮૫૯,*
*ફેક્સઃ ૦૪૦-૨૪૦૬૦૭૧૨,*
E-mail: rchyderabad@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,
*ડી-૧૧-૧૨, રૂપવિહાર કોલોની, મોહન માર્ગ,*
*કરોલી બાગ સામે, ન્યુ સાંગામેર રોડ,*
*સોડલા જયપુર-૩૦૨૦૦૬.*
*ફોનઃ (ઓ.)૦૧૪૧-૨૨૯૨૮૧૮,*
*ફેક્સઃ ૦૧૪૧-૨૨૯૨૮૧૯,*
E-mail: rcjaipur@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,,
*૩૪/૨૭૪૦, મંગલમ, પી.ઓ. પલારીવટનમ,*
*કોચી-૬૮૨૦૨૫, કેરાલા.*
*ફોનઃ ૦૪૮૪-૨૩૩૫૭૧૪*
*ફોન/ફેક્સઃ ૦૪૮૪-૨૩૩૫૫૩૩*
E-mail: rckochi@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,,
*૧૦/૧/એચ.ડાયમંડ હારબર રોડ,*
*કોલકત્તા-૭૦૦૦૨૭, વેસ્ટ બંગાળ.*
*ફોનઃ ૦૩૩-૨૪૭૯૭૭૧૪,*
*ફેક્સઃ ૦૩૩-૨૪૭૯૭૭૦૭,*
E-mail: rckolkata@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પેટા કેન્દ્ર*, NIOS,
*૩૬૦/૧૦, શીશુ વિહાર, પાટીયા ભુવનેશ્વર,*
*ઓરીસ્સા-૨૪.*
*ફોનઃ ૦૬૭૪-૨૭૪૦૨૦૮,*

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS,
*લલિત ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, જવાહરલાલ નહેરૂ માર્ગ,*
*બૈલેય રોડ, પટના-૮૦૦૦૦૧, બિહાર.*
*ફોનઃ (ઓ.)૦૬૧૨-૨૫૪૦૫૧,*
*ફેક્સઃ ૦૬૧૨-૨૫૪૫૪૭૦,*
E-mail: rcpatna@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પેટા કેન્દ્રઃ* NIOS,
*મહોમદ ફૈઝુલા ખાન, ખાનચોક પાસે,*
*દરભંગા - ૮૪૬૦૦૪.*
*ફોન : ૦૬૨૭-૨૨૫૦૬૨૮*

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર*, NIOS ,
C/o. *ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન,*
*૧૨૮/૨, જે.પી.નાયક રોડ, કોથરુડ,*
*ફોન : (ઓ.)૦૨૦-૨૫૪૪૪૬૬૭*
*ફેક્સઃ ૦૨૦-૨૫૪૪૪૬૬૭,*
E-mail: rcpune@nios.ac.in

# આભાર સ્વીકાર


## સલાહકાર સમિતિ

*ડો. એસ.એસ. જૈના*
*અધ્યક્ષ*
*એન.આઇ.ઓ.એસ. નોઇડા*

*ડો. અનિતા પ્રિયદર્શીની*
*નિર્દેશક (એકેડેમીક)*
*એન.આઇ.ઓ.એસ. નોઇડા*

*શ્રીમતી ગોપા બીશ્વાસ*
*નાયબ નિર્દેશક (એકેડેમીક)*
*એન.આઇ.ઓ.એસ. નોઇડા*

## અભ્યાસક્રમ સમિતિ

*ચેર પર્સન*
*પ્રો. કે.એમ. ચૌધરી*
*પૂર્વ પ્રાધ્યાપક*
*કોલેજ ઓફ આર્ટ,*
*નવી દિલ્હી*

*મિ. બી.એમ. ચૌધરી*
*વિઝિટીંગ લેક્ચરર*
*મયુર વિહાર*
*નવી દિલ્હી*

*મિ. વિનોદ કુમાર*
*ડ્રોઈંગ ટીચર*
*દિલ્હી પબ્લીક સ્કુલ*
*મથુરા રોડ, નવી દિલ્હી.*

*મિ. સુમિતાવ પાલ*
*રીડર*
*શાંતિ નિકેતન*
*વેસ્ટ બેંગાલ.*

*મિ. સુબન્ના*
*સિનિ. ડ્રોઈંગ ટીચર*
*દિલ્લી, કનાડા, સિ.સેક. સ્કુલ*
*નવી દિલ્હી.*

*સંચિતા ભટ્ટાચાર્જી*
*અભ્યાસક્રમ સંકલનકાર*
*એન.આઇ.ઓ.એસ.*
*નોઇડા,યુ.પી.*

*ડો. સુનિલ કુમાર*
*રીડર, ડીપા. ઓફ*
*એલીમેન્ટ્રી એજ્યુકેશન*
*એન.સી.ઈ.આર.ટી.,*
*શ્રી અરબિંદો માર્ગ,*
*નવી દિલ્હી - ૧૧૦૦૧૬*

## અભ્યાસક્રમ લેખક

*શ્રીમતિ બી.એમ. ચૌધરી*
*પૂર્વ વ્યાખ્યાતા*
*કોલેજ ઓફ આર્ટ*
*દિલ્હી*

*ડો. બિંદુલીકા શર્મા*
*રીડર*
*જામીયા મીલિયા ઈસ્લામીયા*
*નવી દિલ્હી.*

*શ્રીમતિ સુસ્મિતા દાસ પાલ*
*કળા કેળવણીકાર*
*નવી દિલ્હી.*

*મિસિસ. સુનિતા ચૌહાણ*
*કળા કેળવણીકાર*
*નવી દિલ્હી*

## સંપાદકો

*પ્રો. કે.એમ. ચૌધરી*
*પૂર્વ પ્રાધ્યાપક*
*કોલેજ ઓફ આર્ટ*
*નવી દિલ્હી*

*પ્રો. નિરેન સેન ગુપ્તા*
*પૂર્વ આચાર્ય*
*કોલેજ ઓફ આર્ટ*
*દિલ્હી*

*સંચિતા ભટ્ટાચાર્જી*
*અભ્યાસક્રમ સંકલનકાર*
*એન.આઇ.ઓ.એસ.*
*નોઇડા,યુ.પી.*

## ગુજરાતી અનુવાદક

*રમેશચંદ્ર પરમાર*
*પૂર્વ સચિવ*
*લલિત કલા અકાદમી*
*ગુજરાત રાજ્ય*



## અધ્યક્ષનો સંદેશ .. . . .

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષા સંસ્થાન પોતાના વિદ્યાર્થીઓને ઘણી વિશાળ શ્રેણીમાં અભ્યાસક્રમ આપે છે. હવે તેણે ચિત્રકળાનાં નવા અભ્યાસક્રમનું નિર્માણ કાર્ય માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે કરવાનો શુભારંભ કર્યો છે. ચિત્રકળા અન્ય સાથે અભિવ્યક્તિની કળા છે. માનવજગત પોતાની લાગણી ઉર્મિ કે વિચારધારાની અભિવ્યક્તિ માટે વિવિધ માધ્યમનો સહારો લેય છે. ચિત્રકળા,સંગીત,ગાયન, નૃત્ય કે અભિનયના શિક્ષણથી વ્યક્તિનો સામાજીક વિકાસ થાય અને આત્મવિશ્વાસ ખીલે છે.

એક એવી પ્રબળ માન્યતા છે કે કળા દ્વારા જ્ઞાનાત્મક અને કલ્પનાત્મક કુશળતા, સહજ સમન્વયભાવ વિકસાવી મૌલિક અભિવ્યક્તિ અને સર્જનાત્મકતા વિકસાવી શકાય છે.

ચિત્રકળામાં આ અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીની સૌંદર્યલક્ષી દૃષ્ટિ, કુશળતા, જ્ઞાન અને સમજશક્તિ વિકસાવી તેનું પોતાનું વ્યક્તિત્વ ના ઘડતર અને સમૃધ્ધિનો છે. આ અભ્યાસક્રમથી ચિત્ર દ્વારા આકાર, આકૃતિ અને રંગો દ્વારા પોતાના મૌલિક વિચારોને રજૂ કરવાની વિદ્યાર્થીની ક્ષમતા ખીલે છે.

આ અભ્યાસક્રમના નિર્માણ અને સંયોજનમાં જેમણે સેવાઓ બજાવી છે તેમના પ્રતિ આભાર વ્યક્ત કરું છું. આ પુસ્તકની ઉપયોગીતા અને અભ્યાસક્રમ વિષયક નિર્ણય તેનો અભ્યાસકર્તા મુખ્યત્વે રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય સંસ્થાનના વિદ્યાર્થીઓ પાસેથી મળશે. તેમના વિચાર અને સૂચનો સંસ્થા આવકારે છે જેના આધારે ભવિષ્યમાં નવી આવૃત્તિ વધુ લાભકર્તા નીવડશે.

મારી શુભેચ્છા સહ

અધ્યક્ષ

રા.મુ.વિ.શિ.સં.

## નિર્દેશક (શિક્ષણ) તરફથી . . . .

વ્હાલા વિદ્યાર્થીઓ

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષા સંસ્થાન માધ્યમિક કક્ષાએ ચિત્રકળાના અભ્યાસક્રમનો પ્રારંભ કરે છે. આપે અમારી સંસ્થામાં જોડાઈને ચિત્રકળા શીખવાનું પસંદ કર્યુ તેનો આનંદ છે.

આ અભ્યાસ સામગ્રી સ્વઅધ્યયન પાઠયક્રમ માટે વિકસાવી છે. અમને આશા છે કે આ પ્રકરણો તમને તમારા વિષયમાં રસપ્રદ અને આકર્ષક જણાશે. ભારતીય કળા, પશ્ચિમીકળા અને સમકાલિન કળાના પ્રકરણો આપના જ્ઞાન કૌશલ્યની વૃધ્ધિ માટે આમાં ઉમેરવામાં આવ્યા છે. ભારતીય કળાના પ્રકરણમાં ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલાની આગવી શૈલીનું વર્ણન છે પાઠયક્રમમાં તમને પશ્ચિમી કલાનાં વૈજ્ઞાનિક પ્રમાણ અને અવલોકનના ઉપયોગનું શિક્ષણ મળશે. સમકાલિન કલા, પશ્ચિમી ટેકનીક અને ભારતીય આધ્યાત્મવાદનું મિશ્રણ ભારતીયકળામાં દશ્યમાન થાય છે. તમે સિધ્ધાંતિક પૂર્વભૂમિકા અને પ્રાયોગિક કૌશલ્ય મેળવીને રંગ, રેખા અને કલમ સાથે રમતનો આનંદ મેળવશો.

પ્રાયોગિક કૌશલ્ય વિષયક પ્રકરણમાં તમે વિવિધ પ્રાકૃતિક દશ્યો, ચીજવસ્તુઓ ના ચિત્ર સંયોજન કરી તમારી આંતરીક સૌંદર્યલક્ષી કલાદષ્ટિ વિકસાવશો.

આ અભ્યાસક્રમ આપના જેવા વિદ્યાર્થીઓ જેમણે રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષા સંસ્થાનની પસંદગી કરી છે તેમને ખૂબજ ઉપયોગી અને લાભકર્તા થશે. આપને આપના અનુકૂળ સ્થળે અને સમયે ચિત્રકળા શીખવાની તક રહેશે. અમે આશા રાખીએ કે આ પાઠયક્રમ આપની સૌંદર્યસૂજ તેમજ અભિવ્યક્તિમાં સહયોગી થશે.

આ પાઠયક્રમને વધુ લાભદાયી બનાવવા માટે આપના સૂચનો આવકારીએ છીએ.

નિર્દેશક (શિક્ષણ)

## એક વાર્તા આપની સાથે,

હું આશા રાખું છું કે આપ આપના અભ્યાસનો આનંદ માણો છો. સૌ પ્રથમ હું આપને આ અભ્યાસક્રમ માટે આવકારું છું. ચિત્રકળા ખૂબ જ રસપ્રદ વિષય છે. આપને રંગો દ્વારા અભિવ્યકિતમાં સહાય, પદાર્થની સપ્રમાણતાનું કૌશલ્ય, રેખા ભાવનાત્મક મૂલ્ય, પોત (ટેક્ષચર) તથા લયની વિશિષ્ટતાની સમજ કેળવાય છે. આ પાઠયના અભ્યાસથી આપ આપની ભાવનાઓ પ્રગટ કરવા માટે ઘણી બધી વસ્તુઓના ચિત્ર બનાવી શકો અને જુદા જુદા આકાર રૂપ આપીને ડીઝાઈન કરી શકો છો. આ અભ્યાસ દ્વારા આપને ચિત્રના વિવિધ પાસા અને ચિત્ર પધ્ધતિ જેવી કે કદની યથાર્થ કલ્પના, સપ્રમાણતા, રંગોનો ઉપયોગ, યોગ્ય છાયા પ્રકાશનો ઉપયોગ વગેરે શીખવાની તક મળે છે.

આ અભ્યાસ ક્રમ બે ભાગમાં વિભાજીત છે. સિધ્ધાંતિક અને પ્રાયોગિક. પરીક્ષાના હેતુ માટે સિધ્ધાંતિકના ૩૦ ગુણ છે, પ્રાયોગિક માટે ૭૦ ગુણ છે. અમે વિગતવાર અભ્યાસ સામગ્રી તૈયાર કરી છે જે આપને માર્ગદર્શક નીવડશે. હું આશા રાખું છું કે આપનો ચિત્ર અભ્યાસ આનંદજનક રહેશે. આપના સૂચન હોય તો અમને અવશ્ય જણાવો કારણકે આપના અભિપ્રાય અમારા માટે મૂલ્યવાન છે અમે આપના સૂચન અને મંતવ્ય ને લક્ષમાં લઈ આ અભ્યાસક્રમને વધુ સુંદર બનાવવા પ્રયત્નશીલ છીએ.

સંચિતા ભટ્ટાચાર્જી
અભ્યાસક્રમ સંકલનકાર

# અભ્યાસ સામગ્રી ઉપયોગ

*અભિનંદન, આપે સ્વઅધ્યાયી બનવાનો પડકાર સ્વીકાર્યો છે. રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન હરપળ આપની સાથે છે. ચિત્રકલા-સિધ્ધાંતિકની અભ્યાસ સામગ્રી તજજ્ઞ જૂથની સહાયથી આપને લક્ષમાં રાખીને સ્વઅધ્યયન માટેના માળખાને આધારે તૈયાર કરવામાં આવેલ છે. જો આપ સૂચનાઓને લક્ષમાં રાખી અભ્યાસ કરશો તો ઉત્તમ પરિણામ મળશે. અભ્યાસ સામગ્રી સંબંધિત સંજ્ઞાઓ આપને માર્ગદર્શન આપશે.*

**શીર્ષક :** *વિષયવસ્તુના સ્પષ્ટ સૂચન આપશે,એને વાંચો.*

**પરિચય :** *આપને પાઠનો પરિચય આપશે તેમજ આગળના પાઠ સાથે જોડશે.*

**ઉદ્દેશ:** *આ પાઠના અભ્યાસ બાદ અપેક્ષિત પરિણામનો અહેવાલ છે. આપે તે સિધ્ધ કરવાનો છે, અવશ્ય વાંચો અને તપાસો કેટલી સિધ્ધિ પ્રાપ્ત થઈ.*

**વિષયવસ્તુ :** *બધા જ વિષયવસ્તુને વિભાગ-પેટા વિભાગમાં વહેંચ્યા છે. વિભાગ આપને એક વિષયવસ્તુથીબીજા તત્વ તરફ જયારે પેટા વિભાગ વિષયવસ્તુની વ્યાપક સમજ કેળવશે. લખાણમાં ઘાટા (બોલ્ડ) ત્રાંસા (ઇટાલીક) અથવા ચોરસ ખાના (બોક્ષીસ) માં દર્શાવેલ બાબતો મહત્વની હોઈ ખૂબ ધ્યાન આપો.*

**નોંધ :** *પ્રત્યેક પાનની બાજુમાં ખાલી જગ્યા આપી છે તેમાં અગત્યના મુદ્દા કે નોંધ લખી શકશો.*

**પ્રવૃત્તિઓ :** *હેતુની વધુ સારી સમજ માટે વિવિધ પ્રવૃત્તિઓ દર્શાવી છે.*

**આંતરિક પ્રશ્નો :** *પ્રત્યેક વિભાગના અંતે વૈકલ્પિક પ્રશ્નો સ્વઅધ્યયન માટે આપેલ છે અને પાઠના અંતમાં જવાબ આપેલ છે. જે તમારી પ્રગતિ ચકાસવામાં મદદરૂપ થશે. તેને અવશ્ય ચકાસો. સફળતાપૂર્વકનું અધ્યયન તમારે આગળ વધવું કે પુનઃઅભ્યાસ કરવો જરૂરી છે તે દર્શાવશે.*

**તમે શું શીખ્યા:** *પાઠના મુખ્ય મુદ્દાઓનો આ સારાંશ છે જે તમને મુદ્દાઓના સારાંશ અને પુનરાવર્તનમાં ઉપયોગી થશે. તમે તમારા મુદ્દા પણ ઉમેરી શકો.*

**અંતિમ અભ્યાસ કવાયત:** *સમગ્ર પાઠના એકમને સમજવા તેમજ પુનરાવર્તન માટે લાંબા અને ટૂંકા પ્રશ્નો આપેલ છે.*

**આંતરિક પ્રશ્નોના ઉત્તર:** *તમે કેટલા પ્રશ્નોના સાચા ઉત્તર આપેલ છે તેની ચકાસણીમાં મદદરૂપ થશે.*

# ચિત્રકળા

## અભ્યાસક્રમ સામગ્રી

## ૧ - સિધ્ધાંતિક

### પ્રકરણ-૧

**ભારતીય કળાનો પરિચય.**

૧ *કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૩૦૦૦ ઈ.સ. પૂર્વ થી ૬૦૦ ઈ.સ.)*

૨ *કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન ૭ થી ૧૨ મી સદી સુધી.*

૩ *કળાનો ઈતિહાસ ૧૩ મી સદીથી ૧૮ મી સદી સુધી.*

૪ *ભારતીય લોકકળા*

### પ્રકરણ - ૨

**પશ્ચિમી કળાનો પરિચય.**

૫ *પુનરુત્થાન (નવ જાગરણ)*

૬ *અસરવાદ (પ્રભાવવાદ)*

૭ *ઘનવાદ, અતિ વાસ્તવવાદ અને અમૂર્તકળા*

### પ્રકરણ - ૩

**ભારતીય સમકાલીન કળા પરિચય**

૮ *ભારતીય સમકાલીન કળાના પ્રણેતા*

૯ *ભારતીય સમકાલીન કળા*

### ૨ - પ્રાયોગિક - ૨

૧૦ *પદાર્થ-વસ્તુ અભ્યાસ*

૧૧ *પ્રકૃતિ અભ્યાસ*

૧૨ *માનવ અને પ્રાણીઓની આકૃતિ*

૧૩ *ચિત્ર સંયોજન*

### પ્રાયોગિક માર્ગદર્શન

૧ *સાધન અને સામગ્રી*

૨ *પદાર્થનો અભ્યાસ*

૩ *પ્રકૃતિનો અભ્યાસ*

૪ *માનવ આકૃતિ*

૫ *પશુ પંખીઓનો અભ્યાસ*

૬ *ચિત્ર સંયોજન*



# સિધ્ધાંતિક

## પુસ્તક - ૧

## અનુક્રમણિકા


| અનુ. નં. | વિષયનું નામ | પાન નં. |
|---|---|---|
| ૧ | કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૩૦૦૦ ઈ.સ. પૂર્વથી ૬૦૦ ઈ.સ.) | ૧ |
| ૨ | કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન ૭ મી સદીથી ૧૨ મી સદી સુધી | ૧૧ |
| ૩ | કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન ૧૩ મી સદીથી ૧૮ મી સદી | ૨૧ |
| ૪ | ભારતીય લોકકળા | ૨૯ |
| ૫ | પુનરુત્થાન (નવજાગરણ) | ૩૭ |
| ૬ | અસરવાદ-પ્રભાવવાદ | ૪૭ |
| ૭ | ઘનવાદ, અતિવાસ્તવવાદ અને અમૂર્તકળા | ૫૯ |
| ૮ | ભારતીય સમકાલીન કળાના પ્રણેતા | ૬૭ |
| ૯ | ભારતીય સમકાલીન કળા | ૭૭ |
| ૧૦ | અભ્યાસક્રમ | ૮૯ |
| ૧૧ | નમૂનારૂપ પ્રશ્નપત્ર | ૧૦૦ |

# ૧

# કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન
## ઈ.સ.પૂર્વ ૩૦૦૦ થી ૬૦૦ ઈ.સ.

*સિંધુ ઘાટીની સંસ્કૃતિ (૨૫૦૦ ઈ.સ. પૂર્વથી ૧૭૫૦ ઈ.સ.પૂર્વ) થી મૌર્યવંશ (ઈ.સ. ની ત્રીજી સદી) સુધીના સમયમાં આપણે કળા અને હસ્તકળામાં ક્રમિક વિકાસ જોઈએ છીએ. હડપ્પન કાળના કલાકારો અત્યંત કુશળ હતા. મૌર્યકાળથી ભારતીય કળામાં નવા ઈતિહાસની શરૂઆત થઈ. અશોક યુગના ગુણવત્તા સભર સ્થાપત્ય સ્તંભ ભારતીય ખજાનો છે. આ ઉપરાંત કૌશલ્ય પધ્ધતિની દષ્ટીએ ઉચ્ચ સ્તરની કળા સાથે પારંપરિક લોકકળામાં દેવી માતાની વિવિધ આકૃતિઓમાં પણ જોવા મળે છે. મૌર્ય સત્તા કાળ બાદ જયારે સુંગસ વંશ સત્તા પર આવ્યો ત્યારે તેણે પણ આ કળા પ્રવૃત્તિ વિકસાવી જેના ફળ સ્વરૂપે મધ્યપ્રદેશમાં વિશાળ સ્તૂપ અને સાંચીની શિલ્પકૃતિઓ નો વારસો જોવા મળે છે. કુશાણ કે જેઓ ભારતની બહારથી આવ્યા હતા તેમણે પ્રગતિમાં મદદ કરી અને આ યુગમાં પહેલીવાર વાસ્તુકળા સાથે શિલ્પકલાના નિર્માણની પ્રગતિ જોવા મળી. ગુપ્તકાળને ભારતીય કળાનો સુવર્ણયુગ માનવામાં આવે છે. માનવ આકૃતિઓની પ્રસ્તુતીમાં સુંદરતા જોવા મળે છે. આ યુગના મહત્વના કહી શકાય તેવા મથુરા, સારનાથ, ઉજ્જૈન, અહિછત્ર વગેરે મુખ્ય સ્થાને જાણીતા છે. ગુપ્તકાળના શિલ્પોમાં શૈલી, કલા કૌશલ્ય, પરિપકવ નિપુણતા, કલ્પના શકિત નો સંપૂર્ણ સમન્વય જોવા મળે છે. ધાર્મિક મૂર્તિકળામાં દૈવી ગુણવત્તા જણાય છે. હોઠ ઉપરના સહેજ વળાંક, આકૃતિની પૂર્ણ ગોળાઈ, કુશળતા પૂર્વકની કોતરણી અને સાદગીથી ગુપ્તકાળની શૈલીની આગવી ઓળખ બને છે. ધાર્મિક અને સાંપ્રદાયિક શિલ્પોનું પણ વિશાળ માત્રામાં નિર્માણ થયું. અજંતાના વિશ્વવિખ્યાત ચિત્રોનું પણ આ સમયમાં નિર્માણ થયું.*

*ચિત્રકળા અને મૂર્તિકળા ઉપરાંત ગુફાઓ અને મંદિરોના સ્થાપત્યનો વિકાસ થયો જેમાં મધ્યપ્રદેશની ઉદયગીરી ગુફાઓ નચના અને ભુમરા વગેરે મહત્વની છે. જયાં મંદિર સ્થાપત્યની શરૂઆત થઈ. ટૂંકમાં ગુપ્તકાળને ભારતીય ઈતિહાસનો સુવર્ણ યુગ કહી શકાય.*

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસ પછી વિદ્યાર્થી જણાવી શકશે.**

- *ઈ.સ. પૂર્વ ૩૦૦૦ થી ૬૦૦ ઈ.સ. સુધીના સમયની કળાનું વર્ણન કરી શકશે.*
- *આ સમયની દર્શાવેલ કલાકૃતિઓ/વસ્તુઓના નામ જણાવી શકશે.*
- *કળા માટે વપરાયેલ સામગ્રીનું વર્ણન, કદ, વિસ્તાર, રંગો અને સંગ્રહસ્થળ વિષયક માહિતી.*
- *આ સમયની કલાકૃતિઓને સ્પષ્ટપણે ઓળખી શકો.*
- *આ સમયની કલાકૃતિઓ તેની વિશેષતા પારખી તફાવત જણાવી શકશે.*



નૃત્યાંગના

## ૧.૧ નૃત્યાંગના/નૃત્ય કરતી છોકરી.

શીર્ષક : નૃત્યાંગના
માધ્યમ : ધાતુ
સમય/યુગ : હડપ્પન કાળ. ૨૫૦૦ ઈ.સ. પૂર્વ
મળવાનું સ્થળ : મોહેન્જો દડો.
કદ : આશરે ૪ ઈંચ ઉંચાઈ.
કલાકાર : અજ્ઞાત
સંગ્રહ : રાષ્ટ્રીય સંગ્રહાલય (નેશનલ મ્યુઝિયમ) નવી દિલ્હી

### સામાન્ય વિવરણ

*આ મૂર્તિ ધાતુમાંથી બની છે તેમજ સંભવતઃ સિંધુ ઘાટીની હસ્તકલા અને કૌશલ્યનું ઉત્તમ ઉદાહરણ છે. આ સ્ત્રી કલાકૃતિમાં ધાતુને ઢાળવાનું વિશેષ કૌશલ્ય અને કલાત્મક સુંદરતા જણાય છે. આકૃતિ લાંબી પાતળી અને લયબધ્ધ જણાય છે. કલાકૃતિમાં કેટલીક મહત્વની બાબતો ધ્યાન આકર્ષે છે. જેમકે તેને નિર્વસ્ત્ર દર્શાવી છે. તેના ડાબા હાથમાં લગભગ ખભા સુધી બંગડીઓ પહેરેલી દર્શાવી છે. જે રીતે રાજસ્થાન કે ગુજરાતની આદિવાસી પ્રજામાં વર્તમાન સમયમાં જોઈ શકાય છે. બીજી ધ્યાન આકર્ષક બાબત તેના વાળની ગુંથણીની રીત છે. આ યુગની સંસ્કૃતિની અન્ય દૈવી આકૃતિઓમાં વિલક્ષણ અને ઝીણવટથી સજાવેલ કેશગુંથન છે. જ્યારે આ આકૃતિમાં આધુનિક કૌશલ્યની ઝાંખી થાય છે. તેના વાળ અંબોળા સાથે ગુંથેલા છે. તેના ઉભા રહેવાની શૈલી પણ આકર્ષક છે. તે આરામદાયક મુદ્રામાં પોતાનો જમણો હાથ કમર ઉપર અને ડાબો હાથ જાંઘ સાથે ટેકીને ઉભી છે. ધાતુની ઢાળવાની પ્રક્રિયા ઉત્તમ છે. તે યુગનાં કલાકારોની ધાતુ ગાળવાની નિપૂણતાના દર્શન થાય છે. શિલ્પકૃતિમાં વિલક્ષણ વાસ્તુકલાની ઝાંખી થાય છે. જો કે મૂર્તિની ઉંચાઈ લગભગ ચાર ઈંચ છે છતાં તે ખૂબ વિશાળ દેખાય છે. આ જ તેની વિશિષ્ટતા છે. નૃત્યાંગનાની મૂર્તિમાં કલાકારની કારીગરી તથા કલા કૌશલ્યનું સુભગ સંયોજન ખૂબજ સફળતાપૂર્વક યોજાયું છે.*

*એ. નૃત્યાંગના (નૃત્ય કરતી છોકરી)ની મૂર્તિ આપણને ક્યાંથી મળી?*
*બી. તેની ઉંચાઈ કેટલી છે?*
*સી. નૃત્યાંગના (નૃત્ય કરતી છોકરી) બેઠેલી છે કે ઉભી છે?*
*ડી. નૃત્યાંગના (નૃત્ય કરતી છોકરી) એ કેવાં વસ્ત્રો પહેર્યા છે?*
*ઈ. શિલ્પકૃતિનું માધ્યમ શું છે?*
*એફ. નૃત્યાંગના (નૃત્ય કરતી છોકરી)ના વાળની શૈલી કેવી છે ?*



રામપુરવા સાંઢ રાજધાની (કેપીટલ)

## ૧.૨ રામપુરવા સાંઢ રાજધાની (કેપીટલ)

| | |
|---|---|
| શીર્ષક | : રામપુરવા સાંઢ રાજધાની (કેપીટલ) |
| માધ્યમ | : લીસો રેતીયો પત્થર |
| સમય/યુગ | : મૌર્યકાળ ઈ.સ.પૂર્વ ત્રીજી સદી |
| પ્રાપ્તિ સ્થળ | : રામપુરવા. |
| કદ | : લગભગ ૭ ફૂટ ઉંચાઈ. |
| કલાકાર | : અજ્ઞાત |
| સંગ્રહ | : ભારતીય સંગ્રહાલય, કલકત્તા. |

### સામાન્ય વિવરણ

*સમ્રાટ અશોકે પોતાના રાજયાદેશ તેમજ ભગવાન બુધ્ધના સુવિચારોની સ્તંભ ઉપર, છત ઉપર તેમજ પહાડી પત્થરો ઉપર કોતરણી કરાવી. અશોકના શીલાલેખ દૂરના દક્ષિણી પ્રદેશ સિવાય લગભગ બધા જ પ્રદેશોમાં જોવા મળે છે. તેના સ્તંભ ત્રણ ભાગમાં છે. પ્રથમ પાયનો, બીજો લંબાઈ પૂર્વકનો વિસ્તાર અને ત્રીજો મથાળે સુશોભિત સ્તંભ. જે મુખ્ય (ટોચનો) કહેવાય. ટોચ ઉપર એક અથવા વધુ પ્રાણી આકૃતિઓ કંડારાતી, ઉલટું કમળ કે જે પ્રાણી આકૃતિઓના પાયારૂપે વપરાતું. કમળ અને પશુ આકૃતિની વચ્ચે મણકા અંકિત જાડી થાળી જેવો ભાગ છે. સાંઢ સ્તંભ શિખર અશોક કાળના શિખરોમાં ખૂબજ પ્રખ્યાત છે. રામપુરવા સાંઢ કેપીટલ (રાજધાની) તરીકેની ખ્યાતી મૂર્તિ જે સ્થળેથી પ્રાપ્ત થઈ તેના આધારે છે. વિશેષરૂપે ઘંટાકારમાં ઉલટા કમળના આકારના આધારમાં નિર્મિત છે. મણકાબંધ ભાત અને ટોચ ઉપર ભવ્ય સાંઢની આકૃતિનું નિર્માણ છે. મણકાબંધ ભાતની ઉપર ફરતે વનસ્પતિની ભાત (ડીઝાઈન) છે. વિદ્વાનોના મતે આવી કલાત્મક રચનાની પ્રેરણા મધ્યપૂર્વ અથવા ગ્રીક શૈલીમાંથી ઉદ્‌ભવી હશે. તેની ભાત (ડીઝાઈન) ખૂબ જ ચોકસાઈપૂર્વક ઝીણવટથી કોતરાઈ છે. સાંઢની આકૃતિમાં કમળ તેમજ મણકાબંધ ભાત ઉપર પ્રભુત્વ જોવા મળે છે. સાંઢના ચાર પગની વચ્ચેનો ભાગ કોતરાયો ન હોવા છતાં તે સાંઢની સુંદરતાને અવરોધતો નથી. આપણે મૂર્તિ ઉપરથી સાંઢની શકિત અને તેના વજનનો અનુભવ કરી શકીએ છીએ તેમાંજ કલાકારની સફળતાનું દર્શન થાય છે. ખરેખર તો કમળનો આકાર તથા મણકાબંધ બન્ને અલંકારીત અને સાંઢનું સપાટ શિલ્પ એ વિરોધાભાસ કરે છે. સાંઢની મૂર્તિનું કોતરકામ સ્પષ્ટ રીતે ભારતીય શિલ્પકારના પ્રભુત્વનું દર્શન થાય છે. સાંઢની મૂર્તિમાં તેની લીસી ચમકની અજોડ ગુણવત્તા છે. અશોકકાળની મૌર્યમૂર્તિકલાની આ મુખ્ય લાક્ષણિકતા છે. કલાવિદોના મતઅનુસાર શિલ્પકૃતિને ખૂબજ ઘસીને લીસી (પોલીશ) કરવાની કળા મધ્યપૂર્વના શિલ્પીઓ પાસેથી શીખવામાં આવી હશે.*

### પાઠગત પ્રશ્નો ૧.૨

*એ. રામપુરવા બુલ કેપીટલ કયાંથી મળેલ છે ?*

*બી. બુલ કેપીટલનો આધાર પાયો કેવો છે ?*

*સી. બુલ કેપીટલનો આધાર ઉપર શું મૂકવામાં આવ્યું છે ?*

*ડી. બુલ કેપીટલ કયાં છે ?*

*ઈ. બુલ કેપીટલનું માધ્યમ શું છે ?*



નોંધ



શ્યામ રાજકુમારી

નોંધ

## ૧.૩ શ્યામ રાજકુમારી

શીર્ષક : શ્યામ રાજકુમારી
માધ્યમ : ભીંતચિત્ર
સમય/યુગઃ ગુપ્ત-વાકાટક કાળ (૨જી શતાબ્દી (એ.ડી.) થી ૬ઠી શતાબ્દી(એ.ડી.)
પ્રાપ્તિ સ્થળઃ અજંતા,ઔરંગાબાદ પાસે, મહારાષ્ટ્ર.
કદ : આશરે ૨૦ ફૂટ x ૬ ફૂટ.
કલાકાર : અજ્ઞાત

### સામાન્ય વિવરણ

*અજંતાની ગુફાઓ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં આવેલી છે. આ ગુફાઓનું નામ નજીકમાં આવેલ ગામ અજિંઠા ઉપરથી રાખવામાં આવ્યું છે. કેટલીક ગુફાઓનો ઉપયોગ ચૈત્યાસ (પૂજા) માટે અને ઘણી બધી વિહાર (મઠવિહાર) તરીકે છે. અજંતાના ચિત્રો બે તબકકામાં થયાં છે. પ્રથમ હિનયાન જેમાં ભગવાન બુધ્ધને પ્રતીકોના સ્વરૂપે દર્શાવેલ છે. બીજો તબકકો મહાયાન જેમાં ભગવાન બુધ્ધને માનવરૂપમાં દર્શાવેલ છે. અજંતાના મોટા ભાગના ચિત્રો વાકાટક કાળમાં થયા છે. ભારતીય ચિત્રકળાના ઈતિહાસમાં અજંતાના ચિત્રોનું અભૂતપૂર્વ સ્થાન છે. અજંતાના ભીંત ચિત્રો ફ્રેસ્કો (ચિત્ર કરવાની પધ્ધતિ) પધ્ધતિના નથી. ફ્રેસ્કો એક એવી પધ્ધતિ છે જેમાં રંગોને પાણીમાં મેળવી તેમાં બાંધણી માટેની સામગ્રી (જેવી કે ગુંદર) ઉમેરી ભીની અથવા સૂકી દિવાલ ઉપર ચિત્રકળા થાય છે. જો કે અજંતાના કલાકારોએ ભીંતચિત્રોની પારંપરીક રીત અપનાવીને ચિત્રોનું નિર્માણ કર્યુ છે. અજંતાના ચિત્રોની વિષયવસ્તુ ધાર્મિક છે છતાં તેમાં કલાકારોને કલ્પના શકિત તેમજ સર્જનાત્મક કૌશલ્ય દર્શાવવાની પૂરતી તક આપવામાં આવી છે. મુખ્ય બાબતતો એ કહી શકાય કે ધાર્મિક ચિત્રો હોવા છતાં આમ આદમી પણ તેને માણી શકે છે. શ્યામ રાજકુમારી અજંતાની ચિત્રકલાનું ઉત્તમ ઉદાહરણ છે. મુકત સરકતી રેખાઓ શરીરની લયબધ્ધ નજાકત સહેજ નમેલો ચહેરો અને આંખોનો ઢોળાવ ભાવ વગેરે કલાકારોની પીંછીમાં રહેલી તાકાત અને નિપૂણતા દર્શાવે છે. ક્ષતિગ્રસ્ત થયેલા ચિત્રોમાં પણ રંગો કેટલા સુંદર હતા તે જોવા મળે છે. ચિત્રોમાં સંગીતના ગીતભાવનો અનુભવ થાય છે. શરીરની કોમળતા, લયબધ્ધ ઝુકેલી ડોક અને સાદગીપણું ચિત્રોની દિવ્ય વિશિષ્ટતા છે. તેમાં વપરાયેલ રંગો ખૂબજ સહજ તથા અશિષ્ટતા વિનાના છે.*

### પાઠગત પ્રશ્નો ૧.૩

*એ. અજંતાની ગુફાઓ કયાં આવેલી છે ?*
*બી. ભગવાન બુધ્ધને પ્રતિકાત્મકરૂપે કયા તબકકામાં બતાવ્યા છે ?*
*સી. શ્યામ રાજકુમારીના ચિત્રમાં કયા પ્રકારના રંગો વપરાયા છે ?*
*ડી. શ્યામ રાજકુમારી ચિત્ર અજંતાના કયા તબકકામાં થયેલું છે ?*
*ઈ. શ્યામ રાજકુમારી ચિત્ર કયા યુગ/સમયનુ છે ?*

નોંધ

## તમે શું શીખ્યા

સિંધુ ઘાટીના અવશેષો સૌ પ્રથમ જયાંથી મળ્યા તેના ઉપરથી સિંધુ ઘાટી સંસ્કૃતિ નામ આપવામાં આવ્યું છે. આ સંસ્કૃતિનો મુખ્ય વિસ્તાર મોહન્જો-દડો અને હડપ્પા છે (હાલ પાકિસ્તાનમાં છે). જો કે આ સંસ્કૃતિની શરૂઆત સિંધુ ઘાટીથી થઈ હોઈ તેનું નામ અપાયું છે. વર્તમાન સંશોધન કાર્યથી જણાય છે કે તે સિંધુ ઘાટીથી આગળ પણ છે. આ સંસ્કૃતિને હડપ્પન સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવે છે અને એવું મનાય છે કે તે ઈ.સ.પૂર્વ ૨૫૦૦ અને ૧૭૫૦ વચ્ચે વિકસી હશે. આ સમયના ઘણા બધા પુરાતત્વીય અવશેષો મળ્યા છે જેમાં સિક્કાઓ, વાસણો, આભૂષણો, સાધનો, રમકડાં, મૂર્તિઓ તેમજ અન્ય ઉપયોગી વસ્તુઓ છે.

ભારતીય ઈતિહાસમાં દ્વિતીય મહત્વપૂર્ણ સમય મૌર્ય વંશનો છે. જેની શોધ ચંદ્રગુપ્ત મૌર્યે કરી છે. જો કે ભારતીય ઈતિહાસમાં તેમના વહીવટી કૌશલ્યને કારણે ચાણકય તરીકે પ્રસિધ્ધ છે. તેમના પૌત્ર સમ્રાટ અશોકે ઘણાં પરોપકારી કાર્યો ઉપરાંત કળા અને સ્થાપત્યના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તે પોતે બુધ્ધધર્મના ઉપાસક હોઈ તેમણે પોતાના સામ્રાજ્યમાં ઘણા બધા સ્તંભ પર ભગવાન બુધ્ધના શિલાલેખ કોતરાવ્યા હતા.

મૌર્યકાળ બાદ સાંગા, સતાવહંસ અને કુશાણ રાજવંશો કે જેઓ ભારતની બહારથી આવ્યા હતા તેમણે પણ ભારતીય કળા અને સ્થાપત્યના વિકાસમાં યોગદાન આપ્યું.

ગુપ્ત રાજવંશના શોધક ચંદ્રગુપ્ત હતા. કુશાણ વિજયી થયા. ગુપ્તાઓ માત્ર યોધ્ધાઓ કે અમલદારો નહીં બલ્કે કળાના આશ્રયદાતા પણ હતા. તેમના સામ્રાજયયુગમાં તમામ ક્ષેત્રે વિકાસ થયો જેમાં વિવિધ કળાઓ અને વિજ્ઞાન પણ સામેલ છે. આ યુગમાં કવિ કાલીદાસ, આર્યભટ્ટ અને વરાહમિહિર જેવા સુપ્રસિધ્ધ વ્યકિતત્વનો ઉદય થયો અને માટે જ ગુપ્તકાળને ભારતના ઈતિહાસનો સુવર્ણકાળ/સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે.

## સ્વાધ્યાય પ્રશ્નો.

સિંધુ ઘાટીની સંસ્કૃતિના કાર્ય વિષે ટૂંક નોંધ લખો.
નૃત્યાંગના (નૃત્ય કરતી છોકરી)ના અંગવિન્યાસ (અંગની સ્થિતિ) વિષે ટૂંક નોંધ લખો.
મૌર્યન કળા વિષે ટૂંક નોંધ લખો.
આપણે ગુપ્ત યુગને ભારતીય કળાનો સુવર્ણયુગ અથવા સાંસ્કૃતિક કાળ તરીકે શા માટે કહીએ છીએ ?
કુશાણ શાશકોનું શું પ્રદાન હતું ?
ગુપ્તયુગના ચિત્રોની લાક્ષણિકતા શું છે ?

## પાઠય પ્રશ્નોના જવાબ.

### ૧.૧

એ. મોહંજો-દડો
બી. આશરે ચાર ઈંચ
સી. ઉભી રહેલી
ડી. તે નિર્વસ્ત્ર છે.
ઈ. ધાતુ
એફ. તે અંબોડામાં ગુંથેલ છે.

### ૧.૨

એ. રામપુરવામાં
બી. ઘંટાકારમાં કોતરેલું ઉલટું કમળ
સી. ઘડેલી શિલ્પકૃતિ
ડી. ભારતીય સંગ્રહાલય
ઈ. લીસો રેતીયો પત્થર

૧.૩

એ. મહારાષ્ટ્રમાં ઔરંગાબાદ પાસે

બી. હિનયાન તબક્કામાં

સી. માટીના રંગ

ડી. મહાયાન તબક્કો

ઈ. ૨જી શતાબ્દીથી ૬ઠી શતાબ્દી (એ.ડી.)

૨


# કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન ૭મી સદીથી ૧૨મી સદી સુધી

ભારતના ઈતિહાસમાં ગુપ્તયુગ પછીનો સમય શિલ્પ કલા અને મંદિરોના સ્થાપત્ય કલાની વિકાસનો યુગ કહેવાય છે. દક્ષિણ ભારતના પલ્લવ, ચૌલ, હોયસળ જેવા તેમજ પાલ, સેન અને ગંગેજના પૂર્વ ભારતના રાજવંશોએ આ કળાને રાજયાશ્રય આપીને વિકાસ કર્યો. દક્ષિણ ભારતના મહાબલિપૂરમ કે મામલ્લપુરમમાં આપણને પંચરથ અને મંડપનો ઘાટ (બાંધકામ) જોવા મળે છે, જ્યારે પલ્લવ અને તેમના પ્રતિસ્પર્ધીઓ પશ્ચિમી ચાલુકય તેમની શિલ્પકલા પ્રવૃતિ માટે જાણીતા છે. કાંસાની મૂર્તિઓ ઢાળવાની પધ્ધતિમા ચૌલ કલાકારોનું પ્રભુત્વ તેમજ માનવ આકૃતિમાં શરીરની લયબધ્ધ ગતિ તથા નજાકત જોવા મળે છે. ચૌલયુગમાં ગંગકોન્ડા ચોલાપુરમ અને બુહદેશ્વર જેવા પ્રસિધ્ધ મંદિરોનું નિર્માણ થયું. આ મંદિરો તેની સાદગી, સ્મારકની વિશાળતા, ભવ્યતા માટે પ્રસિધ્ધ છે. હોયસળ કલા પણ ખૂબ જ મહત્વપૂર્ણ હતી. હોયસળ શૈલી અટપટી ડીઝાઈન અને ઝીણવટ ભર્યા અભ્યાસનું મિશ્રણ છે. હોયસળ રાજવંશના શાશનમાં ઘણા મંદિરોનું નિર્માણ થયું. હોયસળ યુગના મંદિરોની ખાસીયત સ્થાપત્ય સાથે શિલ્પકલાનો સમન્વય છે. જે સ્થાપત્યનું મહત્વનું અંગ છે. દેરાના પૂર્વ ભાગમાં ગંગ શાશકોએ મુકતેશ્વર મંદિર, લીંગરાજા મંદિર અને રાજારાણી મંદિરનું ઓરીસ્સામાં નિર્માણ કર્યુ. આ યુગમાં ભારતના કાંચીપુરમ, ચિન્નાઈ, ભુવનેશ્વર, બેલ્લુર અને હેલવિડ મંદિરો પ્રસિધ્ધ છે. આ સમયમાં કલાકારો કોતરણી તથા અન્ય પ્રક્રિયામાં ખૂબ જ નિપૂણ થયા હતા. ભારતીય કળા અને સ્થાપત્યના અભ્યાસ માટે આ સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસથી વિધાર્થી જણાવી શકશે**

- ૭મી સદીથી ૧૨મી સદીની કળાનું વર્ણન કરી શકશે.
- આ યુગની કલાકૃતિઓ ઓળખી શકશે.
- આ યુગની કલાકૃતિઓ વચ્ચેનો ભેદ પારખી શકશે.
- કલાકૃતિઓની મુખ્ય લાક્ષણિકતાઓ દર્શાવી વર્ણન કરી શકે.
- આ સમયની દર્શાવેલ કલાકૃતિઓના નામ પારખી શકે.
- કલાનો ઈતિહાસ અને મૂલ્યાંકન ૭મી સદીથી ૧૨મી સદી



અર્જુનનું પ્રાયશ્ચિત કે ગાંગાવતરણ

## ૨.૧ અર્જુનનું પ્રાયશ્ચિત કે ગાંગાવતરણ

| | | |
|---|---|---|
| શીર્ષક | : | અર્જુનનું પ્રાયશ્ચિત કે ગાંગાવતરણ |
| માધ્યમ | : | પત્થર |
| સમય/યુગ | : | પલ્લવયુગ ૭મી સદી. |
| મળવાનું સ્થળ | : | મમ્મલપુરમ (ચેન્નાઈ) |
| કદ | : | આશરે ૯૧ ફૂટ x ૧૫૨ ફૂટ |
| કલાકાર | : | અજ્ઞાત |

### સામાન્ય વિવરણ

*પલ્લવ યુગના સ્થાપત્યમાં ગુફા મંદિરો, મંદિર બાંધકામ તથા સળંગ પત્થર પર સ્મારકો બનેલાં છે. આ યુગમાં નિર્મિત મમ્મલપુરનું શિલ્પકામ ખૂબજ મહત્વનું છે. બે વિશાળ પત્થર ઉપર શિલ્પ આકૃતિઓ ઉપસાવેલ છે. શિલ્પો અસમાન છે છતાં તે નિર્માણ સ્પષ્ટ અને સ્વયં સ્ફુરિત પૂર્વકનું છે. તેની રચનામાં પ્રવાહિતા છે. પૂર્ણ કદની માનવ તથા પશુ આકૃતિઓનું સમૂહમાં સંયોજન છે. તેમાં દેવતાઓ, ઉપદેવતા તેમજ ઋષિ મુનિઓને ઉડતા બતાવ્યા છે. બે પત્થરો વચ્ચે તીરાડ છે. બધી આકૃતિઓ તીરાડ તરફ જોતી દર્શાવી છે. ઉપરના ભાગની કલાકૃતિઓમાં ઘણી બધી પ્રવૃતિઓ (ચહલ પહલ) અને શક્તિનું પ્રદર્શન થાય છે જ્યારે નીચેના ભાગે જીવન શાંતિમય બતાવ્યું છે. તપસ્વીઓની આકૃતિઓ સમુહમાં ધ્યાન મગ્ન બતાવી છે. કેટલાક વિદ્વાનોના મતે આ ઉપસાવેલ (રીલીફ કૃતિ) શિલ્પનું નામ ગંગાવતરણ જેમાં શિવજીએ ગંગા પ્રવાહને પોતાની જટામાં સ્વીકાર્યો હતો. તીરાડની જમણી બાજુએ શિવજીની ચારભુજાવાળી બધા શિલ્પ કરતાં મોટી આકૃતિમાં ત્રિશુળ સાથે જોવા મળે છે. બીજી માન્યતા તે અર્જુનનો પ્રશ્ચાતાપ છે. માનવ આકૃતિ ધ્યાન મગ્ન રૂપમાં છે અને ચોકક્સપણે પલ્લવયુગમાં નિર્મિત છે. શિલ્પોમાં પ્રચંડ ગતિ અને બાંધકામની વિશાળતા છે. પશુઓની લાક્ષણિકતાનું કલા આકૃતિમાં પ્રદર્શન એ કલાકારોનું બારીક નિરીક્ષણ અને અભ્યાસ કૌશલ્ય બતાવે છે. ઉદાહરણ રૂપે સૂતેલું હાથીનું બચ્ચું, વાંદરા, ખંજવાળતું હરણ. આ બધું પ્રકૃતિનો પૂર્ણ અભ્યાસની ઝાંખી કરાવે છે. દીર્ઘ કાળથી દક્ષિણ ભારતના આ મંદિરોની શિલ્પકલા શ્રેષ્ઠ ગણાય છે.*

### પાઠગત પ્રશ્નો ૨.૧

*એ - અર્જુનનો પશ્ચાતાપ શિલ્પ કયાં આવેલું છે?*
*બી - અર્જુનનો પશ્ચાતાપ શિલ્પ કયા રાજવંશમાં બન્યું?*
*સી - અર્જુનનો પશ્ચાતાપ શિલ્પનું બીજું નામ શું છે?*
*ડી - આ શિલ્પકૃતિનું કદ કેટલું છે?*



ગોવર્ધન ગિરિધારી/ગોવર્ધન પર્વત ઉંચકતા કૃષ્ણ

## ૨.૨ ગોવર્ધન ગિરિધારી/ગોવર્ધન પર્વત ઉંચકતા કૃષ્ણ

| | | |
|---|---|---|
| શીર્ષક | : | ગોવર્ધન ગિરિધારી/ગોવર્ધન પર્વત ઉંચકતા કૃષ્ણ |
| માધ્યમ | : | પત્થર |
| સમય/યુગ | : | હોયસળ યુગ |
| મળવાનું સ્થળ | : | બેલુર |
| કદ | : | ૩ ફૂટ |
| કલાકાર | : | અજ્ઞાત |

### સામાન્ય વિવરણ

*હોયસળ યુગમાં મંદિર સ્થાપત્ય કાર્ય મહત્વપૂર્ણ હતું. વિસ્તૃત મંદિર સ્થાપત્ય કલા ઉપરાંત આ યુગમાં બનેલા મંદિરો શિલ્પકૃતિઓથી સુશોભિત હતાં. મૂર્તિઓનો સ્થાપત્ય સાથેનો સુંદર સમન્વય છે. હોયસળ શૈલી દક્ષિણના વિખ્યાત રાજ્યવંશ ઉપરથી નામ અપાયું છે. હોયસળ રાજ્યવંશ અગીયારમી સદીના મધ્યથી શરૂ થઈને ૧૪મી ની મધ્ય સુધી મનાય છે. હોયસળ વંશની રાજધાની દ્વારાસમુદ્ર હતી જે આજે હેલીબીડ તરીકે જાણીતું છે. હોયસળ શૈલી વિશિષ્ટ છે. હોયસળના પ્રાચીન મંદિરો બેલુરમાં છે. હોયસળ શિલ્પ કલાકૃતિઓમાં બારીક અને ઉંડુ કોતરકામ શરીરની કોમળતા, અંગોની લઢણ અને જટીલ દશ્ય. પત્થરોની કોમળતાને લીધે સરળતાથી થયા છે. શ્રી કૃષ્ણની મૂર્તિ હોયસળ શિલ્પની નાજુકાઈ અને ઝીણવટભર્યા ઉંડા નકશીકામની કોતરણીનું ઉત્તમ ઉદાહરણ છે. સમગ્ર પ્રસંગને અલગ અલગ થર (સ્તર) માં દર્શાવેલ છે. કૃષ્ણને મધ્યમાં મુખ્ય પાત્ર તરીકે અને અલગ અલગ સ્તર ઉપર માનવ અને પશુ આકૃતિઓનું રસપ્રદ કથાનક જણાય છે. કૃષ્ણને વાર્તાના નાયક સ્વરૂપે દર્શાવ્યા છે. તેમ છતાં તેમના ઉભા રહેવાની મુદ્રા અને અંગોની લયાત્મકતા સમગ્ર સંયોજનમાં નયનરમ્ય જણાય છે. ખૂબજ રસપ્રદ અને ધ્યાન આકર્ષક બાબત પશુઓનું જીવંત આલેખન ઉપસી આવે છે. સ્ત્રી પોતાના ભરાવદાર સ્તન, નિતંબ, શણગાર, આભૂષણ અને કેશ કળા સાથેનું સંયોજન હોયસલ શૈલીનું વિશિષ્ટ ઉદાહરણ છે. તેમાં પત્થરોની સૂક્ષ્મ કોતરણી આ યુગના કલાકારોની કુશળતા દર્શાવે છે.*

## પાઠગત પ્રશ્નો. ૨.૨

*એ - હોયસળ યુગના કોઈ એક મંદિરનું નામ આપો.*
*બી - હેલીબીડનું અગાઉ શું નામ હતું ?*
*સી - હોયસળની રાજધાની કયાં હતી ?*
*ડી - ઉદાહરણ તરીકે આપેલ શિલ્પકૃતિ કયાંથી મળી છે ?*



કોર્ણાકની સૂર સુંદરી

## ૨.૩ કોર્ણાકની સૂર સુંદરી

| | | |
|---|---|---|
| શીર્ષક | : | કોર્ણાકની સૂર સુંદરી |
| માધ્યમ | : | પત્થર |
| સમય/યુગ | : | ગંગરાજવંશ (૧૨મી સદી ઈ.સ.) |
| મળવાનું સ્થળ | : | કોર્ણાક, ઓરીસ્સા |
| કદ/માપ | : | પ્રાકૃતિક આકારથી થોડું મોટું |
| કલાકાર | : | અજ્ઞાત |

### સામાન્ય વિવરણ

*કોર્ણાકનું સૂર્ય મંદિર કે જે ગંગ રાજવી નરસિંહ દેવ પહેલાના શાસનકાળમાં ભારતના પૂર્વ કિનારે પુરી નજીક નિર્માણ પામ્યું છે તે ઓરીસ્સાની સ્થાપત્ય કલાનું બેનમૂન મહત્વનું મંદિર છે. આ યુગમાં શિલ્પકલાનો જુદી જ રીતે વિકાસ થયો. મંદિર તેનું વિશાળ સ્થાપત્ય માળખું અને પ્રાકૃતિક કરતાં કદમાં ઘણી મોટી (વિશાળ) શિલ્પકૃતિઓથી જગ વિખ્યાત છે. મોટી પ્રતિમાઓ કે જે કાળા પત્થરમાંથી બની છે. તેમાં પાલ યુગની બંગાળ શૈલી સાથેની સામ્યતા વર્તાય છે. અંગ પ્રદર્શન કસાયેલું અને પહોળા ચહેરા પર મુશ્કરાહટ છે. કૃતિઓ ખડતલ અને બંધનમુક્ત સૌમ્યતા દર્શાવે છે. મંદિરની મૂર્તિ મંદિરનું સૌંદર્ય અને સુરુચિપૂર્ણ શોભામાં વધારો કરે છે. વિશાળ સૂર્ય પ્રતિમા અને સ્ત્રી વાદ્યકારોના સમુહના શિલ્પ કંઈક જુદા જ પ્રકારનો ગુણધર્મ દર્શાવે છે.*

*આ માનવ કદ કરતાં થોડા મોટા કદની સુર સુંદરી (સ્ત્રી વાદ્યકાર) આવા સમુહ પૈકીમાંથી એક છે. આવા સ્ત્રી પાત્રના વાદ્યકારોના શિલ્પ સમુહ છત ઉપર, મધ્યમાં તેમજ નીચેના ભાગમાં પૂર્ણ વિશ્વાસ અને પ્રસન્નતાથી રમતી જોવા મળે છે. મૂર્તિઓ હિંમતપૂર્વકના આત્મવિશ્વાસથી કોતરાઈ છે. આકૃતિઓ ગતિ તથા ઘન તત્વ પરિમાણથી ભરપૂર છે. દરેક મૂર્તિ જુદા જુદા વાદ્ય સાથે જોવા મળે છે સુરસુંદરીની મૂર્તિ ઢોલક સાથે દર્શાવી છે. મોટો હસતો ચહેરો છતાં લયબધ્ધ અંગોના ભાવ, સહેજ નમેલું માથું વાદ્યકારની મોહક સૌંદર્યતા દર્શાવે છે. સ્તનની વચ્ચેના આભૂષણોની હળવી કોતરણી સ્ત્રીની નાજુકતામાં વધારો કરે છે. મૂર્તિમાં વળાંક અને ઝુકાવ લય દર્શાવે છે. વસ્ત્રોની સળ અને અંગસ્થિતિ (અંગ છટા) લયમાં ઉમેરો કરે છે.*

## પાઠગત પ્રશ્નો ૨.૩

એ - સ્વર સુંદરી ની આકૃતિ શું વગાડતી બતાવી છે ?

બી - કોર્ણાકનું સૂર્યમંદિર કોણે બંધાવ્યું હતું ?

સી - કોર્ણાકનું સૂર્યમંદિર કયાં આવેલું છે ?

ડી - આ શિલ્પકૃતિ શાની બનેલી છે ?

ઈ - કોર્ણાક કયા રાજવંશનું છે ?

## તમે શું શીખ્યા ?

ગુપ્તયુગના સુવર્ણ યુગ પછી પણ વિવિધ રાજવંશોએ કળા અને સ્થાપત્યનો વિકાસ ચાલુ રાખ્યો. ગુપ્ત યુગ પછી કલા પ્રવૃતિના કેન્દ્રો પૂર્વ ભારત અને દક્ષિણ ભારતમાં વિકાસ પામ્યાં. સાતમી સદીમાં પલ્લવ વંશ શક્તિશાળી બન્યો. તેની રાજધાની મામલ્લમપુરમ અથવા મહાબલીપુરમ હતી.

આ યુગમાં મહાબલીપુરમ અને કાંચીપુરમ મુખ્ય વિકસીત કેન્દ્ર બની રહયા. માટે જ પલ્લવ યુગની કળા કારીગરોનો વધુ હિસ્સો આ કેન્દ્રોમાં જોવા મળે છે. મહાબલીપુરમમાં પલ્લવ રાજવંશોનું કલા પ્રવૃતિમાં મહત્વનું યોગદાન જોવા મળે છે. તેમાં પંચરથ અર્જુનનું પ્રાયશ્ચિત (ચિંતન) મંડપ શિલ્પકૃતિઓ તેમજ પત્થર ઉપર કોતરણીથી ઉપસાવેલી (રીલીફ શિલ્પ) કલાકૃતિઓનો સમન્વય છે. પલ્લવ યુગ બાદ દક્ષિણ ભારતમાં ચાલુકય, ચૌલ અને હોયસળ રાજવંશોએ રાજય કર્યુ. પલ્લવ, ચાલુકય અને ચૌલ યુગની શિલ્પકલા કૃતિઓમાં નમ્ર સૌમ્યતા જોવા મળે છે. જે આગળના સમયમાં ન હતી. ચૌલ કલાકારોએ કાંસ્ય પ્રતિમાઓ બનાવવામાં નિપૂણતા મેળવી. હોયસળ યુગ પત્થરની બારીક મૂર્તિઓના યુગ તરીકે યાદગાર છે તેમાં નાજુક કોમળ/મુદ્રાઓ, લય અને ગતિનું સંયોજન છે. આ યુગમાં નિર્મિત હોયસલેશ્વર મંદિર હાલેબીડમાં અને કેશવ મંદિર સોમનાથપુરનાં મંદિર સ્થાપત્યના ઉત્તમ ઉદાહરણ છે. પાલ અને સેન રાજવંશ બાદ પ્રતિષ્ઠીત ગંગ રાજવંશનો પૂર્વ ભારતમાં ઉદય થયો. જે મંદિર સ્થાપત્ય માટે પ્રસિધ્ધ છે. પૂર્વ ભારત ઓરીસ્સામાં ભવ્ય અને વિશાળ કોર્ણાકના સૂર્ય મંદિરોના સ્થાપત્ય નિર્માણ માટે ગંગ રાજવંશ પ્રસિધ્ધ છે. મંદિર

રચના અશ્વધારા રથને ખેંચતા બતાવી છે. આ મંદિર તેના શિલ્પ અને સ્થાપત્ય કારીગરી માટે વિશ્વ પ્રસિધ્ધ છે. જો કે સ્મારકને ઘણું નુકશાન થયેલું છે પરંતુ જે કંઈ મોજુદ છે તેથી એ યુગની ભવ્ય કલા અને કલાકારોની નિપૂણતાને સમજવા પૂરતું છે.

## સ્વાધ્યાયના પ્રશ્નો

૧ અર્જુનનો પશ્ચાતાપ (ચિંતન) શિલ્પ વિશે ટૂંક નોંધ લખો. તે કયાં આવેલી છે તે જણાવો.
૨ કોર્ણાકનું સૂર્ય મંદિર કયાં આવેલું છે ? તેના વિશે ટૂંકમાં લખો.
૩ કોર્ણાકના શિલ્પની ખાસીયતો શું છે ?
૪ હોયસળ યુગનું શિલ્પ ગોવર્ધન ગિરીધારીની ઉદાહરણ રૂપ ખાસીયત શું છે? તેનું વર્ણન કરો.
૫ હોયસળયુગની શિલ્પકલાની વિશિષ્ટતાનું વર્ણન કરો.
૬ કોર્ણાક સૂર્ય મંદિર પર ટૂંક નોંધ લખો.

## પાઠય પ્રશ્નોના ઉત્તર

**૨.૧**

એ - મહાબલીપુરમ-મામલ્લપુરમ (ચેન્નાઈ)
બી - પલ્લવ રાજવંશ
સી - ગંગાવતરણ
ડી - આશરે ૯૧ x ૧૫૨ ફૂટ

**૨.૨**

એ - બેલુર
બી - દ્વારાસમુદ્ર
સી - ૧૧મી સદીમાં
ડી - દક્ષિણ ભારતમાં
ઈ - બેલુર

નોંધ

૨.૩

એ - ઢોલક

બી - નરસિંહદેવ પ્રથમ

સી - ઓરીસ્સા

ડી - પત્થર

ઈ - ગંગ રાજવંશ

નોંધ

૩

# કળાનો ઈતિહાસ ૧૩મી સદીથી ૧૮મી સદી

૧૨મી સદીમાં ભારતનાં શકિતશાળી રાજવંશોનું પતન થતાં કળાના આશ્રયદાતાઓનો અભાવ થયો. રાજસ્થાન, બંગાળ અને ઓરીસ્સાના કેટલાક મંદિરોના નિર્માણ બાદ કરતાં કોઈ કળા પ્રેરક રાજવંશ ન રહયા. મુસ્લીમ રાજવીઓએ કિલ્લા અને મકબરાઓ સિવાય અન્ય સ્થાપત્ય કલાને પ્રોત્સાહિત ન કરી. આમ છતાં આ સમયમાં ચિત્રાંકન સાથેના હસ્તલેખિત ચિત્રોથી ભારતીય કલા સમૃધ્ધ થઈ. આ ચિત્રપોથીઓ હિન્દુ જૈન તથા બુધ્ધ સંપ્રદાયની હતી અને તેનાં મુખ્ય કેન્દ્રો બંગાળ ગુજરાત અને બિહાર હતા. બંગાળ અને બિહારમાં પાલ રાજવંશના સમયમાં થયેલી ચિત્રપોથીઓની વિશિષ્ટ શૈલી છે જે પાલ શૈલી તરીકે ઓળખાય છે. જૈન સંપ્રદાયની ચિત્રપોથીઓ જે ગુજરાતમાં થઈ તેમાં ચિત્ર સાથે લખાણનું સંયોજન છે અને તે તાડપત્રો ઉપર તૈયાર થઈ છે. તેમાં લખાણ મરોડની સુંદરતા સાથે ચિત્રો માટે યોગ્ય જગ્યા (સ્થાન) અપાયું છે.

આ યુગમાં કેટલાક વિસ્તારોમાં મંદિર સ્થાપત્યનો વિકાસ થયો. જેમાં માઉન્ટ આબુ-રાજસ્થાનમાં દેલવાડાના આરસના પત્થરોમાં નિર્માણ પામ્યા અને બંગાળ અને ઓરીસ્સામા માટીને પકવીને બનાવેલા મંદિરો ખૂબ સુંદર છે. ૧૬મી સદીથી ૧૯મી સદીના સમયમાં રાજપૂત શૈલી અને મોગલ શૈલીની ચિત્રકલા ખૂબ ફળી ફુલીને સમૃધ્ધ થઈ. રાજપૂત ચિત્રકલામાં લોકકળા અને અજંતાની ચિત્રકલાનો સુમેળ જોવા મળે છે જ્યારે મોગલ ચિત્રોમાં પર્શીયન અને રાજપૂત ચિત્રકળાનું સંયોજન દેખાય છે. ૧૮મી સદીથી ભારતીય કળાના પતનની શરૂઆત થઈ.

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસ પછી વિદ્યાર્થી જણાવી શકશે.**

- ૧૨મી સદીથી ૧૮મી સદી સુધીની ભારતીય કળાનું વર્ણન કરી શકશે.
- ભારતીય કળાની પડતીના કારણો દર્શાવી શકે.
- પોથી ચિત્રો વિષયક વર્ણન કરી શકે.
- રાજપૂત ચિત્રશૈલીનું વર્ણન કરી શકે.
- પકવેલ માટીથી (ટેરાકોટા) બનેલા શિલ્પ અને મંદિરો વિષેની જાણકારી મેળવે.

નોંધ



શૃંગાર

## ૩.૧ શૃંગાર

| | | |
|---|---|---|
| શીર્ષક | : | શૃંગાર |
| શૈલી | : | ગુલેર પરંપરા (ઘરાના/સ્કુલ) |
| સમય/યુગ | : | ૧૮મી સદી |
| કલાકાર | : | અજ્ઞાત |
| માધ્યમ | : | ટેમ્પરા |

### સામાન્ય વિવરણ

*કાંગરા ઘાટી પાસે ગુલેર નામનું નાનકડું રાજય હતું. આ રાજય પહાડી શૈલીના ચિત્રો માટે ખૂબ જ પ્રસિધ્ધ હતું. આ શૈલી ઈ.સ. ૧૪૫૦ થી ૧૭૮૦ના સમયના રાજવીઓના આશ્રયથી ખૂબ જ વિકસીને સમૃધ્ધ થઈ. ગુલેર લઘુ ચિત્ર શૈલીનો વિવિધ તબકકે ભારતીય લોકકળા અને મુગલ લઘુચિત્રની અસર સાથે વિકાસ થયો. ગુલેર ચિત્ર શૈલી ૧૮મી સદીમાં પરિપકવ (નિપૂણ) થઈ. વિદ્વાનોના મતે પહાડી શૈલીની ચિત્રકળા જેનું મૂળ ગુલેર ચિત્રકળા કહેવાયું તેની બીજી ઘણી પહાડી ચિત્ર શૈલીઓ જેવી કે કાંગરા પર અસર વર્તાયે છે. ગુલેર ચિત્રકળાની લાક્ષણિકતા રાધાકૃષ્ણની પૌરાણિક પ્રેમ કથા છે. જે આજે પણ દિવ્ય પ્રેમના જીવંત પ્રતિકરૂપે માનવામાં આવે છે. ગુલેર ચિત્રકળામાં વિષયવસ્તુ તરીકે રામાયણ તથા મહાભારતની વાર્તાઓનું ચિત્રાંકન છે. જેમાં રાજવીઓના ચિત્રો અને રાજસભાના દશ્યોથી સજાવટ છે. શૃંગારનું ચિત્ર વિશિષ્ટ રાજપૂત ચિત્ર શૈલીનું ઉદાહરણ છે.*

*દુલ્હનને તેના લગ્ન માટે શણગારવામાં આવી રહી છે. સ્ત્રીપાત્રોની આકૃતિઓ સ્થાપત્યના સુરૂપ અને સંતુલન સાથે દર્શાવી છે. આગળના ભાગમાં કુમારિકા ચંદનનો લેપ બનાવે છે. બીજી સ્ત્રી દુલ્હનના પગમાં પાયલ પહેરાવે છે. ઉભી બે સ્ત્રી આકૃતિઓમાં એક અરીસો (દર્પણ) લઈને ઉભી છે અને બીજી ફુલોની માળા બનાવે છે. એક સ્ત્રી બીજી સહાયીકાની મદદથી દુલ્હનના વાળ સજાવે છે. જ્યારે એક વૃધ્ધ સ્ત્રી આ સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરતી બતાવી છે.*

*દુલ્હનનું શરમાવું તથા તેના દેહલાલિત્યનું આબેહૂબ ચિત્રણ ચિત્રકારની નોંધપાત્ર નિપૂણતા અને કાબેલીયત દર્શાવે છે. ભાવસભર ચહેરા, આકર્ષક મનોહર અંગ સ્થિતિ અને રંગોનો સુમેળ એ ગુલેર શૈલીની લાક્ષણિકતા છે.*

### પાઠગત પ્રશ્નો ૩.૧

*૧ પહાડી ચિત્રશૈલીનું મૂળ સ્થાન દર્શાવો.*

*૨ ગુલેર ચિત્રકળામાં બહુ પસંદ થયેલ વાર્તાઓ કઈ છે ?*

*૩ શૃંગાર ચિત્રોમાં આગળના ભાગે બે સ્ત્રીઓ શું કરતી બતાવી છે ?*

*૪ ગુલેર શૈલીની કોઈ એક વિશિષ્ટતા બતાવો.*



જૈન લઘુચિત્ર

## ૩.૨ જૈન લઘુચિત્ર

શીર્ષક : કલ્પસૂત્ર
કલાકાર : અજ્ઞાત
શૈલી : ૧૫મી સદી
માધ્યમ : તાડપત્રો પર ટેમ્પરા

### સામાન્ય વિવરણ

સમગ્ર ભારતમાં જૈન લઘુચિત્રોની સાતમી સદીમાં શરૂઆત થઈ અને ૧૦મી સદીથી ૧૫ મી સદી સુધીમાં જૈન લઘુ ચિત્રકળાનો ખૂબ જ વિકાસ થયો જેમાં કાલકાચાર્ય કથા તથા કલ્પસૂત્રમાં જૈન તીર્થંકર પાર્શ્વનાથ, નેમિનાથ, ઋષભનાથ તથા અન્યની ચિત્રોમાં સજાવટ કરવામાં આવી છે.

મોટાભાગના જૈન લઘુ ચિત્રો ૧૦મી સદીમાં બન્યાં. તેના મુખ્ય કેન્દ્ર પંજાબ, બંગાળ, ઓરીસ્સા, ગુજરાત અને રાજસ્થાન છે.

જૈન ચિત્રોની પાંડુલિપિ મોટા ભાગે તાડપત્ર ઉપર લખાઈ છે માટે ચિત્રો પણ તેની ઉપર જ કરવામાં આવ્યા છે. ચિત્રોમાં વપરાયેલ રંગો સ્થાનિક રંગદ્રવ્યોમાંથી (વનસ્પતિ રંગો)માંથી બનાવાયા છે. લાલ અને પીળા રંગનો ઉપયોગ સોનેરી તથા રૂપેરી રંગો સાથે પ્રાધ્યાન્યરૂપે વપરાયા છે. માનવ આકૃતિઓ ચિત્રોમાં કંઈક ખાસ વિશિષ્ટ સ્વરૂપે જોવા મળે છે. માનવ આકૃતિના ચહેરા એક તરફથી આલેખીને બન્ને આંખો દોરી સામેથી ચહેરો દેખાતો હોય તેવું દૃશ્ય ઉભું થાય છે. તેથી એક આંખ ચહેરાની બહાર દેખાય છે. માનવ શરીર રચના પણ સામેથી દર્શાવી છે. સ્ત્રી આકૃતિઓને રસપ્રદ રીતે ઘણા દાગીના અને જવેરાતથી સજાવેલ છે. ચિત્ર સજાવટમાં રેખાને વિશેષ મહત્વ અપાયું છે. જૈન ધર્મના પુસ્તક કલ્પસૂત્રનું અહી ચિત્ર રજૂ કર્યુ છે. કેટલાક ચોરસ અને લંબચોરસમાં વિભાજન કરીને ચિત્ર સંયોજન થયું છે. પુરૂષો, સ્ત્રીઓ તથા પશુઓના ચિત્રાનો પાછળના ભાગમાં ઉપયોગ થયો છે. ચિત્રમાં આકૃતિઓના આકારમાં પીળા રંગથી વિભાજીત કર્યુ છે. વિભાજીત કરેલ પ્રત્યેક ખંડમાં કલ્પસૂત્રની અલગ અલગ વાર્તાનું નિર્દેશન છે. સોનેરી તથા વાદળી રંગ કિંમતી ખનીજ પદાર્થમાંથી બનાવેલ છે. આ શૈલીમાં લોકકળાના તત્વો જેવા કે સપાટ આકાર, એક સરખા હાવભાવ પર્સપેકટીવનો અભાવ છે તેમ છતાં કપડાની ભાત(ડીઝાઈન) માં કળાકારનું રસપ્રદ નિરીક્ષણ, વહેતી રેખાઓ અને અલંકારીત ટપકાં ચિત્રમાં શોભાવૃધ્ધિ કરે છે.

## પાઠગત પ્રશ્નો ૩.૨

૧ જૈન લઘુ ચિત્રોનો કયારે વિકાસ થયો ?

૨ જૈન લઘુ ચિત્રોમાં શાના ચિત્રો છે ?

૩ જૈન લઘુ ચિત્રોમાં સૌથી વધુ કયા રંગ વપરાયા છે ?

૪ માનવ આકૃતિઓની વિશિષ્ટ લાક્ષણિકતા શું છે ?



રાસલીલા

## ૩.૩ રાસલીલા

| | | |
|---|---|---|
| શીર્ષક | : | વિષ્ણુપુર ટેરાકોટા (માટી કળા) |
| કલાકાર | : | અજ્ઞાત |
| મળવાનું સ્થળ | : | પંચમુરા મંદિર, વિષ્ણુપુર, પશ્ચિમ બંગાળ |
| સમય | : | ૧૭મી સદીની આસપાસ |
| માધ્યમ | : | ટેરાકોટા (પકવેલ માટી)ની તકતીઓ |

### સામાન્ય વિવરણ

*વિષ્ણુપુર એ પશ્ચિમ બંગાળનું નાનું શહેર છે. એક સમયે તે બાંકુરા જીલ્લાની રાજધાની હતી. અહીં ઘણા બધાં નાના નાના મંદિરો છે. જેને પકવેલી માટીના શિલ્પથી (ટેરાકોટા) શણગારેલા છે. ૧૮મી સદી અને ૧૯મી સદીની વિવિધ સંસ્કૃતિ અને ધર્મના પ્રવાહ આ માટીકલા દ્વારા પ્રતિબિંબિત થાય છે. મોટા ભાગના મંદિરો શિવ કે વિષ્ણુ ભગવાનને સમર્પિત છે. આ પકવેલી માટીની તકતીઓ (ટેરાકોટા ટાઈલ્સ) પરંપરાઓના ફાંટાઓ (દિશાઓ) ના વિષયવસ્તુ પર આધારીત છે. રામાયણ અને મહાભારતના પાત્રોની સાથે સાથે શિવ, દુર્ગા તથા રાધા-કૃષ્ણની આકૃતિઓ જોવા મળે છે.*

*કળાકારે સમકાલિન સામાજીક જીવનની ઝાંખી કરાવવામાં ખૂબ રસ દાખવ્યો છે. માનવ, પશુ અને પંખીઓના જીવન આધારીત વિવિધ વિષયોનું નિરૂપણ છે. મંદિરનું સ્થાપત્ય બંગાળની ઝૂંપડીઓ જેવું એક કે બે માળની ડીઝાઈન પર આધારીત છે. મંદિરની દિવાલો ઉપર પકવેલી માટી (ટેરાકોટા)ની નાની તકતીઓ માટીના ગારાથી ચોંટાડીને સુશોભન કર્યુ છે. માટીની ઈંટોની જેમ આ તકતીઓ/મૂર્તિઓ બીબામાં ઢાળીને આગમાં પકવીને બનાવાય છે.*

*રાસલીલા એ રાધા-કૃષ્ણના દિવ્ય પ્રેમનો ઉત્સવ તેમના સખા/મિત્ર ગોપ ગોપીઓના સાંનિધ્યમાં ત્રણ ગોળાકાર રચીને સંયોજન કરાયું છે. મધ્ય ભાગના ગોળાકારમાં ગોપી સાથે રાધાકૃષ્ણ ની રચના છે. બાકીના બે ગોળાકારમાં એકબીજાના હાથ પકડેલી આકૃતિઓ દર્શાવી છે. ચોરસના ચાર ખૂણાઓ માનવ આકૃતિ, પશુ અને પક્ષીઓની આકૃતિઓથી સજાવેલ છે.*

## પાઠગત પ્રશ્નો ૩.૩

૧ *વિષ્ણુપુર ક્યાં આવેલું છે ?*

૨ *વિષ્ણુપુરના મંદિર કેવી રીતે સજાવેલ છે?*

૩ *પકવેલ માટી (ટેરાકોટા)ની આકૃતિઓ શું દર્શાવે છે ?*

૪ *આ શૈલીના વિકાસનો સમય જણાવો.*

## તમે શું શીખ્યા

કળા પ્રવૃતિના આશ્રયદાતાની ઉણપથી કળાના વિકાસને અસર થાય છે પરંતુ તેનાથી કલાકારની સર્જનાત્મક શકિત ઘટતી નથી. ૧૩મી સદીથી ૧૮મી સદીનો સમય એ પુરવાર કરે છે. કલા શૈલીઓમાં ઘણા બધા બદલાવ આવ્યા. જૈન, બૌધ્ધ અને હિન્દુ ધર્મ આધારીત લીપી ચિત્રો નાના માપ/કદમાં થયાં. રાજપૂત અને મુગલ ચિત્રો પણ નાના આકારોમાં થયાં. નાનું કદ હોવા છતાં તેનું સૌંદર્ય સ્વરૂપ અને હુન્નરકળાનો પ્રકાર ખૂબજ ઉચ્ચ કક્ષાનો છે.

લઘુ ચિત્રો ઉપરાંત પકવેલી માટીથી ઉપસાવેલ શિલ્પકામ (રીલીફ વર્ક) ભારતનાં પૂર્વ ભાગમાં ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં ખૂબ લોકપ્રિય થયા. ઘણા બધા મંદિરો આવી શિલ્પકૃતિઓની તકતીઓથી સુશોભિત છે.

## સ્વાધ્યાયના પ્રશ્નો

૧ ૧૨મી સદી પછીની ભારતીય કલાના વિકાસનું વર્ણન કરો.
૨ ટેરાકોટા શું છે ? એ મંદિરનું વર્ણન કરો જ્યાં ટેરાકોટાની તકતીઓ લગાવી છે.
૩ લઘુચિત્રોની કોઈ એક પસંદગીની શૈલી પર ટૂંક નોંધ લખો.
૪ જૈન લઘુચિત્રોની મુખ્ય લાક્ષણિકતા શું છે?

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

૩.૧

૧ ગુલેર
૨ રાધા-કૃષ્ણ, રામાયણ
૩ એક સ્ત્રી પાયલ પહેરાવે છે અને બીજી ચંદનનો લેપ બનાવે છે.
૪ ભાવસભર ચહેરા, આકર્ષક અંગસ્થિતિ

૩.૨

૧ ૭મી સદીથી શરૂઆત અને ૧૦મી સદીથી ૧૫મી સદીમાં વિકાસ થયો.
૨ પાર્શ્વનાથ, નેમિનાથ અને ઋષભનાથ જેવા તિર્થંકરોના ચિત્રો
૩ લાલ, પીળો, સોનેરી અને રૂપેરી રંગ
૪ ચહેરા એક બાજુથી દોરાય છે. આંખો સામેથી બતાવી છે. એક આંખ ચહેરાની આકૃતિની બહાર દેખાય છે.

૩.૩

૧ પશ્ચિમ બંગાળ
૨ ટેરાકોટા (પકવેલ માટી)ની તકતીઓથી
૩ શિવ, દુર્ગા, રાધાકૃષ્ણની આકૃતિઓ અને રામાયણ-મહાભારતની વાર્તાઓ.
૪ ૧૭મી અને ૧૮મી સદી

# ૪

# ભારતીય લોકકળા

ભારતીય લોકકળામાં આર્યોના પહેલાંની સંસ્કૃતિની અસર સ્પષ્ટ રીતે વર્તાય છે. વિવિધ ધર્મ, સંપ્રદાય અને માન્યતાઓનો સહસબંધ સુમેળ ભારતીય પારંપરિક જીવનમાં જોવા મળે છે. લોકકળાકારના જીવનમાં તંત્ર શકિત, વૈષ્ણવ અને બૌધ્ધ સંપ્રદાય મહત્વપૂર્ણ છે. ગ્રામ્ય સમાજની કળા અને હસ્તકલાની ચીજ વસ્તુઓ સ્થાનિક કળાકારો તથા હસ્ત કળાકારો/શિલ્પકારો દ્વારા પુરી પાડવામાં આવતી હતી. જેમાં મુખ્યત્વે ત્રણ પ્રકાર છે. ૧ ધાર્મિક કર્મકાંડ લક્ષી ૨ ઉપયોગિતા આધારીત ૩ વ્યકિતગત.

ધાર્મિક કે કર્મકાંડલક્ષી લોકકળા પટ્ટચિત્ર, પિછવાઈ, અલ્પના અને કોલમમાં વિવિધ પ્રકારે જોવા મળે છે. લાકડા ઉપર સુશોભિત કોતરકામ, ભરતકામ, ટોપલા-છાબડી તથા માટીના વાસણો વગેરે લાક્ષણિક ઉપયોગીતાવાદી લોકકળા છે. આવા કાર્ય કોઈ જાતની તાલીમ વિના ગ્રામ્ય કળાકારો દ્વારા કરવામાં આવતા મોટા ભાગની કળા વંશ પરંપરાગત છે જેમ કે ઉદાહરણ રૂપે માટીથી પકવીને બનાવેલ રમકડાંના રૂપ કે આકારમાં ભાગ્યેજ કોઈ પરિવર્તન આવ્યું છે. ૫૦૦૦ વર્ષ પૂર્વે હડપ્પન સંસ્કૃતિમાં પણ આવી રીતે રમકડાં બનતાં હતાં. જો કે કેટલાક લોક કળાકારોએ સમયાંતરે વૈયકિતક રૂપે નવા સ્વરૂપ આકાર આપવાનો પ્રયોગ કરી મૌલિક રૂપ આપ્યું છે. કળાકારોએ જુની પુરાણી શૈલીમાં થોડા ફેરફાર કરી નવી શૈલી વિકસાવી છે. મધુબની ચિત્રકળા, કંથા ભાત અને કાલીઘાટના પટ્ટચિત્રોમાં નવીન પ્રયોગથી રચાયેલ આકારો જોવા મળે છે.

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસથી વિદ્યાર્થી જણાવી શકશે**

- ભારતીય લોકકળાની પૃષ્ઠ ભૂમિકા તથા ક્ષેત્રનું વર્ણન કરી શકશે.
- ભારતના જુદા જુદા ક્ષેત્રની લોકકળા ઓળખી શકશે
- આવી લોકકળાનું માધ્યમ, પધ્ધતિ અને શૈલી સમજશે.
- લોકકળાની વિવિધ ભાત અને આકાર વિષે જણાવી શકે.
- વિવિધ ધાર્મિક/સાંપ્રદાયિક લોકકલાના નામ દર્શાવી શકે.



કોલમ

નોંધ

## ૪.૧ કોલમ

શીર્ષક : કલસથી ભોંય પર કરેલ ચિત્રકામ
શૈલી : કોલમ
કલાકાર : અજ્ઞાત ઘરેલુ મહિલા
માધ્યમ : ચોખાનો લોટ અને રંગદ્રવ્ય
સમય : ૧૯૯૨
સ્થળ : તામીલનાડુના તાન્જાવુરની પાસેની વસ્તી

### સામાન્ય વિવરણ

*ફરસ (ભોંય પર)નું સુશોભન વિશ્વની બધી સંસ્કૃતિઓમાં વિવિધ કલા સ્વરૂપે પ્રચલિત છે. ભારતના વિવિધ ભાગોમાં અલગ અલગ માધ્યમથી ફરસ ઉપર સુશોભન કરવામાં આવે છે. જેમ કે અલ્પના રંગોળી કોલમ સાંઝી વગેરે. દક્ષિણ ભારતમાં કોલમ ધાર્મિક, સાંપ્રદાયિક અને સાંસ્કૃતિક ઉત્સવોમાં અગ્રીમ સ્થાને છે. પોંગલ તથા અન્ય તહેવારોમાં ઘરના આંગણમાં તથા દેવ પૂજાના સ્થાન પાસે સુશોભન કરાય છે. આંગણ સુશોભનની અન્ય કળાઓ જેમ કોલમ ભાગ્ય સમૃધ્ધિનું પ્રતીક મનાય છે. તેની ભાત અને આકારો પારંપરિક છે. અને તે ફુલપાન અને ભૌમિતિક આકારોથી સજાવાય છે. ભોંય ભીની અથવા પાણી છાંટીને ભીનાશવાળી કરાય છે. ખરબચડી સપાટી ઉપર ચોખાનો લોટ અંગુઠો અને આંગળીઓની વચ્ચે રાખીને પડવા દેવાય છે અને તે રીતે થતી ધારથી રેખાઓ અને આકારનું નિરૂપણ થાય છે. હાથ ફરતો રાખીને રોકાયા વિના ચોખાનો લોટ પડતો રહે તે જરૂરી છે. આ રીતે રેખાઓની પ્રવાહિતા કલાકારોને અનુભવથી જ મળે છે. યુવા છોકરીઓ પોતાની માતા અથવા દાદીમા પાસેથી આ કળા શીખે છે.*

*પ્રતીકો અને આકારોના મહત્વ ઉપરાંત જીવનનું રસપ્રદ મહત્વ પણ દર્શાવે છે. ચોખાનો લોટ તૈયાર પણ મળે છે. લોટ માત્ર કીડીઓના ખોરાક માટે નહી બલ્કે એક જીવે બીજા જીવની કાળજી રાખવી જોઈએ તેવી શીખામણ છે.*

*કોલમ ગૃહિણી દ્વારા ચિતરાય છે. તેમાં હાથથી મુકત રીતે કરેલ ચિત્રકામની કુશળતા જોવા મળે છે. વિવિધ પ્રતીક રૂપે કુંજો, દીપ, નાળીયેરના ઝાડ વગેરે હોય છે. આ બધા ભારતીય ગ્રામ્ય જીવનના આવશ્યક અંગ છે. મૂળ સ્વરૂપે ભૂમિતિ આકારોની ભાત લાલ, કેસરી, વાદળી, પીળો, ગુલાબી જેવા ભભકદાર રંગોથી દોરાય છે.*

## પાઠગત પ્રશ્નો ૪.૧

*૧ ભારતમાં ભોંયતળીએ થતી સુશોભન કળા વિષે જણાવો.*
*૨ કોલમ ચિત્રકળામાં કેવી ભાત અને આકારો વપરાય છે?*
*૩ કોલમ ચિત્રકામની પધ્ધતિ (રીત) દર્શાવો.*
*૪ કોલમ ચિત્રકામમાં કઇ ચીજ વસ્તુઓની નોંધ કરવામાં આવી છે?*



ફુલકારી

## ૪.૨ ફુલકારી

શીર્ષક : ચાદર

કલાકાર : અજ્ઞાત

શૈલી : ફુલકારી

માધ્યમ : કાપડ પર રંગીન દોરાથી ભરતકામ

સમય : સમકાલીન

### સામાન્ય વિવરણ

*ફુલકારીનો વાસ્તવિક અર્થ ફુલોનું કામ છે. પંજાબની ગ્રામીણ મહિલાઓ દ્વારા કરવામાં આવતી ભરતકામની પધ્ધતિને (રીત) ફુલકારી કહેવામાં આવે છે. આ ભરતકામ નાના તેમજ મોટા કાપડના ટુકડાઓ પર કરવામાં આવે છે. તેનો ઉપયોગ ઘૂંઘટ માટે, પહેરવેશના વસ્ત્રો માટે, ચાદરો, તકીયા, ઢાંકવાના વસ્ત્ર વગેરે માટે થાય છે. ભરતકામ ઘટ્ટ રેશમના ટુકડા ઉપર કરી મોટા સુતરાઉ (કોટન) કાપડ ઉપર પાછળથી રફુની જેમ કરવામાં આવે છે. આ ટાંકા ગણતરીપૂર્વકના હોય છે.*

*ફુલકારીમાં ચોરસ, ત્રિકોણ જેવા ભૂમિતિ આકારોથી ભાત ઉપસાવીને સમગ્ર કાપડ ઉપર સંયોજન કરવામાં આવે છે. આમાં મુખ્યત્વે લાલ, પીળો, કેસરી જેવા ભડક (વોર્મ) રંગનો ઉપયોગ થાય છે. સાદી ભાત (ડીઝાઈન) ઝીણવટભરી રીતે મોટી આકૃતિમાં દર્શાવાય છે. ચોરસ, ટપકાં, ત્રિકોણ, સીધી રેખાઓ, વક્રરેખાઓ વગેરેથી અતૂટ વિવિધતાસભર આકારો રચાય છે. રંગોમાં સોનેરી રંગ પંજાબના પાકા ઘંઉના રંગ સ્વરૂપે પ્રાધાન્યપણે વપરાય છે.*

*મહિલા પહેલાં સોયથી અલગ અલગ ભાગની રેખા અંકિત કરે છે ત્યાર બાદ તેની પાસેના અલગ ભાગને વિરૂધ્ધ રંગથી ભરે છે. ઉભા આકારના તેમજ આડા આકારના દોરાના ભરતથી ખૂબજ સુંદર અને આકર્ષક નમૂના બને છે.*

*ફુલકારીની ભાતની રચના પારંપરિક ભૌમિતિક આકારોમાં હોય છે. તારાના (સ્ટાર) આકાર સોનેરી પીળા અને રૂપેરી રંગના સફેદ દોરાઓથી લાલ કાપડ ઉપર ભરવામાં આવે છે. મુખ્યત્વે પાયામાં એક મોટા તારાની આજુબાજુ ચારે તરફ નાના તારાઓથી ભરત કરીને હીરા જેવા આકારની ભાત રચાય છે. રેશમી દોરાની ચમકતા લાલ રંગના કાપડ પર સુંદર મનમોહક ભાત ઉપસે છે.*

## પાઠગત પ્રશ્નો

*૧ ફુલકારીનો અર્થ શું છે ?*

*૨ ફુલકારીમાં કઈ સામગ્રી વપરાય છે ?*

*૩ આ કામમાં કયા મુખ્ય રંગો હોય છે ?*

*૪ ફુલકારીનું ભરત કેવી રીતે થાય છે ?*



કંથા ભરત

નોંધ

## ૪.૩ કંથા ભરત

| | | |
|---|---|---|
| શીર્ષક | : | બંગાળનું કંથા |
| કલાકાર | : | અજ્ઞાત |
| શૈલી | : | કંથા ભરત |
| માધ્યમ | : | રેશમી કાપડ પર રંગીન દોરાથી ભરત |
| સમય | : | સમકાલીન |

### સામાન્ય વિવરણ

*બંગાળનું મનમોહક ભરતકામ તથા રજાઈની લોકકળા પરંપરાગત કંથા ભરત તરીકે જાણીતી છે. જુની સાડીઓ અને ધોતીઓ પર કંથા ભરત થાય છે. તેને જાડી બનાવવા માટે એક સાથે સીવવામાં આવે છે. સામાન્યતઃ કંથા દરેક સમાજની મહિલાઓ ખાસ કરીને વૃધ્ધ મહિલાઓ દ્વારા બનાવાય છે. તેઓ પોતાની નવરાશના સમયે આ ભરતકામ કરે છે. જુની પુરાણી સાડીઓની કીનાર પર કંથા ભરત ચારે બાજુએથી સીવીને વચ્ચેના ભાગની જગ્યા પર જુદા જુદા આકારોની ભાત (ડીઝાઈન) મૂકવામાં આવે છે.રજાઈઓ, લગ્ન માટેની ચટ્ટાઈ, થેલા, અરીસા તેમજ દાગીનાઓ વગેરે મૂકવા માટેના કપડા પર ભરતકામ થાય છે.*

*કંથા ભરતકામ ના આકાર-આકૃતિઓની ભાત ગ્રામ્યજીવનના પ્રાકૃતિક દશ્યો, ધાર્મિક રીત રીવાજ-પ્રવૃતિઓ, રોજબરોજ વપરાતી ચીજવસ્તુઓ, ગ્રામીણ ઉત્સવો, સર્કસ કે અન્ય મનોરંજન પ્રવૃતિઓ, રમતગમત કે ઐતિહાસિક વ્યક્તિ જેવી કે વિક્ટોરીયાની રાણી, લેનિન વગેરેના ચિત્રો દોરવામાં આવે છે. કંથા ભરતના ચિત્રો એક બાબત સ્પષ્ટ કરે છે કે આ ભરત કામ કરતી સ્ત્રીઓ અભણ હોવા છતાં તેમની આસપાસ રોજબરોજની ઘટનાઓના નિરીક્ષણની શક્તિ અદ્ભૂત હોય છે.*

*પ્રસ્તુત કંથા ભરત એક સાડી છે જે એક વિશિષ્ટ પરંપરાગત શૈલી તથા પધ્ધતિથી સીવેલી છે. તેમાં પશુ તથા માનવ આકૃતિના આકારોની શૈલી અલગ જોવાય છે. પૃષ્ઠ ભૂમિમાં સાડીના ગુલાબી રંગ પર સફેદ,લીલો,જાંબુડી,કથ્થાઈ, પીળો, રાખોડી અને કાળા રંગો વાપરીને શ્રેણીબધ્ધ ટાંકાઓથી ભરત સીલાઈ કરવામાં આવી છે.*

*રાજા જેવો દેખાતો ઘોડેસવાર હાથમાં છત્રી લઈને દર્શાવેલ છે. પક્ષી તથા જંતુઓના આકાર આકૃતિની ખાસ શૈલી જોવાય છે તેમાં કાલીઘાટના પટ્ટચિત્રોની અસર જોવા મળે છે.*

## પાઠગત પ્રશ્નો ૪.૩

*૧ કંથા ભરતની ભાત (ડીઝાઈન) અને પ્રેરણા શ્રોત શું છે ?*

*૨ કંથા ભરત જે ઉપયોગીવસ્તુઓ પર થાય છે તેની યાદી બનાવો.*

*૩ કંથા સાડીનું બે લાઈનમાં વર્ણન કરો.*

*૪ કંથાને કઈ લોકકળાથી પ્રેરણા મળી છે ?*

નોંધ

## સ્વાધ્યાયના પ્રશ્નો

૧ લોક કળા શું છે ? ગ્રામ્ય સમાજને તે કેવી રીતે મદદરૂપ થાય છે ?
૨ ફરસ શણગારવાની લોકકળાની કોઈ પણ એક રીત અને તૈયાર કરવાની પધ્ધતિ જણાવો.
૩ કંથા ભરત વિષયક ટૂંક નોંધ લખો.
૪ ફુલકારી શૈલી વિષયક ટૂંક નોંધ લખો.

## તમે શું શીખ્યા ?

લોક કળાકારો તેમની વપરાશની ચીજવસ્તુઓ તથા રહેઠાણની આસપાસ જેમ કે આંગણ, દિવાલ, ચોક વગેરેનું સુંદર રીતે સુશોભન કરે છે. ભારતમાં લોકકળાના ઘણા પ્રકાર છે, જેમ કે ચિત્રકળા, શિલ્પકળા, રમકડાં, વસ્ત્રો, આભૂષણો, વાસણો, રાચરસીલું વગેરે. દેશના પ્રત્યેક ગામમાં લોકકલાની આગવી શૈલી છે. જેમાંની કેટલીક જાણીતી અને પ્રચલિત છે. ઉદાહરણ રૂપે કલમકારી, કોલમ, મધુબની, કાલીઘાટ, ફુલકારી, કંથા અને ઘણી બધી કોલમ ફરસ સુશોભન માટે જ્યારે ફુલકારી અને કંથા કાપડ ઉપર ભરત કામ માટે અને મધુબની, કાલીઘાટ, કલમકારી ચિત્રકામ માટે પ્રખ્યાત છે. કલાકારો વંશ પરંપરાગત એક જ પ્રકારના આકાર-આકૃતિ અને ભાત વાપરે છે. ફુલકારી કલાકારો ભૂમિતિ આકારોની ભાત વાપરે છે. કોલમ ચિત્રકલા કુદરતની વિવિધ વસ્તુઓ જ્યારે બંગાળી સ્ત્રીઓ પશુઓ અને માનવ આકૃતિઓના આકારોનો કંથા ભરતમાં ઉપયોગ કરે છે.

## પાઠગત પ્રશ્નો

૪.૧

૧ અલ્પના રંગોળી, કોલમ
૨ ભૌમિતિક ફરસ આકારો
૩ ફરસને ભીની કરી ચોખાનો લોટ તથા રંગો વાપરીને આકાર-આકૃતિઓ રચાય છે.
૪ ઘડા, દીપ તથા નારીયેળના વૃક્ષ

૪.૨

૧ ફુલોનું કામ
૨ કપડું અને ચમકતું રેશમ
૩ સોનેરી
૪ આડા અને ઉભા ટાંકાઓનું સંયોજન

૪.૩

૧ ગ્રામ્ય પ્રાકૃતિક દશ્યો, ધાર્મિક પ્રવૃતિઓ/હેતુઓ, રોજબરોજની આસપાસની વસ્તુઓ, તહેવારો, ઉત્સવ, સર્કસ અને ઐતિહાસિક વ્યક્તિ
૨ રજાઈ, લગ્નની ચટ્ટાઈ, થેલા, અરીસો અને દાગીનાને ઢાંકવાના કપડાં વગેરે
૩ શ્રેણીબધ્ધ ટાંકાથી સફેદ, લીલો, જાંબુડી, લાલ, કથ્થાઈ, પીળો, રાખોડી અને કાળો રંગ વાપરીને ઘોડેસવાર, રાજા, પક્ષીઓ વગેરે આકૃતિઓનું નિરૂપણ કરવામાં આવે છે.
૪ કાલીઘાટ પટ્ટચિત્રો

૫

## પુનરુત્થાન(નવજાગરણ)

*રેનેસન્સ શબ્દનો અર્થ પુનઃજન્મ (પુનઃજીવન) આમ તે કળાના આગમનને દર્શાવવા માટે વપરાયો છે. સ્થાપત્ય અને સાહિત્ય ૧૪મી સદીથી ૧૭મી સદી. પુનરુત્થાનની ગ્રીક અને રોમનની પ્રાચીન પુરાણી સંસ્કૃતિથી શરૂઆત થઈ. આ યુગને નવીન પ્રયોગો, નવા પ્રકારની વિવેચન શક્તિ, નવા નિયમો તથા નવીન સંશોધનનો યુગ માનવામાં આવે છે. માટે જ આ યુગને પુનરુત્થાન યુગ કહે છે. પ્રારંભિક પુનરુત્થાન થી અતિ પુનરુત્થાન અને છેવટે રીતિવાદ (મેનેરીઝમ) અને બરોક કળા પ્રણાલિકા ગણાય છે.*

*૧૪મી સદીના પુનરુત્થાન યુગના મુખ્ય કલાકારો ડુસીઓ* (DUCCIO) *તથા માસાચીયો* (MASACCIO) *જેવા કળાકારોની ગોથીક કળા હતી તેમાં શરીર રચના (એનેટોમી) ઓછી હતી છતાં તેમના ચિત્રોમાં સપ્રમાણતાની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને નિરીક્ષણ ક્ષમતા જણાય છે. ૧૫મી સદીના પુનરુત્થાન કાળમાં કળા અને પ્રકૃતિના સંતુલન અને સમન્વયને વધુ મહત્વ અપાયું. પ્રકાશ અને છાયા, સંક્ષિપ્તીકરણ અને યથાદર્શન (પર્સપેક્ટીવ)માં સંપૂર્ણતા જોવા મળી. આ સમયમાં પ્રસિધ્ધ કળાકારોમાં લીયોનાર્ડો-દા-વીન્ચી, રફાયેલ, માઈકલ એન્જેલો, માનેરીસ્ટ જેવા કળાકારોએઉચ્ચ પુનરુત્થાન પ્રયોગોની દીર્ઘરૂપતાને અસંગત ઠરાવ્યું. અહી માનવ આત્મા, તેની શારીરીક અંગોની સંરચના પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.*

## ઉદ્દેશો

*આ પાઠના અભ્યાસથી વિદ્યાર્થી જણાવી શકશે.*

- *પુનરુત્થાન સમયનો પરીવર્તનનું વર્ણન કરી શકશે.*
- *આ યુગના વિકાસનું વર્ણન કરી શકશે.*
- *કળાકારો અને તેમની કાર્ય પધ્ધતિનું વર્ણન કરી શકશે.*
- *દર્શાવેલ કળાના કાર્ય ઓળખી શકશે.*



વિનસનો જન્મ

## ૫.૧ વિનસનો જન્મ

| | | |
|---|---|---|
| શીર્ષક | : | વિનસનો જન્મ |
| કલાકાર | : | સેંન્ડ્રો બોત્તીચેલી |
| માધ્યમ | : | ૧૪૮૫-૧૪૮૬ |
| શૈલી | : | પુનરુત્થાન (રેનેસાં) |
| સંગ્રહ | : | ગેલેરી ડેગલી યુફીઝી ફલોરેન્સ |

### સામાન્ય વિવરણ

*સેન્ડ્રો બોત્તીચેલીએ વિનસનો જન્મ ચિત્ર ૧૪૮૬માં બનાવ્યું. ૨જી સદીમાં ગ્રીકના પ્રાચીન મહાન ચિત્રકારોના સર્વશ્રેષ્ઠ ચિત્રોમાંથી પ્રેરણા લઇ બનેલ આ ચિત્ર પુનરુત્થાનનું ઉત્તમ ઉદાહરણ છે. સૌષ્ઠવપ્રિય દેવી વિનસ પાણીમાં કવચમાંથી ઉદ્ભવતી દર્શાવી છે. નિઃવસ્ત્ર દેવી સાંસારિક પ્રેમને બદલે આધ્યાત્મિક પ્રેમ દર્શાવે છે. સૌંદર્ય અને સત્યના પ્રતીકરૂપે તે પૂર્ણવયસ્ક સ્ત્રી સ્વરૂપે આવે છે. તેની સાથે ઋતુઓની દેવી ફુલોના ભરતથી ગુંથેલ વસ્ત્ર તેનું અંગ ઢાંકવા માટે પ્રદાન કરતી દર્શાવી છે. બીજી તરફ પવન દેવ દેવદૂત જેમ હવામાં ઉડતા દર્શાવ્યા છે. વિનસ દેવી વચ્ચેના ભાગે વિનયશીલ મુદ્રામાં ઉભી દર્શાવેલ છે જે પ્રાચીન ગોથીક શિલ્પકલાની યાદ અપાવે છે. વિનસની શારીરીક અંગ રચના પૂર્ણ વાસ્તવદર્શી (રીયલીઝમ) રૂપે નથી કારણકે તેની ડોક લંબાવેલી તેમ જ ડાબી તરફનો ખભો અસામાન્ય ખૂણે ઢળેલો છે. તેના શરીરના અંગો પાતળા અને લાંબા છે. હળવો કૃત્રિમ પ્રકાશ ચિત્રમાં કોમળ તથા મધુર શાંતિપ્રદ સૌંદર્ય ઉમેરે છે.*


## પાઠગત પ્રશ્નો ૫.૧

*એ - બોત્તીચેલીના વિનસનો જન્મ ચિત્રમાં શું બતાવ્યું છે ?*

*બી - આ ચિત્રમાં વિનસ કયા પ્રતીક રૂપે દર્શાવેલ છે ?*

*સી - વિનસ ચિત્રની શારીરીક સંરચના કેવી છે ?*

*ડી - આ ચિત્રમાં પ્રકાશ કેવો છે ?*



મોનાલીસા

## ૫.૨ મોનાલીસા

શીર્ષક : મોનાલીસા
કલાકાર : લિઓનાર્ડો દા. વિન્ચી
માધ્યમ : લાકડું (પોપલર વુડ) પર તૈલ રંગ
સમય : ૧૬મી શતાબ્દી
શૈલી : પુનરુત્થાન (નવજાગરણ)
સંગ્રહ : લુવ્રે સંગ્રહાલય, પેરીસ


### સામાન્ય વિવરણ

*લિયોનાર્ડો દા. વિન્ચી (૧૪૫૨-૧૫૧૯) એક ઈટાલીયન ચિત્રકાર હતા. તેમની વૈજ્ઞાનિક અને કળાકાર તરીકે ગણના થતી હતી. તેમની ધી લાસ્ટ સપર, ધી વર્જીન ઓફ રોક્સ અને મોનાલીસા જેવી કલાકૃતિઓ વિશ્વવ્યાપી ખ્યાતિ ધરાવે છે. મોનાલીસાનું ચિત્ર ૧૬મી શતાબ્દીમાં પોપલર વુડ (એક પ્રકારનું સીધા થડનું ઝાડ) અને તૈલ રંગોથી બનેલ છે એક સ્ત્રીપાત્ર રહસ્યમય સ્મિત સાથે જાણે દર્શકોને આવકારતી હોય તેવો આભાસ છે. લિયોનાર્ડોએ પીરામીડ ડીઝાઈન વાપરી જેમાં તેના જોડાયેલા હાથ આધાર (પાયો) બનાવે છે. તેમાં છાયા પ્રકાશની નાટયાત્મક વિષમતા છે. ઉજજવળ પ્રકાશિત ચહેરો તેના વાળ, વસ્ત્રોની છાંયામાં મઢાયેલો છે. મોનાલીસાના ચિત્રમાં ભ્રમર કે પલક ઉપર કયાંય વાળ દેખાતા નથી. આમ છતાં તેના ચહેરા પરનું સ્મિત તેની આંખો અને મુખાકૃતિ જોતાં ખૂબ જ આકર્ષક લાગે છે. ચિત્રની પાશ્યાદભૂમિ (પાછળનો ભાગ) માં વિશાળ પ્રકૃતિ દશ્ય છે. મોનાલીસાના ચિત્ર નિરૂપણમાં લિયોનાર્ડો દા. વિન્ચીની મનુષ્ય અને પ્રકૃતિને જોડવાની સૂક્ષ્મ દષ્ટિ ઉભરે છે.*

### પાઠગત પ્રશ્નો ૫.૨

*એ - વિન્ચીનું વિવિધ ક્ષેત્રમાં યોગદાન વિષે લખો.*
*બી - મોનાલીસાની આટલી બધી પ્રસંશા શા માટે છે ?*
*સી - આ ચિત્રની પાશ્યાદભૂમિ (પાછળના ભાગ)માં શું છે ?*
*ડી - મોનાલીસા ચિત્રનું માધ્યમ શું છે ?*

નોંધ



પીએતા

## પ.૩ પીએતા

શીર્ષક : પીએતા
કલાકાર : માઈકલ એન્જેલો
માધ્યમ : આરસ (સંગેમરમર) પત્થરનું શિલ્પ
સમય : ૧૪૯૮ થી ૧૪૯૯
શૈલી : પુનરુત્થાન
સંગ્રહ : સેંટ પીટર, રોમ

### સામાન્ય વિવરણ

*માઈકલ એન્જેલોએ ૧૪૯૮ થી ૧૪૯૯ માં આ શિલ્પકૃતિ પીએતા બનાવી છે. તે આરસ (સંગેમરમર)ની એકજ શિલામાંથી બની છે. આ પ્રસિધ્ધ કલાકૃતિમાં કુમારીકા મેરી ના હાથમાં નિર્જીવ ઈસુનો દેહ દર્શાવ્યો છે. માતા બેઠેલી અને ખોળામાં મૃત ઈસુ છે. તેમાં પુનરુત્થાન સમયના સંતુલિત સૌંદર્યના આદર્શ અને કળાકારની પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિનું કળા કૌશલ્યનું મુલ્યાંકન છે. શિલ્પ કૃતિનું નિર્માણ પીરામીડ આકારમાં થયું છે. મેડોનાને અહીં પોતાની પવિત્રતા દર્શાવવા માટે પુત્ર ઈસુ કરતાં વધુ યુવાન બતાવી છે. માઈકલ એન્જેલોનું આ એક પૂર્ણ રૂપે (કંડારેલ) ઉચ્ચતમ શિલ્પ છે. શિલ્પકૃતિના વસ્ત્ર સજાવટમાં અજોડ પ્રવાહિતા સાથે કૌશલ્યપૂર્ણ શારીરીક સંરચના (એનેટોમી) છે. માઈકલ એન્જેલો દ્વારા બનાવેલ ડેવિડ મોસેસનું શિલ્પ તથા રોમના સીસ્ટીન ચર્ચની છત ઉપર કરેલા ફ્રેસ્કો પેઈન્ટીંગ (ભીંત ચિત્રોની એક પધ્ધતિ) મશહુર છે.*

## પાઠગત પ્રશ્નો પ.૩

*એ - પીએતા ની વિષય વસ્તુ શું છે ?*

*બી - પીએતા શિલ્પમાં કેટલી આકૃતિઓ છે ? પાત્રોના નામ લખો.*

*સી - પીએતા ના મૂળ ઢાંચા વિષે લખો.*



રાત્રીનો પહેરો

## ૫.૪ રાત્રીનો પહેરો

શીર્ષક : રાત્રીનો પહેરો (ધી નાઈટ વોચ)
કળાકાર : રેમ્બ્રા
માધ્યમ : કેનવાસ પર તૈલ રંગ
સમય : ૧૬૪૨
શૈલી : પુનરુત્થાન (બરાક)
સંગ્રહ : રીકસ સંગ્રહાલય, આમસ્ટરડમ

### સામાન્ય વિવરણ

*રેમ્બ્રા એક ડચ ચિત્રકાર હતા. તેઓ વાત્સવવાદી (રીયલાસ્ટીક) હતા. તેમના મોટા ભાગના ચિત્રોમાં પ્રકાશ અને છાયાની ગહન સજાવટ જોવા મળે છે. આથી તેમના ચિત્રોમાં ચિત્રના આત્માને ઉપસાવવાનું ધ્યાન કેન્દ્રિત છે. રેમ્બ્રાએ રાત્રીનો પહેરો ચિત્ર ૧૬૪૦ થી ૧૬૪૨ દરમિયાન બનાવ્યું. ઘણા લાંબા સમયથી આ ચિત્ર ઉપર ઘેરા વાર્નીસનું પડ હતું જે ખોટી છાપ ઉપસાવતું કે ચિત્રમાં રાત્રીનું કોઈ દશ્ય છે પરંતુ તેના પરથી વાર્નીસનું પડ ૧૯૪૦માં હટાવ્યું તો શોધાયું કે તે દિવસના અજવાળા જેવું પ્રકાશિત હતું.*

*આ ચિત્રમાં યુવા કપ્તાન તેના લેફ્ટનન્ટને પોતાની કંપનીના બિન લશ્કરી માણસોને ચાલ્યા જવાનો આદેશ કરે છે. ચિત્રમાં પ્રકાશ અને છાયાનો અસકકારક ઉપયોગ થયો છે. કપ્તાને કાળા કપડા પર લાલ પટ્ટો બાંધ્યો છે. લેફ્ટનન્ટ અને નાની બાળાનો પીળો પહેરવેશ વિજયના પ્રતીક રૂપે બતાવેલ છે. છોકરીના પટ્ટા સાથે એક સફેદ મરેલું માંસ લટકે છે જે દુશ્મનને હરાવ્યાનું દર્શાવે છે. ચિત્રની પાશ્યાદભૂમિમાં બેન્ડવાળો ઉભો છે. કૂચ કરવામાં ગતિ અને ઉર્જા ભરે છે. આ પેઈન્ટીંગમાં લશ્કરના પારંપરિક વ્યક્તિ ચિત્રો કરવાની કલાકારની નિપૂણતા દર્શાવે છે.*

## પાઠગત પ્રશ્નો ૫.૪

*એ - રેમ્બ્રાના ચિત્રોની લાક્ષણિકતાઓનું વર્ણન કરો.*
*બી - રેમ્બ્રાનું ચિત્ર રાત્રીનો પહેરો વિષય પર નોંધ લખો.*
*સી - આ ચિત્ર શું દર્શાવે છે ?*
*ડી - ચિત્ર પરથી વાર્નીસ ક્યારે હટાવાયું ?*

## તમે શું શીખ્યા

*પુનરુત્થાન (રેનેસાં) એટલે પુનઃજન્મ. આ શબ્દ પ્રાચીન સંસ્કૃતિનો નવો અવતાર દર્શાવે છે. તેનો ફેલાવો પ્રાથમિક પુનરુત્થાન, ઉચ્ચ પુનરુત્થાનથી બરાક પુનરુત્થાન સુધીનો છે. રેનેસાંમાં આકૃતિઓના અંગ અભ્યાસ (એનોટોમી) અને યથાદર્શન (પર્સપેક્ટીવ) ના યોગ્ય નિરૂપણને ખૂબ મહત્વ અપાયું*

છે, સંક્ષિપ્તીકરણ અને પીરામીડ આકારોની રચના તેમજ નાટયાત્મક પ્રકાશ આ સમયમાં ખાસ જોવા મળે છે. આ સમયના વિખ્યાત કલાકારોમાં માસાચિયો, બોત્તીચેલી, લિયોનાર્ડો દા. વિન્ચી, રફેલ, માઇકલ એન્જેલો, રેમ્બ્રા અને રુબેન્સ જેવા કળાકારોની ગણના થાય છે.

## સ્વાધ્યાયના પ્રશ્નો

૧ પુનરુત્થાન (રેનેસાં) શબ્દનો અર્થ શું છે ? આ સમયની મુખ્ય વિશેષતાનું વર્ણન કરો.
૨ વિનસનો જન્મ ચિત્રમાં વિનસનો કેવી રીતે દર્શાવેલ છે ?
૩ મોનાલીસા ચિત્રનું વિવરણ કરો.
૪ પીએતા શિલ્પકૃતિ પર ટૂંક નોંધ લખો.
૫ રાત્રીનો પહેરો ચિત્રનું વિવરણ કરો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

૧
એ - વિનસનો પાણીમાં કવચમાંથી ઉદ્‌ભવ થતો બતાવેલ છે.
બી - ચિત્રમાં વિનસને સત્ય અને સૌંદર્યના પ્રતીકરૂપે બતાવેલ છે.
સી - તેની શરીર રચના વાત્સવવાદ (રીયાલીઝમ) રૂપે નથી પરંતુ થોડી લંબાવેલ છે.
ડી - પ્રકાશ કૃત્રિમ અને હળવો છે.

૨
એ - ચિત્રકાર અને વૈજ્ઞાનિક
બી - સુંદર રહસ્યમય સ્મિત અને દર્શકને આવકારતી હોય તેવો ભાવ
સી - પહાડી સાથે પ્રકૃતિ દશ્ય, ઘાટી અને નદી
ડી - પોલાર ના લાકડા પર તેલરંગ

૩
એ - કુમારીકા મેરીના હાથમાં નિર્જીવ ઈસુનો દેહ
બી - બે, મેરી અને ઈસુ (જીસસ)
સી - પીરામીડ આકાર

૪
એ - છાયા અને પ્રકાશનું સુંદર ગહન આયોજન
બી - રાત્રીનું નહીં પરંતુ દિવસનું દશ્ય
સી - ૧૯૪૦

નોંધ

# ૬

## પ્રભાવવાદ

*કળાના ક્ષેત્રમાં પ્રભાવવાદની હલચલ માનવ ની રોજબરોજની જીવનની સાદગીથી પ્રેરિત છે. ૧૮૭૪માં આવું પ્રથમ સામુહિક પ્રદર્શન યોજાયું હતું તેના એક કલા વિવેચકે પ્રભાવવાદ નામ આપ્યું હતું. પ્રભાવવાદી કલાકારોએ વસ્તુઓ ઉપરના પ્રકાશની અસરને એક નવીન શૈલી રૂપે વિકસાવી. ચિત્રો કરવા માટે તેઓ પોતાના સ્ટુડીઓ છોડી ખુલ્લા વાતાવરણમાં આવી જે જોયું અને અનુભવ્યું તેનું ચિત્રમાં નિરૂપણ કરવાના આશયથી ઝડપથી ચિત્રો કરવા લાગ્યા. કળાકારોએ કુદરતના પ્રકૃતિ દૃશ્ય કે જેમાં પ્રકાશ અને રંગો બદલતા રહેતા હોય તેને તુર્તજ સ્વયંસ્ફુરણાથી મુકતપણે ચિત્રમાં સમાવવાનો પ્રયત્ન કર્યો. પ્રભાવવાદી કળાકારોએ પ્રાચીન કળા પરંપરા અને અધતન કળા પ્રવાહની વચ્ચે એક મોટા વિચ્છેદ સર્જાયો. મોટા ભાગની ચળવળોની જેમ પ્રભાવવાદ રુઢીગત અને શાસ્ત્રીય માપદંડની વિરૂધ્ધ એક વિદ્રોહ સમાન હતો. જે પ્રત્યેક યુગમાં જન સમુદાયના સહયોગથી થાય છે. આ સમયના કળાકારોને નદીઓ, પુલ, બંદરો, નગર દૃશ્યો અને માનવ રૂપોનું આકર્ષણ હતું. આવી ચળવળના પાયાના કળાકારોમાં કલાઉડ મોનેટ, એડયુરડો મોનેટ, ઓગસ્ટે રેનીયોર અને એડગર ડેગાઝ હતા.*

*પ્રભાવવાદ પછીના સમયમાં પ્રભાવવાદનું વિસ્તરણ અને તેની કેટલીક મર્યાદાઓને તિલાંજલી અપાઈ. જો કે આ સમયના કળાકારો એ આકારોને વિભાજીત કરતા વિવિધ રંગના પીંછીના લસરકા ચાલુ રાખ્યા. વિષય વસ્તુની પસંદગી વાસ્તવિક જીવન પર હતી છતાં તેઓ ભૂમિતિ આકારો અને વિકૃત આકારો વડે પોતાની ઉર્મિઓ અને આંતરિક ભાવને દર્શાવવા મહત્વ આપતા હતા. જ્યોર્જ સૂરા અને તેના અનુયાયીઓએ બિન્દુ ચિત્રણ (સમગ્ર ચિત્ર રંગોના ટપકાં/બિન્દુથી કરવાની રીત) પોઈન્ટાલીઝમ પર ધ્યાન કન્દ્રિત કર્યુ. પોલ સેઝાંએ ચિત્રમાં ઘનતા અને આકારોની રચના પ્રદર્શિત કરી જ્યારે ગોગા અને વિન્સેટ વાન ગોઘે રંગોનો ઝળકાટ અને પીંછીના લસરકાથી પોતાની લાગણીઓ અને માનસિકતાની અભિવ્યકિત કરી છે.*

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસ પછી વિદ્યાર્થી જણાવી શકશે.**

- *કલાની વિવિધ ચળવળો/આંદોલનને ઓળખી શકશે.*
- *પ્રભાવવાદી કલાકારોના વિવિધ શૈલીના પ્રયોગ/અભિગમના ફેરફાર તારવી શકશે.*
- *દર્શાવેલ ચિત્રકારોની શૈલી જણાવી શકશે.*
- *પ્રભાવવાદના ઉદ્ગમનું વર્ણન કરી શકશે.*
- *આ હલચલના પાયાના ચિત્રકારો જણાવી શકશે.*



વોટર લીલીઝ

## ૬.૧ વોટર લીલીઝ

શીર્ષક : વોટર લીલીઝ
કળાકાર : કલાઉડ મોનેટ
માધ્યમ : તૈલ રંગ
સમય : ૧૮૯૯
શૈલી : પ્રભાવવાદ
સંગ્રહ : રાષ્ટ્રીય કલા ભવન (નેશનલ ગેલેરી) લંડન

### સામાન્ય વિવરણ

*સમગ્ર પ્રભાવવાદી ચિત્રકારોમાં કલાઉડ મોનેટ એક માત્ર કલાકાર છે જેઓ પ્રકૃતિના બદલતા વાતાવરણના રંગરૂપને ચિત્રકૃતિમાં પ્રગટ કરવાને સમર્પિત હતા. તેનો જન્મ ૧૪ નવેમ્બર ૧૮૪૦માં પેરિસમાં થયો હતો. કુદરતના અવનવા રૂપ અને અસરોનું સંશોધન કરી પોતાની ચિત્રકૃતિઓમાં સમાવવા માટે જીવનભર થાકયા વગર પ્રવાસો કર્યા. ફૂલોના દશ્ય ચિત્રો, નદીમાં હોડીઓ, દરિયાઈ દશ્યો અને પહાડીના પ્રાકૃતિક દશ્યોના ચિત્રણ માટે વિશાળ જનસમુદાય તેમને આદરભાવથી યાદ કરે છે. તેમણે પાણીના બાગના અદ્ભૂત ચિત્રો બનાવ્યાં જેથી તેમને લોકોમાં વિશાળ ખ્યાતિ મળી. વોટર લીલીઝ (પાણીમાં ફૂલો) ની ચિત્ર શૃંખલા ૧૮૯૯ થી ૧૯૦૦માં તળાવની પાળે જાપાનનો બ્રિજના ચિત્ર બાદ તેમની કલાકૃતિઓમાં જાપાનનો પુલ મુખ્ય વિષય બની રહયો. લગભગ આ બધા જ ચિત્રોમાં આકાશ દર્શાવ્યા વિના માત્ર તેના ચમકતા પ્રતિબિંબ તેજસ્વી રંગોથી મુકત રીતે અસાધારણ ઉંડાણ દર્શાવી કમાલ કરી છે. તાજાં ખીલેલા નાના મોટા લીલીના ફુલો ચિત્રની સુંદરતા વધારે છે.*

## પાઠગત પ્રશ્નો ૬.૧

*૧ વોટર લીલીઝ ચિત્ર કોણે બનાવ્યું ?*
*૨ મોનેટની ચિત્ર પધ્ધતિની શૈલી કેવી છે ?*
*૩ મોનેટને ચિત્રોમાં શું સમાવવું હતું ?*
*૪ તેમના ચિત્રોમાં આકાશનું શું મહત્વ છે ?*

નોંધ





મૌલીન ડે. લા ગૈલેટ

નોંધ

## ૬.૨ મૌલીન ડે. લા ગૈલેટ

શીર્ષક : મૌલીન ડે. લા ગૈલેટ
કળાકાર : ઓગસ્ટે રેનીયોર
માધ્યમ : કેનવાસ પર તૈલ રંગ
સમય : ૧૮૭૬
શૈલી : પ્રભાવવાદ
સંગ્રહ : મસીડે, એલ. ઈમ્પ્રેસનિસ્મે, પેરિસ

### સામાન્ય વિવરણ

*ઓગસ્ટે રેનીયોર (૧૮૪૧-૧૯૧૯) એક ફ્રેંચ કળાકાર હતા. તેમણે મૌલીન ડે. લા. ગૈલેટ ચિત્ર ૧૮૭૬ માં બનાવ્યું. ચિત્રમાં યુવા લોક પીકનીક નૃત્ય અને પાર્ટીનો આનંદ લેતા દર્શાવ્યા છે. રેનીયોર કોમળતા ભાવાત્મકતા અને મનમોહક ચિત્રોના રચૈયતા હતા. ચિત્રોની રચનામાં પર્શીયન સમાજની હલચલ ગતિવિધિ વાતાવરણ અને સમાજનું પ્રતિબિંબ અંગેનું તેમનું સૂક્ષ્મ નિરીક્ષણ જણાય છે. તેઓ જાંબુડીયો, સફેદ અને વાદળી રંગોના સંયોજનથી માનવ આકૃતિઓ તથા તેમના નવીન સજાવટી વસ્ત્રોનું ચિત્રણ કરતા. તેમના ચિત્રોમાં રંગોની તાજગી પ્રસન્નતા અને જીવનનો ઝગમગાટ ઉભરે છે. તેમના ચિત્રોમાં કોમળતા સંવાદિતા અને સંપૂર્ણપણે સંતુલિત આંનદદાયક સંયોજન જોવા મળે છે. રેનીર્યાર સામૂહિક સંયોજન, વ્યક્તિ ચિત્રો, સ્ત્રી પાત્રોના ચિત્રો કરવાનું વધુ પસંદ કરતા ચિત્રકૃતિઓમાં જીવનનો આનંદની અભિવ્યક્તિમાં તેઓ નિષ્ણાંત હતા.*

## પાઠગત પ્રશ્નો ૬.૨

૧ *મૌલીન ડે.લા. ગૈલેટના ચિત્રકારનું નામ શું છે ?*
૨ *મૌલીન ડે.લા. ગૈલેટ ચિત્રની શૈલી દર્શાવો.*
૩ *પોતાના ચિત્રના વિષય-વસ્તુમાં તેમની પ્રાથમિકતા શું હતી ?*
૪ *આનંદ જનક ચિત્ર સંયોજન ઉપરાંત તેમના ચિત્રમાં શું જોવાય છે ?*

નોંધ



નૃત્ય વર્ગ (ડાન્સ કલાસ)

## ૬.૩ નૃત્ય વર્ગ (ડાન્સ કલાસ)

શીર્ષક : નૃત્ય વર્ગ (ડાન્સ કલાસ)
કલાકાર : એડગર ડેગા
માધ્યમ : કેનવાસ પર તૈલ રંગ
સમય : ૧૮૭૩-૧૮૭૬
શૈલી : પ્રભાવવાદ
સંગ્રહ : કલા સંગ્રહાલય, ટોલેડો, ઓહીયો, યુ.એસ.એ.

### સામાન્ય વિવરણ

*૧૮૩૪ની સાલમાં નેપલ્સ, પેરીસમાં જન્મેલ ચિત્રકાર એડગર ડેગાએ નૃત્ય વર્ગ (ડાન્સ કલાસ) ચિત્ર બનાવ્યું છે. અન્ય ચિત્રકારોની જેમ એડગર ડેગાને પ્રકૃતિમાંથી ચિત્રો કરવાનું પસંદ ન હતું. એમને મુખ્યત્વે માનવ ઉપસ્થિતીમાં રસ હતો. નૃત્ય નાટીકાની નૃત્યાંગનાઓ (બેલે ડાન્સર્સ) ઝાલરવાળા ઘાઘરા જેવા (સ્કર્ટ) માં નૃત્યના રીયાજ કરતી સ્ત્રીઓ, નૃત્ય માટે તૈયાર થતી અથવા ફરતા સ્ટેજ ઉપર ફરતી દેખાતી સ્ત્રીઓના ચિત્રો તેમની નોંધપાત્ર સિધ્ધિઓ છે. કેન્દ્ર બિંદુ બાજુએ રાખીને કરેલ ચિત્ર સંયોજનમાં સામેની વ્યકિતના સંકેત અથવા ભાવ સાહજીકતાથી પકડવાની છાપ ઉપસે છે. તેમના મોટાભાગના ચિત્રોમાં સૂર્ય પ્રકાશને બદલે કૃત્રિમ પ્રકાશની રમત જોવા મળે છે. તેમની મુખ્ય પસંદગી આઈલ પેસ્ટલના રંગોની હતી. કયારેક તેઓ એક જ ચિત્રમાં જુદા જુદા માધ્યમનો ઉપયોગ પણ કરતા અથવા રંગના એક પટ ઉપર બીજા રંગનું આવરણ ચઢાવી પારદર્શિતા લાવવાનો પ્રયાસ કરતા. ચિત્ર ઉપરાંત ડેગાએ નૃત્યાંગનાઓની લયબધ્ધ છટા દર્શાવવા શિલ્પકળાનો ઉપયોગ કર્યો.*

### પાઠગત પ્રશ્નો ૬.૩

૧ *ડેગા બીજા પ્રભાવવાદી કલાકારો કરતાં કેમ જુદા હતા ?*
૨ *રંગોનું કયું માધ્યમ તેમને પસંદ હતું ?*
૩ *ડેગોએ શિલ્પ શા માટે બનાવ્યા ?*
૪ *નૃત્ય વર્ગ (ડાન્સ કલાસ) ચિત્ર કયારે બનાવ્યું ?*



સ્ટીલ લાઈફ વીથ ઓનીયન્સ





## ૬.૪ ડુંગળીઓ સાથેનું પદાર્થ ચિત્ર (સ્ટીલ લાઈફ વીથ ઓનીયન્સ)

શીર્ષક : ડુંગળીઓ સાથેનું પદાર્થ ચિત્ર (સ્ટીલ લાઈફ વીથ ઓનીયન્સ)
કલાકાર : પોલ સેંઝા
માધ્યમ : કેનવાસ પર તૈલ રંગ
સમય : ૧૮૯૫-૧૯૦૦
શૈલી : અનુપ્રભાવવાદ (પોસ્ટ ઈમ્પ્રેસનીઝમ)
સંગ્રહ : મુસે ડી. ઓર્સ, પેરિસ

### સામાન્ય વિવરણ

*પોલ સેઝાં (૧૮૩૯-૧૯૦૬) અનુ પ્રભાવવાદ (પોસ્ટ ઈમ્પ્રેસનીઝમ) સમયનો ચિત્રકાર હતો જેણે કલાની અભિવ્યકિતના નવાં પરિમાણ વિકસાવ્યા. તેમના ચિત્રો પ્રાકૃતિક આકારોને સરળ અને સાદા રૂપે દર્શાવે છે. તેમના મતે પ્રકૃતિની દરેક વસ્તુને ભૂમિતિના આકારો જેવા કે ત્રિકોણ, નળાકાર કે ઘનાકારમાં પરિવર્તિત કરી શકાય છે. તેઓ વાત્સવિક કે પ્રચલિત આકારોને સંરચનાત્મક રૂપમાં બદલવા ઈચ્છતા હતા. માટે જ તેઓ અમૂર્ત ચિત્રકલા (એબસ્ટ્રેક્ટ પેઈન્ટીંગ)ની શરૂઆત કરનાર કહેવાતા હતા જેનો પછીથી ઘનવાદ (ક્યુબીઝમ) રૂપે ઉદ્ભવ થયો. તેઓ ઘનવાદના પિતામહ (જનક) તરીકે જાણીતા છે. તેમના ચિત્રો પદાર્થ ચિત્ર, પ્રકૃતિ ચિત્ર, વ્યકિત ચિત્ર કે પરિચિત લોક કોઈ પણ પસંદગીના ચિત્રમાં તેમનો ગહન અભ્યાસ જોવા મળે છે. તેમનું ડુંગળીઓ સાથેનું પદાર્થ ચિત્ર (સ્ટીલ લાઈફ વીથ ઓનીયન્સ)માં તેમણે આકારોની માવજત પ્રકાશ અને છાયાને સમજી વિચારી એક જ રંગના જુદા જુદા શેડ (છાયા) આપીને કરી છે. રંગોનો એક બીજા સાથે સંબંધ દર્શાવવા તેમણે સપાટ રંગના પીંછીના લસરકાને ઉપયોગ કર્યો છે. તેમના ચિત્ર સંયોજનમાં સંપૂર્ણ આડા અને ઉભા ત્રિપરિમાણ (થ્રી ડાઈમેન્શન) આકારોની સજાવટ છે. લાલ અને પીળા રંગથી પ્રકાશની કંપન દર્શાવી છે. જ્યારે પૂર્ણ માત્રામાં વાદળી રંગ અને સફેદ રંગના કાપડના ઉપયોગ દ્વારા અવકાશમાં હવાનો આભાસ કરાવ્યો છે. સેઝાં હંમેશા આધુનિક કળાના જન્મદાતા કહેવાશે કારણ કે તેમની ચિત્ર શૈલી, આકાર વગેરે ૧૯મી સદીના પ્રભાવવાદ અને ૨૦મી સદીના પ્રારંભનો આધુનિક કળાવાદ અથવા ઘનવાદ (ક્યુબીઝમ) વચ્ચે સેતુરૂપે કામ કરે છે.*

### પાઠગત પ્રશ્નો ૬.૪

*૧ ઘનવાદ (ક્યુબીઝમ)ના વિકાસમાં સેઝાંનું શું પ્રદાન છે ?*
*૨ સેઝાનું ચિત્ર ડુંગળીઓ સાથેનું પદાર્થ ચિત્ર (સ્ટીલ લાઈફ વીથ ઓનીયન્સ) ની બે ખાસીયત લાક્ષણિકતા દર્શાવો.*
*૩ તેમની ચિત્ર શૈલી કેવી હતી ?*
*૪ તેમને ઘનવાદના પિતામહ (જન્મદાતા) શા માટે કહેવાય છે ?*



સ્ટારી નાઈટ (તારાઓની રાત્રી)

## ૬.૫ સ્ટારી નાઈટ (તારાઓની રાત્રી)

શીર્ષક : સ્ટારી નાઈટ (તારાઓની રાત્રી)
કળાકાર : વિન્સેટ વાન ગોઘ
માધ્યમ : તૈલ રંગ
સમય : ૧૮૮૯
શૈલી : અનુ પ્રભાવવાદ (પોસ્ટ ઈમ્પ્રેશનીઝમ)
સંગ્રહ : નેશનલ ગેલેરી, લંડન

### સામાન્ય વિવરણ

*વિન્સેટ વાન ગોઘ (૧૮૫૩-૧૮૯૦) ડચ ચિત્રકાર હતા. તેનું જીવન મુશ્કેલીઓ, ગરીબાઈ અને નિરાશા જનક હોવા છતાં તે એક સમર્પિત કળાકાર હતા. વાન ગોઘના બધા જ ચિત્રોમાં આકારોના પ્રતિભાવ કરતાં રંગોને વધુ મહત્વ અપાયું છે. પ્રકાશ કે છાયાના બદલે પ્રકૃતિના કુદરતના દશ્યોને તેઓ રંગોથી ભરવા માગતા હતા. તેમના સ્ટારીનાઈટ (તારાઓની રાત્રી) ચિત્રમાં રાત્રીનું આકાશ તારાઓથી ભરેલું છે. તેમનું ચિત્ર રંગોની લયબધ્ધ સંવાદિતાથી સંતુલિત છે. ચિત્રનું સંયોજન વિવિધ તત્વો જેવાં કે વમળયુકત વાદળ પ્રકાશમય તારા અને ચમકતા ચંદ્રમા દર્શાવી કર્યુ છે. ચિત્રમાં નીચેની તરફ પહાડી નીચે એક નાનું શહેર ચર્ચ અને નાના મકાનો બતાવ્યાં છે. ચિત્રમાં ડાબી બાજુએ વિશાળ ઘેરા આકારમાં સુરુના વૃક્ષનો ઉપરનો ભાગ દર્શાવેલ છે. રાત્રીના આકાશમાં તારાઓ પોતાના પ્રકાશથી ઘેરાયેલા દેખાય છે. આકાશ ચિત્ર દર્શનની રજૂઆત દર્શકની આંખને ચિત્રમાં વમળો સાથે ફરતી રાખે છે. વાદળી અને સફેદ રંગના સ્પષ્ટ લસરકાઓથી જાણે આકાશગંગાના તારાઓ વમળમાં ફરતા હોય તેવું લાગે છે. આ ચિત્રના અભ્યાસથી કલાકારની આંતરિક મનોવ્યથા તેમજ નિંદ્રાહીન રાત્રીઓનો આભાસ થાય છે. વાન ગોઘમાં સરળતા અને સંવેદનશીલતાની તીવ્રતા દર્શાવવાની પોતાની દષ્ટિ હતી. વાન ગોઘને તેમની કલાકૃતિઓ જેવી કે સન ફલાવર, પોટેટો ઈટર, વ્હીટ ફીલ્ડ તથા સાઈપ્રેસીસ, પોતાનું વ્યકિત ચિત્ર અને ઓન બેડરૂમથી ખ્યાતિ મળી. તેમનું પોતાનું વ્યકિત ચિત્ર અને ઓન બેડરૂમ પણ ખ્યાતિ પ્રાપ્ત છે.*

## પાઠગત પ્રશ્નો ૬.૫

*૧ વાન ગોઘના ચિત્રોમાં કઈ બાબતો બહુ જ મહત્વની છે ?*
*૨ તેઓ કયા દેશના હતા ?*
*૩ તેમના પ્રસિધ્ધ ચિત્રો જણાવો.*
*૪ સ્ટારી નાઈટ ચિત્ર શું દર્શાવે છે ?*

## તમે શું શીખ્યા ?

*પ્રભાવવાદ કળાની એવી ગતિ વિધીના પ્રતીકરૂપે છે જે કળાકારની ભાવના, લાગણીઓ તથા કલ્પના શકિતની અભિવ્યકિત કરવામાં સક્ષમ છે. પ્રભાવવાદી કળાકારો પોતાના સ્ટુડીઓમાંથી બહાર આવીને ખુલ્લા વાતાવરણમાં પોતે જે જોયું, નિહાળ્યું અને અનુભવ્યુ તેની ઝડપથી અભિવ્યકિત કરવા લાગ્યા. આવી ગતિવિધીના મુખ્ય પ્રસિધ્ધ ચિત્રકારોમાં મોનેટ, માંને, રેનીયોર અને ડેગા હતા. જયારે અનુપ્રભાવવાદ તેની મર્યાદાઓ અને બંધનોથી મુકતી તરફ છે. તેણે આંતરીક લાગણીઓ, દષ્ટિની ગહનતા અને ધબકતાં રંગોને મહત્વ આપ્યું. આ ગતિવિધીના પ્રણેતા સૂરા, ગોગીન, સેઝાં અને વાન ગોઘ છે.*

## સ્વાધ્યાયના પ્રશ્નો

૧ પ્રભાવવાદી કળા ગતિવિધી શાના પ્રતીક રૂપે છે ?
૨ મૌલીન ડે. લા. ગૈલેટ ચિત્ર પર ટૂંક નોંધ લખો.
૩ વાન ગોઘ તેમના સ્ટારી નાઈટ ચિત્રમાં કરેલ અભિવ્યક્તિ વર્ણવો.
૪ વોટર લીલીઝ ચિત્રનું વર્ણન કરો.
૫ સ્ટારી નાઈટ ચિત્રનું થોડા શબ્દોમાં વર્ણન કરો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

૬.૧
૧ મોનેટ
૨ પ્રભાવવાદ
૩ પ્રકૃતિના બદલતા રૂપ-મીજાજ
૪ લગભગ અદ્દશ્ય છે.

૬.૨
૧ રેનીયોર
૨ પ્રભાવવાદ
૩ સમુહ સંયોજન, વ્યક્તિ ચિત્રો, મોડેલ્સ
૪ કોમળતા, સંવાદિતા અને સંતુલન

૬.૩
૧ તેમને માનવ આકૃતિઓમાં રસ હતો. બીજા પ્રભાવવાદી ચિત્રકારો જેમ પ્રકૃતિમાં નહી.
૨ ઓઈલ પેસ્ટલ
૩ લયબધ્ધ ગતિની અભિવ્યક્તિ માટે
૪ ૧૮૭૩-૧૮૭૬

૬.૪
૧ પ્રકૃતિના આકારોને ત્રિકોણ, નળાકાર કે ઘનાકારમાં પરિવર્તીત કરવું.
૨ રંગોના સપાટ લસરકા આડા અને ઉભા આકારોનું સંયોજન તથા ત્રિપરિમાણીય આકારોની સજાવટ
૩ અતિ પ્રભાવવાદ (પોસ્ટ ઈમ્પ્રેશનીઝમ)
૪ તેમની શૈલી ૧૯મી સદીના પ્રભાવવાદ અને ૨૦મી સદીના પ્રારંભિક ઘનવાદ વચ્ચે સેતુ સમાન છે.

૬.૫
૧ રંગ
૨ હોલેન્ડ
૩ સન ફ્લાવર, પોટેટો ઈટર, વીટ ફીલ્ડ, સાઈપ્રેસીસ
૪ તેમની આંતરીક મનોવ્યથા અને નિંદ્રાહીન રાત્રીઓ

નોંધ

# ૭

## ઘનવાદ, અતિવાસ્તવવાદ અને અમૂર્તકળા

ઘનવાદ (ક્યુબીઝમ) ચિત્રકળા અને શિલ્પકળાની એક શૈલી છે. જેની લગભગ ૧૯૦૭માં પેરીસથી શરૂઆત થઈ. ૨૦મી સદીના પ્રારંભમાં આ એક મહત્વપૂર્ણ કળા પ્રવાહ હતો. સેઝાં ઘનવાદના જન્મદાતા હતા. તેઓ કહે છે કે પ્રકૃતિની પ્રત્યેક વસ્તુને નળાકાર કે ગોળાકાર સમજી નિરૂપણ કરવું. આ સમયના કળાકારો પિકાસો, બ્રાક અને લેગરની મહત્વના કળાકારોમાં ગણના થતી હતી. તેમના વિષયવસ્તુમાં પદાર્થ ચિત્ર, પ્રકૃતિ ચિત્ર, વ્યક્તિ ચિત્ર કે લાક્ષણિક આકાર આકૃતિઓને નાના ભાગોમાં તોડી મરોડીને રજૂ કરતા. કળાકારોનો આશય ભાવનાઓને નહી બલ્કે સંરચનાને મહત્વ આપવાનો રહેતો. તેમનો ઉદ્દેશ ભૂમિતિ આકારોમાં રંગોની તેજસ્વીતાને નહી પરંતુ આકાર રૂપને રજૂ કરવાનો હતો. આકારોનું સ્વરૂપ સામાન્ય અને અમૂર્ત થવા લાગ્યું અને ૧૯૨૦ સુધીમાં અંત થયો.

અતિ વાસ્તવવાદ (સરરીયાલીઝમ) એક બીજા પ્રકારની ગતિવિધી હતી જે ૧૯૨૪માં શરૂ થઇ અને ૧૯૫૫ સુધી ચાલી. અતિવાસ્તવવાદી કળાકારોએ અચેતન મનની કલ્પનાઓને ચિત્રમાં રજૂ કરી. અતિવાસ્તવવાદી કળાકારો પોતાને નવા અભિગમના પ્રતિનિધિ માનતા ખાસ કરીને માનસિક વિશ્લેષણની અસર હેઠળ. તેની શરૂઆત ક્રાંતિકારી હલચલથી થઇ જે દાદાવાદી (દાદા ઈસ્ટ) માં પરીણમી. જ્યોર્જિઓ ડે. ચીરીકો અને સાસ્વાડોર ડાલી આ અભિગમ/વિચારધારાના પ્રસિધ્ધ ચિત્રકારો મનાતા.

સામાન્યત : અમૂર્તકળા ચિત્ર શૈલીમાં કોઇ વસ્તુ પદાર્થને દર્શાવવો કે તેનો આકાર રજૂ ના કરવો. કળાનું આ સ્વરૂપ કે જે સમકાલીન જગતને વાત્સવિકરૂપે ચિત્રમાં દર્શાવવા તૈયાર ન હતુ. તેની શરૂઆત ૧૯૧૦માં થઇ. અમૂર્ત કળાના પ્રણેતા કળાકારોમાં કેન્ડેન્સ્કી, ડેલારુન અને મોન્દ્રીયન હતા. તેમણે અમૂર્ત વિચારોને ચિત્ર સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો જે વાત્સવદર્શી ચિત્રમાં દર્શાવવો શક્ય ન હતો.

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસ પછી વિદ્યાર્થી જણાવી શકશે.**

- અમૂર્તકળા, ઘનવાદ અને અતિવાત્સવવાદનું વર્ણન કરી શકશે.
- કળાકારોના નામ દર્શાવી શકે, તેમની પધ્ધતિ, સાધન સામગ્રી, ચિત્રોના કદ તથા વર્ણવેલ કલાકૃતિઓના સ્થળ દર્શાવી શકશે.
- દર્શાવેલ ચિત્રના શીર્ષક બતાવી શકે.
- અમૂર્ત કળાનું રૂપ અને અન્ય કળા શૈલીના ભેદ પારખી શકે.
- અન્ય કળા ગતિવિધિઓથી અમૂર્ત કળા, ઘનવાદ તથા અતિવાત્સવવાદને પારખી શકે.







વાયોલીન સાથે માણસ

## ૭.૧ વાયોલીન સાથે માણસ

શીર્ષક : વાયોલીન સાથે માણસ (મેન વીથ વાયોલીન)
માધ્યમ : કેનવાસ પર તૈલ રંગ
સમય : ૧૯૧૨
કદ : ૧૦૦ સેમી x ૭૩ સેમી
કળાકાર : પાબ્લો પીકાસો
સંગ્રહ : ફીલાડેલ્ફીયા મ્યુઝીયમ ઓફ આર્ટ

### સામાન્ય વિવરણ

*પાબ્લો પીકાસોનો જન્મ ૧૮૮૧માં સ્પેનના માલગા શહેરમાં થયો હતો. તેઓ ચિત્રકાર, શિલ્પકાર ઉપરાંત સીરેમીસ્ટ (માટીમાંથી બનેલ વસ્તુને પકવીને બનાવવાની પધ્ધતિ) હતા. સમગ્ર કારકિર્દી દરમ્યાન પીકાસો અમૂર્ત ચિત્ર સંયોજનના સિધ્ધાંતોને અનુસર્યા. તેઓ પ્રતીકવાદથી ખૂબ જ પ્રભાવિત હતા. પેરીસમાં તેમણે પોતાની આગવી શૈલી વિકસાવી જેને બ્લ્યુ સમય ૧૯૦૦ થી ૧૯૦૨. આ નામ તેમના લીલા અને વાદળી રંગના કેનવાસ ચિત્રો પરથી અપાયું. પીકાસો એ તેનો ગુલાબી સમય ૧૯૦૫ થી ૧૯૦૭ દરમિયાન વિકસાવ્યો આ સમયમાં તેણે ચિત્રોમાં મુખ્યત્વે ગુલાબી રંગનો ઉપયોગ કર્યો. આ સમય પછી તેના ચિત્રોમાં આફ્રિકાના મ્હોરાં અને કાષ્ટ શિલ્પોની અસર જોવા મળે છે. ૧૯૧૫ થી તેમણે પોતાનો ઘનવાદી તબકકો વિકસાવ્યો જેથી તેમણે સમગ્ર વિશ્વમાં ખ્યાતિ મેળવી. મૂળભૂત રીતે ઘનવાદમાં ત્રિપરિમાણી આકારોને તોડી સપાટ આકારની ભાત અને રંગ, રચના, આકારોનું એક બીજા પર આવરણ અને જોડાણ અને તેથી માનવ આકૃતિ અથવા પદાર્થ એક સમયે આગળ પાછળથી જોતા હોય તેવું લાગે.*

*વાયોલીન સાથે માણસ (મેન વીથ વાયોલીન) ચિત્ર ૧૯૧૨ માં બન્યું હતું. તે ઘનવાદના વિશ્લેષણ માટેનું ઉત્તમ ઉદાહરણ રૂપ ચિત્ર છે. પદાર્થોને બે ભાગમાં વહેંચીને એક જ સમયે વિવિધ વિચારોને દર્શાવ્યા છે. આ સમયના બીજાં ચિત્રોની જેમ આકારો પારખી શકાય છે પરંતુ તે ઘનાકારમાં પરિવર્તીત છે. પીકાસોએ અવકાશ (કેનવાસના ફલક પરની જગ્યા) નો નવી જ રીતે ઉપયોગ કરવા પ્રયત્ન કર્યો. વાયોલીન સાથેના માનવ આકારને ઘણા બધા ભૌમિતિક આકારોમાં તોડીને પછી એક રૂપમાં ગોઠવ્યા છે. તેમાં વપરાયેલ રંગ આ સમયની લાક્ષણિકતા છે જેમાં કથ્થાઈ અને વાદળી રંગોની છાયા (શેડ) છે. આ સમયમાં પીકાસોના અધિકતમ ચિત્રો આવી સરખી પધ્ધતિ અને રંગોથી બનેલા છે. પ્રસ્તુત ચિત્રમાં રંગો અને આકારની સળંગ એકતા છે. તેમના માટે વાસ્તવદર્શીની અલગ વ્યાખ્યા હતી. વાસ્તવિકતાને તેમણે પ્રકૃતિથી પણ વધુ વાસ્તવિકના અર્થમાં વ્યાખ્યા આપી. રંગ તથા અન્ય સામગ્રી વાપરવાની તેમની કુશળતા અને અસાધારણ પધ્ધતિથી તેઓ ૨૦મી સદીના ખૂબ જ લોકપ્રિય કલાકાર બન્યા. તેમની સર્વોત્તમ કલા કૃતિઓમાંની ગુયેર્નિકા છે જે સ્પેનીશ યુધ્ધ પર આધારિત છે.*

### પાઠગત પ્રશ્નો ૭.૧

*૧ પીકાસોના બે પ્રસિધ્ધ સમયગાળા દર્શાવો.*
*૨ કઈ શૈલીએ તેમને પ્રસિધ્ધ ચિત્રકાર બનાવ્યા ?*
*૩ વાયોલીન સાથે માણસ (મેન વીથ વાયોલીન) ચિત્ર તેમણે કયારે બનાવ્યું ?*
*૪ ગુલાબી સમય (રોઝ પીરીયડ) ના વર્ષ કયા છે ?*
*૫ પીકાસોએ ગુયેર્નિકા ચિત્ર કયા વિષય પર બનાવ્યું છે ?*



પર્સીસ્ટન્સ ઓફ મેમરી

## ૭.૨ પર્સીસ્ટન્સ ઓફ મેમરી

શીર્ષક : પર્સીસ્ટન્સ ઓફ મેમરી
માધ્યમ : કેનવાસ ઉપર તૈલ રંગ
સમય : ૧૯૩૧
કદ : ૯.૫'' x ૧૩''
કળાકાર : સાલ્વાડોર ડાલી
સંગ્રહ : મ્યુઝીયમ ઓફ મોડર્ન આર્ટ, ન્યુ યોર્ક

### સામાન્ય વિવરણ

*સાલ્વાર્ડાર ડાલી ખૂબ જ પ્રસિધ્ધ અતિવાસ્તવવાદી ચિત્રકાર હતા. તેઓ સ્પેનના ચિત્રકાર, ફિલ્મકાર અને લેખક હતા. તેમણે અતિવાસ્તવવાદી પધ્ધતિ અપનાવી. યુવા વયના અભ્યાસ દરમિયાન ડ્રોઈંગમાં તેમણે જે પ્રભુત્વ મેળવ્યું હતું. તેને તેમણે ચાલુ રાખ્યું. ચિત્રોમાં આકારનો થોડો સમય પ્રયોગ કર્યા પછી ચિત્રોમાં તેમણે પોતાનાં ડ્રોઈંગનો અસંગત, અસામાન્ય અને અજ્ઞાત કે અપરિચિત તત્વોની દુનિયા દર્શાવવા ઉપયોગ કર્યો.*

*પસીસ્ટન્સ ઓફ મેમરી ૧૯૩૧માં રચાયેલ ચિત્ર અતિવાસ્તવવાદી ગતિવિધીનું સુંદર ઉદાહરણ છે. શોભા વિનાનું પ્રકૃતિ દૃશ્ય અને શાંતિનું ચિત્ર બધા યુધ્ધ પછી મનુષ્ય જીવનના અંત પછીનો શૂન્યાવકાશ દર્શાવે છે. આ ચિત્રમાં જીવન સંબંધી જો કોઈ વસ્તુ હોય તો તે વિલિન થતી ઘડિયાળો છે. વિલિન થતી ઘડિયાળો ચિત્રમાં ખૂબ વાસ્તવિક લાગે છે અને અશાંત મનની છાપ ઉપસાવે છે. જે આપણે તેમના લગભગ બધા ચિત્રોમાં જોઈએ છીએ. ડાલીની પોતાની શૈલી વિધ્વતાસભર અને સ્પષ્ટ હતી પરંતુ તેના વિષયવસ્તુ સ્વપ્ન અથવા દુઃસ્વપ્ન આધારિત હતા. ડાલીના ચિત્રોમાં પદાર્થોનું અપ્રચલિત સમૂહીકરણ એક પ્રતીકાત્મક અર્થ દર્શાવે છે. આ કોમળ ઘડિયાળો નવાં અને દુઃખદ દશ્ય ઉપસાવે છે. કીડીઓ એકબીજા પર ચઢેલી છે જાણે ખોરાક પરથી પસાર થતી હોય અને તેના આકાર ઝવેરાત કે ઘરેણાંની જેમ ઘડિયાળની સપાટીને ઢાંકતા હોય તેવું લાગે છે. તેના બધા જ ચિત્રોમાં જુદા જ પ્રકારની ચિત્રાત્મક ભાષા છે. ડાલીનું એક પણ ચિત્ર વાસ્તવિકતા દર્શાવતું નથી. ચિત્રો જોતા એવુ લાગે કે કેટલીક વસ્તુઓ છોડીને બધું જ અસ્વાભાવિક છે. ડાલી બુધ્ધિશાળી અને કલ્પનાશીલ મહાન કળાકાર મનાતા હતા. આમ છતાં તેમની કાર્યપ્રણાલી જુદી જ હતી. પોતાની તરફ ધ્યાન ખેંચવાની અસાહજીક પ્રવૃતિથી તેમની કળાના ચાહકો અને વિવેચકો નારાજ થતા હતા. તેમનું તરંગી અને નાટકીય વર્તન તેમની કલાકૃતિઓ જેટલું જ ઉચ્ચ હતું તેથી ઘણા લોકો આકર્ષાતા રહેતા. ૧૯૮૯માં તેમનું અવસાન થયું અને વિલાબેર્ટીન, લાર્જ હર્લેકયુન, સ્મોલ બોટલ ઓફ રમ, અને હની ઈઝ સ્વીટર ધેન બ્લડ જેવી ઉત્તમ કલાકૃતિઓ મૂકતા ગયા.*

### પાઠગત પ્રશ્નો ૭.૨

*૧ સાલ્વાડોર ડાલીની શૈલી કેવી હતી ?*
*૨ તેમણે કઈ કાર્યપધ્ધતિ (ટેકનીક) અપનાવી ?*
*૩ ડાલીના અતિવાસ્તવવાદ કોઈ એક ચિત્રનું ઉદાહરણ આપો.*
*૪ પર્સીસ્ટન્સ ઓફ મેમરી ચિત્રમાં તમને શું દેખાય છે ?*



કાળી રેખાઓ (બ્લેક લાઈન્સ)

## ૭.૩ કાળી રેખાઓ (બ્લેક લાઈન્સ)

શીર્ષક : કાળી રેખાઓ (બ્લેક લાઈન્સ)
માધ્યમ : કેનવાસ પર તૈલ રંગ
સમય : ડીસેમ્બર ૧૯૧૩
કદ : ૪ ફૂટ ૩ ઈંચ x ૪ ફૂટ ૩ ૧/૪ ઈંચ
કળાકાર : વેસિલી કેન્ડીસ્કી
સંગ્રહ : સોલોમન આર. ગુગેનહીમ મ્યુઝિયમ, ન્યુયોર્ક

### સામાન્ય વિવરણ

*વેસિલી કેન્ડેસ્કીનો જન્મ ૧૮૬૬માં રશિયામાં થયો હતો. તેઓ તેમના સમયના પ્રસિધ્ધ ચિત્રકાર તથા સિધ્ધાંતવાદી હતા. કેન્ડેસ્કી અમૂર્ત કળાના પ્રણેતા ચિત્રકારોમાંના એક છે. તેમણે અભિવ્યકિત વિહિન કળાનો પાયો નાંખતા ત્રણ પ્રકારની મહત્વની ૧ અસર-પ્રભાવ ૨ તત્કાલીન પ્રેરણાત્મક રચના ૩ ચિત્ર સંયોજન ચિત્ર શૃંખલા કરી. તેના ચિત્રોમાં ભૌમિતિક અને અમૂર્ત આકારોનું મિશ્રણ હતું. સંગીતની જેમ ચિત્ર પણ અમૂર્ત હોવું જોઈએ તેવું ઈચ્છતા. એકમ્પનીડ કોન્ટ્રાસ્ટ, યલો એકમ્પનીમેન્ટ તથા એંગ્યુલર સ્ટ્રકચર તેમના પ્રસિધ્ધ ચિત્રો છે. પછીની પેઢી ઉપર તેમના ચિત્રોનો જબરજસ્ત પ્રભાવ છે.*

*બ્લેક લાઈન્સ ચિત્ર કેન્ડેસ્કીએ ૧૯૧૩માં બનાવ્યું હતું. ચિત્રનું શીર્ષક પરથી લાગે છે કે રેખાઓ ઈન્ડીયન ઈંકથી કરી હશે પરંતુ હકીકતમાં કાળો રંગ વપરાયો છે. આ ચિત્ર સંયોજનમાં એક ખૂણે રેખાઓનો સમૂહ તેની રચનાઓના કારણે કંઈક જુદો જ અર્થ દર્શાવે છે. આ સમયના બીજા ચિત્રો કરતાં તેમના ચિત્રોમાં સાદગી અને ચોખ્ખા આકારો જાણે કે હાડપીંજરમાં દેહ જ ન હોય તેમ દર્શાવે છે. રંગોના આકાર પીછીથી નહી પરંતુ કોઈ કદાવર હાથની આંગળીઓથી બન્યા હોય તેવું લાગે છે. રેખાઓ અને તેની છાપ સાથે તેનો સુમેળ છે. કેન્ડેન્સ્કી માટે રેખા, આકાર અને રંગોનો પોતાનો અર્થ અને કાર્ય છે. જે મુકત રીતે પ્રયોજાય છે. તેમના મોટા ભાગના ચિત્રોમાં રેખાઓ સ્કેચી (ઝડપથી) કરેલ છે અને તેનું પોતાનું જીવન હોય તેવી જણાય છે. તેમની જીંદગી તેમણે પેરીસમાં વિતાવી અને ૧૯૪૪ માં તેમનું અવસાન થયું.*

## પાઠગત પ્રશ્નો ૭.૩

*૧ આધુનિક કળામાં કેન્ડેન્સ્કીનું મુખ્ય પ્રદાન શું છે ?*
*૨ કેન્ડેન્સ્કીની ત્રણ મુખ્ય શૃંખલાના નામ આપો.*
*૩ બ્લેક લાઈન ચિત્ર તેમણે કયારે બનાવ્યું.*
*૪ આ ચિત્રનું માધ્યમ શું છે ?*

## તમે શું શીખ્યા

*અમૂર્ત કળાના પાયાથી પશ્ચિમી કળાનો મહત્વનો તબકકો શરૂ થાય છે. અન્ય કળા પ્રવાહો તેને અનુસર્યા અને કળાને સમજવામાં અવારનવાર પરિવર્તન જોવા મળ્યા. આપણે અમૂર્ત કળાની અસર જોઈએ છીએ પરંતુ તેને વાસ્તવવાદ સાથે જોડી શકાય નહી. કોઈ પણ ચિત્ર/કળા જે અભિવ્યકિત*

વિહિન છે તેને અમૂર્ત કળા કહી શકાય. અલબત્ત અમૂર્ત કળા, ઘનવાદ અને અતિવાસ્તવિકવાદ ની શરૂઆત પશ્ચિમમાં થઈ હતી પરંતુ તેની ભારતીય કળાકારો પર મોટી અસર થઈ અને ઘણા ચિત્રો અતિશય પ્રભાવિત હતા. વેસેલી કેન્ડેન્સ્કી, સાલ્વાડોરડાલી અને પાબ્લો પીકાસોએ તેમના નોંધપાત્ર ચિત્રો ભાવી પેઢીના કલાકારોને પ્રેરણા માટે મૂકયાં છે. આ નવી ગતિ વિધી (તરાહ) ના વિવિધ મહત્વના તબકકાઓનું આ ચિત્રો પ્રતિનિધિત્વ કરતા હોવા છતાં તેમાં અલગ વ્યકિતત્વ હતું. તેમના ચિત્રોએ અગાઉના સમયના વાત્સવિક ચિત્રોના ભેદ/તફાવત દર્શાવ્યો. અમૂર્ત કળાની સાથોસાથ ઘનવાદનો પ્રારંભ થયો અને પીકાસો ઘનવાદ ચિત્રો અને શિલ્પકલામાં વિખ્યાત થયા. તેની કલામાં વિવિધ સમયનું કાર્ય જોવા મળે છે અને દરેક સમયનું કાર્ય એકબીજા સમય કરતાં જુદું હતું. ડાલીનું જીવન મનોરંજક તથા વિચિત્ર હતું અને અતિવાસ્તવવાદના સમયમાં સૌથી પ્રસિધ્ધ ચિત્રકાર રહયા. અમૂર્ત ચિત્રકળાના તબકકાની શરૂઆત વેસેલી કેન્ડેન્સ્કીના ચિત્રોથી થઈ.

## સ્વાધ્યાયના પ્રશ્નો

૧ ઘનવાદ વિષે ટૂંક નોંધ લખો.
૨ સાલ્વાડોર ડાલીનું અતિવાસ્તવવાદમાં પ્રદાનનું વર્ણન કરો.
૩ કેન્ડેન્સ્કીનું ચિત્ર બ્લેક લાઈન પર એક ફકરો લખો.
૪ અમૂર્ત કળા પર ટૂંક નોંધ લખો.
૫ પાબ્લો પીકાસો પર નોંધ લખો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

૭.૧
૧ વાદળી, ઘનવાદ
૨ ઘનવાદ
૩ ૧૯૧૨
૪ ૧૯૦૫-૧૯૦૭
૫ સ્પેનનું બિન લશ્કરી યુધ્ધ

૭.૨
૧ અતિવાસ્તવવાદ
૨ અતિ વાસ્તવિક પધ્ધતિ
૩ પર્સીસ્ટન્સ ઓફ મેમરી
૪ પ્રકૃતિ દૃશ્ય, વિલિન થતી ઘડિયાળો, કીડીઓ

૭.૩
૧ અમૂર્ત ચિત્રો
૨ અસર, તત્કાલીન પ્રેરણાત્મક રચના અને ચિત્ર સંયોજન
૩ ૧૯૧૩
૪ કેનવાસ ઉપર તૈલ રંગ

૮

# ભારતીય સમકાલીન કળાના પ્રણેતાઓ.

૧૯મી સદીના પ્રારંભે બ્રિટીશ રાજની અસર હેઠળ ભારતીય કળાની પડતીની શરૂઆત થયાનું જણાય છે. ભારતની કલાના ઈતિહાસમાં હસ્તકલા, ભીંતચિત્રોની ફ્રેસ્કો પધ્ધતિ અને તૈલ ચિત્રો ના કારણે લઘુચિત્રો અદ્રશ્ય થયાં. સદીના અંતમાં પારંપરિક ભારતીય ચિત્ર કળા કરમાવા લાગી. ભારતીય કલાકારો માટે તેમણે પોતાની વારસાગત સંસ્કૃતિને સકારાત્મક અભિગમ સાથે પારખીને પૂર્વ યુરોપીયન કલા કરતાં આગળ વધારવાનો આ જ સમય હતો.


કેરાલાના રાજા રવિ વર્મા પૌરાણિક વિષય આધારીત ચિત્રો અને વ્યક્તિચિત્રો માટે પ્રસિધ્ધ હતા. તેમના તૈલ ચિત્રોમાં પશ્ચિમની અસર જોવા મળતી. જ્યારે બીજી તરફ અવનિદ્રનાથ ટાગોરે પોતાની નવી ચિત્રશૈલી વિકસાવી. નંદલાલ બોઝ, બિનોદ બિહારી અને બીજા કેટલાક કલાકારો આ રાષ્ટ્રીય ભાવનાની નવજાગૃત શૈલીને અનુસર્યા. આમ વીસમી સદીના પહેલા અર્ધા ભાગમાં બંગાળ શૈલીની ઉત્પતિ થઈ. વિષયવસ્તુ માટે તેમણે ભારતીય સંસ્કૃતિ અને પૌરાણિક કથાઓમાંથી પ્રેરણા લીધી. તેઓએ પશ્ચિમના વાસ્તવવાદને છોડી ભારતીય કળાનો આદર્શવાદ પસંદ કર્યો. જેમિની રોયે લોકકળાને આધુનિક સ્વરૂપ આપ્યું જ્યારે રવિન્દ્રનાથ ટાગોરે તેમના ચિત્રોમાં અભિવ્યક્તિનું નિરૂપણ કર્યુ. આ કળાકારોએ પારંપરિક જળ રંગોની પધ્ધતિ અપનાવીને ભારત અને ચીનની ચિત્રશૈલીમાં પ્રયોગ કર્યો અને લઘુચિત્રો, ભીંતચિત્રો, તથા લોકકળામંથી પ્રેરણા લીધી.

પછીના કળાકારોમાં અમૃતા શેરગીલે ભારતીય અને પશ્ચિમી કળામાં ચિત્રો કર્યા. કળાના ક્ષેત્રમાં તેમનું વિશિષ્ટ સ્થાન અને પ્રદાન પ્રથમ મહિલા ચિત્રકાર તરીકે છે. આ બધા જ કલાકારોએ સમકાલીન ભારતીય ચિત્રકલાના ઈતિહાસમાં નોંધપાત્ર કલાકૃતિઓનું સર્જન કર્યુ છે.

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસથી વિદ્યાર્થી જણાવી શકશે.**

- ભારતના આધુનિક કલા પ્રવાહોના પરિવર્તનનું વર્ણન કરી શકશે.
- દર્શાવેલ ચિત્રોની લાક્ષણિકતા બતાવી શકશે.
- સૂચિમાં દર્શાવેલી ચિત્રોની ચિત્ર પધ્ધતિઓ, સામગ્રી, કદ માપ, વિષયવસ્તુ અને સ્થળ વગેરે દર્શાવી શકશે.
- સૂચિમાં દર્શાવેલ ચિત્રોના કલાકારોના નામ આપી શકશે.
- સૂચિમાં દર્શાવેલ કલાકારોના ચિત્રો ઓળખી શકશે.



હંસ દમયંતિ

## હંસ દમયંતિ

શીર્ષક : હંસ દમયંતિ
માધ્યમ : કેનવાસ ઉપર તૈલ રંગ
સમય : ૧૮૯૯
કળાકાર : રાજા રવિ વર્મા

### સામાન્ય વિવરણ

*રાજા રવિ વર્મા ભારતના સુપ્રસિધ્ધ ચિત્રકાર હતા. તેમના જીવનની શરૂઆત કેરલના નાના ગામ કિલીમનુરથી થઈ. એક ભારતીય ચિત્રકાર તરીકે રાજા રવિ વર્માની દષ્ટિ પરિવર્તનશીલ રહી. તેમનું ભારતીય કળામાં મહત્વનું પ્રદાન છે. તેઓ ખૂબ પ્રચલિત અને મહત્વના કળાકાર ઉપરાંત ભારતીય કળાનું પશ્ચિમીકરણના મુખ્ય પ્રણેતા હતા. તેમણે જળરંગી તેમજ તૈલરંગી ચિત્રની પધ્ધતિમાં નામના મેળવી. ભારતની પૌરાણિક વાર્તાઓના વિષય ઉપરની ચિત્ર શૃંખલાઓમાં મહદ્અંશે તેની નાયિકાને કેન્દ્રમાં રાખી ચિત્ર સર્જનો કર્યા છે. ભારતના દેવ દેવીઓના તેમણે કરેલ ચિત્રો આજે પણ ઘણા ઘરો તેમજ તીર્થ સ્થળો પર હયાત છે. તેમનાં ચિત્રોનું છાપકામ, કેલેન્ડર, પોસ્ટર, બીજી પ્રચલિત કળાઓ તથા રંગીન ઓલીયોગ્રાફમાં જોવા મળે છે. દુષ્યંત-શકુંતલા, નળ દમયંતિની વાર્તાઓ તથા મહાભારત મહાકાવ્યના વિવિધ પ્રસંગોના ચિત્રો માટે તેઓ પ્રસિધ્ધ હતા.*

*હંસ દમયંતિ રાજા રવિ વર્માનું ખૂબ જ પ્રસિધ્ધ ચિત્ર છે. તે ચિત્ર ૧૮૯૯ની સાલમાં તૈલ રંગોથી બન્યું હતું અને જ્યારે મદ્રાસના કલા પ્રદર્શનમાં પ્રથમાવાર પ્રદર્શિત થયું ત્યારે એક અલગ ઉત્તેજના થઈ. પશ્ચિમની ચિત્ર પધ્ધતિમાં રાજા રવિ વર્માએ મેળવેલ નિપૂણતા આ ચિત્રમાં સ્પષ્ટ પણે વર્તાયે છે. યુરોપીયન ચિત્રોમાં જોરદાર અભિવ્યક્તિની શક્તિનું આકર્ષણ તેમના ચિત્રોમાં ભારતની પારંપરિક શૈલીથી વિરૂધ્ધ જોઈ શકાય છે.*

*રાજા રવિ વર્માના ચિત્રોની તમામ સુંદર સ્ત્રીઓ કરતાં દમયંતિને અતિસુંદર, સુડોળ અને મોહક દર્શાવી છે. લાલ રંગની સુંદર સાડીમાં સજીને પોતાના પ્રેમી નળનો પ્રેમ સંદેશ હંસ પાસેથી સાંભળે છે. હંસ નળ વિષે જણાવતાં નળ તેને ખૂબ જ પ્રેમ કરે છે તેવો ભાવ પ્રદર્શિત કરે છે. ચિત્રમાં તેના હૃદયનો શાંત પ્રેમ તેની આંખોની ચમક તથા ગાલથી અભિવ્યકત થાય છે જે સુંદર, ગરિમાપૂર્ણ અને આકર્ષક લાગે છે.*

*રાજા રવિ વર્માએ જે વિષય પસંદ કર્યો છે તેને અનુરૂપ દમયંતિની ઉભી આકૃતિ તથા ભાવ ભંગીમા છે. આ ચિત્રમાં તેમણે તૈલ રંગોનો ઉપયોગ પશ્ચિમી કળાની અસર હેઠળ કરેલ છે. રંગોના સંયોજનમાં તેમજ રંગ વાપરવાની પધ્ધતિ (ટેકનીક) માં તેમનું પ્રભુત્વ બતાવ્યું છે.*

*રાજા રવિ વર્માએ પારંપરિક ભારતીય કળા અને સમકાલીન તાંજાવુર શૈલી તેમજ પશ્ચિમી શાસ્ત્રીય વાત્સવવાદ વચ્ચે એક કડીરૂપ કાર્ય કર્યું છે. રાજા રવિ વર્માની એક મહાન ચિત્રકાર ઉપરાંત દેશભક્ત તરીકે ગણના થાય છે. ૨ ઓક્ટોબર ૧૯૦૬માં તેઓએ અંતિમ શ્વાસ લીધા.*

### પાઠગત પ્રશ્નો ૮.૧

*૧ હંસ દમયંતિ ચિત્રનું માધ્યમ શું છે ?*
*૨ આ ચિત્રમાં શું દર્શાવ્યુ છે ?*
*૩ રાજા રવિ વર્માએ કઈ કડી સાંકળી છે ?*
*૪ તેમના ચિત્રોના છાપકામ માટે તેમણે કઈ પધ્ધતિ અપનાવી ?*



બ્રહ્મચારીઓ

## ૮.૨ બ્રહ્મચારીઓ

શીર્ષક : બ્રહ્મચારીઓ
માધ્યમ : કેનવાસ પર તૈલ રંગ
સમય : ૧૯૩૮
કળાકાર : અમૃતા શેરગીલ
સંગ્રહ : રાષ્ટ્રીય આધુનિક કળા સંગ્રહાલય નવી દિલ્હી

### સામાન્ય વિવરણ

*૨૦મી સદીમાં ભારતીય સમકાલીન કળાના ઈતિહાસમાં અમૃતા શેરગીલનું આગમન એક મહાન ઘટના સમાન છે. જન્મ ૧૯૧૩માં તેમના પિતા સરદાર ઉમરાવ સીંગ શેરગીલ અને માતા હંગેરીયન મહિલા એન્ટોઈન્ટી. અમૃતાએ શરૂઆતના વર્ષ યુરોપમાં વિતાવ્યા અને પેરીસમાં સર્વોત્તમ કળા શિક્ષણ મેળવ્યું. તેણી અનુ પ્રભાવવાદી કળાકારો મોદીગ્લિયાની અને ગોગીન જેવા કળાકારોથી ખૂબ પ્રભાવિત હતી. ૧૯૨૧ માં તે ભારત આવી. કાંગરા શૈલીના અતિ સુંદર લઘુચિત્રો અને અજંતાના ફ્રેસ્કો ભીંત ચિત્રોથી તેમને ખૂબ જ પ્રેરણા મળી. તેમણે જે આકૃતિઓ દોરી તેના ચહેરાના ભાવ એ તેમની પોતાની આગવી સૂઝ (શોધ) હતી. અમૃતાના ચિત્રોમાં તેમણે પોતાની આસપાસ જે જોયું તેનું માત્ર ચિત્રણ નહી બલ્કે તેમાં રંગ સંયોજન, ભાત અને મનોભાવની સૂક્ષ્મ દષ્ટિ પ્રગટે છે. તેમની દક્ષિણ ભારતની યાત્રાથી પ્રેરાઈને તેમણે ધી બ્રાઈડઝ ટોઈલેટ (નવવધુનો શૃંગાર) ધી બ્રહ્મચારીઝ (બ્રહ્મચારીઓ) અને સાઉથ ઈન્ડીયન વિલેજર્સ ગોઈંગ ટુ માર્કેટ (બજારમાં જતા દક્ષિણ ભારતીયો ) જેવા ચિત્ર સર્જનો કર્યા.*

*અમૃતા શેરગીલે ૧૯૩૮ માં બનાવેલ ચિત્ર ધી બ્રહ્મચારીઝ માં દક્ષિણ ભારતની પારંપરિક અને આજે પણ પ્રચલિત હિન્દુ પ્રથાઓમાં આસ્થા (વિશ્વાસ) ની સમજનું ઉત્તમ ઉદાહરણ છે. ચિત્રમાં પાંચ પુરૂષ આકૃતિઓ દર્શાવી છે. તેણીએ આશ્રમમાં બ્રહ્મચારી વિધાર્થીઓ જોયા. આ યુવાન બ્રહ્મચારી વિદ્યાર્થી પ્રતીક રૂપે દર્શાવવામાં તેઓ સફળ રહયા છે. આ ચિત્રનું સંયોજન આડી સપાટી ઉપર બેઠેલી વ્યક્તિઓના ઉભા આકારો મૂકીને રચના કરી છે. શરીરના જુદા જુદા રંગ દર્શાવવામાં ખૂબ ધ્યાન આપ્યું છે. ઘેરા લાલ રંગની પાશ્વભૂમિ (બેક ગ્રાઉન્ડ) સફેદ ધોતીઓ અને આગળના પ્રાકૃતિક ભાગમાં લીલાશ પડતો રાખોડી રંગ સમગ્ર શાંતિમય વાતાવરણની રંગ રચનામાં કોઈ પ્રકારે અવરોધક નથી. ધોતીઓના સફેદ રંગમાં વિવિધતા છે તેમ છતાં વિવિધતામાં પણ એકરૂપતાની યોગ્ય પ્રતિતી થાય છે. ચિત્રની વચ્ચેની આકૃતિનો આછો સફેદ અને અન્ય આકૃતિઓમાં શ્યામ અને તામ્રવર્ણી (બ્રાઉન) રંગ પ્રાશ્વભૂમિના ઘેરા લાલ રંગ વચ્ચે કુશળતાથી વાપર્યો છે.*

*તેણીના ફકત સાત વર્ષના સમયગાળામાં રચાયેલા ચિત્રો કાયમ માટે યાદગાર છે. પરંતુ જે ભાવનાથી પીંછીનો ઉપયોગ દ્વારા પોતાની પ્રતીભા દર્શાવી તેમાં તેણીનો પશ્ચિમી કળા અભ્યાસ અને પૂર્વના વિચારોનો સમન્વયથી ખૂબ પ્રચલિત કળાકાર છે. અમૃતાના ચિત્રોમાં વિષયની પસંદગીની સભાનતા અને રંગોના યોગ્ય પ્રયોજનથી તેઓ યાદગાર બની રહયા. તેમના અધિકતમ ચિત્રોમાં દેશપ્રેમ અને દેશવાસીઓની જીવન શૈલી પ્રત્યે આદરભાવ જોવા મળે છે. સમકાલીન કલાના પ્રણેતા કળાકારોમાં અમૃતા શેરગીલ બધાથી યુવા ચિત્રકાર અને અલ્પ જીવિત રહયા.*



ધી ઓટ્રીયમ

## પાઠગત પ્રશ્નો ૮.૨

૧ અમૃતાને કઈ યુરોપીયન શૈલીએ પ્રભાવિત કર્યા?
૨ બ્રહ્મચારીઓના ચિત્રમાં કેટલી આકૃતિઓ છે?
૩ આ ચિત્ર સંયોજનની મુખ્ય લાક્ષણિકતા વર્ણવો.
૪ આ ચિત્ર કયા વર્ષમાં બન્યું?

## ૮.૩ ધી ઓટ્રીયમ

**શીર્ષક : ધી ઓટ્રીયમ**

**માધ્યમ : પેપર પર જળ રંગ**

**સમય : ૧૯૨૦**

**કદ/માપ : ૧૨.૫'' x ૯.૫''**

**કળાકાર : ગગનેન્દ્રનાથ ટાગોર**

**સંગ્રહ : રવિન્દ્ર ભારતી સોસાયટી, જોરાસન્કો, કોલકત્તા**

### સામાન્ય વિવરણ

*ગગનેન્દ્રનાથ ટાગોરનો જન્મ કોલકત્તામાં ૧૮૬૭માં ટાગોર કુટુંબમાં થયો હતો. સમકાલીન ભારતીય ચિત્રકારોમાં તેમનું અગ્ર સ્થાન હતું. ૧૯૧૦થી ૧૯૨૧ના સમયની તેમની મહત્વની કલાકૃતિઓમાં હિમાલયના રેખા ચિત્રો (સ્કેચીઝ) ચૈતન્યની જીવનગાથાની કલામય ચિત્ર શૃંખલા અને ભારતીય જીવન દર્શાવતા ડ્રોઈંગનો સમાવેશ થાય છે. એક તરફ તેમણે પોતાના ભાઈ અબનિન્દ્રનાથને મદદ કરી અને બીજી બાજુ તેમણે યુરોપીયન ઘનવાદી શૈલી તરફ પોતાની પ્રીતિ દર્શાવી. બાદમાં પોતાની કારકીર્દી દરમ્યાન તેમણે સ્પષ્ટરૂપે પોતાની આગવી મૌલિક ઘનવાદની અલગ છાપવાળી શૈલી વિકસાવી. ઘનવાદનો મૂળ ઉદ્દેશ ભૌમિતિક આકારોને અમૂર્તરૂપે અભિવ્યક્ત કરવાનો છે. ઘણો લાંબો સમય પ્રયોગો કર્યા બાદ તેમણે પોતાની શૈલી વિકસાવી. તેમણે સપાટ ભૌમિતિક આકારોને એકબીજા ઉપર રંગોના છાયા આકારથી આચ્છાદિત કરી રહસ્યમય દુનિયા રચવાનો પ્રયાસ કર્યો. તેઓ ચોક્કસપણે સુંદર ચિત્ર સંયોજનમાં નિપૂણ હતા. છાયા અને પ્રકાશની નાટકીય રમતની જેમ તેમના ચિત્રમાં ભૌમિતિક આકારો અને માનવ આકૃતિની સરળ રચના જોવા મળે છે. તેમણે ક્યારેય પશ્ચિમીકળા શૈલીનું આંધળુ અનુકરણ કર્યું નથી. તેમના સમયના તે મહાન વિવેચક હતા અને તેમના વ્યંગ ચિત્રો (કાર્ટુન) ખૂબ જ પ્રચલિત હતા. તેમના વ્યંગ ચિત્રોમાં*

કોલકતાના દશ્યો અને કોલકતાવાસી પ્રજા જીવનની રમુજી બાજુ દર્શાવી. તેઓ રાજકારણી વ્યંગ ચિત્રો માટે તેમજ બંગાળીઓના પશ્ચિમીકરણની સામાજીક કટાક્ષ માટે ખૂબ જ જાણીતા હતા.

તેમના ચિત્રો પૈકીનું એક ચિત્ર "ધી ઓટ્રીયમ" એક નોંધપાત્ર અને ઘનવાદની અસરનું ઉત્તમ ઉદાહરણ છે. કળામાં ઘનવાદ એક શૈલી છે જેમાં વસ્તુઓને ભૌમિતિક આકારોમાં એક સાથે દર્શાવીને તેમણે ચિત્રોમાં સમાવેશ કર્યો. ઘનાકારમાં તુટેલા આકારોની ચિત્ર રચનાથી એક ઘનવાદી ચિત્રકાર તરીકે સંયોજનો કર્યો. આ ચિત્રમાં ખાસ કરીને પ્રકાશના સુંદર મિશ્રણથી રચાયેલ રંગોની નાટયાત્મક અસર જોવા મળે છે. તેમના અગાઉના ચિત્રોમાં જો કે તેમણે ઘણા રંગોનો ઉપયોગ કર્યો છે પરંતુ આ ચિત્રમાં તેમણે વિવિધ ભૌમિતિક આકારોને એક સાથે જોડીને સંયોજન કર્યું છે. આકારો અમૂર્ત હોવા છતાં ચિત્ર સરળતાથી સમજાય છે. આ સમયમાં પશ્ચિમી કલ્પના અનુસાર પ્રયોગ કોઈ કળાકારે કર્યો નથી.

તેઓ આજે પણ ઘણા બધા પ્રયોગ કરનાર કળાકાર તરીકે આદરણીય છે. તેઓનુ ૧૯૩૮માં અવસાન થયું પરંતુ તેમના ચિત્રો અને સ્કેચીઝમાં તેમની યાદગીરી જીવંત છે.

## પાઠગત પ્રશ્નો ૮.૩

૧ ૧૯૧૦ થી ૧૯૨૧ દરમિયાન ગગનેન્દ્રનાથે કયા વિષય પસંદ કર્યા?

૨ તેમના ઓટ્રીયમ ચિત્રમાં કઈ યુરોપીયન શૈલીની અસર છે?

૩ તેમના વ્યંગ ચિત્રો (કાર્ટુન) કોના ઉપર છે?

૪ ઓટ્રીયમ ચિત્રનું માધ્યમ શું છે?

## તમે શું શીખ્યા ?

ભારતની આધુનિક ચિત્રકળા દેશના ઈતિહાસ અને સામાજીક પરિસ્થિતિઓથી આધારિત છે જેમાં કળાકારોએ તેમની શૈલીઓ વિકસાવી. બ્રિટીશ સમયની કંપની શાખાઓએ મહત્વની કૃતિઓ રજૂ કરી. ભારતીય કળાકારોએ યુરોપીયન કાર્યપધ્ધતિ (ટેકનીક)નું તેમનાં ચિત્રોમાં અનુસરણ કર્યું.

## ભારતીય સમકાલીન કળાના પ્રણેતાઓ.

રાજા રવિ વર્મા જેવા કળાકારે ભારતીય વિષયોને જીવંત રાખવા સેતુ સમાન કાર્ય કર્યુ અને પશ્ચિમી શૈલીને અનુસર્યા. બાદમાં શાંતિનિકેતનમાં સ્થપાયેલ બંગાળ શાખાએ કળાકારોના વિકાસ કેન્દ્ર તરીકે કાર્ય કર્યુ. ભારતીય કળાને નવી દિશા સંપન્ન કરવાના ઉદ્દેશથી વિવિધ કાર્યશૈલી ધરાવતા કલાકારો એકત્રિત થયા. તેઓએ પશ્ચિમી કળાનું અનુસરણ કર્યુ અથવા તો પૂર્વની કાર્યપધ્ધતિ સ્વકારી પરંતુ પોતાની મૌલિક શૈલી પ્રસ્થાપિત કરવામાં સફળ રહયા. અવનિન્દ્રનાથ ટાગોર અને તેમના અનુયાયીઓનું આ ક્ષેત્રમાં ઘણુ જ મોટું યોગદાન છે. નંદલાલ બોઝ, જેમીની રોય, ડી.પી રોય ચૌધરી અને અન્ય કલાકારોએ ભારતીય કળાના ઈતિહાસમાં નામ રોશન કર્યુ. બંગાળની શાળાએ સમકાલીન ભારતીય કલાના વિકાસનો પ્રારંભ કરાવ્યો. સંભવતઃ અમૃતા શેરગીલ એક ઉત્તમ અને વૈયક્તિક શૈલીની ચિત્રકાર હતી. જો કે તેણીએ કોઇ ભારતીય શૈલીનું અનુસરણ કર્યુ ન હતું છતાં સાત વર્ષના ટૂંકા સમયગાળામાં નોંધપાત્ર કલાકૃતિઓનું સર્જન કર્યુ. તેણીની કાર્યપધ્ધતિ (ટેકનીક) વિષયવસ્તુની પસંદગી અને ભારતીય જીવન શૈલીને ચિત્રોમાં દર્શાવવાની ઝંખના ભાવિ પેઢીમાં આવકાર્ય રહી.

## સ્વાધ્યાય અભ્યાસ

૧ કંપની કળાના પતન બાદ કયા પ્રકારની કળાનો વિકાસ થયો ? ટૂંક નોંધ લખો.

૨ રાજા રવિ વર્માના ચિત્રોના વિષયોનું વર્ણન કરો.

૩ બ્રમચારી ચિત્રના ચિત્ર સંયોજનનું વર્ણન કરો.

૪ ગગનેન્દ્રનાથ ટાગોરની ચિત્ર શૈલી પર ફકરો લખો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

૮.૧

૧ કેનવાસ પર તૈલ ચિત્ર

૨ દમયંતિ તેના પ્રેમી નળે મોકલેલ સંદેશ હંસ દ્વારા સાંભળે છે.

૩ ભારતીય પારંપરિક કળા અને પશ્ચિમી વાસ્તવવાદની વચ્ચેની કડી

૪ ઓલીયોગ્રાફ

૮.૨

૧ અનુપ્રભાવવાદ

૨ પાંચ

૩ આડી સપાટી પર બેઠેલી ઉભા આકારની આકૃતિઓ

૪ ૧૯૩૮

૮.૩

૧ હિમાલયના રેખા ચિત્રો (સ્કેચ) ચૈતન્યની જીવનગાથા

૨ ઘનવાદ

૩ કોલકત્તાના દશ્યો અને કોલકત્તાવાસીઓની રમૂજ બાજુ

૪ પેપર ઉપર જળરંગ

૯

# ભારતીય સમકાલીન કળા

મુગલ સામ્રાજયનું પતન થયા પછી અને મધ્યયુગની પ્રાચીનકળાના અંત બાદ બ્રિટીશ રાજયમાં ભારતીય સમકાલીન કળાની શરૂઆત થઈ. રાજા રવિ વર્મા, અબનિન્દ્રનાથ ટાગોર, અમૃતા શેરગીલ, રવિન્દ્રનાથ ટાગોર, જેમિની રોય જેવા કળાકારો સમકાલીન કળાના પ્રણેતા હતા. આ યુવા કલાકારો પશ્ચિમી કળા પ્રવાહોથી ખૂબ પરીચિત હતા. જર્મન અભિવ્યક્તિવાદ, ઘનવાદ દાદા કળા પ્રવાહ, ફોવીઝમ અને અતિવાસ્તવવાદ વગેરે કળા પ્રવાહોની આ ભારતીય કળાકારો ઉપર ખૂબ અસર થઈ છતાં તેમની ભારતીય ઓળખ ઉભી કરવાની જહેમત ચાલુ રહી. પશ્ચિમી કળા પધ્ધતિ અને ભારતીય આધ્યાત્મિકવાદનું સંયોજન આ તબકકે ભારતીય કળાની પ્રગતિ માટે ઉત્તમ રહયું. પશ્ચિમની પધ્ધતિ અને સામગ્રીની સાથોસાથ તેઓએ પૂર્વીય પ્રદેશની ચિત્ર પધ્ધતિ અપનાવવાનો પ્રયાસ કર્યો. ચિત્ર છપાઈની વિવિધ પધ્ધતિઓ જેવી કે વુડ કટ, લીથોગ્રાફ, એચિંગ વગેરેમાં ખૂબ જ પ્રયોગો કરવામાં આવ્યા. પ્રદોષદાસ ગુપ્તા, પ્રાણક્રિશ્ન પાલ, નિરોડ મઝુમદાર, પરિતોષ સેન તથા કોલકત્તાના અન્ય કલાકારોએ ૧૯૪૩માં પ્રથમ સામુહિક પ્રદર્શન યોજયું જયારે પ્રોગ્રેસીવ આર્ટીસ્ટ ગ્રુપ મુંબઈએ એફ.એન. સોઝા, એમ.એફ.હુસેન, કે.એચ.આરા અને અન્ય કળાકારોના ચિત્રોનું ૧૯૪૭માં પ્રદર્શન યોજયું. કેટલાક કળાકારો પશ્ચિમી શૈલીમાં પ્રયોગ કરી રહયા હતા ત્યારે બિનોદ બિહારી મુકર્જી, રામકીંકર વૈજ, સૈલોઝ મુકર્જી જેવા કળાકારોએ લોકકળા અને જાપાનીઝ કળામાં રૂચિ દર્શાવી. બંગાળ શાખાના કલાકારોમાંથી બે કલાકારો દેવી પ્રસાદ રોય ચૌધરી અને સરોદ ઉકિલે ઉત્તર તથા દક્ષિણ ભારતમાં આધુનિક કળાની શરૂઆત કરાવવા માટે પાયાની ભૂમિકા દર્શાવી. દેવી પ્રસાદ રોય ચૌધરીના શિષ્યો કે.સી.એસ. પાનીકર અને શ્રી નિવાસલુએ સમકાલીન કળામાં પ્રતિભા સંપન્ન કરી જયારે સરોદા ઉકિલે દિલ્હીમાં કલા સંસ્થા પ્રસ્થાપિત કરી.

## ઉદ્દેશો

**આ પાઠના અભ્યાસથી વિદ્યાર્થી જણાવી શકશે.**

- ભારતની મહત્વની કલા ગતિવિધીના યોગદાન વિષે વર્ણન કરી શકશે.
- સમકાલીન કળાના વિકાસ માટે મહત્વનું યોગદાન આપનાર કળાકારોના નામો જણાવી શકશે.
- સમકાલીન કળાકારોએ અપનાવેલ પધ્ધતિ અને સામગ્રી વિષે જણાવી શકે.
- દર્શાવેલ સમકાલીન કળાકારો વિષે ટૂંક નોંધ લખી શકશે.

નોંધ



વર્લ્પૂલ

## ૯.૧ વર્લપૂલ

| | | |
|---|---|---|
| શીર્ષક | : | વર્લપૂલ |
| કળાકાર | : | કૃષ્ણા રેડ્ડી |
| સમય | : | ૧૯૬૨ |
| કદ | : | ૩૭.૫ સે.મી. x ૪૯.૫ સે.મી. |
| માધ્યમ | : | કાગળ પર ઈન્ટાલ્યો |

### સામાન્ય વિવરણ

*મુદ્રણક્ષમ કળા અથવા છાપ કળાનો ઘણો જ પ્રચલિત પ્રકાર છે. જેનો ઘણી શતાબ્દીઓથી પશ્ચિમના કળાકારો ઉપયોગ કરે છે. ભારતીય કળાકારોએ ૧૯મી શતાબ્દીના અંતિમ તબક્કેથી મુદ્રણક્ષમ કળા (ગ્રાફીક કળા) માં રૂચિની શરૂઆત કરી. એચીંગ ડ્રાય પોઈન્ટ, આકવાટીન્ટ, ઈન્ટાલ્યો, લીથોગ્રાફી, ઓલિયોગ્રાફી વગેરેનો ઘણા ભારતીય કળાકારોએ ઉપયોગ કર્યો. પ્રીન્ટ મેઈકીંગ (કળાકાર દ્વારા મુદ્રણ) થી એકજ ચિત્રની ઘણી બધી નકલો કરવાનો મુખ્ય લાભ મળે છે. રાજા રવિ વર્માએ તેમના ચિત્રોની ઓલીયોગ્રાફ (છાપકામ પધ્ધતિ) દ્વારા અનેક નકલો મુદ્રિત કરીને ખ્યાતિ મેળવી.*

*ક્રીશ્ના રેડ્ડીએ સમયના ખૂબ જ જાણીતા પ્રીન્ટ મેઈકર હતા. તેઓ કલાભવન, વિશ્વભારતી, શાંતિનિકેતનના વિદ્યાર્થી હતા.*

*વર્લપુલ ક્રીશ્ના રેડ્ડીની સર્વોત્તમ કલાકૃતિ છે. તે ઈન્ટાલ્યો મુદ્રણકળા પધ્ધતિથી બનેલ છે. આ પધ્ધતિ ઉપસાવવાની પધ્ધતિથી વિરુધ્ધની પધ્ધતિ છે. કારણ કે પ્લેટની સપાટીથી મુદ્રણ થતું નથી. પરંતુ પ્લેટમાં કોતરાયેલ સપાટીમાં શાહી (રંગ) ભરાઈ જાય છે. ભાતની રેખાઓ તાંબા કે જસતની પ્લેટ ઉપર કોતરવામાં આવે છે. તેના ઉપર શાહી લગાવવામાં આવે છે. ત્યાર બાદ ઉપરની સપાટીને સાફ કરવામાં આવે છે તેની ઉપર ભીનાશવાળો પેપર મુકીને મશીનથી દબાણ આપીને પ્રીન્ટ લેવામાં આવે છે. વર્લપૂલ ચિત્રમાં રેડ્ડીએ જાણીતી વસ્તુઓના નવા આકારો રચીને તેને અમૂર્ત સ્વરૂપ આપીને સર્જન કર્યુ છે. ચિત્રમાં પ્રકૃતિની શકિત (તાકાત) દર્શાવવાનો પ્રયત્ન છે. વિશ્વની તમામ વસ્તુઓ ભ્રમર ભંવરમાં ખોવાઈ છે. ચિત્રમાં દર્શાવેલ આકૃતિઓ વાત્સવદર્શી નથી. છતાં કેટલીક આકૃતિઓ તારા, ફુલો કે વાદળો સ્પષ્ટરૂપે ઓળખી શકાતા નથી. તેમનો શિલ્પકલાનો પૂર્વ અભ્યાસ ઈન્ટાલ્યોમાં ઉપસાવવાની પધ્ધતિની મુદ્રણ કળામાં સહાય રૂપ છે જે તેમની કળાનું સુંદર પાસું છે.*

### પાઠગત પ્રશ્નો ૯.૧

*૧ કલાકારો દ્વારા વપરાતી પ્રીન્ટ મેઈકીંગની પધ્ધતિઓના નામ આપો.*

*૨ વર્લપુલ ચિત્ર માટે ક્રિશ્ના રેડ્ડીએ પ્રીન્ટ મેઈકીંગની કઈ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે ?*

*૩ ક્રિશ્ના રેડ્ડીના ચિત્ર વર્લપુલ વિષે તમે શું જાણો છો ?*

નોંધ



મધ્યકાલીન સંતો



નોંધ

## ૯.૨ મધ્યકાલીન સંતો

શીર્ષક : મધ્યકાલીન સંતો
કળાકાર : બિનોદ બિહારી મુખર્જી (૧૯૦૪-૧૯૮૦)
સમય : ૧૯૪૭
સંગ્રહ : શાંતિનિકેતન વિશ્વભારતીના હિન્દી ભવનની દિવાલ પરનું ભીંત ચિત્ર
માધ્યમ : ફ્રેસ્કો

### સામાન્ય વિવરણ

*બિનોદ બિહારી મુખર્જી પ્રખ્યાત બંગાળી ચિત્રકાર નંદલાલ બોઝના શિષ્ય હતા. બિનોદ બિહારી પ્રકૃતિ અને તેની સુંદરતાને ખૂબ જ ચાહતા હતા તેથી તેમના ચિત્રોમાં તે દશ્યમાન છે. તેમણે પ્રકૃતિ દશ્યોની ચિત્રકળાનો અભ્યાસ જાપાનથી કર્યો. જાપાની કળાકારોની જેમ તેમળે સરળ અને સમજપૂર્વકની રેખાઓનો ચિત્રોમાં ઉપયોગ કર્યો. આ રેખાઓમાં સુલેખનની લાક્ષણિકતા છે. બાળપણથી બિનોદ બિહારીની આંખો કમજોર હતી. પાછલી જીંદગીમાં તેઓ સંપૂર્ણ અંધ થયા. યુવા વયમાં તેમની કમજોર આંખોની દ્રષ્ટિ કે પાછળની જીંદગીનો અંધાપો તેમની સર્જનાત્મક શકિત અને પ્રેરકબળને રોકી શકયા નહી.*


*આમ છતાં તેઓ આજીવન વિવિધ માધ્યમોથી પ્રયોગ કરતા રહયા. અંધ હોવા છતાં તેમણે શાંતિનિકેતનના કલાભવનમાં વિશાળ ભીંતચિત્ર કર્યુ.*

*મધ્યકાલિન સંતો ભીંતચિત્ર તેમણે કરેલાં અન્ય ભીંત ચિત્રો પૈકીનું એક છે જે શાંતિનિકેતનમાં હિન્દી ભવનની દિવાલ ઉપર ફ્રેસ્કો બુઓનો પધ્ધતિથી કરવામાં આવ્યું છે. ભીંતચિત્રોની આ એક એવી પધ્ધતિ છે જેમાં રંગ દ્રવ્ય ભૂકી (પાવડર) ને પાણીમાં ઓગાળીને દિવાલ પર ચૂનાથી જે તાજું પ્લાસ્તર તૈયાર કર્યુ હોય અને તે ભીનું હોય ત્યારે આ રંગ દ્રવ્યો લગાવવામાં આવે છે. આ પધ્ધતિમાં રંગો દિવાલનો જ એક હિસ્સો બનતા હોઈ તે લાંબુ ટકે છે.*

*મધ્યકાલિન સંતો દિવાલ પરનું એક ભીંત ચિત્ર (મ્યુરલ) છે જેમાં ભારતના વિવિધ ધર્મના સંતોને દર્શાવ્યા છે. આ ચિત્ર સંયોજન દિવાલનો આકાર અને કદને લક્ષમાં લઈને ખૂબ જ આયોજનપૂર્વક કરાયું છે. વિશાળ અને લાંબી માનવ આકૃતિઓ જાણે નદીના વળાંકની જેમ લય અને તાલમાં દર્શાવી છે. સ્મારક જેવી ખાસીયત ધરાવતી આકૃતિઓ ગોથિક ચર્ચની દિવાલો પરની શિલ્પકૃતિઓની યાદ અપાવે છે. જોરદાર ઉભી ચિત્ર રચના સાથે સુંદર રીતે નાની આકૃતિઓ આડી સપાટી પર રચીને સંતુલન કર્યું છે. આકૃતિઓની ઉંચાઈ તેમની ધાર્મિક/સાંપ્રદાયિક મહાનતાનું નિદર્શન કરે છે. નાની આકૃતિઓ આમ આદમીઓ રોજબરોજની વિવિધ પ્રવૃતિઓમાં વ્યસ્ત હોવાનું દર્શાવે છે. ચિત્રમાં રેખાઓ ખૂબ પ્રભાવશાળી છે પરંતુ રંગો બ્રાઉન, યલો ઓકર અને ટેરાવટ જેવા સીમિત છે.*

### પાઠગત પ્રશ્નો ૯.૨

*૧ બિનોદ બિહારીના ગુરુ અને તેમના અભ્યાસ સ્થળ વિષે લખો.*
*૨ ફ્રેસ્કો બુએનો ચિત્ર પધ્ધતિ વિષે બે લીટી લખો.*
*૩ મધ્ય કાલિન સંતો ભીંત ચિત્રમાં મુખ્યત્વે કયા રંગો વપરાયા છે ?*
*૪ બિનોદ બિહારીની શારીરીક તકલીફ શું હતી ?*



શબ્દો અને પ્રતીક

## ૯.૩ શબ્દો અને પ્રતીક

| | | |
|---|---|---|
| શીર્ષક | : | શબ્દો અને પ્રતીક (વર્ડઝ એન્ડ સિમ્બોલ્સ) |
| માધ્યમ | : | લાકડાના પાટીયા પર તૈલ રંગ |
| કદ/માપ | : | ૪૩ સે.મી. X ૧૨૪ સે.મી. |
| સમય | : | ૧૯૬૫ |

**સામાન્ય વિવરણ**

*કે.સી.એસ પાનીકરને દક્ષિણ ભારતમાં સમકાલીન કળા પ્રવાહના અતિ પ્રભાવશાળી પ્રણેતા કહી શકાય. મદ્રાસ (હાલ ચેન્નઈ) ની કલા મહાવિદ્યાલયની બંગાળી શાળાના ચિત્રકાર ડી.પી.રોય ચૌધરીના તેઓ વિદ્યાર્થી હતા.*

*ચિત્રકાર તરીકે પ્રસ્થાપિત થતાં પહેલા તેઓને ટેલીગ્રાફ ઓપરેટર, વિમા એજન્ટ જેવી કેટલીક વિષમ કામગીરીઓ કરવી પડી. તેમની ચિત્ર શૈલી વસ્તુલક્ષીથી ભૌમિતિક જેવા વિવિધ તબકકાઓમાંથી પસાર થઈ. તેઓ એક સારા અધ્યાપક પણ હતા. તેમણે દક્ષિણ ભારતના ઘણા કળાકારોને પ્રેરણા આપી અને ભારતમાં સૌ પ્રથમ કલા ગ્રામ (આર્ટીસ્ટ વિલેજ) ચોલામંડલમની ચેન્નઈ પાસે સ્થાપના કરી.*

*પ્રસ્તુત ચિત્ર તેમની શબ્દો અને પ્રતીક ચિત્ર શૃંખલામાનું પ્રસિધ્ધ ચિત્ર છે. આ એક તદ્દ્ન જુદા જ પ્રકારની પ્રયોગાત્મક કામગીરી છે જેમાં સુલેખનથી ચિત્રની જગ્યામાં રચના કરાઈ છે. પાનીકરે ગણિતના પ્રતીકો, એરેબીક આકૃતિઓ, રોમન લિપિ, મલાયમ લિપિ વગેરેના સંયોજનની ભાત ઉપસાવી છે જે જન્માક્ષર જેવી લાગે છે. તાંત્રિક પ્રતીકાત્મક આકૃતિઓ પણ વપરાઈ છે. ચિત્રમાં રંગોને બહુ મહત્વ નથી.*

## પાઠગત પ્રશ્નો ૯.૩

*૧ દક્ષિણ ભારતના કલા ક્ષેત્રમાં કે.સી.એસ પાનીકરનું પ્રદાન જણાવો.*

*૨ ચોલામંડલમ શું છે ? પાનીકર સાથે કઈ રીતે સંબંધ છે ?*

*૩ પાનીકરના પ્રસ્તુત ચિત્ર વિષે બે લાઈન લખો.*

નોંધ



લેન્ડસ્કેપ ઈન રેડ

નોંધ

## ૯.૪ લાલ રંગમાં દૃશ્યચિત્ર (લેન્ડસ્કેપ ઈન રેડ)

| | | |
|---|---|---|
| શીર્ષક | : | લાલ રંગમાં દૃશ્યચિત્ર (લેન્ડસ્કેપ ઈન રેડ) |
| કળાકાર | : | ફ્રાન્સીસ ન્યુટન સોઝા (૧૯૨૪-૨૦૦૨) |
| સમય | : | ૧૯૬૧ |
| કદ/માપ | : | ૭૮.૭ સે.મી. x ૧૩૨.૧ સે.મી. |
| માધ્યમ | : | તૈલ રંગ |
| સંગ્રહ | : | જહાંગીર નિકોલસન સંગ્રહાલય |

### સામાન્ય વિવરણ

*એફ. એન. સોઝાનો જન્મ ગોવામાં થયો હતો અને ઉછેર મુંબઈમાં થયો. તેમને શાળામાંથી કાઢી મૂકયા હતા પછી તેઓ સર. જે.જે. સ્કુલ ઓફ આર્ટ માં જોડાયા. ૧૯૪૫માં ફરી તેમને જે.જે. સ્કુલ ઓફ આર્ટમાંથી કાઢી મૂકાયા. ૧૯૪૭માં પ્રગતિશીલ કળાકાર વૃંદ (પ્રોગ્રેસીવ આર્ટીસ્ટ ગ્રુપ) ની સ્થાપના કરનાર સૌથી યુવા કલાકાર હતા. બાદમાં તેઓ ભારત છોડી લંડનમાં સ્થાયી થયા. આંતર રાષ્ટ્રીય કક્ષાએ પાંચ પ્રમુખ કળાકારોના પ્રતિનિધિત્વ પૈકીના તેઓ એક હતા. તેમની નીમ્ન મધ્યમવર્ગીય પરિસ્થિતી અને નાણાકીય સમસ્યાઓને કારણે તેઓ સમાજ પ્રત્યે વિરોધી બન્યા. તેમણે તમામ ધાર્મિક અને સામાજીક કુરીતીઓનો વિરોધ ચિત્ર દ્વારા પ્રગટ કર્યો. તેમના અન્ય સમકાલીનોની જેમ સોઝાને પણ અનુ પ્રભાવવાદ તથા જર્મન અભિવ્યકિતવાદી કળાકારોથી પ્રેરણા મળી છે. ખાસ કરીને તેઓ પાબ્લો પિકાસો અને માતીસથી પ્રભાવિત હતા. પશ્ચિમી કળા સાથે ભારતીય મંદિર શિલ્પોનું સંમિશ્રણ કરીને તેમણે પોતાની આગવી મૌલિક શૈલી વિકસાવી. તેઓ કળાના તમામ સ્વરૂપો પર અવિરતપણે પ્રયોગ કરનાર ચિત્રકાર હતા.*

*સોઝાને ધાર્મિક અને સામાજીક વિષયોને સાંકળીને દૃશ્યચિત્રો કરવામાં ખાસ રૂચિ હતી. લાલ રંગમાં દૃશ્યચિત્ર તેમાંનુ સરસ ઉદાહરણ છે.*

*આ એક પ્રયોગાત્મક શહેરી દૃશ્ય ચિત્ર છે. કળાકારે શહેરનો દેખાવ જે કોન્ક્રીટના જંગલ સિવાય કશું જ નથી તેને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમના શહેરી દૃશ્યો સામાન્યતઃ શહેરની ગહન લાક્ષણિકતા દર્શાવતા હોય છે. રેખાઓનો સુલેખીયરૂપે રંગો સાથે સુંદર ઉપયોગ થયો છે. ચિત્ર સંયોજનમાં રંગો અને આકાર એકબીજામાં સ્વતંત્રતાથી ભળે છે. લીલા રંગના કયાંક કયાંક છાંટણા સિવાય સમગ્ર ચિત્રમાં લાલ રંગનું પ્રભુત્વ છે. તેઓ પર્સપેકટીવના નિયમને અનુસર્યા નથી તેમ છતાં ચિત્રમાં જગ્યાની ઉંડાઈ સ્પષ્ટ રીતે વર્તાય છે.*

*સોઝાએ તેમના લાંબા જીવન કાર્યકાળ દરમિયાન ઘણા પ્રકારના ચિત્રોનું સર્જન કર્યુ. એક યુરોપીયન કળા વિવેચકે તેમની પિકાસો સાથે તુલના કરી છે.*

## પાઠગત પ્રશ્નો ૯.૪

*૧ પ્રગતિશીલ કલાવૃંદ (પ્રોગ્રેસીવ આર્ટીસ્ટ ગ્રુપ)ના સ્થાપકોમાંના એકનું નામ દર્શાવો.*

*૨ સોઝાનું ચિત્ર લાલ રંગમાં દૃશ્યચિત્ર (લેન્ડસ્કેપ ઈન રેડ) ની કેટલીક મહત્વની લાક્ષણિકતાઓ જણાવો.*

*૩ સોઝાની કળાને કોણે પ્રેરણા આપી ?*

*૪ સોઝા વિદેશમાં કયા શહેરોમાં રહયા ?*

## તમે શું શીખ્યા ?

ભારતમાં સમકાલીન કળાનો પ્રારંભ રાજા રવિ વર્મા તથા બંગાળ શાળાથી થયો. જેનો દેશના વિવિધ મહાનગરોમાં પર્યાપ્ત ફેલાવો થયો. બંગાળ શાળાના ભારતીય પ્રશિષ્ટ પારંપરિક કળાને જીવિત રાખવાના પ્રયત્નો છતાં પશ્ચિમી કળાનો પ્રભાવ યુવા કળાકારો પર સ્પષ્ટ પણે થયો. ભારતીય કળાને એક નવું સ્વરૂપ આપવાના આશયથી ૩૦ થી ૪૦ વર્ષની વયના યુવા પેઢીના કળાકારોએ પશ્ચિમી અથવા દૂરના પૂર્વીય દેશોમાંથી પ્રેરણા લીધી. તેમાંથી કેટલાક કળાકારો પશ્ચિમી દેશોમાં ગયા અને ત્યાં જ સ્થાયી થયા અને કેટલાક પાછા ફર્યા તેઓ પોતાની ઓળખ ઉભી કરવામાં સંઘર્ષ કરતા રહયા. એક બાબત આંનંદપ્રદ છે કે તેમાંના ઘણા ચિત્રકારોએ પોતાની ઓળખ ઉભી કરવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ ચિત્રકાર તરીકે ખ્યાતિ મેળવી.

## સ્વાધ્યાય અભ્યાસ

૧ ભારતની સમકાલીન કળાના વિકાસમાં સહાયરૂપ અસરકર્તા તત્વોનું વર્ણન કરો.
૨ ભારતના બે ચિત્રકારો વિષે લખો જેઓ વિદેશમાં સ્થાયી થયા અને પ્રસિધ્ધિ મેળવી.
૩ ભારતીય ચિત્રકાર જેઓ અંતે અંધ થયા હતા તેમના વિષે શું જાણો છો ?
૪ ચિત્રકાર સોઝા વિષે ટૂંક નોંધ લખો.
૫ પાનીકરના એક પ્રસિધ્ધ ચિત્રનું વર્ણન કરો.

## પાઠગત પ્રશ્નોના ઉત્તર

૯.૧

૧ ડ્રાય પોઈન્ટ, આકવાટીન્ટ, ઈન્ટાલ્યો
૨ ઈન્ટાલ્યો
૩ ક્રિશ્ના રેડ્ડીને પ્રકૃતિની શક્તિને ચિત્રમાં દર્શાવવામાં રસ હતો. વિશ્વની તમામ વસ્તુઓ ભ્રમરમાં ખોવાઈ જાય છે. ચિત્રની આકૃતિઓ તારા, ફુલો અને વાદળો અમૂર્ત સ્વરૂપે છે.

૯.૨

૧ તેમના ગુરુ નંદલાલ બોઝ બંગાળ શાળાના પ્રખ્યાત ચિત્રકાર હતા.
૨ ભીંત ચિત્રોની આ એક એવી પધ્ધતિ છે જેમાં રંગો પાણીમાં ઓગાળી ચૂનાનું ભીનું અને તાજા પ્લાસ્ટર પર રંગ લગાડવામાં આવે છે.

૩ બ્રાઉન, યલો ઓકર અને ટેરાવર્ટ

૪ તેઓને નબળી આંખોની બિમારી હતી છેવટે અંધ થયા.

૯.૩

૧ તેઓ ખૂબ જ પ્રભાવશાળી ચિત્રકાર અને દક્ષિણ ભારતમાં સમકાલિન કળાના પ્રણેતા હતા.

૨ ભારતમાં સૌ પ્રથમ કલા ગ્રામ (આર્ટીસ્ટ વિલેજ) ચોલામંડલમ ની ચેન્નઈમાં સ્થાપના કરી.

૩ શબ્દો અને પ્રતીકો (વર્ડઝ એન્ડ સિમ્બોલ્સ) એક પ્રયોગ લક્ષી ચિત્ર છે જેનાં ચિત્રની જગ્યા સુલેખનથી સજાવી છે.

૯.૪

૧ એફ.એન. સોઝા

૨ પ્રયોગાત્મક શહેરી દશ્ય ચિત્ર છે. જેમાં શહેરની ગહન લાક્ષણિકતા સુલેખ રેખાઓ અને રૂઢિગત પર્સપેક્ટીવ વિનાનું ચિત્ર.

૩ પીકાસો અને માતીસ

૪ લંડન, ન્યુ યોર્ક

# માધ્યમિક કક્ષાનો અભ્યાસક્રમ
# પેઈન્ટીંગ
# (૨૨૫)

## ભૂમિકા

*ચિત્રકળા બીજું કંઈ નહીં પરંતુ એક કૌશલ્ય છે જેમાં રંગો અને આકૃતિના પ્રમાણથી પોતાની અભિવ્યક્તિ થાય અને સૌંદર્ય દૃષ્ટિ ખીલે. તેનો બીજો ઉદ્દેશ અભ્યાસની પરખ દૃષ્ટિ વિકસાવવી અને રેખાઓ, પોત (ટેક્ષચર) આકાર, જગ્યા,લય વગેરેનું મૂલ્યાંકન અને વિવેચન કરી શકે.*

## અભ્યાસના ઉદ્દેશ

*આ અભ્યાસક્રમના ઉદ્દેશ નીચે મુજબ છે.*
*દૃષ્ટિ વિષયક વિચારોનો વિકાસ કરવો.*
*અભ્યાસીનું કૌશલ્ય, કાર્યશક્તિ, સૌંદર્યની રૂચિ વિકસાવવી.*
*ચિત્રમાં જગ્યા (સ્પેઈસ)નું વિભાજન, લય, પોત (ટેક્ષચર) તેમજ રેખાઓની અભિવ્યક્તિનું મુલ્ય વગેરે વિકસિત કરવું.*
*વિવિધ સામગ્રી જેવી કે પેન્સીલ, પેસ્ટલ, જળરંગ, તૈલરંગ કે શાહી (ઈંક) વગેરેના ઉપયોગથી કાર્ય કરવું.*

## અભ્યાસક્રમનું માળખું.

*માધ્યમિક કક્ષાનો ચિત્રકળાનો અભ્યાસક્રમ બે વિભાગમાં વહેંચાયેલો છે.*

૧ **સિધ્ધાંતિક (થીયરી)** ૩૦ ગુણ

**પ્રકરણ-૧**
*ભારતીય કળાનો પરિચય (પાઠ ૧ થી ૪)*
**પ્રકરણ-૨**
*પશ્ચિમી કળાનો પરિચય (પાઠ ૫ થી ૭)*
**પ્રકરણ-૩**
*ભારતીય સમકાલીન કળા પરિચય (પાઠ ૮ અને ૯)*

૨ **પ્રાયોગિક** ૭૦ ગુણ

*૧ પદાર્થ અને પ્રકૃતિ અભ્યાસ*
*૨ માનવ અને પ્રાણીઓની આકૃતિ-અભ્યાસ*
*૩ ચિત્ર સંયોજન*

| પ્રકરણ પાઠોનું પ્રતિ એકમ વિતરણ | ન્યુનતમ અભ્યાસ સમય કલાકમાં | ગુણ પ્રતિ એકમ | પ્રતિ પ્રકરણ |
|---|---|---|---|
| સિધ્ધાંતિક (થીયરી) | | | |
| પ્રકરણ-૧ ભારતીય કળાનો પરિચય | | | |
| પાઠ-૧ કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૩૦૦૦ ઇ.સ.પૂર્વથી ૬૦૦ ઇ.સ.) | ૭ | ૩ | |
| પાઠ-૨ કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૭ થી ૧૨મી સદી સુધી) | ૭ | ૩ | |
| પાઠ-૩ કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૧૨મી સદીથી ૧૮મી સદી સુધી) | ૬ | ૩ | |
| પાઠ-૪ ભારતીય લોકકળા પરિચય | ૭ | ૩ | ૧૨ |
| પ્રકરણ - ૨ પશ્ચિમી કળાનો પરિચય | | | |
| પાઠ-૫ પુનરુત્થાન (નવજાગરણ) | ૮ | ૩ | |
| પાઠ-૬ અસરવાદ (પ્રભાવવાદ) અનુપ્રભાવવાદ | ૧૨ | ૬ | |
| પાઠ-૭ ઘનવાદ, અતિવાત્સવવાદ અમૂર્તકળા | ૧૦ | ૪ | ૧૩ |
| પ્રકરણ-૩ ભારતીય સમકાલીન કળા | | | |
| પાઠ-૮ ભારતીય સમકાલીન કળાના પ્રણેતાઓ | ૭ | ૩ | |
| પાઠ-૯ ભારતીય સમકાલીન કળા | ૬ | ૨ | ૫ |
| સરવાળો | ૭૦ | ૩૦ | ૩૦ |
| પ્રાયોગિક | | | |
| પાઠ-૧ પદાર્થ અને પ્રકૃતિ અભ્યાસ | ૫૫ | ૨૦ | |
| પાઠ-૨ માનવ અને પ્રાણીઓની આકૃતિ | ૫૫ | ૨૦ | |
| પાઠ-૩ ચિત્ર સંયોજન | ૬૦ | ૨૦ | ૬૦ |
| સરવાળો | ૧૭૦ | ૬૦ | ૬૦ |
| પોર્ટફોલીયો પ્રસ્તુતી (ગૃહકાર્ય) | ૧૦ | | ૧૦ |
| કુલ સરવાળો | ૨૪૦ | ૧૦૦ | |

## અભ્યાસક્રમનું વિવરણ ૧૧ ગુણ

## પ્રકરણ-૧ ભારતીય કળાનો પરિચય

**પ્રસ્તાવ**

*ભારતીય લોકકળા અને લલિત કળાઓના ઈતિહાસની પરંપરા લગભગ ૫૦૦૦ ઈ.સ. પૂર્વની છે. સિંધુ ઘાટીની સંસ્કૃતિ કાળમાં આપણને અનેક કળાકૃતિઓ મળે છે તે ભારતીય કળાનું પ્રથમ ઐતિહાસિક ઉદાહરણ છે.દુર્ભાગ્યવશ તેમાં લગભગ ૧૦૦૦ વર્ષની ખૂટતી કડી છે જેના પછી મોર્ય કળા સાથે પ્રથમ ઐતિહાસિક સમય શરૂ થાય છે. જો કે બધા યુગમાં લલિત કળાઓ અને લોકકળાઓની પરંપરા એક બીજાના સમન્વય સાથે આગળ વધી. પ્રાચીન ભારતીય કળા મૂળભૂત રૂપે ધાર્મિક પ્રકૃતિની હતી જે હિંદુવાદ, બૌધ્ધવાદ અને જૈનવાદ જેવા સંપ્રદાયોથી પ્રભાવિત હતી. તે મૌર્યકાળમાં શરૂ થઈને આ કળાઓ ખૂબ ફુલીફાલી અને સમયાંતરે વિકસતી રહી. જેમાં ગુપ્તયુગ સિમાચિન્હ ગણાય. જ્યારે ઉત્તર ભારતીય કળામાં કેટલીક સીમારૂપ વિશેષતાઓ જોવા મળે છે. ત્યારે દક્ષિણ ભારતીય કળામાં પલ્લવ, ચૌલ, ચાલુક્ય અને હોયસળ વંશની પરંપરાઓ હેઠળ કળાનો વિકાસ થયો. શૈવ સંપ્રદાય અને વૈષ્ણવ સંપ્રદાયના ઘનિષ્ઠ પ્રભાવથી દ્રવિડ કળા સ્થાપત્યમાં કળાની જુદી દિશા સંપન્ન થઈ. મધ્ય ભારતીય વેસારા શૈલીમાં આપણે દક્ષિણ ભારતની (દ્રવિડ) અને ઉત્તર ભારતની (નાગર) શૈલીઓનું રસપ્રદ સંમિશ્રણ જોઈએ છીએ. આ ઉપરાંત ભારતમાં લઘુ ચિત્રોની એક સમૃધ્ધ પરંપરા મોગલ, રાજપૂત રાજવીઓ તેમજ પંજાબ, ગઢવાલ અને જમ્મુની પહાડીઓમાં સ્થાનિક શાશકોના સમયમાં વિકાસ પામી.*

### પાઠ-૧ ભારતીય કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૩૦૦૦ ઈસ. પૂર્વથી ૬૦૦ ઈસ. સુધી)

**વિષય**
*નૃત્યાંગના (નૃત્ય કરતી છોકરી)*
*રામપુરવા સાંઢ રાજધાની (કેપીટલ)*
*શ્યામ રાજકુમારી*

### પાઠ-૨ ભારતીય કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૭મી સદીથી ૧૨મી સદી સુધી)

**વિષય**
*અર્જુનનું પ્રાયશ્ચિત કે ગંગાવતરણ*
*ગોવર્ધન ગિરધારી/ગોવર્ધન પર્વત ઉંચકતા કૃષ્ણ*
*કોર્ણાકની સૂર સુંદરી*

### પાઠ-૩ ભારતીય કળાનો ઈતિહાસ અને મૂલ્યાંકન (૧૨મી સદીથી ૧૮મી સદી સુધી)

**વિષય**
*ગુલેર લઘુ ચિત્ર*
*જૈન લઘુ ચિત્ર*
*રાસલીલા ટેરાકોટા*

પાઠ-૪ ભારતીય લોકકળા

| વિષય |
|---|
| *પૂર્વ ક્ષેત્રનું કંથા* |
| *ઉત્તર ક્ષેત્રનું ફુલકારી* |
| *દક્ષિણ ક્ષેત્રનું કોલમ* |

## પ્રકરણ-૨ પશ્ચિમી કળાનો પરિચય ૧૨ ગુણ

### પ્રસ્તાવ

*ભારતીય સમકાલીન કળાને સમજવા માટે પશ્ચિમી દેશોના ૧૯મી થી ૨૦મી સદીની વિવિધ કળા ગતિવિધિને જાણવી જરૂરી છે. પશ્ચિમમાં પુનરુત્થાનથી (નવજાગરણ) યુરોપીયન કળાનો દ્રષ્ટિકોણ અને સૌંદર્ય બોધમાં એક નવો જ વળાંક આવ્યો જેમાં ખાસ કરીને અતિ પુનરુત્થાનવાદી કલાકારોએ મહત્વનું પ્રદાન કર્યુ. પશ્ચિમી કળામાં અનંત સંશોધન અને અભિનવ પરિવર્તન થતા રહયા અને કલાકારોનું દ્રષ્ટિબિંદુ વાસ્તવવાદથી અભિવ્યકિતના વલણથી બિન વાત્સવિક કળાના સ્વરૂપો તરફ બદલાતું રહયું. ટેકનીકલ અને સૌંદર્યલક્ષી ફળશ્રુતિમાં પણ વિવિધ વાદો જેમ કે ઘનવાદ, અતિવાત્સવવાદ અને અમૂર્તવાદની સાથે બદલાયા. પશ્ચિમની કલાની આ ગતિવિધિઓની અસર ભારત સહિત વિશ્વની કળામાં જોવા મળી. ભારતના આધુનિક ચિત્રકારોએ આવા પ્રભાવ હેઠળ કાર્ય કર્યુ અને ધીમે ધીમે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાના પ્રયત્ન કર્યા.*

પાઠ-૫ પુનરુત્થાન યુગ (નવજાગરણ યુગ)

| વિષય | કળાકાર |
|---|---|
| *મોનાલીસા* | *લીઓનાર્ડો વિન્ચી* |
| *પિએતા* | *માઈકલ એંજેલો* |
| *રાત્રિનો પહેરો (નાઈટવોચ)* | *રેમ્બ્રાં* |

પાઠ-૬ પ્રભાવવાદ અને અતિ પ્રભાવવાદ

| વિષય | કળાકાર |
|---|---|
| *વોટર લીલીઝ* | *મોનેટ* |
| *મૌલિન ડી. ગૈલેટ* | *રેનીર્યાર* |
| *સ્ટીલ લાઈફ વીથ ઓનીયન્સ* | *સેઝા* |
| *સન ફલાવર* | *વિન્સેટ વાનગોઘ* |

પાઠ-૭ ઘનવાદ, અતિવાત્સવવાદ અને અમૂર્તવાદ

| વિષય | કળાકાર |
|---|---|
| *મેન વીથ વાયોલીન* | *પાબ્લો પિકાસો* |
| *પર્સીસ્ટન્ટ ઓફ મેમરી* | *સાલ્વાડોર ડાલી* |
| *બ્લેક લાઈન્સ* | *કેન્ડેન્સ્કી* |

## પ્રસ્તાવ

*ભારતમાં બ્રિટિશ શાશન હેઠળ વિદ્યાર્થીઓને મુખ્યત્વે યુરોપીયન શૈલીના કલા અભ્યાસ માટે કલકત્તા, મદ્રાસ અને મુંબઈ જેવા શહેરોમાં વિદ્યાલયોની સ્થાપના થઈ. ત્રાવણકોરના રાજા રવિ વર્મા આ સમયમાં ખૂબ જ લોકપ્રિય બન્યા. તેમણે લોકપ્રિય પૌરાણિક દ્રશ્યોને પશ્ચિમની વાત્સવિક શૈલીમાં ચિત્રિત કર્યા. રવિન્દ્રનાથ ટાગોરના ભત્રીજા અવનિન્દ્રનાથ ટાગોરે પોતાની ક્ષેત્રિય ચિત્ર શૈલી વિકસાવી અને બંગાળ શાળાના પ્રણેતા બન્યા જ્યારે આવી ચળવળ સમગ્ર દેશમાં ફેલાઈ હતી ત્યારે પેરીસમાં તામીલ પામેલા અમૃતા શેરગીલે ભારતીય કળા જગતમાં ઝુકાવ્યું. તેણીના ચિત્રોમાં પશ્ચિમની ટેકનીક અને ભારતીય વિષયવસ્તુનું સંયોજન જોવા મળે છે. રવિન્દ્રનાથ ટાગોરે પણ વિશિષ્ટ અભિવ્યક્તિવાદી શૈલીમાં ચિત્રો કર્યા. લગભગ આ જ સમયે જેમિની રોયે ફરીથી લોકકળાના સૌંદર્યની શોધ કરી.*

*ઘણા યુવા કલાકારોએ આનું અનુસરણ કરી જીવન પ્રત્યેના પોતાના મૌલિક વિચારોને ચિત્રોમાં રજૂ કર્યા. શિલ્પકાર પ્રદોષ દાસ ગુપ્તા અને ચિત્રકાર પરિતોષ સેને કલકતા ગ્રુપની રચનામાં પ્રદાન કર્યુ. કાર્યશીલ કલાકાર વૃંદ (પ્રોગ્રેસીવ આર્ટીસ્ટ ગ્રુપ)નો ઉદ્ભવ ચિત્રકાર એફ એન સોઝા, રઝા અને અન્ય ચિત્રકારોના યોગદાનથી થયો.*

### પાઠ-૮ ભારતના સમકાલીન કલાના પ્રણેતાઓ

| વિષય | કળાકાર |
|---|---|
| *હંસ દમયંતિ* | *રાજા રવિ વર્મા* |
| *બ્રહ્મચારીઓ* | *અમૃતા શેરગીલ* |
| *ઓટ્રીયમ* | *ગગનેન્દ્રનાથ ટાગોર* |

### પાઠ-૯ ભારતીય સમકાલીન કળા

| વિષય | કળાકાર |
|---|---|
| *વર્લ્ફુલ* | *ક્રિશ્ના રેડ્ડી* |
| *શબ્દો અને પ્રતીક* | *કે સી. એસ પાનીકર* |
| *પેરીસનું ચર્ચ* | *સોઝા* |
| *શાંતિનિકેતન કલાભવનનું ભીંત ચિત્ર* | *બિનોદ બિહારી મુખર્જી* |

## પ્રાયોગિક

કુલ ગુણ ૬૦

### ભાગ-૧ પદાર્થ અને પ્રકૃતિ અભ્યાસ — અભ્યાસના કલાક ૫૫ — ગુણ-૨૦

**પ્રસ્તાવ**

*માનવ સર્જીત કે પ્રકૃતિની વસ્તુઓના આકાર અને રચનાઓ કે આકૃતિઓનો અભ્યાસ પેન્સીલ અથવા રંગો વડે સહેલાઈથી કરી શકાય છે. તેમાં સ્કેચીઝની આદતથી વસ્તુઓનું સૂક્ષ્મ નિરીક્ષણની શકિતનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીએ ઘરમાંથી સહેલાઈથી મળતી ચીજ વસ્તુઓનો ઉપયોગ પદાર્થ ચિત્ર માટે કરવો જોઈએ. જેમ કે કપ, પ્લેટ, ગ્લાસ, પુસ્તક, પેન્સીલ બોકસ વગેરે અને પ્રકૃતિના અભ્યાસ માટે ઝાડ, પહાડ, ટેકરીઓ, શાકભાજી, ફુલો વગેરેના ચિત્રો કરી શકાય.*

*વપરાશ માટેની ચિત્ર સામગ્રીઃ પેન્સીલ (HB, 2B, 4B, 6B), રંગો, ઓઈલ પેસ્ટલ, પોસ્ટર કલર, વોટર કલર, પીછીઓ, કલર પેન્સીલ (સ્કેચ પેનનો ઉપયોગ ન કરવો).*

### ભાગ-૨ માનવ અને પશુ આકૃતિઓ — અભ્યાસ કલાક-૫૫ — ગુણ ૨૦

**પ્રસ્તાવ**

*સજીવ અને નિર્જીવ વસ્તુઓના મૂળભૂત આકારોને સમજવામાં આવે તે ખૂબ જ જરૂરી છે જેના ઉપરથી કલ્પના કરી આકાર આપી શકાય. કોઈ પણ વસ્તુઓનો મૂળભૂત આકાર ગોળ, ત્રિકોણ કે ચોરસને લક્ષમાં લઈને તે વસ્તુને સ્વરૂપ આપવા માટે પેપર પર અહીં તહીં ગોઠવી શકાય બન્ને રીતે બાહય આકાર સાથે અને બાહય આકાર વિના.*

*માનવ અને પશુઓની આકૃતિઓના ચિત્ર કરતી વખતે તેના મૂળભૂત ભૌમિતિક આકારો જેવા કે ચોરસ, ગોળ, ત્રિકોણ વગેરેનો વિવિધ કદને લક્ષમાં લઈ અભ્યાસ કરવો જ્યારે ફ્રી હેન્ડનો અભ્યાસ ભૌમિતિક આકારોની સહાય વિના કરવો.*

### વપરાશ માટેની ચિત્ર સામગ્રી

*પૂંઠામાંથી કાપેલા ઉપર જણાવેલ આકારો/ભૌમિતિક આકારો, રંગ, પેન્સીલ,HB, 2B, 4B, 6B, પીંછીઓ.*

### ભાગ-૩ ચિત્ર સંયોજન — અભ્યાસના કલાક-૬૦ — ગુણ-૨૦

**પ્રસ્તાવ**

*જીવન અને પ્રકૃતિના સીધા જ મુકત હસ્ત રેખાચિત્રોનો અભ્યાસ કરવાથી ચિત્ર સંયોજનના બધા જ તત્વોની સમજ કેળવાશે. મૂળભૂત ભાત (ડીઝાઈન)થી શરૂઆત કરી વિવિધ પ્રયોગો દ્વારા આકારોને સમજી શકાય. વિવિધ રંગોના વપરાશથી સંયોજનની દ્રષ્ટિ વિકસે. ચિત્ર સંયોજનમાં પોતાની વિશેષતા દર્શાવવા કોલાજ ચિત્ર કરવા જરૂરી છે. આગળના પાઠોની તાલીમની સહાયથી સજીવ કે નિર્જીવ ભૌમિતિક આકારોમાં લય, સંતુલન, જગ્યા, રંગ અને એકરૂપતાને લક્ષમાં રાખીને ચિત્રો કરવાં જોઈએ.*

*કોલાજ ચિત્ર સંયોજન કરવા માટે કાપેલા રંગીન પેપરના ટુકડા, છાપા કે મેગેઝીનમાં છપાયેલ ચિત્રોના ટુકડાઓ વગેરે જે સહેલાઈથી મળી શકે તેવી સામગ્રીનો સંયોજનના વિવિધ તત્વો/પાસાઓનો ખ્યાલ રાખીને કોલાજ ચિત્ર બનાવવું જોઈએ.*

*વપરાશ માટેની ચિત્ર સામગ્રી*

*પેન્સીલ* HB, 2B, 4B, 6B*, કોઈ પણ જાડો કાગળ, માર્બલ/ગ્લેઝ પેપર, પેકીંગના પેપર, રંગીન મેગેઝીનના કાગળ અને કાપડના બિનજરૂરી ટુકડાઓ, મજબૂત રીતે ચોંટાડી શકાય તેવી સામગ્રી.*

## પોર્ટફોલીયો રજૂઆત

*વિધાર્થીએ ઓછામાં ઓછી આઠ કલાકૃતિઓનો પોર્ટફોલીયો રજૂ કરવો જરૂરી છે. જેમાં પોર્ટફોલીયોની તૈયારીની તારીખ દર્શાવી ચિત્રોને માઉન્ટ કરીને સુરક્ષિત રજૂ કરવા.*

## ભાગ-૧ પ્રકૃતિ ચિત્ર અને પદાર્થ ચિત્ર (ઓછામાં ઓછા ત્રણ)

*ઈમ્પીરીયલ સાઈઝના ચોથા ભાગનો પેપર લેવો.*
*પેન્સીલ રેખા ડ્રોઈંગ-૧*
*રંગોથી કરેલ ચિત્ર-૧*
*પેન અને ઈંકમાં - ૧*
*(જેલ પેન, સ્કેચ પેન અથવા બોલ પેન)*

## ભાગ-૨ માનવ અને પશુ આકૃતિઓ (ઓછામાં ઓછા ત્રણ)

*ઈમ્પીરીયલ સાઈઝના ચોથા ભાગનો પેપર લેવો.*
*એક ચિત્ર સંયોજન રંગ અને રેખાઓ સાથે (માનવ અને પશુઓ સાથે)*
*(પોસ્ટર કલર/વોટર કલર)*
*એક પેન્સીલના ટોન સાથે (માનવ અને પશુઓ સાથે)*
*એક રંગીન ડ્રોઈંગ (માનવ અને પશુઓ સાથે)*

## ભાગ-૩ ચિત્ર સંયોજન (ઓછામાં ઓછા ચાર)

*ઈમ્પીરીયલ સાઈઝના ચોથા ભાગનો પેપર લેવો.*
*એક ચિત્ર સંયોજન-રંગ અને રેખાઓ સાથે (પોસ્ટર અથવા વોટર કલર)*
*એક કોલાજ ચિત્ર*
*એક ઓઈલ પેસ્ટલથી કરેલ ચિત્ર*
*એક પેન્સીલ અથવા પેન અને ઈંકથી કરેલ ચિત્ર*

# મૂલ્યાંકન યોજના

| મૂલ્યાંકન પધ્ધતિ | સયમ કલાકમાં | ગુણ | | ભાગ |
|---|---|---|---|---|
| **સૈધ્ધાંતિક પેપર-૧** | ૧ ૧/૨ | ૩૦ | | |
| પ્રાયોગિક- પેપર-૧ (ત્રણ ભાગમાં)<br>+પોર્ટફોલીયોનું મૂલ્યાંકન | ૧+૧+૧=૩<br>કલાક | ૭૦ | | |
| **ભાગ-૧ પદાર્થ અને પ્રકૃતિ અભ્યાસ** | | | | |
| સંયોજન અને ડ્રોઈંગ | | ૮ | ૨૦ | ૧ |
| માધ્યમની પ્રસ્તુતી | ૧ | ૮ | | |
| અભિવ્યક્તિ | | ૪ | | |
| **ભાગ-૨ માનવ અને પશુ આકૃતિ અભ્યાસ** | ૧ | | | |
| આકારોની રચના અને વિષયવસ્તુ<br>ની રજૂઆત | | ૮ | ૨૦ | ૨ |
| માધ્યમની પ્રસ્તુતી | | ૮ | | |
| અભિવ્યક્તિ | | ૪ | | |
| **ભાગ-૩ ચિત્ર સંયોજન** | | | | |
| ડીઝાઈન અને લે આઉટ | ૧ | ૮ | ૨૦ | ૩ |
| માધ્યમની પ્રસ્તુતી | | ૮ | | |
| અભિવ્યક્તિ | | ૪ | | |
| પોર્ટફોલીઓ રજૂઆત | પોતાની | | | |
| પૂર્ણ ચિત્રકામ | અનુકૂળતા | ૫ | ૧૦ | |
| કાર્યનું સ્તર | મુજબ | ૩ | | |
| રજૂઆત | | ૨ | | |
| **કુલ** | | | ૧૦૦ | |

# ચિત્રકલા

## નમૂનાના પ્રશ્નપત્રનું માળખું

વિષય-પેઈન્ટીંગ કક્ષા- માધ્યમિક

સૈધ્ધાંતિક-૩૦ પ્રયોગાત્મક-૭૦

| ઉદ્દેશો | ગુણ | કુલ ગુણના ટકા |
|---|---|---|
| જ્ઞાનાત્મક | ૧૦ | ૩૫% |
| સમજશકિત | ૧૫ | ૫૦% |
| પ્રયોજન | ૫ | ૧૫% |
| કુલ | ૩૦ | ૧૦૦% |

### પ્રશ્નોનો ભારાંક પ્રકાર

| પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | દરેક પ્રશ્નના ગુણ | વિધાર્થીનો અપેક્ષિત અંદાજીત સમય |
|---|---|---|---|
| વિસ્તૃત જવાબ પ્રકાર | ૩ | (૩X૩) ૯/૯ મીનીટ | ૨૭ મીનીટ |
| ટૂંકા જવાબ | ૭ | (૨X૭) ૪/૬ મીનીટ | ૪૨ મીનીટ |
| ખૂબ ટૂંકા જવાબ | ૭ | (૧X૭) ૭/૩ મીનીટ | |
| | ૧૭ | ૩૦ | ૯૦ |

## વિષયનુસાર ભારાંક

| પ્રકરણ | પ્રશ્ન સંખ્યા | ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|
| **૧ ભારતીય કળાનો પરિચય** | | | |
| પાઠ-૧ | ૨ | ૨ | ૨X૨=૪ |
| પાઠ-૨ | ૧ | ૧ | ૧X૧=૧ |
| પાઠ-૩ | ૧ | ૧ | ૧X૩=૩ |
| પાઠ-૪ | ૩ | ૩ | ૩X૧=૩ |
| **૨ વિશ્વની કળાનો પરિચય** | | | |
| પાઠ-૫ | ૧ | ૩ | ૧X૩=૩ |
| પાઠ-૬ | ૩ | ૨ | ૩X૨=૬ |
| પાઠ-૭ | ૩ | ૧ | ૩X૧=૩ |
| **૩ ભારતીય સમકાલીન કળાનો પરિચય** | | | |
| પાઠ-૮ | ૧ | ૩ | ૧X૩=૩ |
| પાઠ-૯ | ૨ | ૨ | ૨X૨=૪ |

# અઘરા સ્તરના પ્રશ્નપત્રો

| સ્તર | સંખ્યા | અપાયેલ ગુણના ટકા |
|---|---|---|
| અઘરું<br>હોંશિયાર વિદ્યાર્થીઓ દ્વારા કરી શકાય | | ૨૦% |
| સામાન્ય<br>જે વિદ્યાર્થીઓએ સામગ્રીનો નિયમિત<br>અભ્યાસ કર્યો હોય પરંતુ લેખિત અભ્યાસમાં<br>પૂરતો સમય ન ફાળવ્યો હોય | | ૫૦% |
| સરળ | | ૩૦ |
| અભ્યાસ સામગ્રીનું જેમણે વાંચન કર્યું હોય<br>તેવા વિદ્યાર્થી સંતોષ જનક જવાબ આપી શકે | | |
| | | ૧૦૦% |

## નમૂનારૂપ પ્રશ્નપત્ર

**સમય ૧ ૧/૨ કલાક** **ગુણ-૩૦**

**બધા પ્રશ્નોના ઉત્તર આપો.**

*એક ગુણના પ્રશ્નનો ઉત્તર આશરે ૧૦ શબ્દોમાં આપો.*
*બે ગુણના પ્રશ્નનો ઉત્તર આશરે ૩૦ શબ્દોમાં આપો.*
*ત્રણ ગુણના પ્રશ્નનો ઉત્તર આશરે ૫૦ શબ્દોમાં આપો.*

| | | |
|---|---|---|
| ૧ | નૃત્યાંગના (ડાન્સીંગ ગર્લ) શિલ્પ, ધાતુ અને મળવાના સ્થળનું વર્ણન કરો. | ૨ |
| ૨ | અજંતામાનું કોઈ એક ચિત્ર પસંદ કરી તેની શૈલી અને ટેકનીકનું વિવરણ કરો. | ૨ |
| ૩ | નીચેનામાંથી કોઈ એક પર ટૂંક નોંધ લખો. | ૧ |
| | ૧ અર્જુનનું પ્રાયશ્ચિત/ગંગાવતરણ | |
| | ૨ કોનાર્ક | |
| | ૩ ગોવર્ધન ગિરિધારી (ગોવર્ધન પર્વત ઉંચકતા કૃષ્ણ) | |
| ૪ | રાજપૂત ચિત્રશૈલીનો વિકાસ કેવી રીતે થયો. ગુલેર સ્કુલનું તેના વિકાસમાં શું પ્રદાન છે. | ૩ |
| ૫ | કોલમ શું છે ? કયા પ્રકારના પ્રતીકોનો તેમાં ઉપયોગ થાય છે ? | ૧ |
| ૬ | ફુલકારીનો અર્થ શું છે ? ફુલકારી ભાત પર થોડી લાઈનો લખો. | ૧ |
| ૭ | કંથા કળાની ભાત (ડીઝાઈન) મોતીફ વિષે લખો. | ૧ |
| ૮ | ચિત્રકળામાં નવા આકારોની રચનામાં પુનરુત્થાન સમયની ભૂમિકા દર્શાવો. | ૩ |
| | બોત્તીસેલી અને લીઓ નાર્ડો દા. વિન્ચી જેવા કલાકારો પર શું અસર થઈ ? | |
| | અથવા | |
| | માઈકલ એન્જેલોને તમે પુનરુત્થાનના મહાન શિલ્પકાર માનો છો ? તમારા ઉત્તરને સિધ્ધ કરો. | |
| ૯ | પ્રભાવવાદી ચિત્રકળાના મુખ્ય લક્ષણોનો ઉલ્લેખ કરો. | ૨ |
| ૧૦ | પોતાના વિષય વસ્તુની પસંદગીમાં રેનીયોરની પ્રાથમિકતા શું હતી? ઉદાહરણ સાથે દર્શાવો. | ૨ |
| ૧૧ | પોલ સેઝાંનું પદાર્થ ચિત્ર સ્ટીલ લાઈફ વીથ ઓનીયન્સની બે મુખ્ય ખાસીયતોનો ઉલ્લેખ કરો. | |
| ૧૨ | ઘનવાદ શું છે ? કયા કલાકારોએ આ શૈલીની શરૂઆત કરી ? | ૧ |

૧૩ સાલ્વાડોર ડાલી શા માટે આટલા પ્રસિધ્ધ છે ? તેના એક પ્રખ્યાત ચિત્રનું નામ આપો. ૧

૧૪ નીચેનામાંથી કોઈ એક ઉપર નોંધ લખો. ૩

એ - કેન્ડેન્સ્કી

બી - મેન વીથ વાયોલીન

સી - અમૂર્તકળા

૧૫ નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આપો. ૨

એ. ભારતમાં બ્રિટીશ રાજયની શરૂઆતમાં કયા પ્રકારની કળાનો વિકાસ થયો. તેના વિષે ટૂંક નોંધ લખો.

બી. ગગનેન્દ્રનાથ ટાગોર પર પ્રસંશા પૂર્ણ નોંધ લખો.

૧૬ ગ્રાફીક કળા અથવા પ્રીન્ટ મેઈકીંગ શું છે ? કેટલીક પ્રીન્ટ મેઈકીંગની પધ્ધતિઓના નામ દર્શાવો. ૨

૧૭ યુવા વયમાં તેમની નબળી દ્રષ્ટિ અને છેવટે અંધાપો તેમની સર્જનાત્મક ઈચ્છા શકિતને રોકી શકયા નહીં. આ ચિત્રકાર કોણ હતા ? તેમના કોઈ એક ચિત્રનું વર્ણન કરો. ૨

## ગુણ યોજના

## વિષય- ચિત્રકળા

| પ્રશ્ન ક્રમાંક | અપેક્ષિત ઉત્તર | ગુણ વહેંચણી | કુલ ગુણ |
|---|---|---|---|
| ૧ | સ્ત્રીનું આ સુંદર ધાતુશિલ્પ સિંધુ ઘાટીમાંથી મળ્યું હતું. તેની વિલક્ષણ અંગ ભંગિમા ધ્યાનાકર્ષક છે. | ૧/૨ | ૨ |
| | આકૃતિમાં કલાકારની ધાતુ ગાળવાની ચીવટ વર્તાય છે. જમણા હાથને કમર પર અને ડાબા હાથને ડાબી જાંઘ ઉપર દર્શાવેલ છે. | ૧ ૧/૨ | |
| | તેમાં શિલ્પની કારીગરી અને કલા કૌશલ્યનું સફળ સંમિશ્રણ છે. | | |
| ૨ | શ્યામળી રાજકુમારી ગુપ્તયુગમાં અજંતાની ઔરંગાબાદ પાસે આવેલી ગુફાઓમાંથી મળેલ છે. | ૧ ૧/૨ | |
| | ટેમ્પરા પધ્ધતિમાં બનેલ આ લયપૂર્ણ ચિત્રમાં રેખાઓ મુક્ત રીતે સરકતી અને શરીરની લય દર્શાવે છે. | ૧ ૧/૨ | |
| ૩ | એ. પલ્લવ કાળમાં મામલ્લપુરમમાં એક વિશાળ શિલા ઉપર બનેલી મૂર્તિને અર્જુનનો પશ્ચાતાપની વાર્તાના રૂપમાં ઓળખવામાં આવે છે. અન્યોના મતે આ ગંગાવતરણ છે. | ૧ | |
| | અથવા | | |
| | બી. કોનારકનું સૂર્યમંદિર, ઓરીસ્સા. સુરસુંદરીના સુંદર શિલ્પ કોતરાયાં છે. | ૧ | |
| | અથવા | | |
| | સી. હોયસળ સમયનું આ શિલ્પ બેલુરમાં છે. તેનું કોતરકામ નાજુક અને ઝીણવટભર્યું છે. | ૧ | |
| ૪ | ઘણા રાજવંશોના પતન પછી ભારતના પશ્ચિમ ક્ષેત્ર રાજસ્થાન અને પંજાબની પહાડીઓમાં કળાના સ્વરૂપનો વિકાસ થયો. જે રાજપૂત ચિત્ર શૈલી તરીકે ઓળખાય છે. | ૧ ૧/૨ | ૩ |
| | રાજપૂત ચિત્રકળા ૧૬ થી ૧૯મી સદીમાં ખૂબ સમૃધ્ધ થઈ. આ શૈલીમાં | ૧ ૧/૨ | |

| | | | |
|---|---|---|---|
| | લોકકળા અને શાસ્ત્રીયકળાનું સંયોજન છે. પાછળથી તેમાં મોગલ લઘુ ચિત્રોની અસર થઈ. | | |
| ૫ | કોલમ ચોખાની પેસ્ટથી થતી ભોંય સજાવટ છે. તહેવારોમાં મહિલાઓ પ્રતીકાત્મક રૂપ જેવા કે કુંભ, દિવો, અને નાળિયેરના વૃક્ષ વગેરે દર્શાવી સજાવટ ચિત્ર કરે છે. | ૧ | |
| ૬ | તેનો અર્થ છે ફુલોના આકારના ટાંકાની સજાવટ. તે પંજાબમાં ખાસ પ્રકારના ભરતકામથી ઓળખાય છે.<br>મૂળ આકારો (મોટીફ) ભૌમિતિક હોય છે. | ૧/૨<br>૧/૨ | ૧ |
| ૭ | મોટીફ અને ભાત ગ્રામીણ પ્રકૃતિ દ્દશ્યો, ધાર્મિક ક્રિયાઓ અને રોજબરોજ વપરાતી ચીજ વસ્તુઓ માંથી લેવાય છે. | ૧ | ૧ |
| ૮ | પુનરુત્થાન શબ્દનો અર્થ પુનઃજન્મ છે. આ સમયે દરેક ક્ષેત્રમાં નવા પ્રયોગો થયા. જેમાં ચિત્રકલા અને શિલ્પકલાનો સમાવેશ છે.<br>૧૪મીથી ૧૮મી સદી દરમિયાન લિઓનાર્ડો દા. વિન્ચી, રફાયેલ, બોત્તીચેલી અને માઈકલ એન્જેલો જેવા મહાન કળાકારોએ પ્રકાશ, છાયા, સંપેક્ષિકરણ અને પર્સપેકટીવ વગેરેમાં પ્રયોગો કર્યા. બોત્તીચેલીએ શરીર સંરચના (એનેટોમી)ના ડ્રોઈંગનું પોતાની શૈલીમાં કૌશલ્ય બતાવ્યું. તેણે હળવા કૃત્રિમ પ્રકાશનો ઉપયોગ કોમળ સુસંગત સૌંદર્ય પોતાના ચિત્રમાં દર્શાવવા કર્યો. બીજી બાજુ વિન્ચીએ છાયા પ્રકાશની નાટયાત્મક વિસંગતતા ઉપર પ્રયોગ કર્યા. તેણે અભિવ્યક્તિના મનોવૈજ્ઞાનિક પાસા ઉપર ભાર મૂક્યો. ઉદાહરણ રૂપે મોનાલીસા.<br>અથવા<br>માઈકલ એન્જેલો નિશ્ચિતરૂપે પુનરુત્થાન સમયનો મહાન શિલ્પકાર છે. | ૧/૨<br>૨ ૧/૨<br><br><br>૨ ૧/૨ | |

| | | | |
|---|---|---|---|
| | આરસના પથ્થરની શિલ્પકળામાં તે નિપૂણ હતો. તેની ઉત્તમ શિલ્પકૃતિઓમાંનું એક પીએતા છે. તે માઈકલ એન્જેલોનું ઉચ્ચતમ સંપૂર્ણ કામ છે. શિલ્પકૃતિના વસ્ત્રોમાં વિશિષ્ટ લય અને પરિપકવ શરીર સંરચના (એનેટોમી)ની ઝીણવટભરી અભિવ્યકિત છે. તેનાં અન્ય પ્રસિધ્ધ કાર્યોમાં મોસેસ, ડેવિડ વગેરે તેમને મહાન અને નિપૂણ કલાકારની ગણના માટે પૂરતા છે. | ૧/૨ | |
| ૯ | પ્રભાવવાદ એક કલાત્મક આંદોલન હતું. પ્રદર્શન ૧૮૭૪માં યોજાયું હતું. કળાકારોએ જીવન અને રંગોની અસર લક્ષી શૈલીનું અનુસરણ કર્યુ. કલાસિકલ અને આધુનિક ચિત્રકળા વચ્ચેનો ભેદ દર્શાવવા તેની શરૂઆત થઈ. મોનેટ, રેનીયોર અને ડેગા તેના પ્રણેતાઓ હતા. | ૧<br>૧ | ૨ |
| ૧૦ | રેનીયોર પ્રભાવવાદી ફ્રેંચ કલાકાર હતા. તેણે મુખ્યત્વે સંવેદનશીલ અને મનોહર ચિત્રોનું સર્જન કર્યુ. તેમણે સમૂહ ચિત્ર સંયોજન, વ્યકિત ચિત્રો અને મહિલા મોડેલના અભ્યાસમાં પસંદ હતી. તેમણે જાંબુડી, સફેદ અને વાદળી રંગોનો ઉપયોગ કર્યો. મોલિનદે લા. ગેલેટ ચિત્ર ફેશનેબલ વસ્ત્રોમાં સજજ ચહેરાઓને રૂપ આપ્યું. | ૧<br>૧ | ૨ |
| ૧૧ | સેઝાં એક અનુ પ્રભાવવાદી ચિત્રકાર હતો. જેણે ભાવ અભિવ્યકિતને મહત્વ આપ્યું. તેણે આકારોના રૂપનું સરળીકરણ કરી બતાવ્યું. તેમનું ચિત્ર સ્ટીલ લાઈફ વીથ ઓનિયનમાં તેમણે રંગોના સપાટ લસકરાનો ઉપયોગ કર્યો. ચિત્ર સંયોજનમાં આડી અને ઉભી રચનાના ત્રિપરિમાણીય ભાગ દર્શાવ્યા છે. | ૧/૨<br>૧ ૧/૨ | |
| ૧૨ | ઘનવાદ, ચિત્રકલા અને શિલ્પકલાની એક શૈલી છે. જેમાં પ્રકૃતિની તમામ વસ્તુઓ નળાકાર અને ગોળાઈમાં દર્શાવાય છે. | ૧ | |
| ૧૩ | ડાલી અતિ વાસ્તવવાદી ચિત્રો માટે પ્રસિધ્ધ છે. તેમણે ચિત્રો દ્વારા દુનિયાને | ૧ | ૧ |

| | | | |
|---|---|---|---|
| | બેવકુફીભરી, અસંગત અને અસામાન્ય તત્વોવાળી દર્શાવવા પ્રયત્ન કર્યો. | | |
| ૧૪ | (એ) કેન્ડેન્સ્કી અમૂર્ત કળાનો પ્રણેતા છે. તેના ચિત્રોમાં અમૂર્ત અને ભૌમિતિક તત્વોનું સંયોજન છે.<br>(બી) આ ઘનવાદ ચિત્ર પિકાસોનું છે. તે વિશ્લેષણાત્મક ઘનવાદનું ઉત્તમ ઉદાહરણ છે.<br>(સી) અમૂત કળા એ સામાન્યતઃ બિન અભિવ્યક્તિગત કળાનો પર્યાય છે. જે સમકાલીન વિશ્વને એક વાસ્તવદર્શી રૂપે નકારે છે. | ૧<br>૧<br>૧ | ૧ |
| ૧૫ | બ્રિટીશ રાજની શરૂઆતમાં ભારતીય કળાનું પતન જોવા મળ્યું. ફ્રેસ્કો ભીંતચિત્રો, લઘુચિત્રોનું અસ્તિત્વ સમાપ્ત થયું. ભારતીય કળાકારોએ યુરોપીયન શૈલીના અનુસરણની તૈલ રંગ જળરંગ અને ટેકનીકથી શરૂઆત કરી. રાજા રવિ વર્માએ પૌરાણિક અને ઐતિહાસિક વાર્તાઓના વિષયવસ્તુથી ચિત્ર સર્જનો કર્યા. અવનીન્દ્રનાથ ટાગોરે પોતાની આગવી બંગાળ શૈલી વિકસાવી. રવિન્દ્રનાથ ટાગોરે અમૂર્ત રચનામાંથી અનુપ્રભાવવાદી શૈલી રજૂ કરી. જેમીની રોયે લોકકળાને સુસંસ્કારી સ્વરૂપ આપ્યું.<br><br>અથવા<br><br>ગગનેન્દ્રનાથ ભારતીય સમકાલીન કળામાં આગળ પડતું વ્યક્તિત્વ હતું. તેમણે ઘનવાદ તરફ રૂચિ દર્શાવી પરંતુ અમૂર્ત અને ભૌમિતિક રચનાઓથી પોતાની આગવી શૈલી વિકસાવી. તેઓ તેમના સમયના એક મહાન વિવેચક પણ હતા અને તેમના સામાજીક વ્યંગ ચિત્રો (કાર્ટુન) પ્રચલિત હતા. તેમના ચિત્રો પૈકીનું એક ઓટ્રીયમ ઘનવાદના પ્રભાવનું નોંધપાત્ર ચિત્ર છે. | ૧ ૧/૨<br>૧ ૧/૨<br><br>૧ ૧/૨ | ૩ |
| ૧૬ | ગ્રાફીક,કલાકૃતિની વધુ નકલો કરવાની મુદ્રણ પધ્ધતિ છે. પ્રીન્ટ મેઈકીંગની | ૧/૨ | ૨ |


| | | | |
|---|---|---|---|
| | વિવિધ ઘણી પધ્ધતિઓ છે જેમકે એચીંગ, ડ્રાય પોઈન્ટ, આકવાટીંગ, ઈન્ટાલ્યો, લીથોગ્રાફી, ઓલિયોગ્રાફી, સીલ્ક સ્ક્રીન વગેરે. | ૧ ૧/૨ | |
| ૧૭ | બિનોદ બિહારી મુજર્જી એક એવા કળાકાર હતા જેમણે અંધાપો છતાં ચિત્ર સર્જન કરતા રહયા. પોતે સંપૂર્ણ અંધ થયા છતાં તેમણે શાંતિ નિકેતનના કલાભવનમાં વિશાળ ભીંત ચિત્રનું સર્જન કર્યું. | ૧<br>૧ | ૨ |

# બ્લ્યુ પ્રીન્ટ

| વિષય : પેઈન્ટીંગ<br>વધુમાં વધુ ગુણ-૩૦ | | | | | | | | | | | ધોરણ-માધ્યમિક<br>સમયઃ ૧ ૧/૨ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુ. નં. | વિષયવસ્તુ સૂચિ | બૌધ્ધિક | | | | સમજણ | | | પ્રયોગ | | | કુલ |
| | | દિ.ઉ. | લ.ઉ. | અ.લ.ઉ. | | દિ.ઉ. | લ.ઉ. | અ.લ.ઉ. | દિ.ઉ. | લ.ઉ. | અ.લ.ઉ. | |
| | પ્રકરણ-૧ | | | | | | | | | | | |
| ૧ | પાઠ-૧ | | ૨(૧)૧ | | | | | | ૨(૧)૨ | | ૪(૨) | |
| ૨ | પાઠ-૨ | | | | | | ૧(૧)૩ | | | | ૧(૧) | |
| ૩ | પાઠ-૩ | ૩(૧)૪ | | | | | | | | | ૩(૧) | |
| ૪ | પાઠ-૪ | | | ૧(૧)૫ | | | ૧(૧)૬ | | | ૧(૧)૭ | ૩(૧) | |
| | પ્રકરણ-૨ | | | | | | | | | | | |
| ૫ | પાઠ-૫ | | | | ૩(૧)૮ | | | | | | ૩(૧) | |
| ૬ | પાઠ-૬ | | ૨(૧)૯ | | | ૨(૧)૧૦ | | ૩(૧)૧૧ | ૬(૩) | | | |
| ૭ | પાઠ-૭ | | | ૩(૧)૧૨ | | | ૩(૧)૧૩ | | | ૩(૧)૧૪ | ૩(૩) | |
| | પ્રકરણ-૩ | | | | | | | | | | | |
| ૮ | પાઠ-૮ | | | | ૩(૧)૧૫ | | | | | ૩(૧) | | |
| ૯ | પાઠ-૯ | | ૩(૧)૧૬ | | | ૩(૧)૧૭ | | | | ૪(૨) | | |
| | કૌંસમાં દર્શાવેલ આંક પ્રશ્નોની સંખ્યા બતાવે છે જ્યારે બહારના આંક ગુણ દર્શાવે છે. | | | | | | | | | | | ૩૦(૧૭) |

સમરી સમય (અંદાજીત)

| | | | | |
|---|---|---|---|---|
| દીર્ઘ ઉત્તર - (આશરે ૫૦ શબ્દમાં) | દિ.ઉ.-૩ માર્ક | ક્રમ.૩ | ગુણ-૯ | ૩ પ્રશ્ન X ૯મીનીટ=૨૭ મીનીટ |
| લઘુ ઉત્તર - (આશરે ૩૦ શબ્દમાં) | લ.ઉ.-૨ માર્ક | ક્રમ.૭ | ગુણ-૧૪ | ૭ પ્રશ્ન X ૬મીનીટ=૪૨ મીનીટ |
| અતિ લઘુ ઉત્તર - (આશરે ૧૫ શબ્દમાં) | અ.લ.ઉ.- ૧ માર્ક | ક્રમ.૭ | ગુણ-૭ | ૭ પ્રશ્ન X ૩મીનીટ=૨૧ મીનીટ |
| | | | કુલ : ૩૦ ગુણ | કુલ : ૯૦ મીનીટ |



# બ્લ્યુ પ્રીન્ટ

| વિષય : પેઈન્ટીંગ<br>વધુમાં વધુ ગુણ-૩૦ | | | | | | | | | | | | | ધોરણ-માધ્યમિક<br>સમય: ૧ ૧/૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુ. નં. | વિષયવસ્તુ સૂચિ | બૌધ્ધિક | | | | સમજણ | | | પ્રયોગ | | | | કુલ |
| | | દિ.ઉ. | લ.ઉ. | અ.લ.ઉ. | | દિ.ઉ. | લ.ઉ. | અ.લ.ઉ. | દિ.ઉ. | લ.ઉ. | અ.લ.ઉ. | | |
| | પ્રકરણ-૧ | | | | | | | | | | | | |
| ૧ | પાઠ-૧ | | ૨(૧)૧ | | | | | | ૨(૧)૨ | | ૪(૨) | | |
| ૨ | પાઠ-૨ | | | | | | ૧(૧)૩ | | | | ૧(૧) | | |
| ૩ | પાઠ-૩ | ૩(૧)૪ | | | | | | | | | ૩(૧) | | |
| ૪ | પાઠ-૪ | | | ૧(૧)૫ | | | ૧(૧)૬ | | | ૧(૧)૭ | ૩(૧) | | |
| | પ્રકરણ-૨ | | | | | | | | | | | | |
| ૫ | પાઠ-૫ | | | | ૩(૧)૮ | | | | | | ૩(૧) | | |
| ૬ | પાઠ-૬ | | ૨(૧)૯ | | | ૨(૧)૧૦ | | ૩(૧)૧૧ | ૬(૩) | | | | |
| ૭ | પાઠ-૭ | | | ૩(૧)૧૨ | | | ૩(૧)૧૩ | | | ૩(૧)૧૪ | ૩(૩) | | |
| | પ્રકરણ-૩ | | | | | | | | | | | | |
| ૮ | પાઠ-૮ | | | | ૩(૧)૧૫ | | | | | ૩(૧) | | | |
| ૯ | પાઠ-૯ | | ૩(૧)૧૬ | | | ૩(૧)૧૭ | | | | ૪(૨) | | | |
| | કૌંસમાં દર્શાવેલ આંક પ્રશ્નોની સંખ્યા બતાવે છે જ્યારે બહારના આંક ગુણ દર્શાવે છે. | | | | | | | | | | | | ૩૦(૧૭) |

સમરી સમય (અંદાજીત)


| | | | | |
|---|---|---|---|---|
| દીર્ઘ ઉત્તર - (આશરે ૫૦ શબ્દમાં) | દિ.ઉ.-૩ માર્ક | ક્રમ.૩ | ગુણ-૯ | ૩ પ્રશ્ન X ૯મીનીટ=૨૭ મીનીટ |
| લઘુ ઉત્તર - (આશરે ૩૦ શબ્દમાં) | લ.ઉ.-૨ માર્ક | ક્રમ.૭ | ગુણ-૧૪ | ૭ પ્રશ્ન X ૬મીનીટ=૪૨ મીનીટ |
| અતિ લઘુ ઉત્તર - (આશરે ૧૫ શબ્દમાં) | અ.લ.ઉ.- ૧ માર્ક | ક્રમ.૭ | ગુણ-૭ | ૭ પ્રશ્ન X ૩મીનીટ=૨૧ મીનીટ |
| | | | કુલ : ૩૦ ગુણ | કુલ : ૯૦ મીનીટ |

માધ્યમિક સ્તર અભ્યાસક્રમ


# ચિત્રકળા


## માધ્યમિક

### પ્રાયોગિક





૨











૨૨૫

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા





૨૨૫

# ચિત્રકળા

## માધ્યમિક અભ્યાસક્રમ

## પ્રાયોગિક

## ૨

યોજના અને નિર્માણ
**સંચિતા ભટ્ટાચાર્જી**

ભાષાંતર સહયોજક
ડૉ. રાજેશકુમાર

**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા**
એ-૨૪/૨૫ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા સેક્ટર-૬૨, નોઈડા.

©

**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા**

**જાન્યુઆરી ૨૦૧૩ (૪૦૦૦ નકલ)**

**છાપકામ ૮૦ જી.એસ.એમ. પેપર**

*પ્રકાશકઃ સચિવ રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા*
*એ-૨૪/૨૫ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા સેકટર-૬૨, નોઈડા.*

*મુદ્રકઃ નૂતન પ્રીન્ટર્સ,*
*એફ-૮૯/૧૨ ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરીયા, ફેઝ-૧,*
*નવિ દિલ્હી - ૧૧૦૦૨૦*

## પ્રાદેશિક કેન્દ્ર/ઉપકેન્દ્રના સરનામા

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,
*૧૯/૧૭, કસ્તુરબાગ ગાંધી માર્ગ, કચેરી રોડ,*
*અલાહાબાદ-૨૧૧૦૦૨, ઉત્તરપ્રદેશ.*
*ફોનઃ ૦૫૩૨-૨૫૪૮૧૫૪,*
*ફેક્સઃ ૦૫૩૨-૨૫૪૮૧૪૯,*
E-mail: rcallahabad@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પેટા કેન્દ્ર,* NIOS,,
*૬૯/૧૦૬, નિરંજનપુર, આઈ.ટી.આઈ. સામે,*
*સહારનપુર રોડ, ઉત્તરાંચલ,દહેરાદૂન-૨૪૮૧૭૧*
*ફોનઃ (ઓ.)૦૧૩૫-૨૬૨૩૯૨૯,*
*ફેક્સઃ ૦૧૩૫-૨૬૨૯૧૬૬,*
E-mail: rcdehradun@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,,
*માનસ ભવન, શ્યામલા હિલ્સ,*
*ભોપાલ-૪૬૨૦૦૨, મધ્યપ્રદેશ.*
*ફોનઃ ૦૭૫૫-૨૬૬૧૮૪૨,૨૬૬૦૩૩૧*
*ફેક્સઃ ૦૭૫૫-૨૬૬૧૮૪૨,*
E-mail: rcbhopal@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,
YMCA *કોમ્પલેક્ષ, સેકટર-૧૧સી,ચંદીગઢ-૧૬૦૦૧૧,*
*ફોનઃ ૦૧૭૨-૨૭૪૪૯૧૫,૩૯૫૦૯૭૯,*
*ફેક્સઃ ૦૧૭૨-૨૭૪૪૯૫૨,*
E-mail: acchandigarh@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,
*એ-૩૧,ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, સેકટર-૬૨,*
*નોઈડા, ઉત્તરપ્રદેશ-૨૦૧૩૦૧*
*ફોનઃ ૦૧૨૦-૨૪૦૪૯૧૪, ૨૪૦૪૯૧૫*
*ફેક્સઃ ૦૧૨૦-૨૪૦૪૯૧૬,*
E-mail: rcdelhi@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,
*ફસ્ટ ફલોર, આસામ પબ્લીકેશન બોર્ડ બિલ્ડીંગ*
*સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ પાસે,*
*બામુની મેદાન, ગૌહાટી-૭૮૧૦૨૧(આસામ)*
*ફોન : (ઓ.)૦૩૬૧-૨૩૪૩૯૬૪, ૨૩૪૦૪૯૭*
*ફેક્સઃ ૦૩૬૧-૨૩૪૩૯૬૪,*
E-mail: rcguwahati@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,
*હાઉસ નં. ૧૭-૨૬, શ્રીનગર કોલોની, રોડ નં.૫,*
*દિલસુખનગર, હૈદરાબાદ-૫૦૦૦૬૦, આંધ્રપ્રદેશ,*
*ફોન : (ઓ.)૦૪૦-૨૪૧૬૨૮૫૯,*
*ફેક્સઃ ૦૪૦-૨૪૦૬૦૭૧૨,*
E-mail: rchyderabad@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,
*ડી-૧૧-૧૨, રૂપવિહાર કોલોની, મોહન માર્ગ,*
*કરોલી બાગ સામે, ન્યુ સાંગામેર રોડ,*
*સોડલા જયપુર-૩૦૨૦૦૬.*
*ફોનઃ (ઓ.)૦૧૪૧-૨૨૯૨૮૧૮,*
*ફેક્સઃ ૦૧૪૧-૨૨૯૨૮૧૯,*
E-mail: rcjaipur@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,,
*૩૪/૨૭૪૦, મંગલમ, પી.ઓ. પલારીવટનમ,*
*કોચી-૬૮૨૦૨૫, કેરાલા.*
*ફોનઃ ૦૪૮૪-૨૩૩૫૭૧૪*
*ફોન/ફેક્સઃ ૦૪૮૪-૨૩૩૫૫૩૩*
E-mail: rckochi@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,,
*૧૦/૧/એચ.ડાયમંડ હારબર રોડ,*
*કોલકત્તા-૭૦૦૦૨૭, વેસ્ટ બંગાળ.*
*ફોનઃ ૦૩૩-૨૪૭૯૭૭૧૪,*
*ફેક્સઃ ૦૩૩-૨૪૭૯૭૭૦૭,*
E-mail: rckolkata@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પેટા કેન્દ્ર,* NIOS,
*૩૬૦/૧૦, શીશુ વિહાર, પાટીયા ભુવનેશ્વર,*
*ઓરીસ્સા-૨૪.*
*ફોનઃ ૦૬૭૪-૨૭૪૦૨૦૮,*

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS,
*લલિત ભવન, ગ્રાઉન્ડ ફલોર, જવાહરલાલ નહેરૂ માર્ગ,*
*બૈલેય રોડ, પટના-૮૦૦૦૦૧, બિહાર.*
*ફોનઃ (ઓ.)૦૬૧૨-૨૫૪૦૫૧,*
*ફેક્સઃ ૦૬૧૨-૨૫૪૫૪૭૦,*
E-mail: rcpatna@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
*પેટા કેન્દ્રઃ* NIOS,
*મહોમદ ફૈઝુલા ખાન, ખાનચોક પાસે,*
*દરભંગા - ૮૪૬૦૦૪.*
*ફોન : ૦૬૨૭-૨૨૫૦૬૨૮*

**પ્રાદેશિક નિર્દેશક**
*પ્રાદેશિક કેન્દ્ર,* NIOS ,
C/o. *ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન,*
*૧૨૮/૨, જે.પી.નાયક રોડ, કોથરૂડ,*
*ફોન : (ઓ.)૦૨૦-૨૫૪૪૪૬૬૭*
*ફેક્સઃ ૦૨૦-૨૫૪૪૪૬૬૭,*
E-mail: rcpune@nios.ac.in

# આભાર સ્વીકાર

## સલાહકાર સમિતિ

*ડૉ. એસ.એસ.જૈના*
*અધ્યક્ષ*
*એન.આઇ.ઓ.એસ. નોઇડા*

*ડૉ. અનિતા પ્રિયદર્શીની*
*નિર્દેશક (એકેડેમીક)*
*એન.આઇ.ઓ.એસ. નોઇડા*

*શ્રીમતી ગોપા બીશ્વાસ*
*નાયબ નિર્દેશક (એકેડેમીક)*
*એન.આઇ.ઓ.એસ. નોઇડા*

## અભ્યાસક્રમ સમિતિ

*અધ્યક્ષા*
*પ્રા. કે.એમ. ચૌધરી*
*પૂર્વ પ્રાધ્યાપક*
*કોલેજ ઓફ આર્ટ,*
*નવી દિલ્હી*

*શ્રીમતિ બી.એમ. ચૌધરી*
*વિઝિટીંગ લેક્ચરર*
*સ્કુલ ઓફ પ્લાનીંગ એન્ડ આર્કીટેક્ચર*
*મયુર વિહાર*
*નવી દિલ્હી*

*શ્રી વિનોદ કુમાર*
*ડ્રોઈંગ ટીચર*
*દિલ્હી પબ્લીક સ્કુલ*
*મથુરા રોડ, નવી દિલ્હી.*

*શ્રી સુમિતાવ પાલ*
*રીડર*
*શાંતિ નિકેતન*
*વેસ્ટ બેંગાલ.*

*શ્રી સુબન્ના*
*સીની. ડ્રોઈંગ ટીચર*
*દિલ્હી, કનાડા, સીની.સેક. સ્કુલ*
*નવી દિલ્હી.*

*શ્રીમતિ સંચિતા ભટ્ટાચાર્જી*
*અભ્યાસક્રમ સંકલનકાર*
*એન.આઇ.ઓ.એસ.*
*નોઇડા,યુ.પી.*

*ડૉ. સુનિલ કુમાર*
*રીડર,*
*એન.સી.ઈ.આર.ટી.,*
*શ્રી અરબિંદો માર્ગ,*
*નવી દિલ્હી - ૧૧૦૦૧૬*

*શ્રીમતિ સુસ્મિતા દાસ પાલ*
*કળા કેળવણીકાર*
*નવી દિલ્હી.*

## અભ્યાસક્રમ લેખકો

*પ્રા. સાદ્રે આલમ*
*પ્રાધ્યાપક*
*જામીયા મીલીયા ઈસ્લામીયા*
*દિલ્હી*

*શ્રી મોહન સિંઘ*
*વ્યાખ્યાતા*
*કલા મહા વિદ્યાલય*
*દિલ્હી.*

*શ્રી રાજેશ ગુપ્તા*
*પી.જી.ટી.*
*સરકારી સર્વોદય બાલ વિદ્યાલય*
*વિવેક વિહાર*
*દિલ્હી.*

## સંપાદકો

*પ્રો. કે.એમ. ચૌધરી*
*પૂર્વ પ્રાધ્યાપક*
*કોલેજ ઓફ આર્ટ*
*નવી દિલ્હી*

*પ્રો. નિરેન સેન ગુપ્તા*
*પૂર્વ આચાર્ય*
*કોલેજ ઓફ આર્ટ*
*દિલ્હી*

*સંચિતા ભટ્ટાચાર્જી*
*અભ્યાસક્રમ સંકલનકાર*
*એન.આઇ.ઓ.એસ.*
*નોઇડા, યુ.પી.*

## રેખાંકન

*મોહન સિંઘ*
*વ્યાખ્યાતા*
*કલા મહા વિદ્યાલય*
*દિલ્હી.*

*પ્રો. નિરેન સેન ગુપ્તા*
*પૂર્વ આચાર્ય*
*કોલેજ ઓફ આર્ટ*
*દિલ્હી*

*પ્રા. સાદ્રે આલમ*
*પ્રાધ્યાપક*
*જામીયા મીલીયા ઈસ્લામીયા*
*દિલ્હી*

*શ્રી રાજેશ ગુપ્તા*
*પી.જી.ટી.*
*સરકારી સર્વોદય બાલ વિદ્યાલય*
*વિવેક વિહાર*
*દિલ્હી.*

## ગુજરાતી અનુવાદક

*રમેશચંદ્ર પરમાર*
*પૂર્વ સચિવ*
*લલિત કલા અકાદમી*
*ગુજરાત રાજ્ય*

## નિર્દેશક (શિક્ષણ) તરફથી . . . .

વ્હાલા વિધાર્થીઓ

રાષ્ટ્રીય મુકત વિધાલય શિક્ષા સંસ્થાન માધ્યમિક કક્ષાએ ચિત્રકળાના અભ્યાસક્રમનો પ્રારંભ કરે છે. આપે અમારી સંસ્થામાં જોડાઈને ચિત્રકળા શીખવાનું પસંદ કર્યુ તેનો આનંદ છે.

આ અભ્યાસ સામગ્રી સ્વઅધ્યયન પાઠયક્રમ માટે વિકસાવી છે. અમને આશા છે કે આ પ્રકરણો તમને તમારા વિષયમાં રસપ્રદ અને આકર્ષક જણાશે. ભારતીય કળા, પશ્ચિમીકળા અને સમકાલિન કળાના પ્રકરણો આપના જ્ઞાન કૌશલ્યની વૃધ્ધિ માટે આમાં ઉમેરવામાં આવ્યા છે. ભારતીય કળાના પ્રકરણમાં ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલાની આગવી શૈલીનું વર્ણન છે પાઠયક્રમમાં તમને પશ્ચિમી કલાનાં વૈજ્ઞાનિક પ્રમાણ અને અવલોકનના ઉપયોગનું શિક્ષણ મળશે. સમકાલિન કલા, પશ્ચિમી ટેકનીક અને ભારતીય આધ્યાત્મવાદનું મિશ્રણ ભારતીયકળામાં દૃશ્યમાન થાય છે. તમે સિધ્ધાંતિક પૂર્વભૂમિકા અને પ્રાયોગિક કૌશલ્ય મેળવીને રંગ, રેખા અને કલમ સાથે રમતનો આનંદ મેળવશો.

પ્રાયોગિક કૌશલ્ય વિષયક પ્રકરણમાં તમે વિવિધ પ્રાકૃતિક દૃશ્યો, ચીજવસ્તુઓ ના ચિત્ર સંયોજન કરી તમારી આંતરીક સૌંદર્યલક્ષી કલાદૃષ્ટિ વિકસાવશો.

આ અભ્યાસક્રમ આપના  જેવા વિધાર્થીઓ જેમણે રાષ્ટ્રીય મુકત વિધાલય શિક્ષા સંસ્થાનની પસંદગી કરી છે તેમને ખૂબજ ઉપયોગી અને લાભકર્તા થશે. આપને આપના અનુકૂળ સ્થળે અને સમયે ચિત્રકળા શીખવાની તક રહેશે. અમે આશા રાખીએ કે આ પાઠયક્રમ આપની સૌંદર્યસૂજ તેમજ અભિવ્યકિતમાં સહયોગી થશે.

આ પાઠયક્રમને વધુ લાભદાયી બનાવવા માટે આપના સૂચનો આવકારીએ છીએ.

નિર્દેશક (શિક્ષણ)

## એક વાર્તા આપની સાથે,

હું આશા રાખું છું કે તમે પુસ્તક-૧ સિધ્ધાંતિક જોયું હશે. આ પુસ્તક તમને પદાર્થ ચિત્ર કેવી રીતે દોરવું તેનું માર્ગદર્શન આપશે. આ પ્રાયોગિક પુસ્તક રંગો દ્વારા તમારી અભિવ્યક્તિમાં મદદરૂપ થશે, સપ્રમાણતા પારખવાની સૂઝ કેળવશે, રેખાઓના ગુણભાવનું મુલ્યાંકન, પોત (ટેક્ષચર) અને લયની સૂઝ કેળવશે. આ પુસ્તકના અભ્યાસથી તમે ઘણા બધા પદાર્થોને ભાત, આકાર, આપી તમારી લાગણીઓ પ્રગટ કરી શકશો. આ પુસ્તકમાંથી તમને ચિત્રકળાની વિવિધ પધ્ધતિઓ (ટેકનીક), પર્સપેકટીવ, સપ્રમાણની ઓળખ, રંગ સંયોજન તથા છાયા પ્રકાશના અભ્યાસની તક મળશે.

હું આશા રાખું કે તમે ચિત્ર અભ્યાસનો આનંદ લેશો. જો આપના કોઈ સૂચન હોય તો અમને જરૂર જણાવશો કારણ તમારા સૂચનો અમારે મન ખૂબ જ મૂલ્યવાન છે. આ અભ્યાસક્રમને વધુ સમૃધ્ધ કરવામાં અમે ધ્યાન આપી શકીએ.

મારી શુભેચ્છાઓ સહ. . .

સંચિતા ભટ્ટાચાર્જી
અભ્યાસક્રમ સંકલનકાર

# અનુક્રમણિકા


| અનુ. નં. | પાઠનું નામ | પાન નં. |
|---|---|---|
| ૧. | પદાર્થચિત્ર અભ્યાસ | ૧ |
| ૨. | પ્રકૃતિચિત્ર અભ્યાસ | ૯ |
| ૩. | માનવ અને પશુઓની આકૃતિઓ | ૧૭ |
| ૪. | ચિત્ર સંયોજન | ૨૭ |

નોંધ

**૧**

# પદાર્થ ચિત્ર અભ્યાસ

માનવ જાતે પોતાની રોજબરોજની જરૂરિયાતો માટે ઘણી બધી ચીજવસ્તુઓ બનાવી છે. આ બધામાં કેટલીક ચીજવસ્તુઓ જેવી કે પુસ્તકો, ખોખા, વાસણો, ઘર વપરાશની સામગ્રી આપણને સહેલાઈથી મળી શકે છે.

આવી ચીજવસ્તુઓની વ્યવસ્થિત ગોઠવણી કરી તેને જોઈ જોઈને આબેહૂબ ચિત્રકામને પદાર્થ ચિત્ર (ઓબજેક્ટ ડ્રોઈંગ) કહેવાય છે. વિદ્યાર્થીએ રૂચી પ્રમાણે વારંવાર પદાર્થ ચિત્રનો અભ્યાસ કરવો જોઈએ.

## ઉદ્દેશો

પદાર્થ ચિત્રના અભ્યાસ અને પુનરાવર્તન બાદ વિદ્યાર્થી શીખી શકશે.

- પદાર્થ-ચીજવસ્તુનું યથાદર્શન (પર્સપેક્ટીવ) શીખી શકશે.
- છાયા પ્રકાશનો અભ્યાસ કરી શકશે.
- વસ્તુનો આકાર, માપ, ઘનતા, કદ, પ્રમાણ વગેરે બતાવતા શીખશે.
- ચિત્રમાં યોગ્ય રીતે રંગો વાપરી શકશે.

વિદ્યાર્થી પાસે નીચેની સામગ્રી હોવી જરુરી છે.

૧. ડ્રોઈંગ બોર્ડ
૨. ડ્રોઈંગ કાગળ (કાર્ટીજ પેપર)
૩. ડ્રોઈંગ પીન
૪. પેન્સીલ (HB, 2B, 4B, 6B)

નોંધ

૫. રબર

૬. રંગ,

૭. પીંછીઓ

૮. રંગકામ માટેની ડીશર્થે સામે મૂકવા માટે - પુસ્તક, ખોખું, વાસણ, ફળ, કાપડ, ઘર વપરાશની
ચીજોની જરુર પડે.


## સાપેક્ષ પ્રમાણદર્શન / યથાદર્શન(પર્સપેકટીવ)

પદાર્થ ચિત્રના અભ્યાસમાં સાપેક્ષ પ્રમાણદર્શન/યથાદર્શનનો(પર્સપેકટીવ) અભ્યાસ અતિ મહત્વનો છે. માટે જ વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાન આપીને પદાર્થ ચિત્રમાં સામે જેવું દેખાય છે તેવું સપ્રમાણ ચિત્ર દોરવું જોઈએ.

### સાપેક્ષ પ્રમાણદર્શન / યથાદર્શન(પર્સપેકટીવ) શું છે ?

જોનાર વ્યક્તિની સામે મૂકવામાં આવેલી એક સરખા કદની, હરોળમાં દૂર સુધી ગોઠવેલી વસ્તુ/પદાર્થ (આકૃતિ ૧ માં બતાવ્યા મુજબ) દૂર જતાં નાની થઈને એક બિંદુ પર ભેગા થતા હોય તેવો આભાસ થાય છે. તેને સાપેક્ષ પ્રમાણદર્શન / યથાદર્શન(પર્સપેકટીવ) કહેવાય છે.

તેવી જ રીતે આ નિયમ દરેક પદાર્થ જે આપણી નજર સમક્ષના કોઈપણ આકાર કે કદની વસ્તુનું ચિત્રાંકન કરવામાં લાગુ પડે છે.




આકૃતિ-૧

## છાયા અને પ્રકાશ

પદાર્થ ઉપર જયારે પ્રકાશ પડે છે ત્યારે તેના આકાર ઉપર પ્રકાશ અને છાયા (પડછાયો) દેખાય છે. જયાં પ્રકાશ પડે છે તે ભાગ ઉજળો અને બીજા ભાગે છાયા (ઘેરો) દેખાય છે. આમાં આંખ થોડી નાની કરીને તે સહેલાઈથી જોઈ શકાશે.

આ છાયા અને પ્રકાશ ચિત્રમાં ટોન દ્વારા દર્શાવાય છે. તેના ત્રણ પ્રકાર છે. (૧) ઉજળો એટલે કે એકદમ આછો (૨) મધ્યમ આછો (૩) ઘેરો. છાયા અને પ્રકાશ ગોળ અને ચોરસ પદાર્થમાં

અલગ અલગ અસર જણાય છે. ચોરસ પદાર્થની બાજુઓ સપાટ હોઈ પ્રકાશ અથવા છાયા દરેક સમતલ સપાટી પર અલગ અલગ જણાય છે.જ્યારે ગોળાકાર પદાર્થના ચિત્રણમાં છાયા પ્રકાશ એકબીજામાં ધીરે ધીરે ભળતા દર્શાવાય છે. (જુઓ આકૃતિ-૨) આથી જ આપણે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોઈને ચિત્રાંકન કરી શકીએ.



આકૃતિ-૨

પેન્સીલ વડે છાયા અને પ્રકાશના જુદા જુદા પટ (ટોન) બતાવી શકાય. આ માટે HB, 2B, 4B, 6B જેવી પેન્સીલ ઉપયોગી થશે. પેન્સીલ ઉપર ઓછું અને વધારે દબાણ આપીને આછી અથવા ઘાટી છાયા(શેડ) આપી શકાય. આમ કરવાથી વિવિધ ટોન બની શકે.

## માપ અને સપ્રમાણતા

વિદ્યાર્થીઓને ખરા કદ, માપ અને સપ્રમાણની જાણકારી હોવી એ મહત્વનું છે. પ્રત્યેક પદાર્થની ચોક્કસ લંબાઈ, પહોળાઈ કે ઉંચાઈ હોય છે.જો આપણને તેની લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈની જાણકારી હોય તો આપણે સરળતાથી સમજી શકીએ કે પદાર્થ લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈમાં નાનો, મોટો કે એક સરખો છે. કોઈપણ પદાર્થ/ચીજ માપ લઈને કે લીધા સિવાય દોરી શકાય. (પદાર્થની ઉંચાઈ, લંબાઈ અને પહોળાઈ સંબંધિત પદાર્થ નાનો કે મોટો દોરવા માટે જરૂરી છે)

માપીને ચિત્ર કરવા માટે સીધા બેસો. એક આંખ બંધ કરો, હાથને ખભાની લાઈન જેટલો ઉંચો રાખી પદાર્થને માપો. આ હાથમાં પેન્સીલ એવી રીતે પકડો કે પદાર્થનું માપ લેવા માટે અંગૂઠો ડાબે જમણે અથવા ઉપર નીચે કરી માપણી કરી શકાય.

જો તમારે લંબાઈ કે પહોળાઈ માપવાની હોય તો પેન્સીલ આડી રાખો અને પદાર્થના છેડાની ડાબી બાજુ રાખો અને અંગૂઠો જમણી તરફ ખસેડી પદાર્થની ધાર સુધી લાવો. તેવી જ રીતે




નોંધ

ઉંચાઈ માપવા માટે પેન્સીલ ઉભી રાખી પદાર્થના ઉપરના છેડે રાખી અંગૂઠો પદાર્થની નીચેની ધાર સુધી લાવી માપો અને તે પ્રમાણે પેપર ઉપર નિશાન કરો. આ લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈના માપને આધારે કાગળને લક્ષમાં રાખી બે ગણું, ત્રણ ગણું વધારીને માપ પ્રમાણે ચિત્ર પુરું કરો (જુઓ આકૃતિ -૩)

આકૃતિ -૩

## રંગ રચના અને રંગપૂરણી

ચિત્રકળાના અભ્યાસની શરૂઆતમાં વિદ્યાર્થીએ જળરંગો (વોટર કલર્સ)નો ઉપયોગ કરવો જોઈએ. રંગપૂરણી થયેલ ચિત્ર વાસ્તવિક અને જીવંત લાગે છે. છાયા અને પ્રકાશમાં રંગના ઘણા બધા પટ (ટોન) હોય છે. પ્રકાશવાળો ભાગ ઉજળો અને છાયા વાળોભાગ ઘેરો દેખાય છે. જેમકે લાલ રંગ પ્રકાશમાં કેસરી રંગ, છાયામાં ઘાટો લાલ અથવા ભૂરો લાલ દેખાય. વાદળી રંગ પ્રકાશમાં આસમાની, છાયામાં ઘેરો વાદળી તેવીજ રીતે લીલો રંગ પોપટી, ઘાટો લીલો દેખાય. આ રંગોને એકબીજામાં મેળવીને ઘણાબધા રંગો બનાવી શકાય. પદાર્થને નજીક કે પ્રકાશવાળો - ઉજળો બતાવવા માટે આછા રંગ (લાઈટ કલર્સ) જ્યારે છાયા અથવા દૂરનું અંતર બતાવવા માટે ઘેરા રંગ વાપરવા જોઈએ. આકૃતિ-૪માં મિશ્રણ બતાવ્યું છે.




આકૃતિ- ૪

## ચિત્ર દોરવાની પ્રક્રિયા

સૌપ્રથમ વિદ્યાર્થીએ ચોરસ વસ્તુઓ જેવી કે પુસ્તક, ખોખું, પાટલો અને ગોળાકાર વસ્તુઓ જેવી કે ગ્લાસ, ઘડો, ફળફળાદી, શાકભાજી વગેરે દોરવા જોઈએ. જે વસ્તુઓનું ચિત્ર બનાવવું હોય તેને તમારી આંખની સપાટીથી નીચે અને થોડુ દૂર મૂકો. ચીજવસ્તુઓની પાછળ વસ્તુઓના રંગથી વિરુધ્ધ રંગના કાપડનો પડદો કરો.

હવે ચિત્રકામ માટેના બોર્ડ ઉપર પીનોથી કાગળ લગાવો. તમારી નજર સામે મૂકો. ચીજવસ્તુઓનું ધ્યાનથી નિરીક્ષણ કરો. ડ્રોઈંગ બોર્ડને સામેના પદાર્થ-ચીજવસ્તુઓની લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ લક્ષમાં રાખી તે મુજબ આડું અથવા ઉભું રાખો. પદાર્થ ચિત્ર દોરતી વખતે સીધા બેસો અને ચિત્ર પૂરું ના થાય ત્યાં સુધી જગ્યા બદલશો નહી.

ઉદાહરણ તરીકે તમે ખોખાની ઉપરની સપાટી ઉપર મુકેલ ગ્લાસનું ચિત્ર કરો છો તો તમારે સૌથી નજીક રહેલ ખૂણો જોઈ પહેલાં કાગળની નીચેની બાજુએ આડી લીટી (બેઈઝ લાઈન) દોરી ત્યાં ખોખાના સૌથી નજીકના ખૂણાનું બિંદુ આંકો. (જુઓ આકૃતિ-૫). આ બિંદુથી જમણી અને ડાબી તરફ જતી ખોખાની નીચેના ભાગની લીટીઓ લંબાઈ, પહોળાઈ માપીને દોરો. A અને C બિંદુ આકૃતિ-૫.૧ મુજબ થશે.




આકૃતિ-૫

આકૃતિ-૫.૧

હવે બિંદુ B થી ઉંચાઈ નકકી કરી સીધી ઉભી લીટી દોરો જે બિંદુ E થશે. હવે નીચેની જેમ બિંદુ E થી ડાબે તથા જમણે સમાંતર રેખાઓ દોરી ફરી લંબાઈ, પહોળાઈ માપી લો જે બિંદુ D-F બનાવે છે. બિંદુ A અને C થી ઉભી રેખા દોરો જે બિંદુ D અને F ને મળશે. હવે ખોખાની ઉપરની સપાટી બનાવવા માટે બિંદુ E-F ને સમાંતર તથા બિંદુ E-D ને સમાંતર રેખાઓ દોરો. બંને રેખાઓ એક બીજાને મળશે જે ઉપરની સપાટી બનશે. વિદ્યાર્થી આ રીતે ખોખાનો આકાર દોરી શકે. જુઓ આકૃતિ-૫.૨


આકૃતિ-૫.૨

હવે ખોખાની ઉપર મૂકેલા ગ્લાસનું ચિત્ર દોરો. ગ્લાસ દોરવાની રીત આકૃતિ-૫.૩ માં દર્શાવી છે.

આકૃતિ-૫.૩

## પદાર્થ ચિત્ર અભ્યાસ

ગ્લાસના તળિયાના ભાગનું મધ્યબિંદુ માપો. આ બિંદુથી ગ્લાસની ઉંચાઈ માપી ઉભી રેખા દોરો. આ બિંદુઓને જોડતી સમાંતર રેખાઓ દોરો. ગ્લાસની ઉપરની તેમજ નીચેની ગોળાકાર પહોળાઈ માપી બિંદુ ૧,૨,૩ અને ૪ જોડો. આ રીતે ગ્લાસનો આકાર દોરાશે. ગ્લાસની ઉપરની અને નીચેની ગોળાઈ બતાવવા માટે લંબગોળ આકારનો ઉપયોગ કરો. ગ્લાસની ઉપરના ભાગે જેટલો ખુલ્લો ભાગ દેખાય છે તેને માપી ઉપરની બાજુએ બિંદુ૫ અને ૬ નિશાન કરી તેને જોડતો લંબગોળાકાર બનાવો. તેવી જ રીતે ગ્લાસની નીચેની સપાટી બનાવો. પેન્સીલ અથવા રંગો દ્વારા છાયા પ્રકાશ બનાવી ચિત્ર પુરું કરી શકો. જુઓ આકૃતિ-૫.૪




-૫.૪

કોઈપણ પદાર્થનું ચિત્ર કરી શકીએ. તેનાથી

કલાકાર છાયા અને પ્રકાશની સહાયથી ગોળાકાર કે ચોરસ પદાર્થ વચ્ચેનો તફાવત દર્શાવી શકે તેમજ રંગોના સંયોજનથી ચિત્રને સુંદર અને જીવંત બનાવી શકે.



નોંધ

## નમૂનારુપ પ્રશ્નો

૧. તમારી સામે પુસ્તક મૂકી તેનું ચિત્ર દોરો.

૨. ઈંટ અને ગોળાકાર કુંજા નું ચિત્ર દોરો. છાયા પ્રકાશ માટે પેન્સીલ વાપરો.

૩. રકાબીમાં બે ફળ અને ચપ્પુ મૂકી યોગ્ય રંગો વડે પૂરું કરો.

૪. બ્રેડના ટુકડાઓનો ઢગલો કરી ચિત્ર કરો.

૫. પેટીની બાજુમાં માટીનો ઘડો મૂકી દોરો અને રંગ ભરો.



પદાર્થ ચિત્ર (સ્ટીલ લાઈફ)

ચિત્રકાર કે.એચ.આરા

ફુલો સાથે પદાર્થ ચિત્ર (સ્ટીલ લાઈફ વીથ ફલાવર્સ)

ચિત્રકાર વાન ગોઘ

# ૨

# પ્રકૃતિ ચિત્ર અભ્યાસ

*પ્રાચીન યુગથી માનવ અને પ્રકૃતિ એકબીજા સાથે જોડાયેલ છે. કુદરત હંમેશા માનવ જીવનને પ્રેરણા આપે છે. ઉપરાંત તે લોકોને સુંદરતાની અનુભૂતી કરાવે છે. માનવ એક માત્ર જીવ છે જેણે સૌંદર્ય પરખની ઊંચી શકિત વિકસાવી છે અને તેથી જ તેણે કુદરતની સુંદરતાને ચિરંજીવ બનાવવા ઊંડો અભ્યાસ કર્યો છે. શિલ્પકળા અને ચિત્રકળા કુદરતના સૌંદર્યને ચિરંજીવ-અવિસ્મરણીય બનાવવા માટે ખૂબીપૂર્વક ઉપયોગી છે. પવર્તો, નદીઓ, સમુદ્રો, વૃક્ષો, ફળફૂલ, પ્રાણી સૃષ્ટી વગેરેના રંગો અને આકારો માનવીને આકર્ષે છે.*

*પ્રકૃતિના પ્રત્યેક રૂપમાં જીવન છે. પ્રાકૃતિક રૂપમાં ગતિમય છે.પ્રત્યેક વસ્તુ અલગ અલગ ભાત-રંગરૂપ દર્શાવે છે. આ બધા તત્વોના લક્ષણોને ધ્યાનમાં રાખી સુંદર ચિત્ર કલાકૃતિ થઈ શકે. કુદરતનો આનંદ માણવા નીચેની બાબતોમાં ધ્યાન આપવું મહત્વનું છે.*

*૧.સાપેક્ષ પ્રમાણદર્શન (પરસ્પેક્ટીવ) ૨. સંતુલન ૩. સંયોજન ૪. સમન્વય ૫. રંગરચના*

*આ તત્વોનો ઉપયોગ કલાકૃતિમાં પ્રમાણસર સાવધાનીથી કરવો જોઈએ અને આ બાબતે વારંવાર અભ્યાસથી જ તે થઈ શકે.*

## ઉદ્દેશો

*આ પ્રકરણનો અભ્યાસ અને મહાવરો કરવાથી વિદ્યાર્થી શીખશે.*

૧ . *વિવિધ પદાર્થો-ચીજવસ્તુઓના ચિત્રો કરી શકશે.*

૨. *ચિત્રમાં પ્રકૃતિની વસ્તુઓનું સંયોજન કરી શકશે.*

૩. *જળરંગોની રચના સુસંગત, મધુર રુપે કરી શકશે.*

૫. *ચિત્ર બનાવતી વખતે મનની એકાગ્રતા રાખી શકે.*

નોંધ

## સાપેક્ષ પ્રમાણદર્શન/યથાદર્શન (પર્સપેકટીવ)

પ્રકૃતિનું દશ્યચિત્ર (લેન્ડસ્કેપ) કરતી વખતે સાપેક્ષ પ્રમાણદર્શન / યથાદર્શન(પરસ્પેક્ટીવ)ની ખાસ કાળજી રાખવી જોઈએ. પરસ્પેક્ટીવના નિયમો અનુસાર સમપ્રમાણ અને દૂરી પર એક થતા બિંદુ (વેનીશીંગ પોઈન્ટ) જેવો આભાસ થવો જરૂરી છે. એ ત્યારે જ શકય બને જયારે આપણે પદાર્થના કદ- માપ/ આકારનું યોગ્ય ચિત્રણ કરીએ. જો નજીક હોય તો પદાર્થ મોટો અને દૂર હોય તો નાનો દેખાવો જોઈએ અને પદાર્થની નાની નાની વિગતો ચિત્રમાં દોરવી જોઈએ. દૂર દેખાતા પદાર્થ-વસ્તુના રંગો આછા અને ઝાંખા થતા હોય તેમ દોરવા જોઈએ. ઉદાહરણ તરીકે નજીક દેખાતું વૃક્ષ મોટું તથા ઘટાદાર દર્શાવેલ છે જયારે ઝૂંપડી તરફનો રસ્તો અને તેની છત આજુબાજુની અન્ય વસ્તુઓના કદ-માપ પ્રમાણે બતાવેલ છે. દૂરની ટેકરીઓ નાની દેખાય છે. ટૂંકમાં પ્રકૃતિ દશ્યના અભ્યાસમાં સાપેક્ષ પ્રમાણદર્શન (પરસ્પેકટીવ) સંતુલન, સંયોજન, સમન્વય, રંગરચના વગેરે તમામ બાબતો સમાવવા પ્રયત્ન કરવો જોઈએ. કોઈ એક તત્વનો અભાવ ખરાબ અસર ઉભી કરી શકે.

આકૃતિ-૧

## સંતુલન (બેલેન્સ)

ચિત્ર દોરવામાં સંતુલન અતિ મહત્વની ભૂમિકા ભજવે છે. ચિત્ર દોરતી વખતે કાગળમાંની જગ્યા એવી રીતે વાપરો કે જેથી ચિત્રના દરેક ભાગનું સંતુલન જળવાઈ રહે. જો કોઈ એક બાજુ ઘટાદાર

## પ્રકૃતિ ચિત્ર અભ્યાસ

વૃક્ષ અથવા ઝાડી બતાવી હોય અને બીજી તરફ માત્ર સામાન્ય વનસ્પતિ કે ઘાસ દોરી જગ્યા ખુલ્લી બતાવવામાં આવે તો ચિત્રમાં યોગ્ય સંતુલન જળવાયું ના કહેવાય. જુઓ આકૃતિ - ૨ અને ૩ કાગળ પરની બધી તરફથી જગ્યા સંતુલિત હોવી જોઈએ.

આકૃતિ - ૨



આકૃતિ - ૩

## ચિત્ર સંયોજન

પ્રકૃતિચિત્ર દોરતી વખતે દરેકે પરસ્પેકટીવ, સંતુલન અને સમન્વય (હારમની) નો ખ્યાલ રાખી ચિત્ર સંયોજન કરવું જોઈએ. પ્રકૃતિના તત્વો અને વસ્તુઓની ચિત્રમાં સુંદર રીતે ગોઠવણી કરવી જોઈએ. પ્રકૃતિના દશ્યચિત્રમાં સંયોજન ખૂબજ મહત્વનું છે. આકૃતિ-૪ જુઓ જે યોગ્ય નથી જ્યારે આકૃતિ-૫ નું સંયોજન સુંદર અને સંતુલિત છે.



નોંધ

આકૃતિ - ૪



આકૃતિ - ૫

## સમન્વય (હારમની)

ચિત્ર સંયોજન માં પદાર્થ (વસ્તુ ) અને આકારો ની ગોઠવણી એવી રીતે કરવી જોઈએ જેથી ચિત્રમાં આકાર અને વસ્તુના સ્વરુપનો સંબંધ સ્થાપિત થાય અને તેની એકરૂપતા જળવાય. ચિત્રમાં સમન્વય/સુમેળ દર્શાવવા માટે રંગોનું ઘણું જ મહત્વ છે . રંગોનો યોગ્ય અને સંતુલિત ઉપયોગ લય અને સમન્વયનો સંબંધ બતાવી શકે . જુઓ આકૃતિ - ૬

નોંધ

આકૃતિ - ૬

## રંગ

જળરંગો(વોટર કલર) ખૂબ જ ધ્યાનપૂર્વક વાપરવા અત્યંત જરૂરી છે.વિદ્યાર્થીએ સૌપ્રથમ એકદમ હલકો રંગ પછી મધ્યમ રંગ ત્યારબાદ ઘેરો રંગ અને છેલ્લે એકદમ ઘેરો રંગ વાપરવો જોઈએ.નજીકની વસ્તુને નજીક બતાવવા માટે ઉજળા રંગો જેવા કે લાલ, પીળો, કેસરી



ળી, જાંબુડી, છીંકણી વાપરવા જોઈએ. ફૂલોનું
વપરાયેલા રંગો ધ્યાનપૂર્વક જુઓ. આકૃતિ-૭

લું-૨

આકૃતિ - ૭

નોંધ

પગલું-૩ પગલું-૪

આકૃતિ - ૭

પગલું-૧

પગલું-૨

આકૃતિ - ૮

નોંધ

પગલું-૩

પગલું-૪

આકૃતિ - ૮



ો(સ્કેચીઝ) ની મહત્વની ભૂમિકા છે. તેમાં યોગ્ય સાપેક્ષપ્રમાણ (પ્રપોર્શન)થી સારું ચિત્ર સર્જન થાય. સાપેક્ષપ્રમાણ (પર્સપેકટીવ) ા (પર્સપેકટીવ) ઊંડાણ/દૂરનું અંતર દર્શાવવામાં સહાય કરે છે. નિયમાનુસાર નજીકની વસ્તુ મોટી અને દૂરની વસ્તુ નાની દેખાય જતાં એક બિંદુએ મળતી હોય તેવું લાગે છે. ઘેરી અને આછી ંતરે દર્શાવી શકાય છે. પ્રકૃતિનું ચિત્ર કરતી વખતે સંયોજન, સંતુલન અત્યંત આવશ્યક છે.

સ્તવિક રંગોને ચિત્રમાં પ્રયોજન કરવા પ્રયત્ન કરો. સુંદરતાના ઉભાર કરી શકાય. સુંદરતાની અભિવ્યક્તિ માટે ઉજવળતાને ઓછી કે ફાર માન્ય છે.

ુલિત રેખા ચિત્ર (સ્કેચ) દોરો.

ચિત્ર ઝૂંપડી અને ઝાડ સાથેનું દોરો. જળરંગોનો તેમાં ઉપયોગ કરો.

૩. ફળ, ફૂલ અને ફૂલદાનીનો સ્કેચ કરી જળરંગો પૂરો.

નોંધ

૪. પર્વતો, નાળિયેરીના ઝાડ, પથ્થર અને દરિયાના અલગ અલગ સ્કેચ દોરો. ત્યારબાદ બે જુદા-જુદા ચિત્રસંયોજન આ સ્કેચીઝના આધારે કરી તેમાં પોસ્ટર કલરથી ચિત્ર બનાવો.

૫. નજીકના કોઈ પણ બગીચામાં જઈ ફુલોના ઘણા સ્કેચ કરો.

૬. સાપેક્ષ પ્રમાણ દર્શન / યથાદર્શન(પર્સપેક્ટીવ) પર આધારિત કેટલીક ફૂલ પાંદડીઓ દોરો અને તેમાં જળરંગો પૂરો.

માલાર્ડ એટ ધી વોટર્સ એઈઝ

ચિત્રકાર-આર્ચીબલ્ડ થોરબર્ન

જળરંગ

ડ્રોઈંગ

ચિત્રકાર-ગોપાલ ઘોષ

બ્રશથી જળરંગ

૩

# માનવ અને પશુઓની આકૃતિઓ

પૃથ્વી, આકાશ અને પાણીમાં આપણે અસંખ્ય જીવોને વિચરતા જોઈએ છીએ. તેમાં નર કે માદા સ્વરૂપે શારીરિક ફેરફારો હોય છે.

સુક્ષ્મ નિરીક્ષણથી આપણે દરેક જીવમાં સૌંદર્ય, નજાકત, સુંદર દેહાકૃતિ અને લવચીકતા જોઈ શકીએ છીએ. પ્રત્યેક સજીવનું શરીર બંધારણ પ્રમાણસરનું હોય છે. તેનાથી તેઓ તેમની સામાન્ય હલનચલન અને રોજબરોજના કાર્યો સરળતાથી કરી શકે છે.

માનવ બધાં જીવોમાં શ્રેષ્ઠ જીવ છે.આથી જ માનવમાં ઉત્તમ સંવેદનાઓ/ભાવનાઓ રહેલી છે.કલાકારો પોતાના ચિત્રો દ્વારા આવી ઉત્તમ સંવેદનાઓ વ્યક્ત કરે છે.

કલાના વિદ્યાર્થીઓએ ચિત્ર અભ્યાસ કરતી વખતે આ તમામ હકીકતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

## ઉદ્દેશો

આ પ્રકરણનો અભ્યાસ અને મહાવરો કરવાથી વિદ્યાર્થી શીખશે.

૧ શરીર રચના, કદ માપ, અને જીવોના સપ્રમાણ અંગેની જાણકારી મળશે.

૨ રેખાઓથી સાદા સરળ ચિત્રો કરી શકશે.

૩ માનવ અને પશુઓની આકૃતિઓ કરી શકશે અને

૪ માનવ આકૃતિ કોઈ પણ કદમાં કરી શકશે .

## જરૂરી સાધન સામગ્રી .

૧ જાડું પૂંઠું અથવા ડ્રોઈંગ બોર્ડ

૨ ડ્રોઈંગ પેપર, (કાર્ટ્રીઝ અથવા ચાર્ટ પેપર)

૩ પેન્સીલ HB, 2B, 4B, 6B

૪ રબર

૫ કલર

૬ પીંછીઓ વગેરે

નોંધ

## માનવ શરીર રચના, માપ અને પ્રમાણ .

માનવ અને પશુઓના શરીર હાડકાં, સ્નાયુઓ અને ચામડીથી બનેલા છે. તેમાં બાળપણથી વૃધાવસ્થા મુજબ ફેરફાર થાય છે. માટે જ બધા અંગો ની જાણકારી અને અભ્યાસ જરૂરી છે.

સામાન્યત : માનવ શરીર(માથાથી પગ સુધી) ૭.૫ ભાગમાં વહેંચાયેલું છે.શરીરનો સૌથી ઉપરનો ભાગ (માથા થી દાઢી ) સુધી નો એક ભાગ .આખા શરીરનું માપ આ એક ભાગ પ્રમાણે ગણવાનું રહે છે .

| | | |
|---|---|---|
| એ | માથા થી નાભી | ૩ ભાગ |
| બી | નાભી થી ઘુંટણ | ૨ ભાગ |
| સી | ઘુંટણ થી પગ | ૨ ભાગ |
| ડી | પગ ની પહોળાઈ | ૧/૨ ભાગ |

આ ઉપરાંત ચહેરાને પણ ચાર ભાગમાં વહેંચવામાં આવે છે.

૧. માથું અને વાળ, ૨.કપાળ, ૩.નાક, ૪.નાકથી નીચે દાઢી સુધી.

હાથની પૂર્ણ લંબાઈ ૩ ભાગમાં નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | ખભાથી કોણી સુધી | ૧. ૧/૨ ભાગ |
| ૨ | કોણીથી પંજા સુધી | ૧. ૧/૨ ભાગ |
| ૩ | પંજો | ૧/૨ ભાગ |


ખભાની પહોળાઈ બે ભાગની હોવી જોઈએ.પગની લંબાઈ એક ભાગની હોવી જોઈએ. માપ અનુસાર ચિત્ર કરવામાં સરળતા રહે છે . જુઓ આકૃતિ ૧

નોંધ

આકૃતિ ૧

## સીધી રેખાઓના સ્કેચ.

*સીધી રેખાઓના સ્કેચ કરવાની ક્રિયાને સીધી રેખા સ્કેચીંગ કહેવામાં આવે છે. સીધી રેખાઓના સ્કેચીંગથી માનવ શરીરના ઢાંચાનું યોગ્ય ચિત્રણ કરી શકાય છે. સીધી રેખાઓ દ્વારા સ્કેચીંગ પ્રત્યેક*



*અને પશુઓના શરીરની રચના(સ્ટ્રકચર) દર્શાવવા માટે અતિ મહત્વનું છે. વિદ્યાર્થી કદ/માપનો સ્કેચ નાનો અથવા મોટો કરી શકે છે. પેપરના કદ પ્રમાણે આકાર ગોઠવી જુઓ આકૃતિ ૨.*

### ાનાવવા:

*કોઈ પણ વસ્તુ કે લોકોને જોઈને અથવા કલ્પના દ્વારા સ્કેચ કરી શકાય. આ માટે ઘેરી* 4B, 6B *વાપરો .*

*માનવ જાત અને પશુઓ સતત ફરતા રહે છે. તેની ગતિ પ્રક્રિયાનું નિરિક્ષણ કરી તેનું ન રેખાઓમાં દર્શાવવું જોઈએ. કલાકાર પોતાની સ્મૃતિ અને જાણકારીને આધારે ચિત્રમાં શકે, આ માટે આંગળીઓ અને કાંડાની સુસંગતતા હોવી જરૂરી છે. રેખાઓના ઉપયોગ ઝડપ વધારો.*

## માનવ અને પશુ આકૃતિઓ :


*સ્કેચીંગ અને સીધી રેખાઓના સ્કેચ માનવ અને પશુઓના ચિત્રો કરવા માટે ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થી જો નિયમિત મહાવરો કરે તો અસરકારક આકૃતિઓ દોરવામાં સક્ષમ બને.*

નોંધ

આકૃતિ-૨





આકૃતિ-૩ ઘોડો કેવી રીતે દોરવો તે દર્શાવે છે. પ્રથમ તબકકે સીધું સરળ ચિત્ર છે. જેમાં થોડી રેખાઓ અને ગોળ આકારો દ્વારા ઘોડાના હાડપીંજર જેવો આકાર દોરવામાં આવ્યો છે. બીજા તબકકે ઘોડાના શરીરની રચના તથા તેનું મોં, પગ વગેરે આકારો બતાવ્યા છે. પછી છેલ્લે તેના સ્નાયુઓ અને બીજા અંગોને ઝીણવટથી દર્શાવ્યા છે. આ રીતે ઘોડા ના ચિત્રને પેન્સીલના છાયા/પ્રકાશ થી અથવા રંગોથી પૂર્ણ કરી શકાય. જુઓ આકૃતિ નં ૪ અને ૫










આકૃતિ -૪



આકૃતિ ૫



આકૃતિ ૬

માનવ આકૃતિનું ચિત્ર બનાવતી વખતે પણ આવી જ પ્રક્રિયા અને કાળજી લેવી જોઈએ. કોઈ પણ આકાર/ઢાંચો માત્ર સ્કેચ થી પણ બનાવી શકાય. જુઓ આકૃતિ-૬ વિદ્યાર્થી પોતાની સામે કોઈને મોડેલ તરીકે બેસાડી શકે છે. તેનો સ્કેચ કરતાં પહેલાં મોડેલ ની સ્થિતીનું નિરીક્ષણ કરો. તેનું કદ માપ ધ્યાન માં રાખવું જોઈએ. ચહેરાના માપ અનુસાર આખા શરીર નું ચિત્ર કરવું જોઈએ.

બે-ત્રણ માનવ આકૃતિઓ સાથેનું ચિત્ર સંયોજન થઈ શકે. જુઓ આકૃતિ ૭

નોંધ

આકૃતિ ૬

## સારાંશ :

*ચિત્રકાર પોતાના ચિત્રમાં માનવના વિવિધ ભાવ જેવા કે આનંદ/ગુસ્સો, વિરહ, શાંત, નિરૂપદ્રવી, સુંદરતા વગેરે અભિવ્યક્તિ કરે છે. વિદ્યાર્થીએ પણ આવા પ્રકારના ભાવ અભિવ્યક્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ, જેથી કલાકૃતિ સુંદર અને પૂર્ણ સ્વરૂપની બની રહે.*

*પ્રાણીઓના શરીરના બંધારણનું માળખું માનવ શરીર કરતાં જુદું છે. માટે વિદ્યાર્થીએ તેના જેવા જ આકાર અને આકૃતિનું ચિત્ર બનાવવું જોઈએ. નિયમિત મહાવરો કરવાથી સારા ચિત્રકાર બની શકાય.*

## નમૂનારુપ પ્રશ્નો :

૧ ઘોડાની આકૃતિ દોરો અને પેન્સીલથી શેડ આપી પૂરું કરો.

૨ કોઈ પણ પાલતુ પ્રાણીનું ચિત્ર દોરો.

૩ તમારા કુટુંબીઓ કે મિત્રોની માનવ આકૃતિઓ દોરો.

૪ માનવ આકૃતિઓ માપ પ્રમાણે દોરો.

નોંધ



ભારતીય નૃત્યાંગના (ઈન્ડીયન ડાન્સર)

ચિત્રકાર કે.કે.હેબર

નોંધ

બિલાડી (કેટ)

ચિત્રકાર રામ ગોપાલ

૪

# ચિત્ર સંયોજન

કોઈ પણ ચિત્ર સંયોજન એ કલાકારની અભિવ્યક્તિ, ઉત્તેજના અને લાગણીઓ જે હૃદયના અંતર પટથી પ્રગટે છે તેનું દર્શન છે. આવા ભાવ, રંગ, રેખા અને આકારોથી અભિવ્યકત કરી શકાય છે. આ બધાનું નિરૂપણ એવી રીતે કરવું જોઈએ જેથી અભિવ્યક્તિ દર્શાવતું ચિત્ર સંયોજન બની શકે. આવા ચિત્ર સંયોજનમાં દરેક વસ્તુઓ સંતુલિત, લયાત્મક તેમજ સુમેળવાળી હોય તે અત્યંત જરૂરી છે. આમાંથી જો કોઈ તત્વ રહી જાય તો ચિત્ર સંયોજન અસંતુલિત જણાય. આકારોનો એકબીજા સાથે તાલ મેળ હોવો જરૂરી છે. આવા પ્રકારના જરૂરી તત્વોનું ચિત્ર પ્રક્રિયામાં નિરૂપણ કરવું તેને જ ચિત્ર સંયોજન કહેવામાં આવે છે.

## ઉદ્દેશો

આ પ્રકરણનો અભ્યાસ અને મહાવરો કરવાથી વિદ્યાર્થી શીખશે.

૧. બે, ત્રણ કે તેથી વધુ આકારોને એક કાગળ ઉપર વ્યવસ્થિત ગોઠવણી કરતાં શીખી શકશે.

૨. ચિત્ર સંયોજન કરવા માટે વિવિધ આકારો અસરકારક રીતે ગોઠવી શકશે.

૩. પેન્સીલની મદદથી છાયા અને પ્રકાશ અસરકારક રીતે દર્શાવી શકશે.

૪. કલ્પના શક્તિ અધારિત સ્કેચની રેખાઓથી ચિત્ર સંયોજન કરી શકશે.

૫. ચિત્ર માટેના વિષયવસ્તુની અસરકારક પસંદગી કરી શકશે.

૬. ચિત્રમાં રંગોને યોગ્ય રીતે વાપરી શકશે.

## ચિત્ર સંયોજનમાં ભૌમિતિક આકારો

ચિત્ર સંયોજનમાં ભૌમિતિક આકૃતિઓ વપરાઈ હોય તેવા ચિત્ર સંયોજનને ભૌમિતિક સંયોજન કહે છે. "૧૦x ૧૦" અથવા "૧૦x ૧૫" નો આકાર કાપો અથવા તમારી કલ્પના શક્તિ થી પેન્સીલ અને ફૂટપટ્ટી વડે કાગળ ઉપર આકાર બનાવો જે તમારી કલ્પનાના આધારે હોય. આ ચિત્રમાં ગોળ, ચોરસ અને ત્રિકોણ આકારો દોરો. ત્યારબાદ તેમાં રંગો પૂરી ચિત્ર સંયોજન તૈયાર કરો. તમે

## ચિત્ર સંયોજન


નોંધ

કાળો અથવા રંગીન પેપરના જુદા જુદા આકારના ટુકડા કાપીને કાગળ પર સુશોભિત કરી ચિત્ર સંયોજન કરી શકો. આ રીતે તમને સંયોજનના મૂળભૂત ઉદ્દેશ સમજવામાં સરળતા થશે અને તમે સુંદર ચિત્ર સંયોજન કરી શકશો.


યાદ રાખો, સંયોજન સુસંગત અને સંતુલિત હોવું જોઈએ. તમે કોઈપણ માધ્યમ વાપરો એ જળરંગ કે પોસ્ટર કલર હોઈ શકે. જુઓ આકૃતિ-૧,૨,૩,૪

આકૃતિ-૧

આકૃતિ-૨



આકૃતિ-૩



આકૃતિ-૪



નોંધ

નોંધ

## સંકલ્પનાત્મક ચિત્ર સંયોજન

આવા ચિત્ર સંયોજન વિદ્યાર્થીની કલ્પના શકિત આધારિત હોય છે. દુન્યવી જીવનના અનુભવોમાંથી કલ્પનાઓ સ્ફૂરે છે.

ચિત્ર સંયોજનનો વિચાર કરતાં પહેલાં વિષય વસ્તુ નક્કી કરવી જરૂરી છે. વિષય-વસ્તુ બાબતે બધું વિદ્યાર્થીની પસંદગી ઉપર આધાર રાખે છે. તે માછીમાર, રસ્તા પરનું ધાબું, મેળો, વરસાદ, રેલ્વે સ્ટેશન કે બસ સ્ટેશન હોઈ શકે. પ્રથમ તો તમે ૪ થી ૫ ચિત્ર સંયોજન તમારી પસંદગી મુજબ કરો. ત્યારબાદ તેમાંથી ઉત્તમ સંયોજન તમે પેપર કે અન્ય સામગ્રીથી કરેલ હોય તેને મોટુ કરો.

સંયોજન આડું કે ઉભું હોઈ શકે. તે કલાકારની પસંદગીને આધિન છે. તેમાં મહત્વની બાબત એ છે કે તે ચિત્રમાં દર્શાવેલી તમામ ભાગ-રચનાઓ એકબીજા સાથે સુસંગત હોય. એમાં એ પણ નોંધ લેવી જોઈએ કે કોઈપણ આકાર/રચના ખસેડી લેવામાં આવે તો તેની સમગ્ર ચિત્ર સંયોજન પર અસર થાય. દરેક સારા ચિત્ર સંયોજનમાં સંતુલન, એકરૂપતા,સુસંગતતા અને લય હોય છે. જુઓ આકૃતિ-૫ અને ૬. ઝાડની ડાળ ઉપર બે પક્ષીઓ સુસંગત અને સંતુલિત રીતે ગોઠવ્યાં છે. રેખા ચિત્ર કર્યા બાદ તેમાં રંગ ભર્યા છે. આવા સમન્વયથી ચિત્ર સંયોજન આકર્ષક અને પૂર્ણ બને છે.



આકૃતિ-૫

નોંધ

આકૃતિ-૬



૭. પુસ્તક

૧૪. બાટલી

નોંધ

આકૃતિ-૭

આમાંથી થોડા પસંદ કરો અને એક જગ્યા પર ગોઠવો. પાછળ પડદો લટકાવો. વસ્તુઓની પસંદગી જેવું પદાર્થ ચિત્ર કરવું હોય તે પ્રમાણે ગોઠવ્યા કરો. પદાર્થ પસંદગીમાં તેના કદનો ખ્યાલ રાખવા જેટલી સમજ વિદ્યાર્થીમાં હોય તેમ માનવું પડે. પહેલા એક યા બે પદાર્થ પેન્સીલથી દોરો અને તેમાં પ્રકાશ અને છાયા દર્શાવો. (જુઓ આકૃતિ-૭). પછી રંગ પૂરી શકાય. સંતુલન, એકરૂપતા, સુસંગતતા અને લય ચિત્ર સંયોજનમાં જરુરી છે. (જુઓ આકૃતિ-૮). રંગીન કાપડની પાશ્વભૂમિમાં ટેબલ ઉપર કેટલાક શાકભાજી ગોઠવીને ચિત્ર બનાવી રંગ પૂરો. જુઓ આકૃતિ-૯

નોંધ

આકૃતિ-૮



આકૃતિ-૯

## પ્રકૃતિ આધારિત ચિત્ર સંયોજન



તમે ગામડાંઓ, શહેરો, પર્વતો, નદીઓ, નહેરો વગેરેનો પ્રકૃતિ આધારિત ચિત્ર સંયોજનમાં ઉપયોગ કરી શકો. સામાન્યત પ્રકૃતિ આધારિત ચિત્ર સંયોજનમાં આડા દશ્યો વપરાય છે.


ઉદાહરણ તરીકે કોઈ પણ દશ્ય પસંદ કરો. કોઈ પણ વસ્તુ અથવા બધી વસ્તુ જે પ્રકૃતિમાં દેખાય છે, તેનો ચિત્ર સંયોજનમાં ઉપયોગ કરી શકાય. ચિત્ર સંયોજનમાં ધ્યાન આકર્ષક બિંદુ (ફોકલ પોઈન્ટ)નું તત્વ હોવું અત્યંત આવશ્યક છે. જુઓ આકૃતિ-૧૦. રંગો પૂરતા પહેલા પેન્સીલથી સંયોજન કરવું હિતાવહ છે. પ્રકાશ અને છાયાની જગ્યાએ પેન્સીલથી નિશાન કરો. દશ્ય જોનારને સંયોજનમાં છાયા અને પ્રકાશનું સ્પષ્ટ ચિત્ર જોવા મળે.



આકૃતિ-૧૧

## ચિત્ર સંયોજન

હવે સંયોજનમાં રંગો પૂરી શકાય. રંગોના આછા, મધ્યમ અને ઘેરા આકારોની જગ્યા નક્કી કરો. રંગોનું સંતુલન આવશ્યક છે. એકરૂપતા,સમન્વય અને લયનું નિદર્શન સારા ચિત્ર સંયોજનની લાક્ષણિકતા છે. જુઓ આકૃતિ-૧૧



આકૃતિ-૧૧

## સજાવટી આકારોનું ચિત્ર સંયોજન

પ્રકૃતિની વસ્તુઓ જેવી કે ફૂલો, પાંદડા, ઝાડ, લતાઓ, પક્ષીઓ, જીવજંતુઓ, પતંગિયા, ખિસકોલી વગેરેના રેખાંકન(સ્કેચ) કરો. આ રેખાંકનોને જુદા-જુદા આકારોની ભાત (ડીઝાઈન) બનાવો અને તેને વિવિધ અલંકારીક આકારોમાં ગોઠવો. બીજા કોઈપણ સંયોજન કરતાં આ સંયોજન જુદું લાગશે. સારા સંયોજનમાં સંતુલન, લય અને સમન્વય હોય છે. રંગનો ઉપયોગ પણ સમન્વયપૂર્ણ હોવો જોઈએ. જુઓ આકૃતિ-૧૨, ૧૩, ૧૪ અને ૧૫.

નોંધ

આકૃતિ-૧૨

આકૃતિ-૧૩

નોંધ

આકૃતિ-૧૪



આકૃતિ-૧૫

## સંયોજન માટે જરુરી સામગ્રી

નોંધ

*ચિત્ર સંયોજન માટે વિદ્યાર્થી પાસે નીચે જણાવેલ સામગ્રી હોવી જોઈએ.*

*૧. ડ્રોઈંગ બોર્ડ, ૨. જાડું પૂંઠું, ૩. સફેદ ડ્રોઈંગ પેપર, ૪. કાટ્રીઝ પેપર, ૫. બોર્ડ પીનો, ૬. પેન્સીલ* HB, 2B, 4B, 6B, *૭. રબર, ૮. કટર, ૯. પીંછીઓ, ૧૦. રંગ માટેની ડીશ, ૧૧. મગ અથવા ગ્લાસ.*

## સંયોજનમાં રંગોનો ઉપયોગ

*વોટર કલર વાપરવાની પધ્ધતિમાં પહેલાં આછો રંગ (લાઈટ કલર) પછી ઘેરા રંગ (ડાર્ક કલર) નો ઉપયોગ કરવો. આછા રંગનો પટ લગાવ્યા પછી મધ્યમ અને ઘેરા રંગ વાપરવા. આથી રંગો સ્પષ્ટ દેખાશે. છાયા પણ આ પ્રકારની રંગરચનાથી દર્શાવી શકાય. જુઓ આકૃતિ-૧૬.*

આકૃતિ-૧૬

## સારાંશ

*સંયોજન એટલે તમામ જરૂરી તત્વોને એકત્રિત કરી તેની ગોઠવણ કરવી. પદાર્થ ચિત્રમાં વસ્તુનું વાસ્તવિક ચિત્રણ કરવું જરૂરી છે. બધી જ વસ્તુઓ એવી રીતે ગોઠવવી જેથી તેનું ચિત્રણ થઈ શકે. સંયોજન કલાકારની કલ્પનાઓ આધારીત હોય છે. તે પોતાની રીતે સંયોજન કરી પોતાની પસંદગીના રંગ ભરી શકે. જ્યારે પ્રકૃતિના ચિત્ર સંયોજનમાં કલાકારે પ્રકૃતિમાં જે દૃશ્યમાન હોય તેમાંથી સંયોજન કરવું પડે. આપણે દૃશ્યમાં કોઈ તત્વ ઉમેરી કે દૂર કરી શકીએ પરંતુ તે માટે ખૂબ અનુભવ જરૂરી છે. દૃશ્ય સંયોજનમાં યોગ્ય રંગોના ઉપયોગની જરૂરીયાત છે.*

*સજાવટી રૂપના સંયોજનમાં આપણે ચિત્ર/આકૃતિ આપણી મનપસંદ તેમજ રંગો પણ પોતાની પસંદગી પ્રમાણે વાપરીએ છીએ. સંયોજનમાં સંતુલિત રંગોનો ઉપયોગ થાય તોજ સંપૂર્ણ સુંદર સંયોજન કહેવાય.*

## નમૂનારુપ પ્રશ્નો

*૧. જગ, કપ, પ્લેટ, ફુલદાનીનો સ્કેચ કરો અને તેમાંથી સંયોજન કરો.*

*૨. કાળા અને સફેદ પેપર પર ત્રિકોણ,ચોરસ, ગોળ જેવા ભૌમિતિક આકારો ગોઠવો.*

*૩. તમારી કલ્પના આધારે કોઈ પણ વિષયનું ચિત્ર સંયોજન કરો.*

*૪. પ્રકૃતિની સુંદરતા દર્શાવતું પ્રકૃતિ ચિત્ર (લેન્ડસ્કેપ) દોરો.*

*૫. ફુલ, પાન, ખીસકોલી, પતંગીયું વગેરેના સ્કેચ કરી ભાત (ડીઝાઈન)નું ચિત્ર સંયોજન કરો.*

*૬. પાછળના પાને આપેલા ડ્રોઈંગમાં રંગ પુરો.*

## ચિત્ર સંયોજન

નોંધ

આકૃતિ-૧૭



યાત્રાનો અંત-એન્ડ ઓફ જર્ની

અવનિદ્રનાથ ટાગોર. વોશ પેઈન્ટીંગ

## ચિત્ર સંયોજન

નોંધ

રાવણનું ગ્રહમૂર્તિ

તૈલચિત્ર

નોંધ




માધ્યમિક સ્તર અભ્યાસક્રમ


# ચિત્રકળા


## માધ્યમિક

### પ્રાયોગિક





૩











૨૨૫

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા



२२५

# ચિત્રકળા

## માધ્યમિક અભ્યાસક્રમ

## પ્રાયોગિક

## ૩

યોજના અને નિર્માણ
**સંચિતા ભટ્ટાચાર્જી**

ભાષાંતર સહયોજક
ડૉ. રાજેશકુમાર

विद्याधनम् सर्वधनं प्रधानम्

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા
એ-૨૪/૨૫ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા સેક્ટર-૬૨, નોઈડા.

©

**રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા**

**જાન્યુઆરી ૨૦૧૩ (૪૦૦૦ નકલ)**

**છાપકામ ૮૦ જી.એસ.એમ. પેપર**

*પ્રકાશકઃ સચિવ રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થા*
*એ-૨૪/૨૫ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા સેકટર-૬૨, નોઈડા.*

*મુદ્રકઃ નૂતન પ્રીન્ટર્સ,*
*એફ-૮૯/૧૨ ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરીયા, ફેઝ-૧,*
*નવિ દિલ્હી - ૧૧૦૦૨૦*

## પ્રાદેશિક કેન્દ્ર/ઉપકેન્દ્રના સરનામા

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,
૧૯/૧૭, કસ્તુરબાગ ગાંધી માર્ગ, કચેરી રોડ,
અલાહાબાદ-૨૧૧૦૦૨, ઉત્તરપ્રદેશ.
ફોનઃ ૦૫૩૨-૨૫૪૮૧૫૪,
ફેકસઃ ૦૫૩૨-૨૫૪૮૧૪૯,
E-mail: rcallahabad@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પેટા કેન્દ્ર, NIOS,,
૬૯/૧૦૬, નિરંજનપુર, આઈ.ટી.આઈ. સામે,
સહારનપુર રોડ, ઉત્તરાંચલ,દહેરાદૂન-૨૪૮૧૭૧
ફોનઃ (ઓ.)૦૧૩૫-૨૬૨૩૯૨૯,
ફેકસઃ ૦૧૩૫-૨૬૨૯૧૬૬,
E-mail: rcdehradun@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,,
માનસ ભવન, શ્યામલા હિલ્સ,
ભોપાલ-૪૬૨૦૦૨, મધ્યપ્રદેશ.
ફોનઃ ૦૭૫૫-૨૬૬૧૮૪૨,૨૬૬૦૩૩૧
ફેકસઃ ૦૭૫૫-૨૬૬૧૮૪૨,
E-mail: rcbhopal@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,
YMCA કોમ્પલેક્ષ, સેકટર-૧૧સી,ચંદીગઢ-૧૬૦૦૧૧,
ફોનઃ ૦૧૭૨-૨૭૪૪૯૧૫,૩૯૫૦૯૭૯,
ફેકસઃ ૦૧૭૨-૨૭૪૪૯૫૨,
E-mail: acchandigarh@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,
એ-૩૧,ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, સેકટર-૬૨,
નોઈડા, ઉત્તરપ્રદેશ-૨૦૧૩૦૧
ફોનઃ ૦૧૨૦-૨૪૦૪૯૧૪, ૨૪૦૪૯૧૫
ફેકસઃ ૦૧૨૦-૨૪૦૪૯૧૬,
E-mail: rcdelhi@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,
ફસ્ટ ફલોર, આસામ પબ્લીકેશન બોર્ડ બિલ્ડીંગ
સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ પાસે,
બામુની મેદાન, ગૌહાટી-૭૮૧૦૨૧(આસામ)
ફોનઃ (ઓ.)૦૩૬૧-૨૩૪૩૯૬૪, ૨૩૪૦૪૯૭
ફેકસઃ ૦૩૬૧-૨૩૪૩૯૬૪,
E-mail: rcguwahati@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,
હાઉસ નં. ૧૭-૨૬, શ્રીનગર કોલોની, રોડ નં.૫,
દિલસુખનગર, હૈદરાબાદ-૫૦૦૦૬૦, આંધ્રપ્રદેશ,
ફોનઃ (ઓ.)૦૪૦-૨૪૧૬૨૮૫૯,
ફેકસઃ ૦૪૦-૨૪૦૬૦૭૧૨,
E-mail: rchyderabad@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,
ડી-૧૧-૧૨, રૂપવિહાર કોલોની, મોહન માર્ગ,
કરોલી બાગ સામે, ન્યુ સાંગામેર રોડ,
સોડલા જયપુર-૩૦૨૦૦૬.
ફોનઃ (ઓ.)૦૧૪૧-૨૨૯૨૮૧૮,
ફેકસઃ ૦૧૪૧-૨૨૯૨૮૧૯,
E-mail: rcjaipur@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,,
૩૪/૨૭૪૦, મંગલમ, પી.ઓ. પલારીવટનમ,
કોચી-૬૮૨૦૨૫, કેરાલા.
ફોનઃ ૦૪૮૪-૨૩૩૫૭૧૪
ફોન/ફેકસઃ ૦૪૮૪-૨૩૩૫૫૩૩
E-mail: rckochi@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,,
૧૦/૧/એચ.ડાયમંડ હારબર રોડ,
કોલકત્તા-૭૦૦૦૨૭, વેસ્ટ બંગાળ.
ફોનઃ ૦૩૩-૨૪૭૯૭૭૧૪,
ફેકસઃ ૦૩૩-૨૪૭૯૭૭૦૭,
E-mail: rckolkata@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પેટા કેન્દ્ર, NIOS,
૩૬૦/૧૦, શીશુ વિહાર, પાટીયા ભુવનેશ્વર,
ઓરીસ્સા-૨૪.
ફોનઃ ૦૬૭૪-૨૭૪૦૨૦૮,

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS,
લલિત ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, જવાહરલાલ નહેરૂ માર્ગ,
બૈલેય રોડ, પટના-૮૦૦૦૦૧, બિહાર.
ફોનઃ (ઓ.)૦૬૧૨-૨૫૪૦૫૧,
ફેકસઃ ૦૬૧૨-૨૫૪૫૪૭૦,
E-mail: rcpatna@nios.ac.in

**પ્રાદેશિક નિર્દેશક**
પેટા કેન્દ્રઃ NIOS,
મહોમદ ફૈઝુલા ખાન, ખાનચોક પાસે,
દરભંગા - ૮૪૬૦૦૪.
ફોન : ૦૬૨૭-૨૨૫૦૬૨૮

**પ્રાદેશિક નિર્દેશક**
પ્રાદેશિક કેન્દ્ર, NIOS ,
C/o. ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશન,
૧૨૮/૨, જે.પી.નાયક રોડ, કોથરુડ,
ફોન : (ઓ.)૦૨૦-૨૫૪૪૪૬૬૭
ફેકસઃ ૦૨૦-૨૫૪૪૪૬૬૭,
E-mail: rcpune@nios.ac.in

# આભાર સ્વીકાર

## સલાહકાર સમિતિ

*ડો. એસ.એસ.જૈના*
*અધ્યક્ષ*
*એન.આઈ.ઓ.એસ. નોઈડા*

*ડો. અનિતા પ્રિયદર્શીની*
*નિર્દેશક (એકેડેમીક)*
*એન.આઈ.ઓ.એસ. નોઈડા*

*શ્રીમતી ગોપા બીશ્વાસ*
*નાયબ નિર્દેશક (એકેડેમીક)*
*એન.આઈ.ઓ.એસ. નોઈડા*

## અભ્યાસક્રમ સમિતિ

*અધ્યક્ષા*
*પ્રા. કે.એમ. ચૌધરી*
*પૂર્વ પ્રાધ્યાપક*
*કોલેજ ઓફ આર્ટ,*
*નવી દિલ્હી*

*શ્રીમતિ બી.એમ. ચૌધરી*
*વિઝિટીંગ લેક્ચરર*
*મયુર વિહાર*
*નવી દિલ્હી*

*સંચિતા ભટ્ટાચાર્જી*
*અભ્યાસક્રમ સંકલનકાર*
*એન.આઈ.ઓ.એસ.*
*નોઈડા,યુ.પી.*

*શ્રીમતિ બિંદુલિકા શર્મા*
*રીડર*
*જામીયા મીલીયા ઈસ્લામીયા*
*નવી દિલ્હી.*

*શ્રીમતિ સંહિતા ભંવાલ*
*વિઝિટીંગ લેક્ચરર*
*અમિટી યુનિવર્સિટી નોઇડા.*

*શ્રી સ્વપન કર્માકર*
*ડ્રોઈંગ ટીચર*
*બાલ ભારતી પબ્લિક સ્કુલ*
*રાજેન્દ્રનગર, નવી દિલ્હી.*

*શ્રી રાજેશ ગુપ્તા*
*સરકારી સર્વોદય બાલ વિધાલય*
*વિવેક વિહાર*
*દિલ્હી.*

## રેખાંકન

*પ્રા. કે.એમ. ચૌધરી*
*પૂર્વ પ્રાધ્યાપક*
*કોલેજ ઓફ આર્ટ,*
*નવી દિલ્હી*

*શ્રીમતિ બિંદુલિકા શર્મા*
*રીડર*
*જામીયા મીલીયા ઈસ્લામીયા*
*નવી દિલ્હી.*

*શ્રીમતિ સંહિતા ભંવાલ*
*વિઝિટીંગ લેક્ચરર*
*અમિટી યુનિવર્સિટી નોઇડા.*

*શ્રી રાજેશ ગુપ્તા*
*સરકારી સર્વોદય બાલ વિધાલય*
*વિવેક વિહાર*
*દિલ્હી.*

## ગુજરાતી અનુવાદ

*રમેશચંદ્ર પરમાર*
*પૂર્વ સચિવ*
*લલિત કલા અકાદમી*
*ગુજરાત રાજ્ય*

## નિર્દેશક (શિક્ષણ) તરફથી . . . .

વ્હાલા વિધાર્થીઓ

રાષ્ટ્રીય મુકત વિધાલય શિક્ષા સંસ્થાન માધ્યમિક કક્ષાએ ચિત્રકળાના અભ્યાસક્રમનો પ્રારંભ કરે છે. આપે અમારી સંસ્થામાં જોડાઈને ચિત્રકળા શીખવાનું પસંદ કર્યુ તેનો આનંદ છે.

આ અભ્યાસ સામગ્રી સ્વઅધ્યયન પાઠયક્રમ માટે વિકસાવી છે. અમને આશા છે કે આ પ્રકરણો તમને તમારા વિષયમાં રસપ્રદ અને આકર્ષક જણાશે. ભારતીય કળા, પશ્ચિમીકળા અને સમકાલિન કળાના પ્રકરણો આપના જ્ઞાન કૌશલ્યની વૃઘ્ધિ માટે આમાં ઉમેરવામાં આવ્યા છે. ભારતીય કળાના પ્રકરણમાં ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલાની આગવી શૈલીનું વર્ણન છે પાઠયક્રમમાં તમને પશ્ચિમી કલાનાં વૈજ્ઞાનિક પ્રમાણ અને અવલોકનના ઉપયોગનું શિક્ષણ મળશે. સમકાલિન કલા, પશ્ચિમી ટેકનીક અને ભારતીય આઘ્યાત્મવાદનું મિશ્રણ ભારતીયકળામાં દ્રશ્યમાન થાય છે. તમે સિધ્ધાંતિક પૂર્વભૂમિકા અને પ્રાયોગિક કૌશલ્ય મેળવીને રંગ, રેખા અને કલમ સાથે રમતનો આનંદ મેળવશો.

પ્રાયોગિક કૌશલ્ય વિષયક પ્રકરણમાં તમે વિવિધ પ્રાકૃતિક દ્રશ્યો, ચીજવસ્તુઓ ના ચિત્ર સંયોજન કરી તમારી આંતરીક સૌંદર્યલક્ષી કલાદ્રષ્ટિ વિકસાવશો.

આ અભ્યાસક્રમ આપના જેવા વિધાર્થીઓ જેમણે રાષ્ટ્રીય મુકત વિધાલય શિક્ષા સંસ્થાનની પસંદગી કરી છે તેમને ખૂબજ ઉપયોગી અને લાભકર્તા થશે. આપને આપના અનુકૂળ સ્થળે અને સમયે ચિત્રકળા શીખવાની તક રહેશે. અમે આશા રાખીએ કે આ પાઠયક્રમ આપની સૌંદર્યસૂજ તેમજ અભિવ્યક્તિમાં સહયોગી થશે.

આ પાઠયક્રમને વધુ લાભદાયી બનાવવા માટે આપના સૂચનો આવકારીએ છીએ.

નિર્દેશક (શિક્ષણ)

## એક વાર્તા આપની સાથે,

હું આશા રાખું છું કે તમે પુસ્તક-૨ સિધ્ધાંતિક જોયું હશે. આ પુસ્તક તમને પદાર્થ ચિત્ર કેવી રીતે દોરવું તેનું માર્ગદર્શન આપશે. આ પ્રાયોગિક પુસ્તક રંગો દ્વારા તમારી અભિવ્યક્તિમાં મદદરૂપ થશે, સપ્રમાણતા પારખવાની સૂઝ કેળવશે, રેખાઓના ગુણભાવનું મુલ્યાંકન, પોત (ટેક્ષચર) અને લયની સૂઝ કેળવશે. આ પુસ્તકના અભ્યાસથી તમે ઘણા બધા પદાર્થોને ભાત, આકાર, આપી તમારી લાગણીઓ પ્રગટ કરી શકશો. આ પુસ્તકમાંથી તમને ચિત્રકળાની વિવિધ પધ્ધતિઓ (ટેકનીક), પર્સપેકટીવ, સપ્રમાણની ઓળખ, રંગ સંયોજન તથા છાયા પ્રકાશના અભ્યાસની તક મળશે.

હું આશા રાખું કે તમે ચિત્ર અભ્યાસનો આનંદ લેશો. જો આપના કોઈ સૂચન હોય તો અમને જરૂર જણાવશો કારણ તમારા સૂચનો અમારે મન ખૂબ જ મૂલ્યવાન છે. આ અભ્યાસક્રમને વધુ સમૃધ્ધ કરવામાં અમે ધ્યાન આપી શકીએ.

મારી શુભેચ્છાઓ સહ. . .

સંચિતા ભટ્ટાચાર્જી
અભ્યાસક્રમ સંકલનકાર

# અનુક્રમણિકા


| અનુ. નં. | પાઠનું નામ | પાન નં. |
|---|---|---|
| ૧. | સાધન અને સામગ્રી | ૧ |
| ૨. | પદાર્થ વસ્તુ અભ્યાસ | ૧૩ |
| ૩. | પ્રકૃતિ અભ્યાસ | ૧૮ |
| ૪. | માનવ આકૃતિઓ | ૨૮ |
| ૫. | પશુ અને પક્ષીઓનો અભ્યાસ | ૩૭ |
| ૬. | ચિત્ર સંયોજન | ૪૭ |

# પ્રાયોગિક અભ્યાસની સૂચિ

**વિષય**

*૧ કલાના વિવિધ સાધન અને સામગ્રી વિષયક જાણકારી*

*૨ માનવ સર્જીત પદાર્થોની ઘનતા, પર્સપેકટીવ અને છાયાના આધારે ડ્રોઈંગ અને પેઈન્ટીંગ.*

*૩ પ્રકાશ, છાયા અને રંગો દ્વારા પ્રકૃતિના તત્વોનું ચિત્રણ કરવું.*

*૪ માનવ આકૃતિની વિવિધ લાક્ષણિકતા, હાવભાવ અને અભિવ્યક્તિઓનો અભ્યાસ.*

*૫ વિવિધ પશુ-પક્ષીઓનો અભ્યાસ, જેમાં પશુ-પક્ષીઓના રંગ, પોત (ટેક્ષચર) અને હલન ચલનનો ઉપયોગ.*

*૬ વિવિધ વિષય-વસ્તુ આધારે ચિત્ર સંયોજન. વિષયનો આધાર પ્રકૃતિ, માનવ સર્જીત પદાર્થ-વસ્તુઓ વગેરે વિદ્યાર્થીની પોતાની કલ્પના મુજબ હોઈ શકે.*

## પ્રસ્તાવના

*માધ્યમિક સ્તરનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ડ્રોઈંગ અને પેઈન્ટીંગના મહાવરા માટેની આ માર્ગદર્શિકા છે જે વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા માર્ગદર્શન મળતું નથી તેમને મદદરૂપ થવાનો આ નમ્ર પ્રયાસ છે. ડ્રોઈંગ અને પેઈન્ટીંગના વિષયમાં વિદ્યાર્થીઓને જાતે જ વિવિધ સાધન સામગ્રીથી અભ્યાસ કરવામાં મદદરૂપ થવાનો પૂરતો પ્રયત્ન કરવામાં આવેલ છે.*

*આ માર્ગદર્શિકા વિદ્યાર્થીની કળાના વિષયમાં સર્જનાત્મકતા વિકસાવવામાં તેમજ સૌંદર્યપ્રદ કલાકૃતિઓ તૈયાર કરવામાં સહાયરુપ નીવડશે. માટે જ આ પુસ્તિકામાં યુવા અને ઉગતા કલાકારો માટે વ્યાપકરુપે માર્ગદર્શક સૂચનો આપ્યા છે.*

## ઉદ્દેશો

*ઉદ્દેશો નીચે મુજબ છે.*
*વિદ્યાર્થીઓને કલાના સાધનો અને સામગ્રીથી પરીચિત કરવા.*
*ચિત્રકલાની વિવિધ પધ્ધતિઓનો અને નિયમોનું પાલન ઉપયોગ કરાવવું.*
*વિદ્યાર્થીની સર્જનાત્મકતા વિકસાવવી.*
*દ્દશ્ય આકારોના અનુભવની અભિવ્યકિત કરાવવી.*

## વપરાશ માટેની સામગ્રી

*ડ્રોઈંગ પેપર, વિવિધ ગ્રેડની પેન્સીલો, ક્રેયોન(મીણના રંગ), ચારકોલ (કોલસાની પાતળી લાકડીના ટુકડા), પેન અને ઈંક, ઓઈલ પેસ્ટલ(તૈલી ચોક), વોટર કલર, પોસ્ટર કલર, એક્રેલીક કલર, ઓઈલ કલર, રંગીન ઈંક, વિવિધ ગ્રેડની પીંછીઓ.*

# ૧

# સાધન અને સામગ્રી

## લક્ષ

*ચિત્રકળાની વિવિધ સાધન અને સામગ્રીથી પરિચિત થવું.*

## પ્રસ્તાવના

*ચિત્રકળામાં યોગ્ય સાધન સામગ્રીની જાણકારી અત્યંત આવશ્યક અને મહત્વની છે. કલાકારે આવી સાધન સામગ્રીની પસંદગી તેઓ જે પ્રકારનું કાર્ય કરવા ઈચ્છતા હોય તેને લક્ષમાં રાખીને કરવી જોઈએ. સ્કેચીઝ અથવા ડ્રોઈંગ માટે નરમ (સોફ્ટ) પેન્સીલો (HB, 2B, 4B, 6B) અને ઝીણવટભર્યા સુક્ષ્મ કાર્ય માટે કડક(હાર્ડ) (એચબી/એચ) પેન્સીલનો ઉપયોગ કરવો જોઈએ. રંગોની પસંદગી પણ અગત્યની છે. આપણે જુદા જુદા પ્રકારના રંગ અને માધ્યમ સાથે પ્રયોગ કરવા જોઈએ. છેવટે આપણે કોઈ એક માધ્યમની અનુકૂળતાથી તેનો ઉપયોગ કરી શકીએ. આ પ્રકરણમાં ડ્રોઈંગ અને પેઈન્ટીંગની ઝીણવટભરી અને વિસ્તૃત માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.*

## ઉદ્દેશો

*આ પ્રકરણનો અભ્યાસ અને મહાવરો કરવાથી વિદ્યાર્થી શીખશે.*

૧ *વિવિધ પ્રકારની પેન્સીલો અને શાહીના પ્રકાર ઓળખી શકશે.*

૨ *ડ્રોઈંગ અને પેઈન્ટીંગ માટે યોગ્ય સપાટી પસંદ કરી શકશે.*

૩ *યોગ્ય પીંછીઓ (ગોળ અને ચપટી) જરૂરીયાત મુજબ વાપરી શકશે.*

૪ *વિવિધ પ્રકારના રંગો વિવિધ માધ્યમમાં લાગુ પડે તેને ઓળખી શકશે.*

સાધન અને સામગ્રી

## સામગ્રીના ઉપયોગ

- પેન્સીલો - નરમ અને કડક, રંગીન, કાર્બન.
- ક્રેયોન(મીણના રંગ) - કાળા રંગનો
- પેસ્ટલ - સૂકા, મીણના, તૈલીય
- ચારકોલ (કોલસાની પાતળી લાકડીના ટુકડા) - કાળા
- પેપર - વિવિધ સપાટી અને જાડાઈવાળા, કાર્ટીજ, હેન્ડમેઈડ, આઈવરી, ચોક્સી, પોસ્ટર, ઓઈલ પેપર
- રંગ - જળરંગ(વોટર કલર) પારદર્શક (ટ્યુબ અથવા કેક સ્વરૂપે) અપારદર્શક (પોસ્ટર કલર-બોટલ) ગુંદર મેળવેલ રંગો. હેન્ડમેઈડ પેપર(ખાદીનો પેપર) ચોક્સી, કાર્ટીજ, સીલ્ક, હાર્ડબોર્ડ, દિવાલની સપાટી વગેરે વગેરે વોટર કલર માટેની અનુકૂળ સપાટીઓ છે.
- પીંછીઓ - પીંછીઓના પ્રકાર
  ૧) જળરંગોમાટે ગોળ (રાઉન્ડ) પીંછીઓ ૨) તૈલ રંગો માટે ચપટી પીંછીઓ ૩) નાઈફ ૪) સ્પેચુલા

## તમારી સાધન સામગ્રીને જાણો

### સાધનો

પેન્સીલો (HB, 2B, 4B, 6B)



આકૃતિ - ૧

રંગીન પેન્સીલો



આકૃતિ - ૨

## સાધન અને સામગ્રી

ક્રેયોન



આકૃતિ - ૩

ચારકોલ



આકૃતિ - ૪

ગોળ જળરંગો માટેની પીંછીઓ
નં. ૧, ૫, ૮ અને ૧૨



આકૃતિ - ૫

તૈલ રંગો માટેની ચપટી પીંછીઓ
નં. ૧, ૨, ૪, ૫, ૧૦, ૧૨



આકૃતિ - ૬



નોંધ

## સાધન અને સામગ્રી

નાઈફ અથવા સ્પેચુલા



આકૃતિ - ૭

જળરંગો માટેની ડીશ



આકૃતિ - ૮

તૈલ રંગો માટેની ખડીયા સાથેની ડીશ



આકૃતિ - ૯

## સાધન અને સામગ્રી

### રંગ સામગ્રી

જળરંગો (વોટર કલર)



આકૃતિ - ૧૦

પોસ્ટર કલર



આકૃતિ - ૧૧

ઓઈલ કલર



આકૃતિ - ૧૨


એક્રેલીક કલર



આકૃતિ - ૧૩

## સાધન અને સામગ્રી

પેસ્ટલ કલર



આકૃતિ - ૧૪


રંગીન શાહી



આકૃતિ - ૧૫


**રેખાઓના પ્રકાર અને ડ્રોઈંગ માટેની સામગ્રીના કેટલાક ઉદાહરણ.**

HB પેન્સીલથી કરેલી રેખાઓ.



આકૃતિ - ૧૬


નરમ પોચી પેન્સીલો જેવી કે 6B થી ઓછી નરમ 4B અને 2B થી કરેલી રેખાઓ.



આકૃતિ - ૧૭


## સાધન અને સામગ્રી

પેન અને શાહીથી એક બીજીને કાપતી (હેચડ) રેખાઓ.



આકૃતિ - ૧૮

પેન અને શાહીથી સાદી રેખાઓ .



આકૃતિ - ૧૯

ટપકાં (બિંદુઓ) થી વિવિધ પટ (ટોન છાયા/પ્રકાશ માટે )કરી શકાય.



આકૃતિ ૨૦

ચારકોલ ના ભુકાથી પદાર્થ વસ્તુમાં છાયા અને પ્રકાશ દર્શાવી શકાય.




આકૃતિ ૨૧



નોંધ

## સાધન અને સામગ્રી

ઝડપી સ્કેચ બનાવવા માટે ક્રેયોનનો ઉપયોગ થાય છે.
પોત(ટેક્ષચર) ઉમેરવા માટે રંગીન પેન્સીલો ઉપયોગી છે.




આકૃતિ ૨૨



આકૃતિ ૨૩

ઓઈલ પેસ્ટલ અવારનવાર વ્યક્તિચિત્ર (પોટ્રેટ), પૂર્ણઆકૃતિ(લાઈફ) અને દ્રશ્યચિત્ર માટે વપરાય છે.



આકૃતિ ૨૪

- ઉપર દર્શાવેલ સાધન સામગ્રીથી ડ્રોઈંગનો અને સ્કેચનો અભ્યાસ કરો.
- પેન્સીલથી સ્કેચ માટે 4B અને HB બન્ને વાપરો. જેવી રીતે અહીં પશુ આકૃતિમાં દર્શાવ્યું છે.



આકૃતિ - ૨૫

## સાધન અને સામગ્રી

પેન અથવા ઈંકપેન અથવા કાળી જેલ પેન ડ્રોઈંગ અને સ્કેચ માટે ઉત્તમ માધ્યમ છે. તમે ત્રણેય પધ્ધતિ જેમકે રેખાઓ, છાયા માટેની સમાંતર રેખાઓ, બિંદુ ચિત્રણનો પ્રયાસ કરો. યાદ રાખો, તમે શાહીને ભૂસી શકતા નથી, માટે શાહી વાપરતા પહેલા પેન્સીલથી શરૂઆતનું માળખું તૈયાર કરો.

- પેન્સીલથી ચિત્રની શરૂઆત કર્યા બાદ કોઈપણ વસ્તુનું સીધી રેખાઓથી ચિત્રાંકન કરો.



આકૃતિ - ૨૬

- માનવ આકૃતિ અથવા પશુ આકૃતિ છાયા માટેની સમાંતર રેખાઓની પધ્ધતિથી દોરો.



આકૃતિ - ૨૭


## સાધન અને સામગ્રી

- હવે તમારા ચિત્રમાં શેડ દર્શાવવા ટપકાઓનો ઉપયોગ કરો.



આકૃતિ - ૨૮

- પેન અને ઈંક વડે ચિત્ર બનાવતી વખતે આ ત્રણેય પધ્ધતિ વાપરો. તમે એક દૃશ્યચિત્ર (લેન્ડસ્કેપ) બનાવી શકો. ચિત્રમાં ઊંડાણ કે ગહેરાઈનો આભાસ લાવવા તેના આગળના ભાગમાં ઘેરી(ડાર્ક) અને પાછળના ભાગમાં હળવી કે તૂટક રેખાઓ વાપરો.




આકૃતિ - ૨૯

## સાધન અને સામગ્રી


**ચિત્રકામ માટે ઘણા પ્રકારની રંગ સામગ્રી છે.કેટલીક પારંપરીક છે અને કેટલીક આધુનિક સમયમાં શોધાઈ છે જેવી કે એક્રેલીક.**

- જળરંગના ઘણા પ્રકાર છે. તમે પારદર્શક જળરંગો વાપરી શકો. રંગને પાતળો કરવા વધુ પાણી વાપરો. અગાઉ દર્શાવેલ ચિત્ર (આકૃતિ-૨૯)માં જળરંગો વાપરો.




આકૃતિ-૩૦

- હવે અપારદર્શક જળરંગો જોઈએ. પોસ્ટર કલર અને ગુંદરના રંગો અપારદર્શક છે. સરળતાથી ઉપલબ્ધ પોસ્ટર કલર વાપરો. આજ ચિત્રને ફરીથી પોસ્ટર કલરમાં બનાવો.



આકૃતિ-૩૧



આકૃતિ-૩૨

- એક્રેલીક રંગો પોસ્ટર કલર જેવા જ છે. તમે આ રંગોને પાણી અને ઓઈલ બંન્નેથી પાતળા કરી શકો. તે વોટરપ્રુફ છે. ચિત્ર માટે કેનવાસ કે ઓઈલ પેપર વાપરવા જોઈએ.

નોંધ

## સાધન અને સામગ્રી

- વૈવિધ્ય માટે તમે પીંછીઓના બદલે ચિત્રકામ માટેના ચપ્પા (નાઈફ)નો અથવા સ્પેચુલાનો ઉપયોગ કરી શકો. તેમાં પોસ્ટર કલર, એક્રેલીક કે ઓઈલ કલર વધુ અનુકૂળ રહેશે. સ્પેચુલાથી પોત  દર્શાવી શકાય.



આકૃતિ - ૩૩

- પેસ્ટલ કલર પેન્સિલ કલર જેવા જ છે, પરંતુ ઘણા નરમ અને ઉજ્વળ છે. તેનાથી રંગીન પદાર્થો દોરો.



આકૃતિ-૩૪

- ઓઈલ કલર કેનવાસ કે ઓઈલ પેપર ઉપર વાપરી શકાય. ટર્પેન્ટાઈન અને લીન્સીડ ઓઈલ રંગને પાતળા કરવા ઉમેરી શકાય. જુઓ પાઠ-૩ આકૃતિ- ૨૨ થી ૨૫.





૨

# પદાર્થ-વસ્તુ અભ્યાસ

## લક્ષ

*માનવ સર્જીત પદાર્થ વસ્તુઓના ડ્રોઈંગ અને પેઈન્ટીંગનો ઘનતા, છાયા અને યથાદર્શન (પરસ્પેકટીવ) ના સંદર્ભમાં અભ્યાસ કરવો.*

## પ્રસ્તાવના

*કલાના કોઈ પણ કાર્યમાં કલા કામની સંપૂર્ણ સમજ હોવી અત્યંત આવશ્યક છે. કલાકાર આવી સમજ પદાર્થના સતત અભ્યાસથી જ મેળવી શકે. માનવ સર્જીત પદાર્થ/વસ્તુઓને દૃષ્ટિ સમક્ષ રાખી તેનો અભ્યાસ કરવો તે અતિ મહત્વનું છે. જેથી આકાર, આકૃતિના વળાંકો અને ઘનતાનો અભ્યાસ રેખાઓ અને રંગો બન્ને દ્વારા કરી શકાય. આ માટે વિદ્યાર્થીએ કેટલાક મૂળભૂત પગલાં અનુસરવાના છે જેમ કે પદાર્થનું તેના સાદા ભૌમિતીક સ્વરૂપના સંદર્ભમાં નિરીક્ષણ કરવું અને ત્યારબાદ તેમાં રંગો અને છાયા ઉમેરીને તેમાં ઘનતા લાવી શકાય. આ પ્રકારનો અભ્યાસ વિદ્યાર્થીને માનવ સર્જીત પદાર્થોના પોત(ટેક્ષચર), પ્રમાણ અને ઘનતા સમજવામાં સહાયરૂપ થશે.*

## ઉદ્દેશો


*આ પ્રાયોગિક અભ્યાસ બાદ તમે*

- *પદાર્થના મૂળ આકારોના તફાવત તારવી શકશો.*
- *નિરીક્ષણ કરેલા પદાર્થને તેના સંપૂર્ણ વાસ્તવિક દેખાવના સ્વરૂપે દોરી શકશો.*
- *પદાર્થોના પ્રમાણનો ખ્યાલ, રંગ, પોત, પ્રકાશ અને છાયા વગેરે દર્શાવી શકશો.*


*પેન્સીલ અથવા ઈંકથી ત્રણ મૂળાકારો દોરો.*

*ઉદાહરણ તરીકે :- (૧) ગોળ (૨) ચોરસ (૩) ત્રિકોણ*


## પદાર્થ ચિત્ર



આકૃતિ - ૧
(૧)




આકૃતિ - ૨
(૨)



આકૃતિ - ૩
(૩)

તમે કોઈપણ ગોળ પદાર્થને ગોળાકારથી દોરી શકશો.



આકૃતિ - ૪



આકૃતિ - ૫



આકૃતિ - ૬




આકૃતિ - ૭


તમે કોઈપણ ચોરસ કે લંબચોરસ પદાર્થ-વસ્તુને ચોરસથી દોરી શકશો.



આકૃતિ - ૮



આકૃતિ - ૯




આકૃતિ - ૧૦

## પદાર્થ ચિત્ર


તમે ત્રિકોણાકારની ચીજવસ્તુઓ ત્રિકોણથી દોરી શકશો.


આકૃતિ - ૧૧


આકૃતિ - ૧૨


આકૃતિ - ૧૩

તમે આવા ચિત્રો પેન્સીલથી અથવા પારદર્શક વોટર કલર કે ઓઈલ કલરથી કરી તેમાં પ્રકાશ-છાયા દર્શાવી શકો.


આકૃતિ - ૧૪
છાયા અને પ્રકાશ


આકૃતિ - ૧૫
જળરંગો


આકૃતિ - ૧૬
જળરંગો


આકૃતિ - ૧૭
ઓઈલ પેસ્ટલ

પદાર્થ ચિત્ર(ઓબજેક્ટ ડ્રોઈંગ/સ્ટીલ લાઈફ) પેન અને ઈંકથી દોરતાં પહેલાં નક્કી કરો કે કયા પ્રકારની પ્રકાશ છાયાની રેખાઓ દ્વારા પ્રકાશ છાયા દર્શાવવી છે.


આકૃતિ. ૧૮

## પદાર્થ ચિત્ર

આ પદાર્થ ચિત્ર બિંદુઓથી કરેલ છે. તેને બિંદુ ચિત્રણ પધ્ધતિ કહેવાય. સમગ્ર આકાર,પ્રકાશ અને છાયા બિંદુઓથી રચાયેલ છે. પદાર્થને પેન્સીલથી ઝાંખો દોરો જેથી યોગ્ય આકાર બની શકે.

પદાર્થનાં જે ભાગ પર અંધારુ છે તે જગ્યા પર બિંદુઓ એકબીજાથી તદ્દન નજીક મૂકો જાણે કાળો છાંયો (ધબ્બો) લાગે. ધીરે ધીરે બિંદુઓ દૂર-દૂર મૂકીને મધ્યમ પ્રકાશ દર્શાવો. વધુ પ્રકાશિત ભાગની જગ્યાએ બિંદુઓ ન મૂકી જગ્યા ખાલી છોડવી.



આકૃતિ. ૧૯

આ આકૃતિમાં પદાર્થને સીધી સમાંતર રેખાઓથી દોરેલ છે. સમગ્ર પ્રકાશ અને છાયાની અસર ટૂંકી અને ઝડપી સમાંતર લસરકાઓથી કરેલ છે.

પહેલા પદાર્થનો મૂળ આકાર મેળવવા પેન્સીલથી ઝાંખો આકાર દોરો. પછી તમારી પેનથી આડા લસરકાવાળી એકબીજાની નજીકમાં રેખાઓથી ઘેરો ભાગ દર્શાવો. પ્રકાશિત ભાગ ખુલ્લો રાખવો.



આકૃતિ. ૨૦

આ આકૃતિ દર્શાવે છે કે પદાર્થનું ચિત્ર એકબીજાને કાપતી(ચોકડી જેવી) રેખાઓથી કરેલ છે. તેને હેચીંગ કહેવાય છે. અહીં રેખાઓના ત્રાંસા અને એકબીજીને કાપતા લસરકાઓ છે. ઘેરો શેડ દર્શાવવા રેખાઓ એકબીજાની તદ્દન નજીક છે જ્યારે પ્રકાશિત ભાગ દર્શાવવા જગ્યા ખુલ્લી છોડી છે.

## પદાર્થ ચિત્ર



આકૃતિ. ૨૧

રંગીન પેન્સીલોથી દોરેલું પદાર્થ ચિત્ર સંયોજન.

### સ્વાધ્યાય :

(૧) કોઈપણ સાધનોની મદદ વિના મુક્ત હાથે પેન્સીલથી વિવિધ માપના ત્રણ મૂળ આકારો દોરો.

(૨) કોઈપણ પદાર્થ જેવા કે તરબૂચ, નારંગી, સફરજન વગેરે ગોળાકારની મદદથી બનાવો અને તેમાં રંગીન પેન્સીલોથી છાયા પ્રકાશ દર્શાવી પૂરું કરો.

(૩) કોઈપણ ત્રિકોણ આકારનો પદાર્થ જેવો કે ઝૂંપડી, આઈસ્ક્રીમનું કોન, ફૂલદાન વગેરે દોરી તેમાં પેસ્ટલ કલર પૂરો.

(૪) ટેબલ, ટેલીવીઝન કે લંચબોક્સ દોરી તેને વોટર કલરથી પૂરું કરો.

# ૩

# પ્રકૃતિ અભ્યાસ

## લક્ષ

પ્રકૃતિના છાયા પ્રકાશ અને રંગોથી બદલાતા રહેતા સ્વરૂપોને દર્શાવવા.

## પ્રસ્તાવના

પ્રકૃતિ ચિત્રોમાં મુખ્યત્વે ઝાડ, પાન, ફૂલો, પર્વતો, નદીઓ, દરિયો વગેરેનો સમાવેશ થાય છે. પ્રકૃતિનો અભ્યાસ કરતી વેળાએ આપણે પદાર્થ ચિત્ર અને પ્રકૃતિનો મૂળ ભેદ સમજવો જોઈએ. પ્રકૃતિ જીવનથી પરિપૂર્ણ છે અને હંમેશા બદલાતી રહે છે. માટે પ્રકૃતિના આ તત્વને ઓળખી/ સમજીને ચિત્રમાં દર્શાવવું ખૂબ મહત્વનું છે. તેમાં સાપેક્ષ પ્રમાણ/યથાદર્શન (પરસ્પેક્ટીવ), સંતુલન, સંયોજન, સમન્વય અને રંગોનું ધ્યાન રાખવું ખૂબ મહત્વનું છે. આ બધું તમારી ઈચ્છા અનુસાર ચિત્રમાં વાપરી શકાય.

## ઉદ્દેશો


આ પ્રાયોગિક અભ્યાસ બાદ તમે

- માનવ સર્જીત પદાર્થના(જડ) અને જીવનથી ભરપૂર પ્રકૃતિ વચ્ચેનો તફાવત તારવી શકશો.
- પ્રકૃતિ અને તેની આસપાસના વાતાવરણને પોતાની જાતે ઓળખી શકશો.
- પ્રાકૃતિક વસ્તુઓના રંગોનું પોત(ટેક્ષચર) અને આકાર/રચના જુદા તારવી શકશો.
- યોગ્ય રંગ, સાપેક્ષ પ્રમાણ/યથાદર્શન (પરસ્પેક્ટીવ) અને કુદરતી પ્રકાશથી પ્રકૃતિ ચિત્ર દોરી શકશો.

## પ્રકૃતિનો અભ્યાસ

નાની પ્રાકૃતિક વસ્તુઓ જેવી કે ફળો, શાકભાજી, પાંદડા અને ફૂલોથી ચિત્ર અભ્યાસ શરૂ કરો.

પગલું :૧
તમારી દ્રષ્ટી સમક્ષ બે સફરજન મૂકો. તેમની બાહ્ય રેખા દોરો.



આકૃતિ. ૧

પગલું : ૨


જાડા પોસ્ટર કલર પૂરો. ક્રિમઝન, લેમન યલો, અને ગ્રીન રંગ વાપરો.



આકૃતિ-૨

- કેટલાક સામાન્ય શાકભાજી પસંદ કરો. (કોબીજ, રીંગણ, કારેલા વગેરે). પેન્સીલથી દોરો. (2B અથવા 4B પેન્સીલ વાપરો)






આકૃતિ - ૩ આકૃતિ - ૪

નોંધ

## પ્રકૃતિ અભ્યાસ

- કોઈ એક કંદમૂળની શાકભાજી (શલગમ) પસંદ કરી HB પેન્સીલથી દોરો. પછી કાળો વોટર કલર આઠ નંબરની પીંછીથી પૂરો.



આકૃતિ - ૫

- હવે તેવા જ પ્રકારની કેટલીક શાકભાજી(જેમકે અહીં કેપ્સીકમ) યોગ્ય રીતે ગોઠવો. રંગીન પેન્સીલો વાપરો. વેરેડીઅન ગ્રીન, સેપ ગ્રીન અને ક્રોમ યલો જેવી પેન્સીલો વાપરો.



આકૃતિ - ૬

- આજ સંયોજનનો વિવિધ માધ્યમમાં પ્રયોગ કરો. પોસ્ટર કલર સારો વિકલ્પ છે. (પોસ્ટર ગ્રીન, ક્રોમ યલો અને સફેદ રંગ વાપરો)



આકૃતિ - ૭



નોંધ

## પ્રકૃતિ અભ્યાસ

- જુદી જુદી જાતના શાક પસંદ કરો જેમકે લાલ મરચાં, ફુલાવર, કારેલા, કાળી વોટર પ્રુફ ઈંકથી બાહય રેખાઓ દોરો. ત્યાર બાદ રંગીન ઈંક અથવા વોટર કલર વાપરો.



આકૃતિ - ૮ આકૃતિ - ૯ આકૃતિ - ૧૦

- પારદર્શક વોટર કલરમાં હાથ અજમાવો. થોડીક ડુંગળીઓ ગોઠવો. HB પેન્સીલ થી ડ્રોઈંગ કરો. ક્રીમઝન અને બ્રન્ટ સાયના રંગોમાં વધુ પાણી ઉમેરી રંગ વાપરો. રંગનો એક જ પટ વાપરવાનું ધ્યાનમાં રાખો .



આકૃતિ - ૧૧

ફુલોનો એક ગુચ્છ લો. HB પેન્સીલથી અભ્યાસ કરો. અને ફુલોની બાહય રેખાઓ દોરો.

પગલું : ૧



આકૃતિ - ૧૨



આકૃતિ - ૧૩

- પાશ્વભૂ(બેકગ્રાઉન્ડ)માં વિરોધાભાસી રંગો પૂરો અને ફૂલોમાં પીળો રંગ વાપરો. આ ચિત્રમાં પાશ્વભૂ (બેકગ્રાઉન્ડ) માં લાલ અને વાદળી રંગ છે.

પગલું : ૨



આકૃતિ - ૧૪

- હવે ફુલોમાં રંગ પુરો. ક્રોમ યલો અને યલો ઓકર ફુલોમાં વાપરો. આછો લીલો અને ઘેરો લીલો (સફેદ અને પીળો રંગ ભેળવીને) ડાળીઓમાં પૂરો.

પગલું૩



આકૃતિ - ૧૫

- ફૂલો પારદર્શક વોટર કલરથી દોરો. માત્ર આકારોની રચના કરો. વિગતવાર ઝીણવટભર્યું ન કરશો.

- છોડનો પેન અને ઈંકથી અભ્યાસ કરો. HB પેન્સીલથી તેના સંયોજનનું માળખું તૈયાર કરી પેનથી પૂરું કરો. આગળના ભાગના પાંદડા અને પાછળના ભાગના પાંદડા દોરતી વખતે ધ્યાન આપો. તેઓ એકબીજા પરથી અલગ દેખાવા જોઈએ.



આકૃતિ - ૧૬



- તમે કેનવાસ પર ઓઈલ કલરથી ફૂલો અને છોડવાઓનું ચિત્ર સંયોજન કરવા પ્રયત્ન કરો.ચિત્રની સુંદરતા વધારવા તમે બીજા તત્વો(પદાર્થ) ઉમેરી શકો.

આકૃતિ - ૧૭

- વૃક્ષોની વિવિધ લાક્ષણિકતાઓ છે. દશ્ય ચિત્રમાં વૃક્ષોની ખૂબ મહત્વની ભૂમિકા છે. વૃક્ષોની આવી લાક્ષણિકતા, તેનુ પોત (ટેક્ષચર) અને લય ચિત્રમાં ઉપસાવવા પ્રયત્ન કરો. તમે પેન, પેન્સીલ, ક્રેયોન કે ઓઈલ પેસ્ટલ વાપરી શકો. આ આકૃતિ કાળી પેનથી હેચીંગથી દોરી છે.



આકૃતિ - ૧૮

## પ્રકૃતિ અભ્યાસ

- ઝાડવાનો અભ્યાસ પારદર્શક જળરંગોથી કરો. તેને ખૂબ સરળ બનાવો. તેમાં ઝીણવટ (ડિટેઈલ) ન દર્શાવો. સીમિત રંગો વાપરો. આ ચિત્રમાં માત્ર વાદળી, લેમન યલો અને બ્રાઉન રંગો વાપર્યા છે.



આકૃતિ - ૧૯

- દશ્યચિત્ર(લેન્ડસ્કેપ) જે તે સ્થળ ઉપર કરવું પડે. કોઈ એક સ્થળ પસંદ કરો. સ્થળની પસંદગી કરવા બહુ દૂર જવાની જરૂર નથી. તમને ગમતું કોઈપણ સ્થળ તમે પસંદ કરી શકો. દરિયા કિનારો ઘણો આકર્ષક અને ચિત્રાત્મક હોય છે. પેન્સીલ વડે સ્કેચથી શરૂઆત કરો. HB અને 2B પેન્સીલ વાપરો.



આકૃતિ - ૨૦

- એક્રેલીક કલરમાં તમારો હાથ અજમાવો. ઓઈલ કલર કરતાં તે જલ્દી સુકાઈ જાય છે. તમે ઓઈલ પેપર ઉપર ફેવીક્રીલ વાપરી શકો (આ સસ્તા હોય છે). આ જ ડ્રોઈંગ (આકૃતિ-૨૦)નો ઉપયોગ કરો.




આકૃતિ - ૨૧

આ જ સંયોજન તમે ઓઈલ કલરમાં કેનવાસ ઉપર કે ઓઈલ પેપર ઉપર કરી શકો.

પગલું : ૧

તમારા સ્કેચની રેખાઓ કેનવાસ કે ઓઈલ પેપર ઉપર દર્શાવો.



આકૃતિ - ૨૨

પગલું : ૨

દોરેલી જગ્યાઓ માં ઘેરા રંગો પૂરો. વોટર કલર કરતાં ઓઈલ કલર જુદા છે. શેડ બતાવવાની જગ્યાઓ પર શરૂઆત ઘેરા રંગથી કરીને પછી આછા રંગો પૂરવા તરફ આગળ વધવું જોઈએ.



આકૃતિ - ૨૩

- ચિત્રમાં પ્રકૃતિની વિગતો (ડિટેઈલ) બતાવવા માટે આછા રંગના પટ મૂકો. ટેકરીઓ, હોડીઓ, ઝાડી, પગથિયા અને મકાનો વગેરેમાં ઘણી જગ્યાઓ છાયા/શેડ વાળી હોય છે.

પગલું : ૩



આકૃતિ - ૨૪

- સફેદ અને બીજા આછા રંગોથી ચિત્ર પૂરું કરો.

પગલું : ૪



આકૃતિ - ૨૫

### સ્વાધ્યાય:

૧ ટેબલ પર થોડા કેળા મૂકી તેને પેન્સીલથી દોરો.

૨ મોટા પાન વાળા છોડનું કૂંડું શોધી ચિત્ર દોરો. ચિત્ર પૂરું કર્યા પછી તેમાં પોસ્ટર કલર પૂરો.


૩ નજીકના બગીચાની મુલાકાત લો. મોટા વૃક્ષોની હાર પસંદ કરો. આ ઝાડવા દોરો. સાપેક્ષ પ્રમાણ/યથાદર્શન (પરસ્પેકટીવ) નું ધ્યાન રાખો અને વોટર કલર વાપરી ચિત્ર પુરું કરો.

૪ ટેકરી વાળા પ્રદેશનો કે દરિયા કિનારાનો ફોટો લઈ પેન્સીલથી તેનું ચિત્ર કરો. રંગોનું કોઈપણ માધ્યમ પસંદ કરી રંગ ભરો.

## પ્રકૃતિ અભ્યાસ



લાઈટ હાઉસ (જળરંગો)
ચિત્રકાર હોમર



થ્રી હાફ ટીંબર્ડ હાઉસીસ
ચિત્રકાર રુસડેલ

૪

# માનવ આકૃતિઓ

## લક્ષ

માનવ આકૃતિનો અભ્યાસ તેની વિવિધ લાક્ષણિકતાઓ અને ભાવોની અભિવ્યક્તિઓ ચિત્રમાં દર્શાવવા સંબંધી છે. આ બન્ને બાબતો માનવની ભાવભંગિની અને શારીરિક ક્રિયાઓથી દર્શાવી શકાય છે.

## પ્રસ્તાવના

માનવ જીવનની રચના એવી છે કે તે દરેક પ્રકારના ભાવ વિવિધ રીતે પ્રગટ કરી શકે છે કલાકારે તેની આવી ભાવનાઓ ચિત્રમાં દર્શાવવી એ ખરેખર એક પડકાર સમાન છે. માનવના અવાજને બાદ કરતાં તેની વિવિધ ભાવભંગીમા, મુદ્રા અને શરીરનું હલન ચલન, આંખો, હોઠ અને ભંવર ધ્વારા અભિવ્યક્ત કરે છે. કલાકારે બીજી એક બાબત એટલે કે માનવની વિવિધ શારીરિક લાક્ષણિકતાને ધ્યાનમાં રાખવી એ ખૂબ મહત્વનું છે. વિધાર્થી માનવની વિવિધ શારીરિક ક્રિયાઓ ધ્વારા દર્શાવાતા ભાવનો સ્કેચીંગ ધ્વારા અભિવ્યક્ત કરી શકે. પેઈન્ટીંગ મુખ્યત્વે વિવિધ અભિવ્યક્તિઓને દર્શાવવાનું માધ્યમ છે. વિદ્યાર્થીએ આવા માનવ આકારોનો તેની ઉર્મિઓ/ ભાવનાઓ અને મિજાજ (મુડ) દર્શાવવા ઉપયોગ કરવો જોઈએ.

## ઉદ્દેશો

આ પ્રાયોગિક અભ્યાસ બાદ તમે

- માનવ આકૃતિઓ સપ્રમાણથી કરી શકશો.
- માનવ આકૃતિમાં તેમના યોગ્ય મિજાજ અને ભાવનાઓ દર્શાવી શકશો.
- માનવ શરીરના હલનચલન, હાવભાવ અને મુદ્રા દ્વારા દરેક પ્રકારની અભિવ્યક્તિઓ દર્શાવી શકશો.

નોંધ

## માનવ આકૃતિઓ



આકૃતિ - ૧

સરળ રેખાઓના ચિત્રથી માનવ આકારો આકૃતિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે દોરો. તેમાં ક્રિયાઓ જેમ કે ચાલતા, લખતા, દોડતા, રમતાં કે સવારી કરતાં તેના શરીર સાથે જોડાયેલ બાજુઓ, હાથ, પગનું હલનચલન દર્શાવવા પ્રયત્ન કરો. આકૃતિ-૧ ક્રેયોનથી કરેલ છે. પરંતુ તમે પેન્સીલથી કે ચોકથી કરી શકો.




આકૃતિ - ૨



આકૃતિ - ૩

રેખાઓમાં શરીરના વિવિધ ભાગોની વિગતો દર્શાવો, જેનાથી આકૃતિની મુદ્રા, આકાર અને ઘનતા દર્શાવી શકાય. આધાર માટે આકૃતિ-૨ જુઓ. તેમાં ચિત્ર HB પેન્સીલથી કર્યા બાદ પેન અને ઈંકથી કરેલ છે. તમને મનપસંદ આકૃતિઓ આકૃતિ-૩માં બતાવ્યા મુજબ કરો.



આકૃતિ - ૪



નોંધ

## માનવ આકૃતિઓ

ભૌમિતિક આકારોની સહાયથી માનવ આકૃતિની શરીર રચનાના કેટલાક મૂળભૂત સિધ્ધાંતોનો અભ્યાસ કરો. માનવ શરીરના માથાનો ભાગ, ઉંચાઈ પ્રમાણે આખા શરીરનું માપ ૭.૫ થાય તેનું ધ્યાન રાખો. બાળકોમાં ૬.૫ કે તેથી ઓછું તેની ઉંમર પ્રમાણે ફેરફાર આકૃતિ-૪ માં દર્શાવ્યા પ્રમાણે જુઓ. પુરુષ શરીરની છાતી અને કમર લગભગ સરખી હોય છે, જ્યારે સ્ત્રીઓના શરીરની છાતી કરતાં કેડ/નિતંબનો ભાગ પહોળો આકૃતિ ૪ બી ના ખાનામાં ત્રિકોણ અને સમચતુષ્કોણથી બતાવ્યા પ્રમાણે હોય છે. સરળ માનવ આકારોથી એક પરીવારનું સંયોજન કરો આકૃતિ ૪સી માં બતાવ્યા પ્રમાણે. આકૃતિ-૪ના ચિત્ર પહેલા પેન્સીલથી અને પછી ઈંક પેનથી કરેલ છે.



આકૃતિ - ૫

પગ દોરવા માટે ત્રિકોણ અને સમચતુષ્કોણ ભાગોનું માળખું યાદ કરી તેમાં આંગળીઓ દોરો. આકૃતિ-૫માં બતાવ્યા પ્રમાણે. શરૂઆતમાં મૂળભૂત સમજ માટે એક કાગળ ઉપર તમારો પગ મૂકી તેની બહારના ભાગની રેખાઓ દોરી પગનું ચિત્ર દોરો. તમારા પગલાંની છાપનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરીને પગના ડ્રોઈંગનાં અધ્યયનનો વિકાસ કરી શકાય. તમારા પોતાના પગ સામેથી, બાજુથી, પાછળથી જુઓ અને તેના સ્કેચ કરો અથવા જીવંત મોડેલ રાખી સ્કેચ કરો. આકૃતિ ૫માં દર્શાવેલ સ્કેચ પેન અને ઈંક તથા 2B, 6B પેન્સીલથી કરેલા છે.

પગલું ૧ પગલું ૨ પગલું ૩ પગલું ૪ પગલું ૫ પગલું ૬ પગલું ૭



આકૃતિ ૬

હાથ અને આંગળીઓ દોરવા માટે ગોળ દોરો. આંગળીઓ અને અંગુઠાની કાલ્પનિક રેખાઓ જોડો. પગલું ૧માં બતાવ્યા પ્રમાણે. હથેળીનો આગળનો ભાગ દર્શાવવા માટે રેખાઓથી વિગતો દર્શાવો. જુઓ પગલું ૨ પગલું૩ ને અનુસરી સપ્રમાણ હાથનો પાછળનો ભાગ દોરો. આંગળીઓ

વાળેલી હોય તેવો આગળથી દેખાતો અથવા પાછળથી દેખાતો હાથ દોરવા પ્રયત્ન કરો.આકૃતિ ૪,૫,૬,૭ના અધારે નિરિક્ષણ કરો અને તેને અનુસરો. આકૃતિ ૬ના ચિત્ર પેન અને ઈંકથી તથા 2B અને 6B પેન્સીલથી કરેલા છે.




આકૃતિ - ૭

ઉભેલી આકૃતિનો ધ્યાનથી અભ્યાસ કરો તેને લાકડીના સહારે ઝુકેલી ઉભી આકૃતિ બતાઓ. શરીરનું વજનપગ ઉપર વહેંચાયેલું છે. આકૃતિ ૭ માં બતાવ્યા મુજબ શરીરનું ધડ, માથું અને કમરના વળાંક જુઓ. સ્નાયુઓ અને હાડકાની રચનાની જાણકારી આકૃતિના ચોકકસ આકાર આપવામાં સહાયરૂપ થાય છે. આકૃતિ-૭ એ મુજબ તમારે ગોળ આકારો સાથે શરીરના વિવિધ અંગ/ભાગોનું જોડાણ કરી આકૃતિની મુદ્રાઓ દર્શાવવી જોઈએ. છેવટે તમે તેમાં તેના આકારોની, વસ્ત્રોની વિગતો વિગતો દર્શાવી શકો. (આકૃતિ-૭બી) આકૃતિ-૭ના ચિત્રો 2B, 4B, અને 6B પેન્સીલોથી કરેલા છે.





આકૃતિ - ૮

તમારી ચારેબાજુ વિવિધ કાર્ય કરતા લોકોને ધ્યાનથી જુઓ. ઘણા બધાં સ્કેચ બનાવવાનો પ્રયત્ન કરો. જેમાં તેમના વિવિધ પહેરવેશ અને રોજીંદા કામને માટે વપરાતી સામગ્રી સાથે સ્કેચ કરો. આધાર માટે આકૃતિ-૮એ, બી, સી જુઓ. આ આકૃતિ-૭ના સ્કેચ 2B, 4B, અને 6B પેન્સીલોથી કરેલા છે.





આકૃતિ - ૯



આકૃતિ - ૧૦

## માનવ આકૃતિઓ

માથાના ચિત્રની રચના માટે ગોળાકાર બનાવવાનો અભ્યાસ કરો. તેના બે ભાગ કરો. આકૃતિ-૯ના પગલાં-૧ માં બતાવ્યા મુજબ કાનની રચના દર્શાવવા માટે ગોળને બાજુ પર લંબાવો. પગલાં-૨ માં બતાવ્યા મુજબ એક બાજુ ગોળ નીચેનું જડબું અને દાઢી બનાવવા ઉમેરો. પગલા-૩માં બતાવ્યા મુજબ તેને ત્રણ ભાગમાં વહેંચો. (રેખા એ, બી, સી) પગલું-૩ માં બતાવ્યા મુજબ રેખા એ કાનની રેખા બનશે. રેખા બી મધ્ય રેખા અને રેખા સી ભંવરની રેખા બનશે. હોઠની રચના નાક અને દાઢીની વચ્ચે રહેશે. આંખો પછીથી મૂકી શકાય. પગલું-૪ માં બતાવ્યા મુજબ. હવે ધ્યાનથી જુઓ. માથું એકબાજુથી સામેની તરફ કેવી રીતે ફરે છે. આધાર માટે આકૃતિ-૧૦ માં એ, બી, સી જુઓ.




આકૃતિ - ૧૧

ચહેરો દોરવા માટે મૂળ અંગોની લાક્ષણિકતાઓ/રૂપ આકાર જુઓ. આંખો, હોઠ અને નાકનું વિવિધ દ્રષ્ટિકોણથી નિરીક્ષણ કરો. (આધાર માટે આકૃતિ-૯ જુઓ.) આકૃતિ-૧૧ના ચિત્રો 2B પેન્સીલથી દોરેલા છે.




આકૃતિ - ૧૨

હસતી છોકરીના ચહેરાનું વિવિધ બાજુઓથી અને દ્રષ્ટિકોણથી આકૃતિ-૧૨ માં બતાવ્યા મુજબ નિરીક્ષણ કરો. માનવ આકૃતિનો અભ્યાસ કરતી વખતે તમે આવી વિગતો અપનાવો. આકૃતિ-૧૦ ના સ્કેચ 2B, 4B, અને 6B પેન્સીલથી કરેલા છે.




આકૃતિ. ૧૩

ઉપર મુજબ ચહેરાનો અભ્યાસ કરતી વખતે તેના વિવિધ હાવભાવ દર્શાવો. ચહેરાના વિવિધ હાવભાવ દર્શાવવા માટે ચહેરા પરની આંખો, ભંવર અને હોઠના બદલાતા આકારોનો અભ્યાસ કરો. એ-ગુસ્સો, બી-આનંદ, સી-ડર, ડી-હાસ્ય, ઈ-શોક, એફ-રુદન, જી-કંટાળો,એચ-શંકા.



આકૃતિ - ૧૪


આકૃતિ-૧૪માં 2B પેન્સીલથી બનાવેલ માનવ આકૃતિઓની ચાલવાની ક્રિયાઓની રસપ્રદ આકૃતિઓ જુઓ. પછી તમે પોતે માનવ આકૃતિઓની ચાલવાની વિવિધ ક્રિયાઓના સ્કેચ દ્વારા આકૃતિ-૧૪નું નિરીક્ષણ કરી હરોળ બનાવો.





આકૃતિ - ૧૫ એ　　　　આકૃતિ - ૧૫ બી

વ્યક્તિની યોગ્ય છબી(ફોટો)ની સહાયથી તેના હાવભાવનો અભ્યાસ કરો. તમે તમારા પોતાની છબી(ફોટો) નો આધાર લઈ અભ્યાસ કરી શકો. વધુમાં તમારા પોતાના ચહેરાનું (સેલ્ફ પોર્ટ્રેટ) બનાવવું ઘણુંજ આનંદદાયક અને કંઈક ઉપાર્જન કરવા જેવું છે. વિવિધ માધ્યમ, પધ્ધતિ ચારકોલ, ઓઈલ પેસ્ટલ, બિંદુ, રેખાઓના સ્ટ્રોકથી પ્રકાશ અને છાયાનો અભ્યાસ કરો. ઉદાહરણ રૂપે જુઓ આકૃતિ-૧૫એ પેન અને ઈંકથી કરેલ છે અને આકૃતિ-૧૫બી બાળકના હાવભાવ ચારકોલ પેન્સીલથી હેચીંગ પધ્ધતિ (રેખાઓ એકબીજીને કાપતી હોય તેવી) થી કરેલ છે.






આકૃતિ - ૧૬　　　　આકૃતિ - ૧૭





## માનવ આકૃતિઓ

જીવંત વ્યક્તિઓના હલનચલનની વિવિધ લાક્ષણિક ક્રિયાઓ આરામ કરતાં, બેઠેલા, ઉભા રહેલા વગેરેના ખૂબ સ્કેચ કરો. તેના શરીરનું મૂળ માળખું 2B, 4B પેન્સીલથી રેખાઓમાં દર્શાવવા પ્રયત્ન કરો અને પછીથી અન્ય વિગતો દોરો. (આધાર માટે આકૃતિ-૧૬-૧૭ જુઓ)




આકૃતિ. ૧૮

પાંચ આકૃતિઓ દોરો. તે બધીજ આકૃતિઓ કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં લાગેલી છે તેમ સાદી સરળ રેખાઓના માળખાથી બતાવો. (જુઓ આકૃતિ ૧૮).



આકૃતિ - ૧૯

તમારી કલ્પનાઓ પ્રમાણે આકૃતિઓ ગોઠવો. આવો એક વિકલ્પ આ સંયોજનમાં આપ્યો છે. HB, પેન્સીલથી ડ્રોઈંગ કર્યા બાદ ઈંક અને બ્રશથી વિગતો દોરી છે.



આકૃતિ - ૨૦





તમે તમારી પસંદગીના કોઈપણ માધ્યમથી રંગો પૂરી શકો. આધાર માટે જુઓ આકૃતિ-૨૦. આ સંયોજન વોટર કલરમાં કરેલું છે.

## સ્વાધ્યાય

૧ રસોડામાં તમારી માતાનો અથવા આરામ કરતા પિતાનો સ્કેચ કરો. પહેલાં આકૃતિ-૨ માં જણાવ્યા મુજબ શરીરનું માળખું દોરો. ત્યારબાદ HB અને 2B પેન્સીલથી વિગતો ઉમેરો.

૨ ૧૦ થી ૧૩ વર્ષની ઉંમરના બાળકની કોઈપણ મુદ્રામાં સ્કેચ 2B, 4B અને 6B પેન્સીલો વાપરી છાયા પ્રકાશ સાથે કરો.

૩ લોકોને કામ કરતા જુઓ. તેમની વિવિધ ક્રિયાઓના સ્કેચ કરો. પછીથી તેનું સંયોજન કરી રંગોથી પુરું કરો. આકૃતિ ૭, ૮ અને આકૃતિ ૨૦માં બતાવ્યા પ્રમાણે.

૪ તમારી પોતાની છબી (ફોટો) લઈને તેના પરથી તમારું પોતાનું વ્યક્તિ ચિત્ર બનાવો અને સ્ટ્રીપલીંગ અથવા હેચીંગથી છાયા પ્રકાશ દર્શાવો.

## માનવ આકૃતિઓ



સ્ટડી ઓફ એ ગર્લ
(વાંસના પેપર ઉપર ક્રેયોન)
ચિત્રકાર : નંદલાલ બોઝ



નૃત્યાંગના
પેપર ઉપર પેન્સીલ
ચિત્રકાર : નંદલાલ બોઝ

૫

# પશુ અને પક્ષીઓનો અભ્યાસ

**લક્ષ :**

આપણી ચારે તરફના વિવિધ પશુઓની દુનિયાને ઓળખવી અને તેના વિવિધ રુપ, રંગ, આકાર, પોત, હલનચલન, વગેરેની જાણકારી મેળવવી.

**પ્રસ્તાવના :**

ડ્રોઈંગ અને પેઈન્ટીંગ શીખવું એ પડકાર સમાન અને ઉત્સાહપૂર્ણ પ્રક્રિયા છે. આ દુનિયામાં વિવિધતા સભર પશુ અનેપક્ષીનો સમાવેશ થાય છે. દરેકની પોતાની લાક્ષણિકતા, આકાર, રંગ, અને હલનચલન પ્રક્રિયા છે. મજબુત પ્રાણીઓ જેવાં કે વાઘ, સિંહ, હાથી, ઘોડો વગેરેના સ્નાયુઓના માળખાની રચનાના કારણે તેનો અભ્યાસ રસપ્રદ છે. જ્યારે પક્ષીઓનો બાંધો હલકો અને ખૂબ જ રંગબેરંગી હોય છે. પશુ અને પક્ષીઓનો અભ્યાસ વિદ્યાર્થીઓને રંગોના વપરાશની વિવિધરીતો, પેન અને ઈંક તેમજ પેન્સીલ ડ્રોઈંગ વગેરેમાં સહાય કરશે. ઉદાહરણ તરીકે ભારેખમ પ્રાણીઓના ચિત્રકામ માટે જાડી, સ્પષ્ટ રેખાઓ રંગ જ્યારે પક્ષીઓને સુંદર રીતે હળવી(નાજુક) રેખાઓ અને આકર્ષક રંગોથી દર્શાવવા જોઈએ. ડ્રોઈંગ કે પેઈન્ટીગ કરતી વખતે ખ્યાલ રાખો કે માનવ શરીરનો આકાર એકદમ ઉભો છે જ્યારે સામાન્યતઃ પશુ અને પક્ષીઓમાં સીધા અને આડા શરીર રૂપોનું મિશ્રણ છે.

## ઉદ્દેશો

આ પ્રાયોગિક સ્વાધ્યાય પૂરો કર્યા બાદ તમે

૧ તમારી આસપાસના વિવિધ પશુઓ અને પક્ષીઓનો અભ્યાસ કરી શકશો.

૨ વિવિધ પ્રકારના આકાર, રંગરૂપ, પોત અને હલનચલન પ્રક્રિયા ઓળખશો.

૩ પશુ પક્ષીઓનું સપ્રમાણ ચિત્ર કરી શકશો.



નોંધ

## પશુ અને પક્ષીઓનો અભ્યાસ


પશુઓના ચિત્ર કરતી વખતે તેના ડ્રોઈંગમાં સંપૂર્ણ કૌશલ્ય જરૂરી છે. કારણ કે તેના શરીર પર વિવિધ પ્રકારનું પોત (ટેક્ષચર) હોય છે. જેમકે ઘોડાની ચામડી પર ટૂંકા સુંવાળા વાળ વગેરે. તમે ઓળખતાં શીખ્યા છો તેમાંથી કોઈ એક પ્રાણી પસંદ કરો. જેમકે ઘોડો, ગાયો, બિલાડીઓ અને એવા જ પક્ષીઓ.

જીવીત પક્ષીને નજર સમક્ષ રાખી અભ્યાસ કરવો મુશ્કેલ છે. કારણ કે તે હંમેશા હલનચલન કરતાં રહે છે.

કોઈ એક સમાન્ય પક્ષી પસંદ કરી તેનું ભૌમિતિક આકારોથી શરીર માળખું દોરો.

ગોળ અને ઈંડા આકાર તેનું માળખું દર્શાવવા વાપર્યા છે.

પગલું ૧



આકૃતિ ૧

આ માળખા પર બાહય રેખાઓ દોરી પક્ષી નો આકાર આપો.

પગલું ૨



આકૃતિ ૨

પીંછાઓનું પોત (ટેક્ષચર) બતાવવા કાળી પેન (જેલ પેન) નો ઉપયોગ કરો. બતક ધીમેથી ચાલતું પક્ષી છે. તેને ધ્યાનથી જુઓ. તેનો મૂળ આકાર પણ બીજાં પક્ષીઓની જેમ ઈંડા આકાર છે.






પગલું ૩



આકૃતિ ૩

બતકનું માથું, ગળું, અને શરીરના આકાર બતાવવા માટે ઈંડા આકારનો ઉપયોગ કરો.


પગલું ૧



આકૃતિ ૪

બાહય રેખાઓ દોરો. પહેલાંની આકૃતિમાં મૂકેલા આકારોની જગ્યાના ફેરફારને ધ્યાનથી જુઓ. (આકૃતિ ૧ )

પગલું ૨



આકૃતિ ૫

## પશુ અને પક્ષીઓનો અભ્યાસ

રંગીન પેન્સીલો (ગ્રીન, રેડ, બ્રાઉન બ્લ્યુ, યલો)વાપરી ચિત્ર પુરું કરો.


પગલું ૩



આકૃતિ ૬

આપણું રાષ્ટ્રીય પક્ષી મોર જગતના ખૂબ સુંદર રંગીન પક્ષીઓમાંનું એક છે. તેની ડોકમાં લાંબી વળાંકવાળી રેખાઓ છોડીને બાકીના ભાગમાં ઈંડા આકારને અનુસરો.

પગલું ૧



આકૃતિ ૭

બાહ્ય રેખાઓ અહીં બનાવ્યા મુજબ દોરો.

પગલું ૨



આકૃતિ ૮

## પશુ અને પક્ષીઓનો અભ્યાસ

મોરમાં ઓઈલ પેસ્ટલથી રંગ ભરો. (લાઈટ બ્લ્યુ, ડાર્ક બ્લ્યુ, ગ્રીન, યલો અને બ્રાઉન) તમે ઘણી બધી મરઘીઓ જોઈ હશે. તેમાંથી ઘણી રંગબેરંગી હોય છે. કોઈ એક પસંદ કરો.


પગલું ૩



આકૃતિ ૯

તેના શરીરની રચના માટે મૂળ આકાર તરીકે ઈંડા આકારનો ઉપયોગ કરો. તેનું શરીર પણ આવા જ આકારનું છે. પરંતુ પાછળનો થોડોક ભાગ સપાટ છે.


પગલું ૧



આકૃતિ ૧૦

આગળના પગની રેખા દર્શાવવાનો ખ્યાલ રાખી બાહય રેખાઓ દોરો.

પગલું ૨



આકૃતિ ૧૧

નોંધ

## પશુ અને પક્ષીઓનો અભ્યાસ

તમે પોસ્ટર કલર વાપરી શકો. ( રેડ, ક્રોમ યલો, બ્રન્ટ સાયના અને વ્હાઈટ) પહેલાં શરીરમાં લાલ રંગ ભરો. તેને પૂરતો સુકાવા દેવો. હવે તેમાં ક્રોમ યલો અને સફેદ રંગ થોડા જાડા રાખી નાના સ્ટ્રોક (લસરકાથી) પીંછાનું પોત(ટેક્ષચર) બનાવો. છાયા માટે કેટલીક જગ્યાએ બ્રન્ટ સાયના વાપરો. પગમાં પીળો રંગ ભરો.


પગલું ૩



આકૃતિ ૧૨

કીંગ ફીશર પક્ષી જુઓ. તેનું માથું મોટું અને ચાંચ લાંબી છે. તેની શરીર રચના માથું અને પૂંછડી માટે ફરીથી ઈંડા આકાર વાપરો.


પગલું ૧



આકૃતિ ૧૩

બાહય રેખાઓ દોરો પછી તેના વિવિધ આકારોની લાક્ષણિકતા સાથે દોરો.

પગલું ૨



આકૃતિ ૧૪

## પશુ અને પક્ષીઓનો અભ્યાસ


પારદર્શક જળરંગ પુરો. (કોબાલ્ટ બ્લ્યુ, લેમન યલો, રેડ અને બ્લેક) પ્રાણીઓમાં કુતરાઓ વધારે જાણીતા છે. ઘરની અંદર અને શેરીઓમાં ખાસ જોવા મળે છે.

પગલું ૩




આકૃતિ ૧૫

કુતરાનો રેખાઓથી સ્કેચ કરો.




આકૃતિ ૧૬

કાળી જેલ પેનના નાના લસરકાથી પ્રકાશ અને છાયા બતાવી ચિત્ર પરુ કરો. હાથી કદમાં ઘણું મોટું પ્રાણી છે. તેના શરીરનો મૂળ આકાર ગોળાકાર છે.




આકૃતિ ૧૭

તેનું માથું અને શરીર ગોળાકારથી દોરો. તેમાં ચાર પગ અને સૂંઢને જોડો.



આકૃતિ ૧૮

ઓઈલ પેસ્ટલથી ચિત્રમાં રંગ પુરો. શરીરના વિવિધ ભાગમાં છાયા બતાવવાની કાળજી રાખો.



આકૃતિ ૧૯

જીરાફના શરીરની રચનામાં સુંદર આકારોની પેટર્ન (ભાત) છે. 2B પેન્સીલથી આ પ્રાણીનું ચિત્ર બનાવો.



આકૃતિ ૨૦

## પશુ અને પક્ષીઓનો અભ્યાસ

વાઘમાં રંગ અને તાકાતનું સુંદર મિશ્રણ છે. લેમન યલો, બ્રાઉન અને ક્રિમઝન જળરંગ વાપરો. સફેદ જગ્યા દર્શાવવા પેપરમાં જગ્યા ખાલી મૂકવાનું ભૂલતા નહીં.



આકૃતિ ૨૧

### સ્વાધ્યાય:

૧ બિલાડીનું મૂળભૂત માળખું ગોળ અને ઈંડા આકારો વાપરી બનાવો.

૨ છાયા માટે રંગીન પેન્સીલ અથવા રંગીન પેસ્ટલ વાપરો.

૩ પક્ષીઓના મૂળ આકારોનું નિરિક્ષણ કરો. જેવાકે કાગડો, કબૂતર અને મરઘી. આવા આકારોથી રેખાઓ દોરો, પોસ્ટર કલર વાપરો.

૪ કોઈ પણ પશુઓ અથવા પક્ષીઓ જેમકે ગાયો, કબૂતર અને કૂતરાઓ દોરી એક ચિત્ર સંયોજન કરો.

૫ પશુ અથવા પક્ષીઓના ઉતમ ચિત્રોની નકલ કરો.

## પશુ અને પક્ષીઓનો અભ્યાસ

પગલું ૧



પગલું ૨



બાબુન(માંકડું) જળરંગ.
રામકિંકર બૈજ

# ૬

# ચિત્ર સંયોજન

## લક્ષ

*વિવિધ વિષય અને કલ્પનાઓથી ચિત્રમાં આકાર અને આકૃતિઓને યોગ્ય રીતે ગોઠવવી. વિષય અથવા કલ્પના પ્રકૃતિમાંથી કે માનવ સર્જીત વસ્તુઓમાંથી લઈ વિદ્યાર્થી પોતાની મેળે ચિત્ર કરી શકે.*

## પ્રસ્તાવના

*સંયોજન એટલે વિવિધ તત્વો જેવાં કે સંતુલન, લય, સમન્વય, પોત વગેરેનો સમાવેશ કરી ચિત્રમાં ગોઠવણી કરવી. આ બધાં તત્વો ઉપરાંત ભાવોની અભિવ્યક્તિ ખૂબ જ મહત્વનું પાસું છે. તમે અગાઉ કરેલા વિવિધ સ્કેચના અભ્યાસની મદદથી સંયોજન કરી શકો.*

*વિવિધ પ્રકારના સંયોજનો જેમ કે*

૧ ભૌમિતિક આકારોથી સંયોજન

૨ માનવ સર્જીત પદાર્થોથી સંયોજન

૩ પ્રકૃતિ આધારીત સંયોજન

૪ સજાવટી આકારોથી સંયોજન

૫ કલ્પનાઓને આધારીત સંયોજન

*સંયોજન બધા જ પ્રકારની મળતી ચિત્ર સામગ્રીથી વિદ્યાર્થી કરી શકે.*

## ઉદ્દેશો

*આ પ્રાયોગિક સ્વાધ્યાય પુરો કર્યા બાદ તમે*

- *વિવિધ પ્રકારના સંયોજનનો ફરક બતાવી શકો.*
- *યોગ્ય સાધન સામગ્રી અને તત્વો પસંદ કરી શકો.*
- *વિષય વસ્તુ દર્શાવવા યોગ્ય આકાર અને રંગ વાપરી શકો.*
- *સંયોજનની ભાવાત્મક વિશેષતા બતાવવા યોગ્ય રંગ પસંદ કરી શકો.*

## ચિત્ર સંયોજન

- કોઈ પણ ચિત્ર સંયોજન કરતાં પહેલાં તેના આકારોના સંતુલનની ગોઠવણ નિશ્ચિત કરો.



આકૃતિ-૧


આ સંયોજનમાં સંતુલન નથી.



આકૃતિ-૨

હવે તેમાં બીજા આકારો ઉમેરવાથી સંતુલન થયું.

- તમારા સંયોજનમાં લય અને સમન્વય ઉમેરવાની કાળજી રાખો. રેખાઓ અને રંગો દ્વારા લય દર્શાવી શકાય છે.



આકૃતિ-૩

## ચિત્ર સંયોજન

- ટેક્ષચર (પોત) તમારા ચિત્રમાં વિશિષ્ટ અસર દર્શાવે છે. જાડા રંગો ઓઈલ કલર, પોસ્ટર કલર કે એક્રેલીક કલર વાપરવાથી ટેક્ષચર સહેલાઈથી બતાવી શકાય છે.




આકૃતિ-૪

દરેક પ્રકારના વાસ્તવદર્શી ડ્રોઈંગમાં યથાદર્શન/સાપેક્ષ પ્રમાણદર્શન(પર્સપેક્ટીવ) ખૂબ જ મહત્વનું છે. યથાદર્શન માટેની રેખાઓ સુનિશ્ચિત કરવા માટે ચિત્ર સંયોજનમાં ક્ષિતિજમાં લુપ્ત થતું બિંદુ શોધો. આ માળખાના આધારે ચિત્ર સંયોજન થયું છે. (જુઓ આકૃતિ-૯ જળરંગોમાં)



આકૃતિ-૫


ચોરસ, ત્રિકોણ અને ગોળ જેવા મૂળ આકારોથી સંયોજન કરવાની શરૂઆત કરો. સંતુલન, લય અને સમન્વયનું ધ્યાન રાખો. એક જ રંગ વાપરો.



આકૃતિ-૬

## ચિત્ર સંયોજન

- મૂળ આકારોની ગોઠવણી કરી રંગો પુરો. ભાતના તત્વોને ભૂલશો નહીં. એક બીજા પરના આવરણમાં સેકન્ડરી કલર પુરો.



આકૃતિ-૭

- હવે કેટલાક મૂળ આકારોથી થોડું અઘરું (જટીલ) સંયોજન કરવા પ્રયત્ન કરો. આ કલ્પનાશીલ સંયોજન જેવું લાગશે.



આકૃતિ-૮

- માનવ આકૃતિઓના ઘણા સ્કેચ કરો. આ આકૃતિઓ સંયોજનમાં ગોઠવો. જળ રંગ વાપરો.



આકૃતિ-૯

આ આકૃતિઓ સ્કેચ ઉપરથી કરી છે. (જુઓ પાઠ-૧ આકૃતિ- ૨૭-૨૯)

- કુતરા, બિલાડી, ઘોડા જેવા પ્રાણીઓના સ્કેચ સારા ચિત્ર સંયોજનમાં સહાયરૂપ થાય છે. અહી કુતરાઓનું સંયોજન સપાટ (ફલેટ) પોસ્ટર રંગોથી કરેલું છે.



આકૃતિ-૧૦


- માનવ સર્જીત વસ્તુઓનો તમે અભ્યાસ અગર સ્કેચ કરો ત્યારે તેનું યોગ્ય સંયોજન અહીં નીચે દર્શાવ્યા પ્રમાણે કરવાનું ધ્યાન રાખો.



આકૃતિ-૧૧


## ચિત્ર સંયોજન

- તમે પ્રકૃતિમાંથી ઘણા સ્કેચ કર્યા હશે. ઘણા વૃક્ષો સાથેનું સ્થળ પસંદ કરી ચિત્ર સંયોજન કરો. દશ્ય ચિત્ર માટેનું આ પ્રથમ પગથિયું છે.



આકૃતિ-૧૨

- શહેરમાં વૃક્ષો, હરિયાળી, છોડ, ફુલો સાથેનું સુંદર સ્થળ શોધવું શકય હોતું નથી. ચિંતા ના કરો. આજુબાજુ નજર ફેરવી સાંકડી શેરી અથવા રોડ પરની ચા ની દુકાન તમને જે કંઈ પસંદ આવે તે કરો. આ તમારા દશ્ય ચિત્રનો સારો વિષય થઈ શકે. જળ રંગોની સામગ્રી સાથે લઈ જવાનું સહેલું છે. જયારે ઓઈલ કલરની સામગ્રીમાં ઘણા સાધનો જોઈએ.




આકૃતિ-૧૩

- જો તમને પહાડી પ્રદેશ અથવા સમુદ્ર કિનારે જવાની તક મળે તો કેનવાસ ઉપર ઓઈલ કલરથી ચિત્રો કરો. બીજો વિકલ્પ તસ્વીરના ઉપયોગનો છે. ઓઈલ કલરમાં તમને ભુલોને સુધારવાની તક મળે છે. વોટર કલરમાં આ શકય નથી.



આકૃતિ-૧૪

- શૃંગારાત્મક અલંકારીક સંયોજન તમારા સ્કેચના મોટીફ (આકારો)ના આધારે કરી શકો. તમે છોડના, ફુલોના, પક્ષીઓના ભાત જેવા આકારો ગોઠવી શકો. આ રંગીન શાહી અને કાળી પેનથી કરેલું ચિત્ર છે.



આકૃતિ-૧૫

## ચિત્ર સંયોજન

- ક્યારેક કળાકાર કોઈ વાર્તા કે દશ્ય સિવાય માત્ર પોતાની કલ્પનાઓની અભિવ્યક્તિથી ચિત્ર કરે છે. તેઓ રંગો અને આકારોને પ્રતીકરૂપે વાપરે છે જે હંમેશા ઓળખાતા નથી. માટે કલ્પના ચિત્રો ક્યારેક અમૂર્ત અથવા બિન અભિવ્યકતિરૂપ બને છે. સૂર્ય, માછલીનું હાડપીંજર અને બીજા મોટીફ (આકારો) પ્રતીકરૂપે અહીં મૂકયા છે.



કંપોઝીશન વીથ ફોર્મસ
આકૃતિ-૧૬

## સ્વાધ્યાય-

૧ ચોરસ, ત્રિકોણ અને ગોળ જેવા મૂળ આકારોથી A4 સાઈઝમાં અથવા ઈમ્પીરીયલ સાઈઝના ચોથા ભાગના કાગળ ઉપર સુંદર ભાત(ડીઝાઈન) ની રચના કરો.

૨ તમારી સ્કેચ બુકમાંથી કેટલીક માનવ આકૃતિઓ પસંદ કરો. વિષય નક્કી કરો. (બજાર, અંદરનું દૃશ્ય, કામ કરતા માણસો અથવા સ્ત્રીઓ વગેરે) પોસ્ટર કલરથી ચિત્ર સંયોજન કરો.

૩ તમારી આસપાસની પ્રકૃતિ જુઓ. ઝાડ, છોડ, નદી, તળાવ વગેરે તત્વોના તમે સ્કેચ કરી જળ રંગોથી દૃશ્ય ચિત્ર બનાવો.

૪ એક જ સંયોજનમાં માનવ સર્જીત વસ્તુઓ, માનવ આકૃતિઓ, પશુ આકૃતિઓનું મિશ્રણ કરો.

૫ કોઈ પણ વિષય પર તમારી યાદશક્તિ અને કલ્પનાઓથી ચિત્ર સંયોજન બનાવો. તેને શૃંગારીક / અલંકૃત દેખાવ આપવા પ્રયત્ન કરો.



હરણ અને બચ્ચું. (ડીયર એન્ડ ફૉઉન)
(પેપર પર ઈંકથી)
કળાકાર : એન.એસ. બેન્દ્રે

